
# ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર

## ધોરણ - દસમું



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય - ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે -**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ-૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી-૪ દિનાંક ૨૫-૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક ૨૯.૧૨.૨૦૧૭ રોજની મીટીંગમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# ઈતિહાસ અને રાજ્યશાસ્ત્ર

## ધોરણ - દસમું

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે

41KPDE

તમારા સ્માર્ટ ફોનમાં DIKSHA APP દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Code દ્વારા ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલ Q.R. Code દ્વારા તે પાઠ સંબંધિત અધ્યયન–અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય–શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૮
પુનર્મુદ્રણ :
સપ્ટેમ્બર ૨૦૨૧

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧૦૦૪.
આ પુસ્તકના બધા હક્ક મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્ત નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી સિવાય વાપરી શકાશે નહિ.

**ઇતિહાસ વિષય સમિતિ**

ડૉ. સદાનંદ મોરે, અધ્યક્ષ
શ્રી મોહન શેટે, સદસ્ય
શ્રી પાંડુરંગ બલકવડે, સદસ્ય
ડૉ. શુભાંગના અત્રે, સદસ્ય
ડૉ. સોમનાથ રોડે, સદસ્ય
શ્રી બાપુસાહેબ શિંદે, સદસ્ય
શ્રી બાળકૃષ્ણ ચોપડે, સદસ્ય
શ્રી પ્રશાંત સરૂડકર, સદસ્ય
શ્રી મોગલ જાધવ, સદસ્ય સચિવ

**નાગરિકશાસ્ત્ર વિષય સમિતિ**

ડૉ. શ્રીકાંત પરાંજપે, અધ્યક્ષ
પ્રા. સાધના કુલકર્ણી, સદસ્ય
ડૉ. પ્રકાશ પવાર, સદસ્ય
પ્રા. અજિંક્ય ગાયકવાડ, સદસ્ય
પ્રા. સંગિતા આહેર, સદસ્ય
ડૉ. મોહન કાશીકર, સદસ્ય
શ્રી વૈજનાથ કાળે, સદસ્ય
શ્રી મોગલ જાધવ, સદસ્ય સચિવ

**ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર અભ્યાસજૂથ**

શ્રી રાહુલ પ્રભુ
શ્રી સંજય વઝરેકર
શ્રી સુભાષ રાઠોડ
સૌ. સુનીતા દળવી
ડૉ શિવાની લિમયે
શ્રી ભાઉસાહેબ ઉમાટે
ડૉ નાગનાથ યેવલે
શ્રી સદાનંદ ડોંગરે
શ્રી રવીન્દ્ર પાટીલ
સૌ. રૂપાલી ગિરકર
ડૉ. મિનાક્ષી ઉપાધ્યાય
ડૉ. રાવસાહેબ શેળકે
ડૉ. સતીશ ચાપલે
શ્રી વિશાલ કુલકર્ણી
પ્રા. શેખર પાટીલ
શ્રી રામદાસ ઠાકર
ડૉ. અજિત આપટે
ડૉ. મોહન ખડસે
સૌ. શિવકન્યા કદેરકર
શ્રી ગૌતમ ડાંગે
ડૉ. વ્યંકટેશ ખરાત
શ્રી રવીન્દ્ર જિંદે
ડૉ. પ્રભાકર લોંઢે
ડૉ. મંજિરી ભાલેરાવ
પ્રા. શશિ નિઘોજકર

**ભાષાંતર સંયોજક**

કેતકી નિતેશ જાની, વિશેષાધિકારી
ગુજરાતી વિભાગ પાઠ્યપુસ્તક મંડળ, પુણે

**લેખક**

**ઇતિહાસ**
ડૉ. શુભાંગના અત્રે,
ડૉ. ગણેશ રાઊત

**રાજ્યશાસ્ત્ર**
ડૉ. વૈભવી પળસુલે

**મુખપૃષ્ઠ અને સજાવટ**

શ્રી દેવદત્ત પ્રકાશ બલકવડે

**ભાષાંતર**

ધર્મિકા ધીરેન દોશી

**કાગળ**

૭૦ જી.એસ.એમ. ક્રિમવોવ્હ

**મુદ્રણાદેશ**

**મુદ્રક**

**અક્ષરાંકન**

વિનિતા એંટરપ્રાયજેસ, પુણે

**સંયોજક**

શ્રી મોગલ જાધવ
વિશેષાધિકારી, ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર
સૌ. વર્ષા સરોદે
સહાયક વિશેષાધિકારી, ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર
પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

**નિર્મિતિ**

શ્રી સચ્ચિતાનંદ આફળે,
મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી પ્રભાકર પરબ,
નિર્મિતિ અધિકારી
શ્રી શશાંક કણિકદળે,
સહાયક નિર્મિતિ અધિકારી

**પ્રકાશક**

શ્રી વિવેક ઉત્તમ ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ-૨૫.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની .................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત - ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત - ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો,

ધોરણ ત્રીજાથી પાંચમાં સુધી ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ તમે 'પરિસર અભ્યાસ'માં કર્યો છે. ધોરણ છઠ્ઠાથી અભ્યાસક્રમમાં ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર એક સ્વતંત્ર વિષય છે. ધોરણ છઠ્ઠાથી આ બંને વિષયોનો સમાવેશ એક જ પાઠ્યપુસ્તકમાં કરવામાં આવ્યો છે. ધોરણ દસમાંનું પાઠ્યપુસ્તક તમારા હાથમાં મૂકતા અમને આનંદ થાય છે.

પાઠ્યપુસ્તકની રચના વિષય બરાબર સમજાય, મનોરંજક લાગે એ હેતુથી કરી છે. આ પાઠ્યપુસ્તકના અભ્યાસ દ્વારા તમને જ્ઞાન સાથે આનંદ મળે એવી અમારી ઈચ્છા છે. તે માટે પાઠ્યપુસ્તકમાં રંગીન ચિત્રો આપેલા છે. પાઠ્યપુસ્તકના દરેક પાઠને ધ્યાનપૂર્વક શીખવા. તેમાંથી તમને ન સમજાય તે ભાગ શિક્ષક, વાલી પાસે સમજી લો. ચોરસમાં આપેલી માહિતી તમારા જ્ઞાનમાં વૃદ્ધિ કરશે. ઈતિહાસ વિષય રસપ્રદ હોવાની સાથે આપણો મિત્ર છે, એવું માનીને આ પુસ્તકનો અભ્યાસ કરશો તો તમને ચોક્કસ મજા આવશે.

ઈતિહાસના ભાગમાં 'ઉપયુક્ત/ઉપયોગી ઈતિહાસ' આપ્યો છે. ઈતિહાસ એ કુતૂહલ અને શોખ તરીકે ઘણાને ગમતો વિષય છે. પરંતુ, શાળાના અભ્યાસક્રમમાં તે ખરેખર કેટલો આવશ્યક છે, તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીએ તો ભવિષ્યમાં વિદ્યાર્થીઓને કઇ કઇ વ્યાવસાયિક તકો મળી શકશે, તેમણે અપનાવેલા વ્યવસાયમાં તેમને આ વિષયના અભ્યાસથી કંઇ વિશેષ લાભ થશે કે, આ વિશે ઘણાંના મનમાં શંકા હોય છે. આવશ્યક માહિતી ઉપલબ્ધ ન હોવાને કારણે શંકા દૂર કરવી મુશ્કેલ છે. તે માહિતી આ પાઠ્યપુસ્તક દ્વારા ઈતિહાસ વિષયમાં ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. દૈનિક જીવનની કોઈપણ વાત હોય, વ્યવસાયનું કોઈપણ ક્ષેત્ર હોય, તે વાતનો, તે વ્યવસાયિક ક્ષેત્રોના વિકાસનો પોતાનો ઈતિહાસ હોય છે. તે ઈતિહાસના જ્ઞાનનો ઉપયોગ વ્યવસાયમાં કૌશલ્યની વૃદ્ધિ કરવા માટે થાય છે, તે આ પાઠ્યપુસ્તકમાં સ્પષ્ટ કર્યું છે.

રાજ્યશાસ્ત્રના ભાગમાં 'ભારતીય સંવિધાનની આગેકૂચ' વિશે માહિતી આપવામાં આવી છે. જેમાં ચૂંટણી પ્રક્રિયાની માહિતી, રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે પ્રમુખ રાજકીય પક્ષ, તેમની ભૂમિકા, લોકશાહીને સક્ષમ બનાવતી સામાજિક અને રાજકીય ચળવળ તેમજ લોકશાહી સામેના આહ્‌વાનો વિશે ચર્ચા કરવામાં આવી છે. આ વર્ગના વિદ્યાર્થીઓ જલ્દી મતદાર બનવાના છે. આ નવી ભૂમિકા માટે વિદ્યાર્થીઓને સક્ષમ કરવા માટે પાઠ્યપુસ્તકનો આશય ઉપયુક્ત છે.

'એપ'ના માધ્યમથી ક્યૂ.આર. કોડ દ્વારા પ્રત્યેક પાઠ સંબંધિત વધુ માહિતી માટે આપને દૃશ્ય–શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે. તે અભ્યાસ માટે ચોક્કસ ઉપયોગી થશે.

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને
અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે

પુણે :

દિનાંક : ૧૮ માર્ચ ૨૦૧૮, ગુડી પડવો
ભારતીય સૌર દિનાંક : ૨૭ ફાગણ ૧૯૩૯

## - શિક્ષકો માટે -

'ઈતિહાસ' કુતૂહલ અને શોખ તરીકે ઘણાનો ગમતો વિષય હોય છે. પરંતુ શાળાના અભ્યાસક્રમમાં તે ખરેખર કેટલો આવશ્યક છે, તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાથી ભવિષ્યમાં બાળકોને ક્યા પ્રકારની વ્યવસાયિક તકો ઉપલબ્ધ થશે અથવા તેમણે અપનાવેલ વ્યવસાયમાં તેમને આ વિષયના અભ્યાસનો કોઈ વિશેષ લાભ થશે કે, તે વિશે ઘણાંના મનમાં શંકા હોય છે. આવશ્યક માહિતી ઉપલબ્ધ ન હોવાને કારણે શંકા દૂર કરવી મુશ્કેલ લાગે છે. તે માહિતી આ પાઠ્યપુસ્તક દ્વારા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે.

ઈતિહાસની અભ્યાસપદ્ધતિ અને ઈતિહાસલેખન એટલે શું, ઈતિહાસલેખનનો ઈતિહાસ આ બાબતોની માહિતી આજ સુધી વિદ્યાર્થીઓને માત્ર મહાવિદ્યાલય અને વિદ્યાપીઠ સ્તરેજ આપવામાં આવતી હતી. શાળાના અભ્યાસક્રમમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. તેથી ઈતિહાસની વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે શું? તે વિશે વિદ્યાર્થીઓના મનમાં ભ્રમ નિર્માણ થવાની શક્યતાને ધ્યાનમાં લઈને, આ પાઠ્યપુસ્તકના પહેલા બે પાઠમાં ઈતિહાસલેખન વિષય પર સરળ પદ્ધતિમાં ટૂંકમાં માહિતી આપવામાં આવી છે.

માત્ર વિવિધ રાજસત્તા અને તેમની વચ્ચે થયેલા યુદ્ધો તેમજ મહાન યોદ્ધાઓના પરાક્રમોની કથા પૂરતો જ ઈતિહાસ મર્યાદિત નથી, આ માહિતી શાળાના વિદ્યાર્થીઓને ઈતિહાસના પાઠ્યપુસ્તકમાં સમયે સમયે આપવામાં આવી છે. તે છતાં પણ ઈતિહાસ એટલે ચોક્કસપણે શું? અને ઈતિહાસનો વર્તમાન સાથે પ્રત્યક્ષ શો સંબંધ છે, તેનું આકલન કરવાની તક શાળાના વિદ્યાર્થીઓને મળતી ન હતી. આ વાતને નજર સામે રાખીને દસમાંના અભ્યાસક્રમની રચના કરવામાં આવી છે. આ પાઠ્યપુસ્તકમાંના પાઠોની રચના પણ એજ અનુસંધાનમાં કરવામાં આવી છે.

વાસ્તવિકતા તો એ છે કે ઈતિહાસનો રોજિંદા જીવન સાથે અત્યંત ગાઢ સંબંધ છે. તે સ્પષ્ટ કરવા માટે 'ઉપયુક્ત ઈતિહાસ' અથવા 'લોકો માટે ઈતિહાસ' એવી નવી જ્ઞાન શાખા છેલ્લા કેટલાક દસકાથી વિકસિત થવા લાગી છે. પરદેશમાં વિદ્યાપીઠોમાં આ વિષયનો અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. આ પાઠ્યપુસ્તકમાં આ નવા વિષયની માહિતી આપવાની સાથે જ વિવિધ વ્યવસાયોમાં મૂલ્યવર્ધિત સેવા માટે ઈતિહાસના ઊંડા અભ્યાસની તેમજ અભ્યાસ કરનારા જાણકાર ઈતિહાસકારોની શું આવશ્યકતા છે, તે પણ જણાવ્યું છે. તે માટેના અભ્યાસક્રમ અને તે અભ્યાસક્રમ ઉપલબ્ધ હોય તેવી સંસ્થાઓ વિશે પણ માહિતી આપવામાં આવી છે.

રોજિંદા જીવનનો કોઈપણ પ્રસંગ હોય, કોઈ પણ વ્યવસાયિક ક્ષેત્ર હોય, તે પ્રસંગ-ઘટના, વ્યવસાયિક ક્ષેત્રના વિકાસનો પોતાનો ઈતિહાસ હોય છે. અને તે ઈતિહાસના જ્ઞાનનો ઉપયોગ વ્યવસાયના કૌશલ્યની વૃદ્ધિ માટે થાય છે, તેની સ્પષ્ટતા આ પાઠ્યપુસ્તકમાં કરવામાં આવી છે.

મહાવિદ્યાલયમાં પ્રવેશના ઉંબરે ઉભેલા દસમીના વિદ્યાર્થીઓને પદવી મેળવવા માટે અભ્યાસક્રમ અને ભવિષ્યની પ્રગતિ માટે અનુકૂળ વ્યવસાય કેવી રીતે પસંદ કરવો તેવા અનેક પ્રશ્નો મૂંઝવતા હોય છે. ખાસ કરીને ઈતિહાસ વિષયમાં પ્રવીણતા મેળવવાની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતા પુસ્તકો પણ સરળતાથી ઉપલબ્ધ નથી. આ પાઠ્યપુસ્તક દ્વારા તે મુશ્કેલી દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તે માટે ઉપયોગી માહિતીની સાથે રસપ્રદ માહિતી અને ચિત્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

શાળાકીય સ્તરે નાગરિકશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમમાં સામાજિક-રાજકીય પરિસર ઓળખથી માંડીને આંતરરાષ્ટ્રીય સંબંધ અને આપણાં દેશની રાજકીય પ્રક્રિયાનું સ્વરૂપ એવા વ્યાપક આશયનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ આશયના અધ્યયન ઉદ્દેશો આપ અધ્યાપન દ્વારા સાધ્ય કરશો જ, પણ તેની સાથેજ ધોરણ દસમાં વર્ગની આંતરક્રિયા માત્ર માહિતીપ્રધાન ન રહેતા તેને રોજિંદી ઘટનાઓ સાથે જોડવી જોઈએ. ભારતીય લોકશાહી સામે આહ્વાનો તો છે જ, પરંતુ લોકશાહીને મજબૂત બનાવનાર પરંપરાઓ પણ મોટા પ્રમાણમાં નિર્માણ થઈ છે. તેનું વસ્તુનિષ્ઠ વિવેચન ચર્ચા, સંવાદ દ્વારા કરી શકાય. નાના સમૂહો દ્વારા વિદ્યાર્થીઓને અભિવ્યક્તિની તક મળવી જોઈએ.

પાઠ્યપુસ્તકના આશયની માંડણી વિદ્યાર્થીઓમાં કંઈક નવું શીખ્યાની લાગણી નિર્માણ કરનારી છે. તેને શિક્ષક અને વાલી સંપૂર્ણ ટેકો આપશે તેમા શંકા નથી.

## • ક્ષમતા વિધાનો •

| ક્ર. | ઘટક | ક્ષમતા |
|---|---|---|
| ૧. | પ્રાચીનથી આધુનિક કાળખંડના ઈતિહાસનું ચિકિત્સક સમીક્ષણ | • ઈતિહાસલેખનની પરંપરા સ્પષ્ટ કરવી.<br>• ઈતિહાસલેખનનું શાસ્ત્ર વિકસિત કરવા માટે અનેક પાશ્ચાત્ય વિચારકોની મદદ મળી, તે જાણવું.<br>• ભારતીય ઈતિહાસના વિવિધ કાળખંડોનો ચિકિત્સક, તુલનાત્મક અભ્યાસ કરવો.<br>• ભારતમાં તેમજ વિશ્વમાં થયેલા ઐતિહાસિક સંશોધનોની માહિતી મેળવવી.<br>• ઈતિહાસ એ વૈજ્ઞાનિક ઢબે કરાતા અભ્યાસનો વિષય છે, તે કહી શકાય. |
| ૨. | ઉપયુક્ત ઈતિહાસ | • ઉપયુક્ત ઈતિહાસની સંકલ્પના સમજવી.<br>• ઈતિહાસની વિવિધ વિષયમાં તેમજ જીવનમાં રહેલી ઉપયોગિતા સમજવી અને આચરણમાં મૂકવી.<br>• ઐતિહાસિક ઘટનાનું સમકાલીનત્વ ઓળખવું.<br>• ઐતિહાસિક લેખનના વિવિધ વિચાર પ્રવાહોનો પરિચય મેળવવો. |
| ૩. | પ્રસારમાધ્યમો અને ઈતિહાસ | • વિવિધ પ્રસારમાધ્યમો અને ઈતિહાસ વચ્ચેનો સહસંબંધ ઓળખવો.<br>• વિવિધ પ્રસારમાધ્યમમાંથી મળતી માહિતીના આધારે તટસ્થપણે પોતાનો ઐતિહાસિક દૃષ્ટિકોણ વિકસિત કરવો.<br>• સંબંધિત વ્યવસાયમાંના વ્યવસાયીક ક્ષેત્રોની માહિતી મેળવવી. |
| ૪. | મનોરંજનના માધ્યમો અને ઈતિહાસ | • મનોરંજનની આવશ્યકતા સ્પષ્ટ કરવી.<br>• મનોરંજનના માધ્યમો અને ઈતિહાસ વચ્ચેના પરસ્પર સંબંધોનું વિશ્લેષણ કરવું.<br>• મનોરંજનના માધ્યમથી થતા પરિવર્તન વિશે જાણવું. |
| ૫. | કળા, રમતગમત તથા સાહિત્ય ક્ષેત્ર અને ઈતિહાસ | • ભારતની વિવિધ કલા વિશે માહિતી આપવી.<br>• જુદી જુદી રમતોમાં ભારતીયોની કામગીરી માટે ગૌરવ લેવું અને તેમાંથી પ્રેરણા લેવી.<br>• કલા, રમતગમત અને સાહિત્ય ક્ષેત્રોના વિવિધ ઘટકોનો અભ્યાસ કરવો.<br>• કલા, રમતગમત અને સાહિત્યનું ઐતિહાસિક પ્રયોજન વર્ણવવું. |
| ૬. | પર્યટન અને ઈતિહાસ | • પર્યટન ક્ષેત્રમાં ઈતિહાસનો ઉપયોગ થઈ શકે, તે જાણવું.<br>• પોતાના દેશમાંની પર્યટનની તકો વિશે જાણવું.<br>• પર્યટન અનેક લોકોને રોજગારની તક પૂરી પાડે છે તે જાણવું.<br>• ઈતિહાસ અને પર્યટનનો સહસંબંધ સમજવો. |
| ૭. | ઈતિહાસ અને અન્ય ક્ષેત્રો | • ઈતિહાસના અભ્યાસમાં સંગ્રહાલય/ગ્રંથાલયનું મહત્વ જાણવું.<br>• ઈતિહાસના અભ્યાસ દ્વારા વસ્તુનિષ્ઠ વિશ્લેષણ કરી શકાય તે જાણવું.<br>• ઈતિહાસનો અન્ય અભ્યાસક્ષેત્રો સાથે સમન્વય સાધવો. |

# અનુક્રમણિકા

## ઉપયુક્ત/ઉપયોગી ઇતિહાસ


| ક્ર. | પાઠનું નામ | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|
| ૧. | ઇતિહાસલેખન : પાશ્ચાત્ય પરંપરા ........ | ૧ |
| ૨. | ઇતિહાસલેખન : ભારતીય પરંપરા .......... | ૭ |
| ૩. | ઉપયુક્ત/ઉપયોગી ઇતિહાસ................ | ૧૫ |
| ૪. | ભારતીય કળાનો ઇતિહાસ .................. | ૨૨ |
| ૫. | પ્રસારમાધ્યમો અને ઇતિહાસ................ | ૩૨ |
| ૬. | મનોરંજનના માધ્યમો અને ઇતિહાસ........ | ૩૯ |
| ૭. | રમત અને ઇતિહાસ.......................... | ૪૬ |
| ૮. | પર્યટન અને ઇતિહાસ....................... | ૫૨ |
| ૯. | ઐતિહાસિક સાધનોનું જતન ................ | ૫૯ |

# ૧. ઇતિહાસલેખન : પાશ્ચાત્ય પરંપરા


૧.૧ ઇતિહાસલેખનની પરંપરા
૧.૨ આધુનિક ઇતિહાસલેખન
૧.૩ યુરોપમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ અને ઇતિહાસલેખન
૧.૪ મહત્વના વિચારકો

ગતસમયમાં ઘટેલી ઘટનાઓને ક્રમશઃ સુસંગતપણે ગોઠવીને તેનું આકલન કરવાના ઉદ્દેશથી ઇતિહાસનું સંશોધન, લેખન અને અભ્યાસ કરવામાં આવે છે. જે નિરંતર ચાલતી પ્રક્રિયા છે.

વિજ્ઞાનની શાખાઓમાં ઉપલબ્ધ સત્યની ચકાસણી માટેની પ્રાયોગિક પદ્ધતિ અને પ્રત્યક્ષ નિરીક્ષણનો આધાર લેવામાં આવે છે. આ પદ્ધતિના આધારે વિવિધ ઘટનાઓના સંદર્ભમાં સનાતન અને સાર્વત્રિક/સર્વગ્રાહી નિયમ રજૂ કરવો અને તે નિયમ ફરી ફરીને સિદ્ધ કરવો શક્ય બને છે.

ઇતિહાસના સંશોધનમાં પ્રાયોગિક પદ્ધતિ, પ્રત્યક્ષ નિરીક્ષણનો આધાર લેવો શક્ય નથી કારણકે ઇતિહાસની ઘટનાઓ જ્યારે ઘટી રહી હોય છે, ત્યારે તેના નિરીક્ષણ માટે આપણે ત્યાં હોતા નથી અને તે ઘટનાઓનું પુનરાવર્તન કરી શકાતું નથી. તેમજ સનાતન અને સાર્વત્રિક/સર્વગ્રાહી નિયમ રજૂ કરવા અને તે નિયમ સિદ્ધ કરવા શક્ય નથી.

સર્વપ્રથમ ઐતિહાસિક દસ્તાવેજ લખવા માટે જે ભાષા અને લિપિનો ઉપયોગ થયો હશે, તેનું વાંચન કરવા માટે અને તેનો અર્થ સમજવા માટે તે ભાષા અને લિપિને જાણતા વિશેષજ્ઞની આવશ્યકતા હોય છે. ત્યારબાદ અક્ષર જોડણી એટલે કે અક્ષરના વળાંક, લેખકની ભાષાશૈલી, વાપરેલા કાગળની નિર્મિતિનો સમય અને કાગળનો પ્રકાર, અધિકૃત/પ્રમાણભૂત મહોર જેવી વિવિધ બાબતોના જાણકાર–વિદ્વાન, સંબંધિત દસ્તાવેજ ખરો છે કે નહીં, તે ઠરાવવામાં મદદ કરી શકે છે. ત્યારબાદ ઇતિહાસ વિશેષજ્ઞો ઐતિહાસિક સંદર્ભના તુલનાત્મક વિશ્લેષણના આધારે દસ્તાવેજમાંની માહિતીની વિશ્વસનીયતાની ચકાસણી કરી શકે છે.



ઈતિહાસના સંશોધનમાં સહાયભૂત થનારી વિવિધ જ્ઞાનશાખાઓ અને સંસ્થાઓ છે. જેમ કે પુરાતત્વ, અભિલેખાગાર, હસ્તલિખિત પ્રતોનો અભ્યાસ, સરકારી દફ્તર, અક્ષરમરોડશાસ્ત્ર, ભાષારચનાશાસ્ત્ર, નાણાંશાસ્ત્ર, વંશાવલીનો અભ્યાસ વગેરે.

## ૧.૧ ઈતિહાસલેખનની પરંપરા

ઈતિહાસમાં ઉપલબ્ધ પૂરાવાઓનું સમીક્ષણપૂર્વક સંશોધન કરીને, ભૂતકાળમાં ઘટેલી ઘટનાઓની ગોઠવણી કેવી રીતે કરવામાં આવે છે, તે આપણે જોયું. આવી ગોઠવણી કરનારી લેખનપદ્ધતિને ઈતિહાસલેખન કહેવાય છે. આ રીતે ઈતિહાસની સમીક્ષાપૂર્વક રચના કરનારા સંશોધકોને ઈતિહાસકાર કહેવાય છે.

એટલે કે ઈતિહાસની રચના કરતી વખતે ભૂતકાળમાં ઘટેલી પ્રત્યેક ઘટનાની નોંધ કરવી અને તેની માહિતી આપવી ઈતિહાસકારો માટે શક્ય નથી. ઈતિહાસની રચના કરતી વખતે ઈતિહાસકાર ભૂતકાળની કઈ ઘટનાઓની પસંદગી કરે છે, એ તેને વાંચકો સુધી શું પહોંચાડવું છે તેના પર આધાર રાખે છે. પસંદ કરેલી ઘટના અને તેની રચના કરવા માટે અપનાવેલ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ઈતિહાસકારોની લેખનની શૈલી નિશ્ચિત કરે છે.

જગતની પ્રાચીન સંસ્કૃતિમાં આ રીતે ઈતિહાસલેખનની પરંપરા ન હતી. પરંતુ તે લોકોને ભૂતકાળની જાણ અથવા જિજ્ઞાસા ન હતી એમ કહી શકાય નહીં. વડીલો પાસેથી પૂર્વજોનું જીવન કથન સાંભળવાની, નવી પેઢી સુધી સાહસ કથા પહોંચાડવાની આવશ્યકતા તે સમયમાં પણ જણાતી હતી. ગુફાચિત્રો દ્વારા સ્મૃતિનું જતન, વાર્તાકથન, ગીત અને પોવાડાનું ગાયન જેવી પરંપરા જગતની સંસ્કૃતિમાં અતિપ્રાચીન કાળથી અસ્તિત્વમાં હતી. આધુનિક ઈતિહાસલેખનમાં તે પરંપરાનો સાધનના સ્વરૂપમાં ઉપયોગ કરવામાં આવે છે.

**શું તમે જાણો છે?**



ફ્રાન્સના લુવ્ર સંગ્રહાલયમાંનો સૌથી પ્રાચીન શિલાલેખ

ઉપરોક્ત ચિત્રમાં હાથમાં ઢાલ અને ભાલો લીધેલા સૈનિકોની શિસ્તબદ્ધ હરોળ અને તેમનું નેતૃત્વ કરનાર સેનાપતિ દેખાય છે.

ઐતિહાસિક ઘટનાઓની લેખિત નોંધ કરવાની પરંપરા મેસોપેટોનિયાની સુમેર સંસ્કૃતિમાં શરૂ થઈ, એવું હાલની પરિસ્થિતિમાં કહી શકાય. સુમેર સામ્રાજ્યમાં થયેલા રાજાઓ, તેમની વચ્ચે થયેલા સંઘર્ષોની કથાઓનું વર્ણન તત્કાલિન શિલાલેખોમાં સાચવવામાં આવ્યું છે. તેમાંના સૌથી પ્રાચીન શિલાલેખમાં આશરે ૪૫૦૦ વર્ષ પૂર્વે સુમેરના બે રાજાઓ વચ્ચે થયેલા યુદ્ધની નોંધ કરવામાં આવી છે, જે હાલમાં ફ્રાન્સના વિશ્વવિખ્યાત લુવ્ર સંગ્રહાલયમાં રાખવામાં આવ્યો છે.

## ૧.૨ આધુનિક ઈતિહાસલેખન

આધુનિક ઈતિહાસલેખનની પદ્ધતિની ચાર પ્રમુખ વિશેષતાઓ છે.

(૧) આ પદ્ધતિ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે. તેની શરૂઆત યોગ્ય પ્રશ્નોની માંડણી કરીને કરવામાં આવે છે.

(૨) આ પ્રશ્નો માનવકેંદ્રિત હોય છે. માટેજ તે ભૂતકાળના વિવિધ માનવી સમાજના સભ્યોએ ચોક્કસ સમયગાળામાં કરેલી કૃતિઓ સંબંધિત

હોય છે. ઈતિહાસમાં તે કૃતિનો સંબંધ દૈવી ઘટના અથવા દેવીદેવતાની કથાઓ સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવતો નથી.

(૩) આ પ્રશ્નોના ઈતિહાસમાંના ઉત્તરોને વિશ્વસનીય પૂરાવાઓનો આધાર હોય છે. તેથી ઈતિહાસની રચના તર્કસુસંગત હોય છે.

(૪) માનવજાતિએ ભૂતકાળમાં કરેલા કાર્યોને આધારે માનવજાતિની પ્રગતિનું અવલોકન ઈતિહાસમાં કરવામાં આવે છે.

એવું માનવામાં આવે છે કે ઉપરોક્ત વિશેષતા યુક્ત આધુનિક ઈતિહાસલેખનની પરંપરાના મૂળ પ્રાચીન ગ્રીક ઈતિહાસકારોના લેખનમાં જોવા મળે છે. હિસ્ટરી શબ્દ ગ્રીક ભાષાનો શબ્દ છે. તેનો સૌપ્રથમ ઉપયોગ ઈ.સ. પૂર્વે ૫મી સદીમાં થયેલા ગ્રીક ઈતિહાસકાર હિરોડોટસે પોતાના પુસ્તક 'ધ્ હિસ્ટરીઝ્'માં શીર્ષક માટે કર્યો હતો.

## ૧.૩ યુરોપમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ અને ઈતિહાસલેખન

અઢારમાં શતક સુધીમાં યુરોપમાં તત્વજ્ઞાન અને વિજ્ઞાનના ક્ષેત્રે નોંધનીય પ્રગતિ થઈ. વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને સામાજિક અને ઐતિહાસિક વાસ્તવિકતાઓનો અભ્યાસ કરવો શક્ય છે, એવો વિશ્વાસ વિચારકોને થવા માંડ્યો. પછીના સમયમાં યુરોપ-અમેરિકામાં ઈતિહાસ અને ઈતિહાસલેખન જેવા વિષય પર ખૂબ વિચારમંથન થયું; ઈતિહાસલેખનમાં વસ્તુનિષ્ઠતાને મહત્વ મળતું થયું.

અઢારમાં શતક પહેલા યુરોપની વિદ્યાપીઠોમાં સર્વત્ર ઈશ્વર વિષયક ચર્ચા અને તે સંબંધી તત્વજ્ઞાન જેવા વિષયોને જ વધુ મહત્વ આપવામાં આવ્યું હતું. પરંતુ ધીરે-ધીરે એ ચિત્ર બદલાવા લાગ્યું. ઈ.સ. ૧૭૩૭માં જર્મનીમાં ગૉટિંગેન વિદ્યાપીઠની સ્થાપના થઈ. આ વિદ્યાપીઠમાં પહેલીજ વાર ઈતિહાસ વિષયને સ્વતંત્ર સ્થાન મળ્યું. ત્યારબાદ જર્મનીની અન્ય વિદ્યાપીઠો પણ ઈતિહાસના અભ્યાસ માટેનું કેન્દ્ર બની.

## ૧.૪ મહત્વના વિચારકો

ઈતિહાસલેખનનું શાસ્ત્ર વિકસિત થવા માટે અનેક વિચારકોની સહાયતા મળી. તેમાંના કેટલાક મહત્વના વિચારકો વિશે માહિતી મેળવીએ.

**રેને દેકાર્ત (૧૫૯૬-૧૬૫૦) :** ઈતિહાસલેખન માટે ઉપયોગમાં લેવાતા ઐતિહાસિક સાધનોની, ખાસ કરીને કાગળોની વિશ્વસનીયતા ચકાસવી આવશ્યક છે, એવો મત ભારપૂર્વક રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ફ્રેંચ તત્વજ્ઞ રેને દેકાર્ત અગ્રસ્થાને હતા. તેમણે લખેલ પુસ્તક 'ડિસ્કોર્સ ઑન ધ્ મેથડ'માંનો એક નિયમ વૈજ્ઞાનિક ઢબના સંશોધનની દૃષ્ટિએ ખૂબ મહત્વનો મનાય છે. એ નિયમ છે, 'એકાદ વાત સાચી છે એવું નિશંકપણે પ્રસ્થાપિત ન થાય ત્યાં સુધી તેનો ક્યારેય સ્વીકાર કરવો નહીં.'


રેને દેકાર્ત

**વ્હૉલ્ટેઅર (૧૬૯૪-૧૭૭૮) :** વ્હૉલ્ટેઅરનું મૂળ નામ ફ્રાન્સ્વા મરી અરૂએ હતું. ફ્રેંચ તત્વજ્ઞ વ્હૉલ્ટેઅરે ઈતિહાસલેખન માટે માત્ર વસ્તુનિષ્ઠ સત્ય અને ઘટનાના કાળક્રમ પર જ ધ્યાન કેન્દ્રિત ન કરતા તત્કાલિન સમાજની પરંપરા, વ્યાપાર, આર્થિક વ્યવસ્થા, ખેતી વગેરે બાબતોનો વિચાર કરવો આવશ્યક છે, એવો વિચાર રજૂ કર્યો. તેને કારણે ઈતિહાસની રચના કરતી વખતે માનવ જીવનનો સર્વાંગીણ વિચાર કરવો, એ વિચાર દૃઢ થયો. આ દૃષ્ટિએ વ્હૉલ્ટેઅરને આધુનિક ઈતિહાસલેખનના જનક કહી શકાય.


વ્હૉલ્ટેઅર

**જ્યોર્જ વિલ્હેમ ફ્રેડરિક હેગેલ (૧૭૭૦-૧૮૩૧) :** આ જર્મન તત્વજ્ઞએ ઐતિહાસિક વાસ્તવિકતાઓની તર્કશુદ્ધ પદ્ધતિએ માંડણી કરવા



જ્યોર્જ વિલ્હેમ ફ્રેડરિક હેગેલ

પર ભાર મૂક્યો. ઐતિહાસિક ઘટનાક્રમ પ્રગતિના ટપ્પા દર્શાવનારો હોય છે. જે સાથે જ સમયે સમયે ઈતિહાસકારોને મળતા પૂરાવા અનુસાર ઈતિહાસની રચના બદલાવી સ્વાભાવિક છે, એવું વિવેચન તેમણે કર્યું. તેમના વિવેચનના કારણે ઈતિહાસની અભ્યાસપદ્ધતિ વિજ્ઞાનની પદ્ધતિ કરતા જુદી હોવા છતાં પણ ઓછી ગુણવત્તા ધરાવતી નથી, એવી ખાત્રી અનેક તત્વજ્ઞોને થઈ. 'એનસાયક્લોપિડિયા ઓફ ફિલોસોફિકલ સાયન્સેસ' પુસ્તકમાં તેમના વ્યાખ્યાનો અને લેખોનું સંકલન કરવામાં આવ્યું છે. હેગેલે લખેલું પુસ્તક 'રિઝન ઈન હિસ્ટરી' જાણીતું છે.

**જાણી લો**

હેગેલના મતે કોઈપણ ઘટનાનો અર્થ શોધવા માટે તેને બે વિરોધી દ્દષ્ટિકોણથી મૂલવવી પડે છે. જે સિવાય તે ઘટનાનું આકલન કરી શકાતું નથી. દા.ત. સાચું-ખોટું, સારું-ખરાબ. આ પદ્ધતિને દ્વંદ્વવાદ (ડાયલેક્ટિક્સ્) કહેવામાં આવે છે. આ પદ્ધતિમાં સૌ પ્રથમ એક સિદ્ધાંત માંડવામાં આવે છે. ત્યારબાદ તે સિદ્ધાંતનો છેદ ઉડાડનાર પ્રતિસિદ્ધાંત માંડવામાં આવે છે. તે બંને સિદ્ધાંતોની તર્કસંગત ચકાસણી કર્યા બાદ તે બંનેનો સાર જેમાં સમાવવામાં આવ્યો હોય એવા સિદ્ધાંતની સમન્વયાત્મક માંડણી કરવામાં આવે છે.


**લિઓપોલ્ડ વ્હોન રાંકે (૧૭૯૫-૧૮૮૬) :** ઓગણીસમાં શતકના ઈતિહાસલેખનની પદ્ધતિ પર મુખ્યત્વે બર્લિન વિદ્યાપીઠના લિઓપોલ્ડ વ્હોન રાંકેના વિચારોનો વિશેષ પ્રભાવ હતો. તેમણે ઈતિહાસના સંશોધનની ચિકિત્સક પદ્ધતિ કેવી હોવી જોઈએ તે જણાવ્યું. મૂળ દસ્તાવેજોના આધારે પ્રાપ્ત થયેલ માહિતી સૌથી વધુ મહત્વની હોય છે. તેના પર તેમણે ભાર મૂક્યો. તે જ રીતે ઐતિહાસિક ઘટના સાથે સંબંધિત દરેક પ્રકારના કાગળ અને દસ્તાવેજને બારિકાઈથી



લિઓપોલ્ડ વ્હોન રાંકે

તપાસવા અત્યંત મહત્વના હોવાનું તેમણે જણાવ્યું. આ રીતે ઐતિહાસિક સત્ય સુધી પહોંચવુ શક્ય છે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો. ઈતિહાસલેખનમાં કાલ્પનિકતાની તેમણે ટીકા કરી. તેમણે જાગતિક ઈતિહાસની રચના પર ભાર મૂક્યો. 'ધ થિઅરી ઍંડ પ્રેક્ટિસ ઑફ હિસ્ટરી' અને 'ધ્ સિક્રેટ ઑફ વર્લ્ડ હિસ્ટરી' પુસ્તકોમાં તેમના વિવિધ લેખોનું સંકલન કરવામાં આવ્યું છે.

**કાર્લ માર્ક્સ (૧૮૧૮-૧૮૮૩) :** ઓગણીસમાં શતકના ઉત્તરાર્ધમાં કાર્લ માર્ક્સે રજૂ કરેલા સિદ્ધાંતના કારણે ઈતિહાસના દ્દષ્ટિકોણમાં મહત્વનો ફેરફાર કરનારી વિચાર પ્રણાલી અસ્તિત્વમાં આવી. ઈતિહાસ અમૂર્ત કલ્પનાઓનો નહીં પણ જીવંત માણસોનો હોય છે. માણસ માણસ વચ્ચેના સંબંધો તેમની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટેના ઉપલબ્ધ ઉત્પાદન સાધનોના સ્વરૂપ અને માલિકી પર આધારિત હોય છે. સમાજના જુદા જુદા ઘટકોને આ સાધનો સમપ્રમાણમાં ઉપલબ્ધ



કાર્લ માર્ક્સ

હોતા નથી. તેથી સમાજની વર્ગ પર આધારિત વિષમ વિભાગણી થઈને આ વર્ગોમાં સંઘર્ષ નિર્માણ થાય છે. માનવી ઈતિહાસ આવા વર્ગ સંઘર્ષોનો ઈતિહાસ છે.

અને ઉત્પાદનના સાધનો જે વર્ગના તાબામાં હોય છે તે બીજા વર્ગોનું આર્થિક શોષણ કરે છે, એવી રજૂઆત તેમણે કરી. તેમનો 'દાસ કેપિટલ' ગ્રંથ જગપ્રસિદ્ધ છે.

**ઍનલ્સ પ્રણાલિ :** વીસમાં શતકની શરૂઆતમાં ફ્રાંસમાં ઍનલ્સ નામની ઈતિહાસલેખનની પ્રણાલિ ઉદયમાં આવી. ઍનલ્સ પ્રણાલિને કારણે ઈતિહાસલેખનને એક જુદી જ દિશા મળી. ઈતિહાસનો અભ્યાસ ફક્ત રાજકીય ઘટનાઓ, રાજાઓ, મહાન નેતાઓ અને તેના સંદર્ભમાં રાજકારણ, મુત્સદ્દીગીરી, યુદ્ધો પર કેન્દ્રિત ન કરતા તત્કાલિન હવામાન, સ્થાનિક લોકો, ખેતી, વ્યાપાર, તંત્રજ્ઞાન, અવરજવર, સંપર્કના સાધનો, સામાજિક વિભાજન અને સમૂહોની માનસિકતા જેવા વિષયોનો અભ્યાસ પણ મહત્વનો મનાવા લાગ્યો. ઍનલ્સ પ્રણાલિ શરૂ કરવાનો અને તેનો વિકાસ કરવાનો શ્રેય ફ્રેંચ ઈતિહાસકારોને આપવામાં આવે છે.

## સ્ત્રીવાદી ઈતિહાસલેખન

સ્ત્રીવાદી ઈતિહાસલેખન એટલે સ્ત્રીઓના દૃષ્ટિકોણથી કરેલી ઈતિહાસની પુનર્રચના. ફ્રેંચ વિદુષી સીમા-દ-બોવ્હા એ સ્ત્રીવાદની મૂળભૂત ભૂમિકા સિદ્ધ કરી. સ્ત્રીવાદી ઈતિહાસ લેખનના ક્ષેત્રે પુરૂષપ્રધાન દૃષ્ટિકોણ પર પુનર્વિચાર કરવા ભાર મૂકવામાં આવ્યો. ત્યારબાદ સ્ત્રીઓના જીવન સંબંધિત નોકરી, રોજગાર, ટ્રેડ યુનિયન, તેમના માટે કામ કરતી સંસ્થાઓ, સ્ત્રીઓનું કૌટુંબિક જીવન જેવા વિવિધ પાસાઓનું ઊંડાણપૂર્વકનું સંશોધન શરૂ થયું. ૧૯૯૦ પછી 'સ્ત્રી'ને એક સ્વતંત્ર સામાજિક વર્ગ માનીને ઈતિહાસ લખવા પર ભાર મૂકવામાં આવ્યો.

**માયકેલ ફુકો (૧૯૨૬-૧૯૮૪) :** વીસમાં શતકના ફ્રેંચ ઈતિહાસકાર માયકેલ ફુકોના લખાણોમાંથી ઈતિહાસલેખનની એક નવી સંકલ્પના સામે આવી. તેમના 'આર્કેઓલૉજી ઓફ નોલેજ' પુસ્તકમાં તેમણે ઈતિહાસની કાળક્રમ અનુસાર અખંડ માંડણી કરવાની પદ્ધતિ ભૂલ ભરેલી છે એવું વિવેચન કર્યું. પુરાતત્વોનો ઉદ્દેશ અંતિમ સત્ય સુધી પહોંચવાનો નહીં, પણ ભૂતકાળની સ્થિતિ – અંતરનું સ્પષ્ટીકરણ આપવાનો એક પ્રયત્ન હોય છે તે તરફ તેમણે ધ્યાન દોર્યું. ફુકોએ ઈતિહાસની સ્થિતિનું અંતર સ્પષ્ટ કરવા પર ભાર મૂક્યો. માટે તેમણે આ પદ્ધતિને જ્ઞાનનું પુરાતત્વ નામ આપ્યું.


માયકેલ ફુકો

પહેલા ઈતિહાસકારોએ ધ્યાન ન આપેલા વિષયો જેમ કે – મનોવિકૃતિ, વૈદકશાસ્ત્ર, જેલ વ્યવસ્થાનો તેમણે ઈતિહાસની દૃષ્ટિએ વિચાર કર્યો.

આ રીતે આધુનિક ઈતિહાસલેખનનો વ્યાપ સતત વિસ્તરતો રહ્યો. સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પકળા, ચિત્રકળા, સંગીતકળા, નૃત્યકળા, નાટ્યકળા, ચલચિત્રનિર્મિતિ, દૂરદર્શન જેવા વિવિધ વિષયોનો સ્વતંત્ર ઈતિહાસ લખાવા માંડ્યો.

**૧. (અ) આપેલા પર્યાયોમાંથી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) આધુનિક ઈતિહાસલેખનના જનક ....... ને કહી શકાય.
(અ) વ્હૉલ્ટેઅર (બ) રેને દેકાર્ત
(ક) લિઓપૉલ્ડ રાંકે (ડ) કાર્લ માર્ક્સ

(૨) આર્કેઓલૉજી ઓફ નોલેજ ગ્રંથ .......... એ લખ્યો છે.
(અ) કાર્લ માર્ક્સ (બ) માયકેલ ફુકો
(ક) લુસિઑં ફેબર (ડ) વ્હૉલ્ટેઅર

**(બ) નીચે પૈકી ખોટી જોડી ઓળખો.**

(૧) જ્યોર્જ વિલ્હેમ ફ્રેડરિક હેગેલ – રિઝન ઈન હિસ્ટરી
(૨) લિઓપૉલ્ડ વ્હૉન રાંકે – ધ્ થિઅરી ઍંડ પ્રેક્ટીસ ઑફ હિસ્ટરી
(૩) હિરોડોટસ – ધ્ હિસ્ટરિઝ્
(૪) કાર્લ માર્ક્સ – ડિસ્કોર્સ ઓન ધ્ મેથડ


**૨. નોંધ લખો.**

(૧) દ્વંદ્વવાદ (૨) ઍનલ્સ પ્રણાલિ

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) સ્ત્રીઓના જીવનના વિવિધ પાસાઓ વિશે વિચાર કરનારું સંશોધન શરૂ થયું.
(૨) ફુકોની લેખન પદ્ધતિને જ્ઞાનનું પુરાતત્વ કહ્યું છે.

**૪. નીચેનું સંકલ્પનાચિત્ર પૂર્ણ કરો.**




**૫. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તરો લખો.**

(૧) કાર્લ માર્ક્સનો વર્ગસિદ્ધાંત સ્પષ્ટ કરો.
(૨) આધુનિક ઈતિહાસલેખન પદ્ધતિની ચાર વિશિષ્ટતા કઈ?
(૩) સ્ત્રીવાદી ઈતિહાસલેખન એટલે શું?
(૪) લિઓપૉલ્ડ વ્હૉન રાંકેનો ઈતિહાસવિષયક દૃષ્ટિકોણ સ્પષ્ટ કરો.

**ઉપક્રમ**

(૧) તમને ગમતા કોઈપણ એક વિષયપર વિસ્તૃત માહિતી મેળવો અને તેનો ઈતિહાસ લખો. ઉદા.,
* પેનનો ઈતિહાસ
* મુદ્રણકલાનો ઈતિહાસ
* સંગણકનો ઈતિહાસ

# ૨. ઈતિહાસલેખન : ભારતીય પરંપરા

૨.૧ ભારતીય ઈતિહાસલેખનની પ્રગતિ
૨.૧ ભારતીય ઈતિહાસલેખન : વિવિધ તાત્વિક પ્રણાલિ

## ૨.૧ ભારતીય ઈતિહાસ લેખનની પ્રગતિ

ઈતિહાસ લેખનની પાશ્ચાત્ય પરંપરાની ઓળખ આપણે પહેલા પાઠમાં કરી છે. આ પાઠમાં આપણે ભારતીય ઈતિહાસલેખનની પરંપરા વિશે માહિતી મેળવવાના છીએ.

**પ્રાચીન કાળનું ઈતિહાસલેખન :** પ્રાચીન ભારતમાં પૂર્વજોના પરાક્રમ, દેવપરંપરા, સામાજિક સ્થિતિ વગેરેની સ્મૃતિ કેવળ મૌખિક પરંપરાથી સાચવવામાં આવતી હતી.

હડપ્પા સંસ્કૃતિમાંના મળેલા પ્રાચીન લેખોના આધારે, ભારતમાં લેખનકળા ઈસવીસન પૂર્વે ત્રીજા સહસ્ત્રકથી અસ્તિત્વમાં હતી એવું જણાય છે. પરંતુ હડપ્પા સંસ્કૃતિની લિપિ વાંચવામાં હજી સુધી સફળતા મળી નથી.

ભારતનું ઐતિહાસિક પ્રાચીન લેખિત સાહિત્ય મોટેભાગે શિલાલેખના સ્વરૂપમાં છે. તેની શરૂઆત મૌર્ય સમ્રાટ અશોકના સમયથી એટલે કે ઈસવીસન પૂર્વે ત્રીજા શતકથી થાય છે. સમ્રાટ અશોકના શિલાલેખ મોટા ગોળ પથ્થરો અને પથ્થરના સ્તંભ પર કોતરેલા છે.

ઈસવીસનના પહેલા શતકથી ધાતુના સિક્કા, મૂર્તિ અને શિલ્પો, તામ્રપત્ર વગેરે પરના શિલાલેખો પ્રાપ્ત થવા માંડ્યા. જેમાંથી મહત્વની ઐતિહાસિક માહિતી મળે છે. આ દરેક પ્રકારના શિલાલેખોને કારણે સંબંધિત રાજાનો કાળ, વંશાવલિ, રાજ્યવિસ્તાર, તત્કાલિન શાસનવ્યવસ્થા, મહત્વની

**સમજી લો.**



**સોહગૌડા તામ્રપત્ર :** આ તામ્રપત્ર સોહગૌડામાં (ગોરખપૂર જિલ્લો, ઉત્તરપ્રદેશ) મળી આવ્યો છે. આ તામ્રપત્ર મૌર્યકાળનો હોવાનું માનવામાં આવે છે. તામ્રપત્ર પર કોતરેલો લેખ બ્રાહ્મી લિપિમાં છે. લેખની શરૂઆતમાં જે ચિહ્નો છે તેમાંના પારાસહિતનું વૃક્ષ તેમ જ પર્વતના (એક ઉપર એક આવેલી ત્રણ કમાનો) ચિહ્નો પ્રાચીન સિક્કાઓ ઉપર પણ જોવા મળે છે. ચાર થાંભલા પર ઉભેલી બેમાળી ઈમારત જેવું દેખાતું ચિહ્ન કોઠારઘરનું પ્રતીક છે એવો અભ્યાસકોનો મત છે આ કોઠારઘરનું ધાન્ય કાળજીપૂર્વક વાપરવું એવો આદેશ તે લેખમાં આપેલો છે. દુકાળજન્ય પરિસ્થિતિનું નિવારણ કરવા માટે કઈ સાવચેતી રાખવી, એ સંદર્ભમાં આ આદેશ હોવો જોઈએ, એવું માનવામાં આવે છે.

રાજકીય ઘટનાઓ, તત્કાલિન સામાજિક રચના, હવામાન, દુકાળ જેવી મહત્વની બાબતોની માહિતી મળે છે.

પ્રાચીન ભારતીય સાહિત્યમાં રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યો, પુરાણો, જૈન અને બૌદ્ધ ગ્રંથો, ધર્મગ્રંથો સિવાય ભારતીય ગ્રંથકારોએ લખેલ ઐતિહાસિક સાહિત્ય તેમજ પરદેશી

પ્રવાસીઓના પ્રવાસવર્ણનો ઈતિહાસ લેખનના મહત્વના સાધનો માનવામાં આવે છે.

પ્રાચીન કાળના રાજાઓના ચરિત્ર તેમજ રાજકુટુંબોનો ઈતિહાસ વર્ણવતું લેખન ભારતીય ઈતિહાસલેખનની પ્રગતિમાં મહત્વનો તબક્કો છે. ઈસવીસનના સાતમાં શતકમાં કવિ બાણભટ્ટે લખેલ સંસ્કૃત કાવ્ય 'હર્ષચરિત' ઐતિહાસિક ચરિત્રગ્રંથ છે. જેમાં તત્કાલિન સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનનું વાસ્તવિક નિરૂપણ કરવામાં આવ્યું છે.

**મધ્યયુગીન કાળનું ઇતિહાસ લેખન :** ઈસવીસનના બારમાં શતકમાં કલ્હણે લખેલ ગ્રંથ 'રક્તરંગિણી' કાશ્મીરના ઈતિહાસ પર આધારિત ગ્રંથ છે. વૈજ્ઞાનિક ઢબે ઈતિહાસલેખન કેવી રીતે કરવું તેની આધુનિક સંકલ્પના સાથે આ ગ્રંથનો નજીકનો સંબંધ છે. જેમાં અનેક શિલાલેખ, સિક્કા, પ્રાચીન વાસ્તુશિલ્પના અવશેષો, રાજકુટુંબોની અધિકૃત નોંધો અને સ્થાનિક પરંપરા જેવા અને અનેક સાધનોનો ચિકિત્સક (સમીક્ષણ યુક્ત) અભ્યાસ કરીને મેં આ ગ્રંથ રચ્યો છે, એવો ઉલ્લેખ કલ્હણે કર્યો છે.

મધ્યયુગીન ભારતમાં મુસ્લિમ રાજ્યકર્તાઓના દરબારમાં ઈતિહાસકારોના લેખનમાં અરબી અને ફારસી ઈતિહાસલેખનની પરંપરાનો પ્રભાવ જોવા મળે છે. મધ્યયુગીન મુસ્લિમ ઈતિહાસકારોમાં ઝિયાઉદ્દીન બરની એક મહત્વના ઈતિહાસકાર હતા. તેમણે પોતાના 'તારીખ–ઈ–ફિરૂજશાહી' ગ્રંથમાં ઈતિહાસલેખનનો હેતુ સ્પષ્ટ કર્યો છે. તેમના મતે ઈતિહાસકારોનું કર્તવ્ય માત્ર રાજ્યકર્તાઓના પરાક્રમ અને કલ્યાણકારી ધોરણોનું વર્ણન કરીને પૂર્ણ થતું નથી, પરંતુ તેમણે રાજ્યકર્તાઓના દોષો અને ભૂલભરેલા ધોરણોનું ચિકિત્સક વિવેચન પણ કરવું જોઈએ એટલું જ નહીં, સંબંધિત કાળની વિદ્વાન વ્યક્તિઓ, અભ્યાસકર્તા, સાહિત્યકારો અને સંતોના સાંસ્કૃતિક જીવન પર પ્રભાવને પણ ધ્યાનમાં લેવો જોઈએ. બરનીની આ વિચારસરણીને કારણે ઈતિહાસ–લેખનનો વ્યાપ વધુ વિસ્તૃત થયો.



**શું તમે જાણો છો?**

અલ્બેરૂનીએ વિવિધ જ્ઞાનશાખાઓમાં ભારતીયોએ કરેલી કામગીરી અને ભારતના સમાજજીવન સંબંધિત માહિતી અરેબિક ભાષામાં લખી હતી. પછીના સમયમાં અનેક પરદેશી ઈતિહાસકારોએ ભારત વિશે માહિતી આપતા ગ્રંથ લખ્યા છે. જેમાં હસન નિજામી લિખિત તાજુલ–માસિર, મિન્હાજ–ઈ–સિરાજ લિખિત તબાકત–ઈ–નાસિરી, અમીર ખુસરોનું વિપુલ લેખન, તૈમૂરલંગનું આત્મચરિત્ર તુઝુક–ઈ–તિમુરી, યાહ્યા બિન અહમદ સરહિંદી લિખિત તારીખ–ઈ–મુબારકશાહી જેવા ગ્રંથો મહત્વના છે.

પરદેશી પ્રવાસીઓએ લખેલા વૃત્તાંતો ભારતના ઈતિહાસના મહત્વના સાધનો છે. ઈબ્ન બતૂતા, અબ્દુલ રઝ્ઝાક, માર્કો પોલો, નિકોલો કૉન્તી, બાર્બોસા, ડૉમિંગોસ પેસ જેવા પ્રવાસીઓના લખાણોમાંથી મધ્યયુગીન ભારત વિશે ઐતિહાસિક માહિતી મળે છે. ઈશ્વરદાસ નાગર, ભીમસેન સક્સેના, ખાફી ખાન, નિકોલાય મનુચી ઔરંગઝેબના કાળના મહત્વના ઈતિહાસકારો છે. મોગલ કાળનો ઈતિહાસ સમજવા માટે તેમનું લેખન અત્યંત મહત્વનું છે.

મોગલ બાદશાહના દરબારમાંના ઈતિહાસકારોના લખાણમાં રાજ્યકર્તાઓની સ્તુતિ અને તેમના પ્રત્યેની નિષ્ઠા જેવા પાસાઓનું વિશેષ મહત્વ હતું. તે સિવાય તેમના વર્ણનમાં પ્રસંગોચિત પદ્ય અને સુંદર ચિત્રોનો સમાવેશ કરવાની પદ્ધતિ શરૂ થયેલી જોવા મળે છે. મોગલ સામ્રાજ્યના સંસ્થાપક બાબરના આત્મચરિત્ર 'તુઝુક–ઈ–બાબરી'માં તેમણે કરવા પડેલા યુદ્ધોનું વર્ણન છે. સાથે જ તેમણે પ્રવાસ કરેલા પ્રદેશો અને શહેરોના વર્ણનો, ત્યાંની સ્થાનિક અર્થવ્યવસ્થા અને રીતરિવાજ, વનસ્પતિ સૃષ્ટિના કરેલા સૂક્ષ્મ નિરીક્ષણનો સમાવેશ છે.

ઈતિહાસલેખનની ચિકિત્સક પદ્ધતિની દૃષ્ટિએ અબુલ ફજલે લખેલા 'અકબરનામા' ગ્રંથનું વિશેષ મહત્વ છે. અધિકૃત નોંધોના આધારે ઐતિહાસિક

દસ્તાવેજનું કરેલું કાળજીપૂર્વક સંકલન અને તેમાંની માહિતીની વિશ્વસનીયતાની સંપૂર્ણ ચકાસણી એવી અબુલ ફજલે અપનાવેલ સંશોધન પદ્ધતિ, પૂર્વગ્રહરહિત અને વાસ્તવિક હોવાનું માનવામાં આવે છે.


'બખર' ઐતિહાસિક સાહિત્યનો એક મહત્વનો પ્રકાર છે. શૂરવીરોના ગુણગાન, ઐતિહાસિક ઘટના, લડાઈઓ, મહાન પુરૂષોના ચરિત્ર લેખન આપણને બખરમાં વાંચવા મળે છે.

મરાઠી ભાષામાં વિવિધ પ્રકારની બખર ઉપલબ્ધ છે. તેમાંની એક મહત્વની બખર એટલે 'સભાસદ બખર'. છત્રપતિ રાજારામ મહારાજની કારકિર્દીમાં કૃષ્ણાજી અનંત સભાસદે આ બખર લખી. જેમાંથી છત્રપતિ શિવાજી મહારાજની કારકિર્દીની માહિતી મળે છે.

'ભાઉસાહેબની બખર' નામની બખરમાં પાણીપતની લડાઈનું વર્ણન છે. આ જ વિષયપર આધારિત 'પાણીપતની બખર' પણ લખાયેલ છે. 'હોળકરની કૈફિયત' નામની બખરમાંથી આપણને હોળકર રાજકુટુંબ અને તેમના યોગદાનની માહિતી મળે છે.

બખરીના ચરિત્રાત્મક, વંશચરિત્રાત્મક, પ્રસંગ વર્ણનાત્મક, પંથીય, આત્મચરિત્ર, કૈફિયત, પૌરાણિક અને રાજનીતિવિષયક જેવા પ્રકારો છે.

**આધુનિક કાળનું ઇતિહાસલેખન અને બ્રિટિશ ઇતિહાસકાળ** : વીસમા શતકમાં અંગ્રેજોના રાજવહીવટ દરમ્યાન ભારતીય પુરાતત્વના અભ્યાસની શરૂઆત થઇ. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ખાતાના પહેલા મહાનિયામક એલેક્ઝાંડર કનિંગહેમની દેખરેખ હેઠળ અનેક પ્રાચીન સ્થળોનું ઉત્ખનન(ખોદકામ) કરવામાં આવ્યું. તે માટે તેમણે મુખ્યત્વે બૌદ્ધ ધર્મગ્રંથોમાં ઉલ્લેખાયેલ સ્થળો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આગળ જતાં જૉન માર્શલની કારકિર્દીમાં હડપ્પા સંસ્કૃતિની શોધ થઇ અને ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ ઇસવીસન પૂર્વે ત્રીજા સહસ્ત્રક સુધી અથવા તેના પહેલા સુધી પણ જઇ શકે તે સિધ્ધ થયું.


એલેક્ઝાંડર કનિંગહેમ


જૉન માર્શલ

ભારતમાં આવેલા અનેક બ્રિટિશ અધિકારીઓએ ભારતીય ઈતિહાસ સંબંધી લેખન કર્યું. તેમણે કરેલા લેખન પર અંગ્રજોના વસાહતવાદી ધોરણનો પ્રભાવ જોવા મળે છે.

જેમ્સ મિલે લખેલા 'ધ્ હિસ્ટરી ઑફ બ્રિટિશ ઇંડિયા' ગ્રંથના ત્રણ ભાગ ૧૮૧૭ની સાલમાં પ્રસિદ્ધ થયા. બ્રિટિશ ઈતિહાસકારે ભારતીય ઈતિહાસ પર લખેલો એ પ્રથમ ગ્રંથ છે. તેમના લખાણમાં વસ્તુનિષ્ઠ દૃષ્ટિકોણનો અભાવ અને ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાઓ વિષયક પૂર્વગ્રહયુક્ત દૃષ્ટિકોણ સ્પષ્ટ દેખાઈ આવે છે.


જેમ્સ મિલ

ઈ. સ. ૧૮૪૧માં માઉંટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટને 'ધ્ હિસ્ટરી ઑફ ઇંડિયા' નામનો ગ્રંથ લખ્યો. માઉંટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન મુંબઈના ગવર્નર (૧૮૧૯–૧૮૨૭) હતા.

ભારતના ઈતિહાસમાં મરાઠા સામ્રાજ્યના કાળખંડનું સ્થાન અત્યંત મહત્વનું છે. મરાઠા સામ્રાજ્યનો ઈતિહાસ લખનારા બ્રિટિશ અધિકારીઓમાં જેમ્સ ગ્રેંડ ડફનું નામ મહત્વનું છે. તેમણે 'અ હિસ્ટરી ઑફ ધ્ મરાઠાજ્' ગ્રંથ લખ્યો. આ ગ્રંથના ત્રણ ભાગ છે. ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસને ઓછો આંકવાની બ્રિટિશ અધિકારીઓની પ્રવૃત્તિ ગ્રેંટ ડફના લેખનમાં પણ જોવા મળે છે. રાજસ્થાનનો ઈતિહાસ લખનાર

કર્નલ ટૉડ જેવા અધિકારીઓના લખાણમાં પણ આ જ વૃત્તિ જોવા મળે છે. વિલ્યમ વિલ્સન હંટરે ભારતનો દ્વિખંડાત્મક (બે ભાગમાં) ઈતિહાસ લખ્યો જેમાં તેમની નિષ્પક્ષપાતી વૃત્તિ જોવા મળે છે.

ડફના ઈતિહાસલેખનની મર્યાદા (ત્રુટિઓ) નીલકંઠ જનાર્દન કીર્તને અને વિ. કા. રાજવાડેએ ઓગણીસમાં શતકમાં સિદ્ધ કરી બતાવી.


## ૨.૨ ભારતીય ઇતિહાસલેખન : વિવિધ તાત્વિક પ્રણાલિ

**વસાહતવાદી ઇતિહાસલેખન :** ભારતીય ઈતિહાસનો અભ્યાસ અને લેખન કરનારા શરૂઆતના ઈતિહાસકારોમાં મુખ્યત્વે બ્રિટિશ અધિકારી તેમજ ખ્રિસ્તી ધર્મપ્રચારકોનો સમાવેશ હતો. ભારતીય સંસ્કૃતિ ઉતરતી કક્ષાની છે, એવા પૂર્વગ્રહનું પ્રતિબિંબ તેમાંના કેટલાકના લખાણોમાં સ્પષ્ટપણે જોવા મળે છે. વસાહતવાદી બ્રિટિશ સત્તાના સમર્થન માટે તેમના ઈતિહાસલેખનનો ઉપયોગ કરવામાં આવ્યો. ૧૯૨૨ થી ૧૯૩૭ના સમય દરમ્યાન પ્રસિદ્ધ થયેલા 'કેંબ્રિજ હિસ્ટરી ઑફ ઈંડિયા' ગ્રંથના પાંચ ભાગો વસાહતવાદી ઈતિહાસલેખનનું પ્રમુખ ઉદાહરણ છે.

**પ્રાચ્યવાદી ઇતિહાસલેખન :** યુરોપના અભ્યાસકર્તાઓમાં પૂર્વની સંસ્કૃતિ અને દેશ વિશે કુતૂહલ નિર્માણ થયું હતું. તેના માટે આદર ધરાવતા કેટલાક અભ્યાસકર્તાઓ હતા. તેમને પ્રાચ્યવાદી કહેવાય છે.


પ્રાચ્યવાદી અભ્યાસકર્તાઓએ સંસ્કૃત અને યુરોપિયન ભાષાની સામ્યતાનો અભ્યાસ કર્યો. વૈદિક સાહિત્ય અને સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરવા પર પ્રાચ્યવાદી વિદ્વાનોએ ભાર મૂક્યો. તેમાંથી આ ભાષાઓની જનની એક પ્રાચીન ઈંડો-યુરોપિયન ભાષા હતી, એવી કલ્પના કરવામાં આવી.

ઈસવીસન ૧૭૮૪માં સર વિલ્યમ જોન્સે કોલકત્તામાં એશિયાટિક સોસાયટીની સ્થાપના કરી. તેથી પ્રાચીન ભારતીય સાહિત્ય અને ઈતિહાસના અભ્યાસને વેગ મળ્યો.



વિલ્યમ જોન્સ

પ્રાચ્યવાદી અભ્યાસકર્તાઓમાં જર્મન અભ્યાસકર્તા ફ્રેડરિક મૅક્સમ્યુલરનો ઉલ્લેખ કરવો મહત્વનો છે. તેમની દૃષ્ટિએ સંસ્કૃત ભાષા એ ઈંડો-યુરોપિયન ભાષાજૂથની અતિપ્રાચીન શાખા હતી. સંસ્કૃત સાહિત્યમાં તેમને વિશેષ રસ હતો. તેમણે સંસ્કૃત ગ્રંથ 'હિતોપદેશ'નો જર્મન ભાષામાં અનુવાદ કર્યો. તેમજ 'ધ્ સેક્રેડ બુક્સ ઑફ ધ ઈસ્ટ'ના નામે ૫૦ ખંડ (ભાગ)નું સંપાદન કર્યું. તેમણે ઋગ્વેદનું સંકલન કર્યું. જેના છ ખંડ પ્રસિદ્ધ થયા. તેમણે ઋગ્વેદનો જર્મન ભાષામાં અનુવાદ કર્યો હતો.



ફ્રેડરિક મૅક્સમ્યુલર

વર્તમાનકાળમાં વિદ્વાન એડવર્ડ સૈદે પ્રાચ્યવાદીઓના લખાણમાં છુપાયેલા સામ્રાજ્યવાદી હિતસંબંધ પર પ્રકાશ પાડ્યો.

**રાષ્ટ્રવાદી ઇતિહાસલેખન :** ઓગણીસમી -વીસમી સદીમાં અંગ્રેજી શિક્ષણ પદ્ધતિથી ભણેલા ભારતીય ઈતિહાસકારોના લખાણમાં ભારતના પ્રાચીન વૈભવનું ગૌરવ અને ભારતીયોના આત્મ ચેતનાને જાગૃત કરવાની વૃત્તિ જોવા મળે છે. તેમના લખાણને રાષ્ટ્રવાદી ઈતિહાસલેખન કહેવામાં આવે છે. વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર પાસેથી મહારાષ્ટ્રના રાષ્ટ્રવાદી ઈતિહાસ લેખનની પ્રેરણા મળી. બ્રિટિશ અધિકારીઓએ લખેલા પ્રાચીન ભારતના પૂર્વગ્રહયુક્ત ઈતિહાસનો તેમણે વિરોધ કર્યો. આ રીતે રાષ્ટ્રવાદી લેખન કરનાર ઈતિહાસકારોએ ભારતના ઈતિહાસનો સુવર્ણકાળ શોધવાનો પ્રયત્ન કર્યો. આમ કરતી વખતે ઐતિહાસિક વાસ્તવિકતાઓની ચિકિત્સક ચકાસણી

કરવા તરફ દુર્લક્ષ સેવ્યાનો આરોપ તેમના પર મૂકવામાં આવે છે. મહોદવ ગોવિંદ રાનડે, રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર, વિનાયક દામોદર સાવરકર, રાજેન્દ્રલાલ મિશ્ર, રમેશચંદ્ર મજુમદાર, કાશીપ્રસાદ જયસ્વાલ, રાધાકુમુદ મુખર્જી, ભગવાનલાલ ઇંદ્રજી, વાસુદેવ વિષ્ણુ મિરાશી, અનંત સદાશિવ આળતેકરના નામો પણ રાષ્ટ્રવાદી ઇતિહાસકાર તરીકે આપી શકાય.

**શું તમે જાણો છો?**

'ધ્ રાઈઝ ઑફ ધ્ મરાઠા પૉવર' ગ્રંથમાં ન્યા. મહાદેવ ગોવિંદ રાનડેએ મરાઠા સત્તાના ઉદયની પાર્શ્વભૂમિ વિસ્તારથી વર્ણવી છે. મરાઠી સત્તાનો ઉદય એ અચાનક લાગેલો દાવાનળ નહોતો પરંતુ મહારાષ્ટ્રમાં લાંબા સમય સુધી સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે તૈયારી ચાલુ હતી, એવું તેમણે સિદ્ધ કર્યું.

ઇતિહાસલેખન, ભાષાશાસ્ત્ર, વ્યુત્પત્તિ (શબ્દ અને અર્થનો ઉદ્‌ભવ તથા ઇતિહાસનું નિરૂપણ), વ્યાકરણ જેવા અનેક વિષયો પર મૂળભૂત સંશોધન કરનારા અને મરાઠી ભાષામાં લખનાર ઇતિહાસકાર તરીકે રાજવાડે જાણીતા છે. આપણો ઇતિહાસ આપણે લખવો જોઈએ, તેની તેમણે હિમાયત કરી. 'મરાઠાઓના ઇતિહાસના સાધનો' શીર્ષક ધરાવતા ૨૨ ભાગો તેમણે સંપાદિત કર્યા. તેમાંની તેમની પ્રસ્તાવના અત્યંત અર્થપૂર્ણ છે. ''ઇતિહાસ એટલે ભૂતકાલિન સમાજનું સર્વાંગીણ સમગ્ર જીવનદર્શન. માત્ર રાજકીય ઘટનાઓ, સત્તા માટેના ષડયંત્રો અને યુદ્ધોનું વર્ણન નહીં'', એવો તેમનો મત હતો. યથાર્થ દસ્તાવેજોના આધારે ઇતિહાસ લખવો જોઈએ, એવો તેમનો આગ્રહ હતો.



વિ.કા. રાજવાડે

**શું તમે જાણો છો?**

ઇતિહાસના સંશોધન માટે વિ.કા. રાજવાડેએ પુણેમાં ૭ જુલાઈ, ૧૯૧૦ના રોજ ભારત ઇતિહાસ સંશોધક મંડળની સ્થાપના કરી.

''માનવી ઇતિહાસ કાળ અને સ્થળ સાથે સંબંધિત છે. કોઈ એક પ્રસંગનું વર્ણન કરવું હોય તો તે પ્રસંગને ચોક્કસ કાળ અને ચોક્કસ સ્થળના સંદર્ભમાં રજૂ કરવો જોઈએ.

કાળ, સ્થળ અને વ્યક્તિ આ ત્રણેયના સંબંધને જ પ્રસંગ અથવા ઐતિહાસિક પ્રસંગ નામ આપી શકાય.''

– વિ.કા. રાજવાડે

*(અંતિમ ચિત્રણ)

ભારતીયોને અંગ્રેજો વિરુદ્ધના સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રેરણા આપવા માટે રાષ્ટ્રવાદી ઇતિહાસ લેખન ઉપયોગી થયું. તેમાં સ્વાતંત્ર્યવીર વિ. દા. સાવરકરે લખેલ 'ધ્ ઇંડિયન વૉર ઑફ ઈન્ડિપેન્ડન્સ 1857' (૧૮૫૭ નો 'સ્વાતંત્ર્ય સંગ્રામ') પુસ્તકનું વિશેષ મહત્વ છે.



સ્વાતંત્ર્યવીર સાવરકર


રાષ્ટ્રવાદી ઇતિહાસ લેખનના પ્રભાવને કારણે પ્રાદેશિક ઇતિહાસ લેખનને પણ વેગ મળ્યો. દક્ષિણ ભારતની ભૌગોલિક વિશિષ્ટતા અને ઇતિહાસ તરફ ઇતિહાસકારોનું સ્વતંત્રપણે (પોતાની મેળે) ધ્યાન ખેંચાયું.

**સ્વાતંત્ર્યોત્તર કાળનું ઇતિહાસલેખન :** એક બાજુ રાજકુટુંબોના ઇતિહાસ પર ભાર આપતું ઇતિહાસલેખન થતું હતું ત્યાંજ સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક ઇતિહાસ લખવાની પણ શરૂઆત થઈ હતી. સ્વાતંત્ર્યોત્તર કાળમાં સમાજ, વિજ્ઞાન, અર્થવ્યવસ્થા, રાજકીય પ્રણાલી, ધાર્મિક વિચારસરણી, સાંસ્કૃતિક પાસાઓના ઇતિહાસનો

અભ્યાસ કરવાની આવશ્યકતા વિચારકોને જણાવા લાગી. આ કાળના ઈતિહાસ લેખનમાં મુખ્યત્વે ત્રણ નવા વૈચારિક પ્રવાહ જોવા મળે છે. (૧) માર્ક્સવાદી ઈતિહાસ (૨) વંચિતોનો (સબઓલ્ટર્ન) ઈતિહાસ (૩) સ્ત્રીવાદી ઈતિહાસ.

**માર્ક્સવાદી ઈતિહાસ :** માર્ક્સવાદી ઈતિહાસકારોના લખાણમાં અર્થવ્યવસ્થામાંના ઉત્પાદનના સાધનો, પદ્ધતિ અને ઉત્પાદન પ્રક્રિયામાં માનવી સંબંધનો વિચાર મધ્યવર્તી (કેન્દ્રસ્થાને) હતો. પ્રત્યેક સામાજિક ઘટનાનું સામાન્ય લોકો પર શું પરિણામ થાય છે તેનું વિશ્લેષણ કરવું એ માર્ક્સવાદી ઈતિહાસ લેખનનું મહત્વનું સૂત્ર હતું.

માર્ક્સવાદી ઈતિહાસકારોએ જાતિવ્યવસ્થામાં થતા ફેરફારનો અભ્યાસ કર્યો. ભારતમાં માર્ક્સવાદી ઈતિહાસલેખન પદ્ધતિનો પ્રભાવક આધાર લેનાર ઈતિહાસકારોમાં દામોદર ધર્માનંદ કોસંબી, કૉમ્રેડ શ્રીપાદ અમૃત ડાંગે, રામશરણ શર્મા, કૉમ્રેડ શરદ પાટીલ વગેરેનું યોગદાન મહત્વનું છે. ડાંગે ભારતીય કમ્યુનિસ્ટ પક્ષના સંસ્થાપક સભ્યો પૈકી એક હતા. તેમનું પુસ્તક 'પ્રિમિટિવ્હ કમ્યુનિઝમ ટુ સ્લેવ્હરી' માર્ક્સવાદી ઈતિહાસલેખનનું ઉદાહરણ છે.


દામોદર કોસંબી

**વંચિતોનો (સબઓલ્ટર્ન) ઈતિહાસ :** વંચિત સમૂહોનો ઈતિહાસ લખવાની શરૂઆત માર્ક્સવાદી ઈતિહાસલેખન પરંપરાથી જ થઇ, એવું કહી શકાય. ઈતિહાસલેખનની શરૂઆત સમાજના તળિયે આવેલા સર્વસામાન્ય લોકોના સ્તરથી કરવી જોઈએ, એ કલ્પના રજૂ કરવામાં ઈટાલિયન તત્વજ્ઞ ઍંટોનિઓ ગ્રામચીનું સ્થાન મહત્વનું છે.

વંચિતોનો ઈતિહાસ લખવા માટે લોક પરંપરાને એક મહત્વનું સાધન માનવામાં આવ્યું છે. ભારતીય ઈતિહાસકાર રણજીત ગુહાએ વંચિતોના ઈતિહાસને એક મહત્વની વિચારસરણીનું સ્થાન મેળવી આપવાનું મહત્વનું કાર્ય કર્યું. પરંતુ તે પહેલા જ ભારતમાં વંચિતોના ઈતિહાસનો વિચાર મહાત્મા જ્યોતિરાવ ફુલે અને ડૉ. બાબાસાહેબ આંબેડકરના લખાણોમાં રજૂ થયેલો જોવા મળે છે.


મહાત્મા જ્યોતિરાવ ફુલે

મહાત્મા ફુલેએ 'ગુલામગિરી' પુસ્તકમાં શુદ્રોનો ઈતિહાસ નવેસરથી વર્ણવ્યો. ધર્મના નામે સ્ત્રીઓ, શુદ્ર અને અતિશુદ્રોના થતાં શોષણ સામે ધ્યાન દોર્યું.

ભારતના સાંસ્કૃતિક અને રાજકીય નિર્માણમાં દલિત વર્ગનો મોટો ફાળો છે. ભારતના વસાહતવાદી અને રાષ્ટ્રવાદી ઈતિહાસ લેખનમાં તે તરફ દુર્લક્ષ કરવામાં આવ્યું. આ વાતને ધ્યાનમાં રાખીને ડૉ. બાબાસાહેબ આંબેડકરે સતત લેખનકાર્ય કર્યું. તેમણે કરેલા વિપુલ લેખનકાર્યમાંથી 'હૂ વેઅર ધ્ શૂદ્રાઝ્' અને 'ધ્ અનટચેબલ્સ્' ગ્રંથ વંચિતોના ઈતિહાસનું ઉદાહરણ છે.


ડૉ.બાબાસાહેબ આંબેડકર

**સ્ત્રીવાદી ઈતિહાસ :** ભારતીય ઈતિહાસલેખનના ક્ષેત્રમાં શરૂઆતમાં મુખ્યત્વે પુરૂષ અભ્યાસકર્તાઓ કાર્યરત હોવાથી ભારતીય ઈતિહાસમાં સ્ત્રીઓનું સ્થાન અને તેમની કામગીરી તરફ પુરૂષોની તુલનામાં દુર્લક્ષ કરવામાં આવ્યું હતું. તેના પર વધુ પ્રકાશ પાડવો એ સ્ત્રીવાદી ઈતિહાસકારો સામે પ્રથમ આવ્હાન હતું. તેમજ સ્ત્રીઓએ નિર્માણ કરેલા સાહિત્યનું સંશોધન અને સંકલન કરવું આવશ્યક હતું. ઈતિહાસમાં સ્ત્રીઓના સ્થાનનો વિચાર નવેસરથી કરવો આવશ્યક હતો.

ઓગણીસમી સદીમાં સ્ત્રીઓ વિશે લેખન કરનારા લેખિકાઓમાં તારાબાઇ શિંદેનું નામ આગળ પડતું છે. તેમણે પુરુષપ્રધાન વ્યવસ્થા અને જાતિવ્યવસ્થાનો વિરોધ કરતું લખાણ કર્યું. ઇસવીસન ૧૮૮૨માં પ્રસિદ્ધ થયેલ તેમનું પુસ્તક 'સ્ત્રીપુરુષ તુલના' ભારતનું પહેલું સ્ત્રીવાદી લખાણ માનવામાં આવે છે. ઈ.સ. ૧૮૮૮માં પંડિતા રમાબાઇનું 'ધ્ હાય કાસ્ટ હિંદુ વુમન' પુસ્તક પ્રસિદ્ધ થયું.



તારાબાઇ શિંદે

સ્વાતંત્ર્યોત્તર કાળમાં થયેલું લેખન ઘરે અને કામના સ્થળે સ્ત્રીઓ સાથે કરાતો વ્યવહાર, તેમની રાજકીય સમાનતાનો હક્ક જેવા વિષયો પર કેન્દ્રિત જોવા મળે છે. વર્તમાનકાળમાં પ્રસિદ્ધ થયેલા સ્ત્રીવાદી લેખનમાં મીરા કોસંબીના પુસ્તક 'ક્રૉસિંગ થ્રેશોલ્ડસ્ : ફેમિનિસ્ટ એસ્સેજ ઇન સોશિયલ હિસ્ટરી'નો ઉલ્લેખ કરી શકાય. તેમાં મહારાષ્ટ્રની પંડિતા રમાબાઇ, ભારતના પહેલા કાર્યરત સ્ત્રી ડોક્ટર રખમાબાઇ જેવી સ્ત્રીઓના જીવન પરના નિબંધ છે. મહારાષ્ટ્રમાં દલિત સ્ત્રીઓના દૃષ્ટિકોણથી સામાજિક વર્ગ, જાતિ વગેરે બાબતોના સંદર્ભમાં લેખન કરવામાં આવ્યું. જેમાં શર્મિલા રેગેનું લખાણ મહત્વનું છે. 'રાઈટિંગ કાસ્ટ, રાઈટિંગ જેંડર : રિડિંગ દલિત વુમેન્સ્ ટેસ્ટિમોનીજ'માં દલિત સ્ત્રીઓના આત્મચરિત્ર પર તેમણે લખેલા નિબંધોનું સંકલન છે.

વિશિષ્ટ વિચાર પ્રણાલીનો આશ્રય ન લેતાં ઈતિહાસ લખનારમાં સર યદુનાથ સરકાર, સુરેન્દ્રનાથ સેન, રિયાસતકાર ગો.સ. સરદેસાઇ, ત્ર્યંબક શંકર શેજવલકરના નામોનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

**શું તમે જાણો છો?**

ગોવિંદ સખારામ સરદેસાઇએ 'મરાઠી રિયાસત' પ્રકાશિત કરીને મરાઠી ઈતિહાસલેખનના ક્ષેત્રે મોટી કામગીરી કરી. તેમનું આ કાર્ય એટલું લોકપ્રિય બન્યું, કે સમાજ તેમને 'રિયાસતકાર'ના નામે ઓળખવા લાગ્યો. તેમણે મરાઠાઓનો આખો ઈતિહાસ અનેક ખંડોમાં પ્રકાશિત કર્યો છે.

વર્તમાનકાળમાં ય. દિ. ફડકે, રામચંદ્ર ગુહા વગેરે સંશોધકોએ આધુનિક ઈતિહાસલેખનમાં મહત્વની કામગીરી બજાવી છે.

ભારતીય ઈતિહાસલેખન પર ભારતમાં થયેલી સામાજિક અને રાજકીય ચળવળોનો પ્રભાવ હતો. તેની સરખામણીમાં ભારતીય ઈતિહાસલેખનની પરંપરા સ્વતંત્રપણે અને સમૃદ્ધ રીતે વિકસિત થયેલી જોવા મળે છે.

## સ્વાધ્યાય

**૧. (અ) આપેલા પર્યાયોમાંથી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો**

(૧) ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ખાતાના પહેલા મહાનિયામક .................. હતા.

(અ) એલેક્ઝાંડર કનિંગહેમ
(બ) વિલ્યમ જોન્સ
(ક) જૉન માર્શલ
(ડ) ફ્રેડરિક મૅક્સમ્યુલર

(૨) સંસ્કૃત ગ્રંથ 'હિતોપદેશ'નો જર્મન ભાષામાં અનુવાદ .................. એ કર્યો.

(અ) જેમ્સ મિલ
(બ) ફ્રેડરિક મૅક્સમ્યુલર
(ક) માઉંટ સ્ટુઅર્ટ એલફિન્સ્ટન
(ડ) જૉન માર્શલ

(બ) નીચેનામાંથી ખોટી જોડી ઓળખો.

(૧) હૂ વેઅર ધ્ શુદ્રાજ – વંચિતોનો ઈતિહાસ

(૨) સ્ત્રીપુરૂષ તુલના – સ્ત્રીવાદી લેખન

(૩) ધ્ ઇંડિયન વૉર ઑફ ઈન્ડિપેન્ડન્સ ૧૮૫૭ – માર્ક્સવાદી ઈતિહાસ

(૪) ગ્રેંટ ડફ – વસાહતવાદી ઈતિહાસ

૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.

(૧) પ્રાદેશિક ઈતિહાસલેખનને વેગ મળ્યો.

(૨) બખર એ ઐતિહાસિક સાહિત્યનો મહત્વનો પ્રકાર છે.

૩. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તરો લખો.


(૧) માર્ક્સવાદી ઈતિહાસલેખન એટલે શું?

(૨) ઈતિહાસાચાર્ય વિ. કા. રાજવાડેનું ઈતિહાસલેખનમાં યોગદાન સ્પષ્ટ કરો.

૪. (અ) નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.

| | |
|---|---|
| જેમ્સ મિલ | ધ્ બ્રિટિશ હિસ્ટરી ઑફ ઇંડિયા |
| જેમ્સ ગ્રેંડ ડફ | ............................ |
| .................. | ધ્ હિસ્ટરી ઑફ ઇંડિયા |
| શ્રી. અ. ડાંગે | ............................ |
| .................. | હૂ વેઅર ધ્ શૂદ્રાઝ |

(બ) નીચેનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.




૫. નોંધ લખો.

(૧) પ્રાચ્યવાદી ઈતિહાસલેખન

(૨) રાષ્ટ્રવાદી ઈતિહાસલેખન

(૩) વંચિતોનો ઈતિહાસ

**ઉપક્રમ**

ઈન્ટરનેટની મદદથી પાઠમાં ઉલ્લેખ થયેલા વિવિધ ઈતિહાસકારોના કાર્યોની માહિતી મેળવી સચિત્ર હસ્તલિખિત પ્રત તૈયાર કરો.

424GGP

# ૩. ઉપયુક્ત/ઉપયોગી ઇતિહાસ


૩.૧ ઉપયુક્ત ઇતિહાસ એટલે શું?
૩.૨ ઉપયુક્ત ઇતિહાસ અને વિવિધ વિષયોમાંનું સંશોધન
૩.૩ ઉપયુક્ત ઇતિહાસ અને વર્તમાનકાળ
૩.૪ સાંસ્કૃતિક અને નૈસર્ગિક વારસાનું વ્યવસ્થાપન
૩.૫ સંબંધિત વ્યાવસાયિક ક્ષેત્રો


## ૩.૧ ઉપયુક્ત ઇતિહાસ એટલે શું?

'ઉપયુક્ત ઇતિહાસ' સંજ્ઞા માટે 'લોકો માટે ઇતિહાસ' (પબ્લિક હિસ્ટરી) એ પર્યાયી શબ્દ વાપરવામાં આવે છે. ઇતિહાસ દ્વારા ભૂતકાળની ઘટનાઓ વિશે જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેનો ઉપયોગ વર્તમાન અને ભવિષ્યકાળમાં લોકોને કેવી રીતે થશે, તેનો વિચાર ઉપયુક્ત ઇતિહાસ વિષય દ્વારા કરવામાં આવે છે. વર્તમાનના સામાજિક આવ્હાનો માટે ઉપાયયોજના કરવી, સામાજિક ઉપયોગિતા વિશે નિર્ણય લેવો જેવી બાબતો માટે પહેલા ઘટી ગયેલી ઘટનાઓનું વિશ્લેષણ માર્ગદર્શક બને છે. તે માટે ઇતિહાસનું જ્ઞાન આવશ્યક હોય છે.

**જાણી લો.**

**લોકો માટે ઇતિહાસ :** ઇતિહાસ વિશે લોકોના મનમાં અનેક ગેરસમજણ હોય છે. દા.ત. ઇતિહાસનો વિષય માત્ર ઇતિહાસકારો અને ઇતિહાસ વિષયનો અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે જ હોય છે, દૈનિક જીવનમાં ઇતિહાસ જેવા વિષયનો કોઇ ઉપયોગ હોતો નથી, ઇતિહાસ જેવા વિષયને આર્થિક દૃષ્ટિએ ઉત્પાદક ક્ષેત્રો સાથે જોડી શકાય નહીં, વગેરે.

આવી ગેરસમજણને દૂર કરી ઇતિહાસને લોકોના વર્તમાન જીવન સાથે જોડનારું ક્ષેત્ર એટલે 'લોકો માટે ઇતિહાસ'

વિદેશમાં અનેક વિદ્યાપીઠોમાં 'લોકો માટે ઇતિહાસ' આ વિષયનો અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. ભારતમાં બેંગલુરુમાં આવેલી 'સૃષ્ટિ ઇન્સ્ટિટ્યૂટ ઑફ આર્ટ ડિઝાઇન એન્ડ ટેકનોલૉજી' સંસ્થામાં 'સેંટર ફૉર પબ્લિક હિસ્ટરી' નામનો સ્વતંત્ર વિભાગ છે. અહીં આ વિષયના પ્રકલ્પ અને સંશોધનનું કામ ચાલે છે.

ઉપયુક્ત ઇતિહાસના ક્ષેત્રે કેવળ વિશેષજ્ઞ વ્યક્તિઓનો જ નહીં, પરંતુ સામાન્ય લોકોનો વિવિધ પ્રકારે સહભાગ હોઇ શકે છે. સંગ્રહાલયો, પ્રાચીન સ્થળોની મુલાકાત લેનાર પર્યટક તરીકે તેમનો સહભાગ મહત્વનો હોય છે. પર્યટનને કારણે લોકોમાં ઇતિહાસ માટે રૂચિ વધે છે. સમાજમાં ઇતિહાસ માટે જાગૃતિ નિર્માણ થાય છે. તે જ રીતે તેમના પોતાના શહેર અથવા ગામમાં આવેલા પ્રાચીન સ્થળોના જતન અને સંવર્ધનના પ્રકલ્પમાં પણ તેઓ સહભાગી થઇ શકે છે.

## ૩.૨ ઉપયુક્ત ઇતિહાસ અને વિવિધ વિષયોનું સંશોધન

ઇતિહાસ ભૂતકાળમાં ઘટેલી ઘટનાઓ સાથે સંબંધિત હોય છે. વર્તમાનમાં દેખાતી માનવ જીવન રચના તે ઘટનાઓ પર જ આધારિત હોય છે. આ ઘટનાઓ રાજકારણ સામાજિક–ધાર્મિક સંસ્થા, તત્વજ્ઞાન, તંત્રજ્ઞાન અને વિજ્ઞાન જેવા વિવિધ ક્ષેત્રે ઘટી હોય છે. પ્રત્યેક ક્ષેત્રનો જ્ઞાનસંચયનો સ્વતંત્ર ઇતિહાસ હોય છે. તે ક્ષેત્રની પ્રગતિની દિશા આ જ્ઞાનસંચયની સ્થિતિ પર આધારિત હોય છે. એના અનુસંધાનથી અનેક વિષયોના સંશોધનમાં ઇતિહાસની સંશોધન પદ્ધતિ ઉપયોગી નીવડે છે. ઉદાહરણ તરીકે,

**૧. તત્વજ્ઞાન :** વિવિધ વિચારસરણીનો ઉદય, તે પાછળની વૈચારિક પરંપરા અને તે વિચારસરણીની પ્રગતિનો ઇતિહાસ જાણવા માટે

તત્વજ્ઞાનના ઈતિહાસનો અભ્યાસ કરવો પડે છે. તત્વજ્ઞાન સમજતી વખતે તે તત્વજ્ઞાન જે ભાષામાં વ્યક્ત થયું હોય તે ભાષાનો ઈતિહાસ પણ ઉપયોગી થાય છે.

**૨. વિજ્ઞાન :** વૈજ્ઞાનિક શોધ અને સિદ્ધાંતનો કાળક્રમ અને તે શોધ પાછળના કારણો સમજવા માટે વિજ્ઞાનના ઈતિહાસનો અભ્યાસ કરવો પડે છે. જરૂરિયાત એ શોધની જનની છે, એવું કહેવાય છે. ઘણીવાર માનવી જરૂરિયાતની પૂર્તિ અને જિજ્ઞાસાનું સમાધાન કરવાના પ્રયત્નોમાંથી વૈજ્ઞાનિક શોધો થાય છે. તે માટે પહેલા અસ્તિત્વમાં આવેલા વૈજ્ઞાનિકોના જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે. આ શોધ પાછળની કારણપરંપરા, કાળક્રમ સમજવા માટે વિજ્ઞાનના ઈતિહાસનું જ્ઞાન ઉપયોગી નીવડે છે.

**૩. તંત્રજ્ઞાન :** કૃષિ ઉત્પાદન, વસ્તુનું ઉત્પાદન, સ્થાપત્ય, અભિયાંત્રિકી (ઈજનેરી) વગેરેમાં થતાં ફેરફાર અને તે માટેના કારણો સમજવા માટે તંત્રજ્ઞાનના ઈતિહાસનો અભ્યાસ કરવો પડે છે. વૈજ્ઞાનિક શોધ અને તંત્રજ્ઞાનની પ્રગતિ પરસ્પરાવલંબી હોય છે. પથ્થરના હથિયાર બનાવવાથી તે કૃષિ ઉત્પાદનના વિકાસ સુધીની માનવીની પ્રગતિમાં (ઉત્ક્રાંતિ) તેને સમજાયેલ વિજ્ઞાન અને તેના પર આધારિત તંત્રજ્ઞાનનું અત્યંત મહત્વ હતું. આગળ જતાં વિજ્ઞાનની પ્રગતિને કારણે ઉત્પાદન પ્રક્રિયાનું યાંત્રિકીકરણ થતું ગયું. આમ શી રીતે બન્યું, વિજ્ઞાન અને તંત્રજ્ઞાન હંમેશા એકબીજા પર શા માટે આધારિત હોય છે? એ સમજવા માટે તંત્રજ્ઞાનનો ઈતિહાસ જાણવો આવશ્યક હોય છે.

**૪. ઉદ્યોગધંધો અને વેપાર :** ઉદ્યોગધંધા અને વેપારને કારણે માનવ સમાજમાં પરસ્પર વ્યવહારનું ક્ષેત્ર વિસ્તરે છે. તેને કારણે સાંસ્કૃતિક સંબંધોના જાળા સતત વિકસતા હોય છે. ઉદ્યોગધંધા અને વેપાર એ વ્યવસ્થાપનનો જ એક ભાગ છે. તેનો ઈતિહાસ સમજવો ખૂબ મહત્વનો છે. બજાર અને વેપારનું સ્વરૂપ બદલાતું ગયું તેની સાથે માનવ સંબંધોનું સ્વરૂપ અને સમાજરચના બદલાતી ગઈ. આ આખો પ્રવાસ સમજવા માટે સાંસ્કૃતિક રચના, સામાજિક રચના, આર્થિક વ્યવસ્થા વગેરેના ઈતિહાસનો અભ્યાસ કરવો પડે છે.

**૫. વ્યવસ્થાપનશાસ્ત્ર :** ઉત્પાદનના સાધનો, મનુષ્યબળ અને ઉત્પાદનની વિવિધ પ્રક્રિયા, બજાર અને વેંચાણના વ્યવસ્થાપનના સંદર્ભમાં તે સંબંધિત ભૂતકાલિન યંત્રણાઓ કેવી હતી તે જાણવું આવશ્યક છે. આ ઘટનાક્રમમાં સંકળાયેલા વિવિધ સ્તરના લોકોની પરંપરાગત માનસિકતા સમજવા માટે આ બધાની સંરચના જે જુદી જુદી સામાજિક અને આર્થિક સંસ્થાઓના સંગઠન પર આધારિત હોય છે, તેમનો ઈતિહાસ સમજીએ તો વર્તમાનમાં વિવિધ સ્તર પર વ્યવસ્થાપન કરવું સરળ બને છે.

**૬. કળા :** વિવિધ કળાક્ષેત્રોમાં અભિવ્યક્તિ અને તે પાછળની વૈચારિક–ભાવનાત્મક–સાંસ્કૃતિક પરંપરાના આધારે થયેલ કળાનો વિકાસ સમજવો ખૂબ મહત્વનો છે. કોઈપણ કળાના આવિષ્કારનો મર્મ, કલાકૃતિના નિર્માતાની માનસિકતા અને વિશિષ્ટ કળાશૈલીના વિકાસનો ક્રમ સાંસ્કૃતિક ઈતિહાસના અભ્યાસ દ્વારા સમજી શકાય છે.

**૭. માનવી જ્ઞાનશાખા :** ઈતિહાસ, પુરાતત્વ, સમાજશાસ્ત્ર, માનવશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થ–શાસ્ત્ર જેવી જ્ઞાનશાખાઓના ઉગમ અને વિકાસના ઈતિહાસને સમજવો એ આ જ્ઞાનશાખાઓના અભ્યાસનો એક આવશ્યક ભાગ છે. તત્વજ્ઞાનને વિજ્ઞાન અને અન્ય સર્વ જ્ઞાન શાખાઓની જનની માનવામાં આવે છે. વૈશ્વિક વિસ્તાર અને તેમાં માનવ અસ્તિત્વનો પરસ્પર સંબંધ સમજવાની જિજ્ઞાસાથી દુનિયાભરના બધા માનવ સમાજમાં

લોકો તે વિશે અનુમાન કરવા લાગ્યા. તેમાંથી જગતની ઉત્પત્તિની કથા, સૃષ્ટિ ચક્ર અને માનવજીવન સંબંધી મિથ્યા માન્યતાઓ, દેવ–દેવી સંબંધી કલ્પના અને તે દેવીદેવતાઓને પ્રસન્ન કરવા માટે કરેલી વિધી, તે માટેના તાત્વિક વિવેચનનો વિકાસ થયો. પ્રાચીન લોકોએ કરેલી આ બાબતોના વિચારમાં તત્વજ્ઞાનના બીજ છે. અહીં ઉલ્લેખ કરાયેલ માનવીશાખાની વિવિધ શાખાના વિકાસના પાયામાં તત્વજ્ઞાનના સિદ્ધાંતો છે. ઈતિહાસના આધારે આ પ્રગતિનું આકલન કરી શકાય.

## ૩.૩ ઉપયુક્ત ઇતિહાસ અને વર્તમાનકાળ

ઈતિહાસનો દૈનિક જીવનમાં શો ઉપયોગ એવો પ્રશ્ન હંમેશા પૂછવામાં આવે છે. ઉપયુક્ત ઈતિહાસ એટલે શું? આ પ્રશ્નના ઉત્તરમાં ઉપરના પ્રશ્નનો ઉત્તર આપોઆપ મળી જાય છે. ભૂતકાળના મૂર્ત અને અમૂર્ત સ્વરૂપના અનેક અવશેષો વર્તમાનકાળમાં અસ્તિત્વમાં છે. તેમના પ્રત્યે આપણાં મનમાં કુતૂહલ હોય છે, આત્મીયતા હોય છે. તેમના અસ્તિત્વનો ઈતિહાસ આપણે સમજવો જોઈએ કારણકે તે આપણા પૂર્વજોએ નિર્માણ કરેલા કલાકૃતિના, પરંપરાના અવશેષ હોય છે. તે આપણો સાંસ્કૃતિક વારસો હોય છે. તે આપણી ઓળખ હોય છે. તેમના ઈતિહાસનું જ્ઞાન આપણને આપણા ઉગમ તરફ લઈ જાય છે. તેથી આપણાં અને આગળની પેઢીના હિત માટે તે સાંસ્કૃતિક વારસાનું દીર્ઘકાળ સુધી જતન કરવાની, તેનું સંવર્ધન કરવાની આવશ્યકતા નિર્માણ થાય છે. ઉપયુક્ત ઈતિહાસના આધારે મૂર્ત અને અમૂર્ત સાંસ્કૃતિક વારસાનું જતન અને સંવર્ધન કરી શકાય છે. તેને કારણે વ્યવસાયની અનેક તકો નિર્માણ થાય છે. ટૂંકમાં કહીએ તો ઈતિહાસના આધારે વર્તમાનકાળનું યથાયોગ્ય આકલન અને ભવિષ્ય માટેનું દિશાસૂચન એવું ઉપયુક્ત ઈતિહાસનું વર્ણન કરી શકાય.

## ૩.૪ સાંસ્કૃતિક અને નૈસર્ગિક વારસાનું વ્યવસ્થાપન

**(અ) સાંસ્કૃતિક વારસો :** એ માનવનિર્મિત હોય છે. તેના મૂર્ત અને અમૂર્ત એવા બે પ્રકાર હોય છે.

**૧. મૂર્ત સાંસ્કૃતિક વારસો :** આ પ્રકારમાં પ્રાચીન સ્થળો, વાસ્તુ શિલ્પો, વસ્તુઓ, હસ્તલિખિત પ્રતો, શિલ્પો–ચિત્રો વગેરેનો સમાવેશ થાય છે.

**૨. અમૂર્ત સાંસ્કૃતિક વારસો :** આ પ્રકારમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

* મૌખિક પરંપરા અને તે માટે ઉપયોગમાં લેવાતી ભાષા
* પારંપારિક જ્ઞાન
* ઉત્સવ, સમારંભ ઉજવવાની સામાજિક પદ્ધતિ અને ધાર્મિક વિધિ
* કળા પ્રસ્તુત કરવાની પદ્ધતિ
* વિશિષ્ટ પારંપારિક કૌશલ્યો
* એવી પરંપરા, પદ્ધતિ, કૌશલ્યો વગેરેનું પ્રતિનિધિત્વ કરતા સમૂહો, જૂથ

**(બ) નૈસર્ગિક વારસો :** નિસર્ગમાંની જૈવ–વિવિધતાનો વિચાર નૈસર્ગિક વારસાની સંકલ્પનામાં કર્યો છે.

(૧) પ્રાણી (૨) વનસ્પતિસૃષ્ટિ (૩) તેમના અસ્તિત્વ માટે આવશ્યક પરિસંસ્થા અને ભૂરચનાત્મક વિશિષ્ટતા

આગળની પેઢીના હિત માટે આપણાં વારસાનું જતન કરવું આવશ્યક છે. નામશેષ થવાના આરે આવેલા સાંસ્કૃતિક અને નૈસર્ગિક વારસાનું જતન અને સંવર્ધન કરવાના હેતુથી યુનેસ્કોએ કેટલાક દિશાસૂચક તત્વો જાહેર કર્યા છે. તે દિશાસૂચક તત્વોના આધારે જાગતિક વારસાના પદને પાત્ર સ્થળો, પરંપરાની યાદી જાહેર કરવામાં આવે છે.

## એક નજર :

**ભારતના જાગતિક મૌખિક અને અમૂર્ત વારસા યાદીમાં સમાવિષ્ટ પરંપરા :**

૨૦૦૧ : કેરળની સંસ્કૃત 'કુટિયટ્ટમ' નાટ્યપરંપરા
૨૦૦૩ : વૈદિક પઠન પરંપરા.
૨૦૦૫ : ઉત્તર ભારતની 'રામલીલા' પ્રસ્તુતીકરણ
૨૦૦૯ : ગઢવાલ(ઉત્તરાખંડ)ના 'રમ્મન' ધાર્મિક ઉત્સવ અને વિધીનાટ્ય.
૨૦૧૦ : રાજસ્થાનનું કાલબેલિયા લોકસંગીત અને લોકનૃત્ય.
૨૦૧૦ : પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઓડિસાનું છાઉ નૃત્ય
૨૦૧૦ : કેરળના 'મુડિયેટ્ટૂ' વિધીનાટ્ય અને નૃત્યનાટ્ય
૨૦૧૨ : લડાખ, જમ્મુ અને કાશ્મીરની બૌદ્ધ મંત્રપઠન પરંપરા
૨૦૧૩ : મણીપૂરની 'સંકીતર્ન' પરંપરા
૨૦૧૪ : પંજાબની ઠઠેરા જમાતીની તાંબાના અને પિતળના વાસણ બનાવવાની કળાપરંપરા
૨૦૧૬ : નવરોજ
૨૦૧૬ : યોગ

**ભારતના જાગતિક વારસા સ્થળો**

**સાંસ્કૃતિક :**

૧૯૮૩ : આગ્રાનો કિલ્લો
૧૯૮૩ : અજંટા ગુફા
૧૯૮૩ : વેરૂળ ગુફા
૧૯૮૩ : તાજમહેલ
૧૯૮૪ : મહાબલીપુરમના મંદિરો
૧૯૮૪ : કોણાર્ક સૂર્યમંદિર
૧૯૮૬ : ગોવાના ચર્ચ અને કૉન્વ્હેન્ટ્સ
૧૯૮૬ : ફત્તેપૂર સિક્રી
૧૯૮૬ : હંપીનું વાસ્તુ સંકુલ
૧૯૮૬ : ખજૂરાહોના મંદિરો
૧૯૮૭ : ઘારાપુરી (એલિફન્ટા) ગુફા
૧૯૮૭ : ચૌલ મંદિરો-તંજાવરનું બૃહદીશ્વર મંદિર
૨૦૦૪ : ગંગૈકોંડચોળીશ્વમનું બૃહદીશ્વર મંદિર અને દારાસુરમનું ઐરાવતેશ્વર મંદિર
૧૯૮૭ : પટ્ટદકલના મંદિરો
૧૯૮૯ : સાંચીનો સ્તૂપ
૧૯૯૩ : હુમાયુની કબર
૧૯૯૩ : કુતુબમિનાર અને પરિસરમાંના વાસ્તુ
૧૯૯૯ : (૧) દાર્જિલિંગ હિમાલયન રેલ્વે
(૨) નીલગિરી માઉન્ટન રેલ્વે
(૩) ધ કાલ્કા શિમલા રેલ્વે
૨૦૦૨ : બોધગયાનું મહાબોધિ મંદિર અને પરિસર
૨૦૦૩ : ભીમબેટકાનો શૈલાશ્રય
૨૦૦૪ : ચંપાનેર-પાવાગઢ પુરાતત્વીય સ્થળો
૨૦૦૪ : છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ મુંબઇ
૨૦૦૭ : લાલ કિલ્લો, દિલ્લી
૨૦૧૦ : જંતર મંતર, જયપૂર
૨૦૧૩ : રાજસ્થાનના પર્વતીય કિલ્લા
૨૦૧૪ : ગુજરાતમાં પાટણની 'રાણીની વાવ'
૨૦૧૬ : નાલંદા મહાવિહાર પુરાતત્વીય સ્થળ
૨૦૧૬ : ચંદિગઢનું કેપિટલ કૉમ્પ્લેક્સ
૨૦૧૭ : અમદાવાદ : ઐતિહાસિક શહેર

**ભારતના જાગતિક વારસા સ્થળો-નૈસર્ગિક :**

૧૯૮૫ : કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન
૧૯૮૫ : કેવલદેવ રાષ્ટ્રીય ઉદ્યાન
૧૯૮૫ : માનસ વન્યજીવ અભયારણ્ય
૧૯૮૭ : સુંદરવન રાષ્ટ્રીય ઉદ્યાન
૧૯૮૮ : નંદાદેવી અને વ્હેલી ઑફ ફ્લાવર્સ
૨૦૦૫ : રાષ્ટ્રીય ઉદ્યાનો
૨૦૧૨ : પશ્ચિમ ઘાટ
૨૦૧૪ : ગ્રેટ હિમાલયન પાર્ક

**ભારતના મિશ્ર સ્વરૂપના જાગતિક વારસાસ્થળો :**

૨૦૧૬ : કાંચનગંગા રાષ્ટ્રીય ઉદ્યાન

યુનેસ્કોની જાગતિક નૈસર્ગિક વારસાની યાદીમાં ઈ.સ. ૨૦૧૨માં પશ્ચિમ ઘાટનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાતારા જિલ્લાનો કાસ



કૈલાસ મંદિર, વેરૂળ

ઉચ્ચપ્રદેશ પશ્ચિમ ઘાટ હારમાળામાં જ છે. સાંસ્કૃતિક અને નૈસર્ગિક વારસાનું વ્યવસ્થાપન એ ઉપયુક્ત ઈતિહાસનું પ્રમુખ અંગ છે. આ વારસાનું જતન અને સંવર્ધન કરવાનું અધિકાંશ કામ ભારત સરકારનું પુરાતત્વ ખાતુ અને ભારતના પ્રત્યેક રાજ્યનું પુરાતત્વ ખાતુ કરે છે. સ્વયંસેવી સંસ્થા ઇનટેક (ઈંડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ) ૧૯૮૪થી આ ક્ષેત્રમાં કાર્યરત છે. સાંસ્કૃતિક અને નૈસર્ગિક વારસાના સ્થળોના જતન અને સંવર્ધનના પ્રકલ્પમાં અનેક વિષયોના વિશેષજ્ઞોનો સહભાગ આવશ્યક હોય છે. આ સર્વ સંબંધિત સ્થળોના સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય ઈતિહાસ વિશે જાગૃતિ નિર્માણ કરવાનું કામ ઉપયુક્ત ઈતિહાસ દ્વારા કરી શકાય છે. તેના કારણે

(૧) પ્રકલ્પ અંતર્ગત વારસા સ્થળોનું મૂળ સ્વરૂપ ન બદલાય તે રીતે જતન અને સંવર્ધન કરવું શક્ય બને છે.

(૨) સ્થાનિક સમાજની રચના અને માનસિકતા, વર્તમાનમાં તેની સામેના આવ્હાનો, સ્થાનિક લોકોની અપેક્ષાની સમીક્ષા કરી શકાય છે.

(૩) સાંસ્કૃતિક વારસા સ્થળોનું જતન અને સંવર્ધન કરતા સમયે સ્થાનિક લોકોની ભાવના ન દુભાય તે માટેની ઉપાય યોજનાનું નિયોજન કરી શકાય છે.

(૪) સ્થાનિક લોકોનો તે પ્રકલ્પમાં સમાવેશ કરી શકાય છે.

(૫) સ્થાનિક લોકોના પરંપરાગત કૌશલ્યોને પ્રોત્સાહન આપી શકાય એવા ઉદ્યોગ–વ્યવસાયોને વેગ મળે તે માટે પદ્ધતિસરનું નિયોજન કરવું શક્ય બને છે.

## ૩.૫ સંબંધિત વ્યવસાયિક ક્ષેત્રો

નીચે ઉલ્લેખ કરેલ ક્ષેત્રો સાથે સંબંધિત કાયદેસર નિયમો અને સાર્વજનિક ધોરણો નક્કી કરવા માટે ઈતિહાસનું જ્ઞાન પૂરક બને છે.

૧. સંગ્રહાલયો અને અભિલેખાગાર
૨. ઐતિહાસિક સ્થળોનું જતન અને સંવર્ધન
૩. પર્યટન અને આતિથ્ય
૪. મનોરંજન અને સંપર્ક માધ્યમો

### શું તમે જાણો છો?



પુરાવસ્તુનું વર્ણન કરતી માટીની ગોળીઓ

જગતનું સૌથી પ્રાચીન મનાતું (ઈ.સ. પૂર્વે છઠ્ઠું શતક) સંગ્રહાલય મેસોપોટેમિયાના પ્રાચીન શહેર 'ઉર'ના ખોદકામ દરમ્યાન મળી આવ્યું છે. આ ખોદકામ બ્રિટિશ પુરાતત્વજ્ઞ સર લિઓનાર્ડ વુલીએ ૧૯૨૨થી ૧૯૩૪ના સમય દરમ્યાન કર્યું હતું. આ સંગ્રહાલય મેસોપોટેમિયાની રાજકુંવરી એનિગોલ્ડીએ બંધાવ્યું હતું. તે પોતે, તે સંગ્રહાલયના સંગ્રહપાલ તરીકે કામ સંભાળતી હતી.

આ સંગ્રહાલયમાં મળી આવેલી પ્રાચીન વસ્તુઓની સાથે તે વસ્તુઓનું સવિસ્તર વર્ણન કરતી માટીની ગોળીઓ હતી.

### શું તમે જાણો છો?



ઇંડિયન મ્યુઝિયમ - કોલકતા

એશિયાટિક સોસાયટીએ ઇસવીસન ૧૮૧૪માં કોલકાતામાં 'ઇંડિયન મ્યુઝિયમ'ની સ્થાપના કરી. ડેનિશ વનસ્પતિશાસ્ત્રી નૅથાનિએલ વૉલિક તેના સંસ્થાપક અને પહેલા સંગ્રહપાલ હતા. અહીં આપેલ સંગ્રહાલયની છબી (ફોટો) ૧૯૦૫ની સાલની છે. સંગ્રહાલયના કળા, પુરાતત્વ અને માનવશાસ્ત્ર એવા ત્રણ મુખ્ય વિભાગ અને તેને સંબંધિત જતન, પ્રકાશન, છબીચિત્રણ (ફોટોગ્રાફી) પ્રદર્શન–પ્રસ્તુતીકરણ, પ્રતિકૃતિ નિર્મિતિ, પ્રશિક્ષણ, ગ્રંથાલય, સુરક્ષા જેવા વિભાગો છે.

આ દરેક ક્ષેત્રના વ્યવસ્થાપન માટે વિશેષ કૌશલ્ય ધરાવનાર મનુષ્યબળની આવશ્યકતા હોય છે. ઉદાહરણ તરીકે સ્થાપત્યવિશારદ, ઈજનેર, ઈતિહાસકાર, પુરાતત્વજ્ઞ, સંગ્રહપાલ, સમાજશાસ્ત્રી, અભિલેખાગાર વ્યવસ્થાપક, કાયદાનિષ્ણાત, છબીચિત્રણ નિષ્ણાત વગેરે. આ યાદી અહીં જ અટકતી નથી. પ્રાચીન સ્થળો, વાસ્તુ અને વસ્તુની ઐતિહાસિક પાર્શ્વભૂમિનું દરેક વિશેષજ્ઞોને પૂરતું જ્ઞાન હોવું આવશ્યક છે. ઉપયુક્ત ઈતિહાસના ક્ષેત્રે પ્રકલ્પોને કારણે ઉપર ઉલ્લેખ કરાયેલ ક્ષેત્રોમાં વ્યવસાયની અનેક તકો

### જાણી લો

અભિલેખાગારમાં મહત્વના જૂના દસ્તાવેજો, દફ્તર, જૂના ચલચિત્રો વગેરે સાચવીને રાખવામાં આવે છે.

ભારતનું રાષ્ટ્રીય અભિલેખાગાર નવી દિલ્લીમાં આવેલું છે. ભારતના પ્રત્યેક રાજ્યનું સ્વતંત્ર અભિલેખાગાર છે.

### વૈશિષ્ટ્યપૂર્ણ અભિલેખાગાર

'નૅશનલ ફિલ્મ અર્કાઈવ્હ' (રાષ્ટ્રીય ફિલ્મ સંગ્રહાલય)ની મુખ્ય કચેરી પુણેમાં આવેલી છે. ભારત સરકારના માહિતી અને પ્રસારણ ખાતાના માધ્યમ વિભાગ તરીકે ઇસવીસન ૧૯૬૪માં તેની સ્થાપના કરવામાં આવી. તેના ત્રણ પ્રમુખ ઉદ્દેશો હતા.

- ભવિષ્યની પેઢી માટે દુર્લભ ભારતીય ચલચિત્રો શોધવા, મેળવવા અને ચલચિત્રોના તે વારસાનું જતન કરવું.
- ચલચિત્રો સાથે સંબંધિત મહત્વની બાબતોનું વર્ગીકરણ કરવું, તેમની કાયમી સ્વરૂપની નોંધ તૈયાર કરવી અને સંશોધન કરવું.
- ચલચિત્ર સંસ્કૃતિના પ્રસારનું કેન્દ્ર પ્રસ્થાપિત કરવું.

ઉપલબ્ધ થઇ શકે છે.

આ પાઠમાં આપણે જોયું કે લોકોને કેવી રીતે ઈતિહાસથી વાકેફ કરી શકાય, પોતાના સાંસ્કૃતિક અને નૈસર્ગિક વારસાનું જતન અને સંવર્ધન કરવા માટે સમાજમાં કઇ રીતે જાગૃતિ નિર્માણ કરી શકાય, તે માટે ઈતિહાસના જ્ઞાનનો ઉપયોગ કઇ રીતે કરી શકાય, તે સંબંધિત વ્યવસાયિક કૌશલ્યો અને ઉદ્યોગ વ્યવસાયોના ક્ષેત્રમાં કઇ રીતે વૃદ્ધિ કરી શકાય, વગેરે બાબતોનો વિચાર અને નિયોજન કરવાનું કામ ઉપયુક્ત ઈતિહાસમાં કરવામાં આવે છે.

ઐતિહાસિક અને સાર્વજનિક સ્થળોનું વિકૃતિકરણ ન થાય, ભવિષ્યની પેઢીના હિત માટે તેનું યોગ્ય રીતે જતન–સંવર્ધન કરવું આવશ્યક છે.

## સ્વાધ્યાય

**૧. (અ) આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરીને વિધાન પૂર્ણ કરો.**

(૧) દુનિયાનું સૌથી પ્રાચીન સંગ્રહાલય .......... શહેરના ખોદકામ દરમ્યાન મળ્યું.
(અ) દિલ્લી (બ) હડપ્પા
(ક) ઉર (ડ) કોલકતા

(૨) ભારતનું રાષ્ટ્રીય અભિલેખાગાર.......... માં છે.
(અ) નવી દિલ્લી (બ) કોલકતા
(ક) મુંબઈ (ડ) ચેન્નઈ

**(બ) નીચેનામાંથી ખોટી જોડી ઓળખો.**

(૧) કુટિયટ્ટમ – કેરળની સંસ્કૃત નાટ્યપરંપરા
(૨) રમ્મન – પશ્ચિમ બંગાળનું નૃત્ય
(૩) રામલીલા – ઉત્તર ભારતનું પ્રસ્તુતીકરણ
(૪) કાલબેલિયા – રાજસ્થાનનું લોકસંગીત અને લોકનૃત્ય

**૨. નોંધ લખો.**

(૧) ઉપયુક્ત ઇતિહાસ
(૨) અભિલેખાગાર

**૩. નીચેનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.**

સાંસ્કૃતિક વારસો
મૂર્ત
અમૂર્ત

**૪. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) તંત્રજ્ઞાનના ઇતિહાસનો અભ્યાસ કરવો પડે છે.
(૨) જાગતિક વારસાના પદ માટે પાત્ર હોય તેવા સ્થળો, પરંપરાની યાદી યુનેસ્કો દ્વારા જાહેર કરવામાં આવે છે.

**૫. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તરો લખો.**

(૧) નીચેના વિષયોના સંશોધનમાં ઇતિહાસની સંશોધન પદ્ધતિ કેવી રીતે ઉપયોગી થશે તે સ્પષ્ટ કરો.
(અ) વિજ્ઞાન (બ) કળા
(ક) વ્યવસ્થાપનશાસ્ત્ર
(૨) ઉપયુક્ત ઇતિહાસનો વર્તમાનકાળ સાથે કેવો સહસંબંધ હોય છે?
(૩) ઇતિહાસના સાધનોના જતન માટે ઓછામાં ઓછા ૧૦ ઉપાયો સૂચવો.
(૪) નૈસર્ગિક અને સાંસ્કૃતિક વારસાનું જતન કરવાના પ્રકલ્પોથી કઈ બાબતો સાધ્ય થાય છે?

**ઉપક્રમ**

ભારતના નકશામાં વારસાસ્થળો દર્શાવો.

42DCIC

# ૪. ભારતીય કળાનો ઇતિહાસ


૪.૧ કળા એટલે શું?
૪.૨ ભારતની દશ્યકળા પરંપરા
૪.૩ ભારતની લલિત/આંગિક કળા પરંપરા
૪.૪ કળા, ઉપયુક્ત કળા અને વ્યવસાયની તકો


## ૪.૧ કળા એટલે શું?

પોતાને થયેલ અનુભવ અને તેમાંથી પ્રાપ્ત થયેલ જ્ઞાન તેમજ મનના ભાવો-ભાવનાઓ બીજા સુધી પહોંચાડવા, એ દરેક વ્યક્તિની સહજ પ્રવૃત્તિ હોય છે. આ સહજ પ્રવૃત્તિની પ્રેરણાથી જ્યારે કોઇ સૌંદર્યપૂર્ણ નિર્માણ કરવામાં આવે છે, ત્યારે તેને કળા કહેવામાં આવે છે. કળાનિર્મિતિના મૂળમાં રહેલા કલાકારની કલ્પના, સંવેદનશીલતા, ભાવનાશીલતા અને કૌશલ્યો જેવા ઘટકો અત્યંત મહત્વના હોય છે.

**દશ્યકળા અને લલિતકળા :** કળાના 'દશ્યકળા' અને 'લલિતકળા' એવા બે ભાગ પાડવામાં આવે છે. લલિતકળાને આંગિક કળા પણ કહેવામાં આવે છે. દશ્યકળાનો ઉદય પ્રાગૈતિહાસિક કાળમાં જ થયો હતો, તે દર્શાવતા અનેક કળાના નમૂનાઓ દુનિયામાં અશ્મયુગીન ગુફાઓમાંથી પ્રાપ્ત થયા છે.

**લોકકલા અને અભિજાત કલા :** કલાની 'લોકકલા' અને 'અભિજાત કલા' એવી બે પરંપરા માનવામાં આવે છે. 'લોકકલા' એ અશ્મયુગીન કાળથી અવિરત ચાલતી આવતી પરંપરા છે. તેનો આવિષ્કાર એ લોકોના દૈનિક જીવનનો જ ભાગ હોય છે. તેને કારણે આ પરંપરાની અભિવ્યક્તિ વધારે સ્વયંસ્ફૂરિત હોય છે. સમૂહમાંના લોકોના પ્રત્યક્ષ સહભાગથી લોકકલાનું નિર્માણ થાય છે. 'અભિજાત કલા' એ પ્રમાણિત નિયમોના ચોકઠામાં બંધાયેલી હોય છે. તેને આત્મસાત કરવા માટે દીર્ઘકાલિન પ્રશિક્ષણની આવશ્યકતા હોય છે.

**કલાશૈલી :** કલાનિર્મિતિની દરેક કલાકારોની સ્વતંત્ર પધ્ધતિ એટલે કે શૈલી હોય છે. કોઇ પદ્ધતિ જ્યારે પરંપરાનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે પધ્ધતિ વિશિષ્ટ કલાશૈલી તરીકે ઓળખવામાં આવે છે. દરેક સંસ્કૃતિમાં જુદા જુદા કાળખંડ અને પ્રદેશ સાથે સંબંધિત વિશિષ્ટ કલાશૈલી વિકસિત થાય છે. તે શૈલીના આધારે તે સંસ્કૃતિની કલાના ઈતિહાસનો અભ્યાસ કરી શકાય છે.



**મરાઠા ચિત્રશૈલી :** કલાશૈલીના ઉદાહરણ તરીકે મરાઠા ચિત્રશૈલીનો વિચાર કરી શકાય. સત્તરમાં શતકના ઉત્તરાર્ધમાં મરાઠા ચિત્રશૈલી વિકસિત થવાની શરૂઆત થઇ. આ ચિત્રશૈલીના ચિત્રો રંગીન તેમજ ભીંતચિત્ર અને હસ્તલિખિત પ્રતોમાં લઘુચિત્રોના સ્વરૂપમાં છે. વાઇ, મેણવલી, સાતારા જેવા સ્થળોએ જૂના વાડામાં મરાઠા ચિત્રશૈલીના કેટલાક ભીંતચિત્રો જોવા મળે છે. મરાઠા ચિત્રશૈલીમાં રાજપૂત ચિત્રશૈલી અને યુરોપિયન ચિત્રશૈલીનો પ્રભાવ જોવા મળે છે.

એકાદી ચિત્રશૈલી જે કાળમાં વિકસિત થઇ હોય, તે કાળની રહેણીકરણી, પોશાક, રીતરિવાજ જેવી બાબતોનો અભ્યાસ તે શૈલીના ચિત્રોના આધારે કરી શકાય.

## ૪.૨ ભારતની દશ્યકલા પરંપરા



ભીંતચિત્ર : બોધિસત્વ પદ્મપાણિ

દશ્યકળામાં ચિત્રકલા અને શિલ્પકળાનો સમાવેશ થાય છે.

**ચિત્રકલા :** ચિત્રકલા દ્વિપરિમાણિય હોય છે. દા.ત. નિસર્ગચિત્રો, વસ્તુચિત્ર, વ્યક્તિચિત્ર, વાસ્તુનું આરેખન વગેરે ચિત્રો રેખાંકિત કરવામાં આવે છે. તે માટે શિલાખંડ, ભીંત, કાગળ, સુતરાઉ અથવા રેશમી કપડાના ફલકો, માટીના વાસણો જેવા માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. અજંટા ગુફામાંનું બોધિસત્વ પદ્મપાણિનું ભીંતચિત્ર.

**લોકચિત્રકલા શૈલી :** અશ્મયુગીન કાળના ગુફાચિત્રો અનેક દેશોમાં મળી આવે છે.

ભારતમાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઉત્તરાખંડ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગણા રાજ્યોમાં ગુફાચિત્રો ધરાવતા સ્થળો છે. મધ્યપ્રદેશમાં ભીમબેટકામાં આવેલ ગુફાચિત્રો પ્રસિદ્ધ છે. ભીમબેટકાનો સમાવેશ જાગતિક સાંસ્કૃતિક વારસાસ્થળોમાં કરવામાં આવ્યો છે.

ગુફાચિત્રોમાં મનુષ્યાકૃતિ, પ્રાણી અને કેટલીક ભૌમિતિક આકૃતિઓનો સમાવેશ હોય છે. પુરાશ્મયુગથી ખેતીની શરૂઆત થઇ ત્યાં સુધીના કાળ દરમ્યાન ચિત્રોની શૈલી, તેમના વિષયમાં ફેરફાર થતો જોવા મળે છે. ચિત્રોમાં નવા પ્રાણી અને વનસ્પતિનો સમાવેશ જોવા મળે છે, તેમજ મનુષ્યાકૃતિના રેખાંકનોની પદ્ધતિમાં અને વપરાયેલા રંગોમાં પણ ફરક હતો. આ ચિત્રોમાં નૈસર્ગિક દ્રવ્યોથી તૈયાર કરેલા કાળો, લાલ, સફેદ જેવા રંગો વપરાયા છે તે કાળના લોકોમાં તેમના પરિસર વિશેનું જ્ઞાન અને નૈસર્ગિક સ્ત્રોતોનો ઉપયોગ કરવાના તંત્રજ્ઞાનનો કઇ રીતે વિકાસ થતો ગયો, તેની કલ્પના આ ચિત્રો દ્વારા કરી શકાય છે.

લોકચિત્રકળાની પરંપરા ગુફાચિત્રોની પરંપરા સાથેનો સંબંધ વ્યક્ત કરે છે. ઘરમાં લગ્નપ્રસંગે, તહેવારોમાં ભીંત પર ચિત્રો દોરવા, આંગણામાં

### શું તમે જાણો છો?



મહારાષ્ટ્રની વારલી ચિત્ર પરંપરા અને પિંગુળ અથવા ચિત્રકથી પરંપરા એ લોકકલા શૈલીના શ્રેષ્ઠ ઉદાહરણો છે. વારલી ચિત્રકલાને લોકપ્રિય બનાવવામાં થાણે જિલ્લાના જિવ્યા સોમ્યા મશેનું ખૂબ મોટું યોગદાન છે. તેમને તેમના વારલી ચિત્રો માટે ભારત અને વૈશ્વિક સ્તરે અનેક પુરસ્કારો મળ્યા છે. ઇસવીસન ૨૦૧૧માં તેમને પદ્મશ્રીનું બહુમાન મળ્યું છે.

### જાણી લો



બારમાં શતકમાં ચાલુક્ય રાજા સોમેશ્વરે લખેલા 'માનસોલ્લાસ' અથવા 'અભિલષિતાર્થચિંતામણી' ગ્રંથમાં ચિત્રકથી પરંપરાનું વર્ણન જોવા મળે છે. તેના પરથી આ પરંપરાની પ્રાચીનતાની કલ્પના કરી શકાય છે. કઠપૂતળી અથવા ચિત્રોની મદદથી રામાયણ, મહાભારતની કથા કહેવાની પરંપરા એટલે

ચિત્રકથી પરંપરા છે. આ પરંપરાના ચિત્રો કાગળ પર દોરીને નૈસર્ગિક રંગોથી રંગેલા હોય છે. એક કથા માટે સામાન્ય રીતે ૩૦ થી ૫૦ ચિત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. ચિત્રકથી પરંપરા પેઢી દરપેઢી જુદીજુદી કથા કહેવા માટે આવા ચિત્રોની પોથીઓ સાચવવામાં આવે છે. નામશેષ થવાના આરે આવેલી આ પરંપરાને પુનર્જીવિત કરવા સરકાર અને કલાકારો પ્રયત્ન કરી રહ્યા છે.

રંગોળી પૂરવી તેમજ ચિત્રોની મદદથી આખ્યાનો કહેવા દ્વારા પ્રાદેશિક લોકકલા પરંપરાની વિવિધ ચિત્રશૈલી વિકસિત થઇ.

**અભિજાત ચિત્રકલા :** પ્રાચીન ભારતીય સાહિત્યમાં વિવિધ કલાઓનો વ્યાપક વિચાર કરેલો જોવા મળે છે. જેમાં કુલ ૬૪ કલાઓનો ઉલ્લેખ છે. જેમાં ચિત્રકલાનો ઉલ્લેખ ‘આલેખ્યમ્’ અથવા ‘આલેખ્ય વિદ્યા’ તરીકે કરવામાં આવ્યો છે. આલેખ્ય વિદ્યાના ‘ષડાંગ’ એટલે કે છ મહત્વપૂર્ણ પાસાઓ છે જેનો વિચાર પ્રાચીન ભારતીયોએ અત્યંત બારિકાઇથી કર્યો છે. જેમાં રૂપભેદ (વિવિધ આકાર), પ્રમાણ (પ્રમાણબદ્ધ રચના અને માપ), ભાવ (ભાવોનું પ્રદર્શન), લાવણ્યયોજન (સૌંદર્યનો સ્પર્શ), સરૂપતા (વાસ્તવિકતાની નજીકનું ચિત્રણ) અને રંગસંગતિ (રંગોનું આયોજન)નો સમાવેશ છે. વિવિધ ધાર્મિક પંથોના આગમ ગ્રંથ, પુરાણો, વાસ્તુશાસ્ત્ર પરના ગ્રંથમાં મંદિર બાંધણીના સંદર્ભમાં ચિત્રકલા, શિલ્પકલાનો વિચાર કરેલો જોવા મળે છે.

**હસ્તલિખિત પ્રતોમાંના લઘુચિત્રો :** હસ્તલિખિત પ્રતોમાંના લઘુચિત્રો પર શરૂઆતમાં પર્શિયન શૈલીનો પ્રભાવ હતો. દક્ષિણ તરફ મુસ્લિમ રાજવહીવટના આશ્રયમાં દખ્ખની લઘુચિત્રશૈલી વિકસિત થઇ. મોગલ સમ્રાટ અકબરની કારકિર્દીમાં પર્શિયન અને



મોગલ શૈલી

ભારતીય ચિત્રકારોની શૈલીમાંથી મોગલ લઘુચિત્રશૈલીનો ઉદય થયો.

**યુરોપીયન ચિત્રશૈલી :** બ્રિટિશ રાજ દરમ્યાન ભારતીય ચિત્રશૈલીપર પાશ્ચાત્ય ચિત્રશૈલીનો પ્રભાવ જોવા મળે છે. સવાઇ માધવરાવ પેશવાના કાળમાં સ્કોટિશ ચિત્રકાર જેમ્સ વેલ્સના નેતૃત્વ નીચે પુણેમાં આવેલા શનિવારવાડામાં એક કળાશાળાની સ્થાપના કરવામાં આવી. તેમણે સવાઇ માધવરાવ અને નાના ફડણવીસનું ચિત્ર દોર્યુ હતું. વેલ્સની સાથે કામ કરનાર એક મરાઠી ચિત્રકાર ગંગારામ તાંબટનો વિશેષ ઉલ્લેખ જરૂરી છે. તેમણે વેરુળ, કાર્લાની ગુફાઓમાં ચિત્રો દોર્યા હતા. તેમનાં કેટલાક ચિત્રોનું અમેરિકાની યેલ વિદ્યાપીઠના ‘યેલ સેંટર ઑફ બ્રિટિશ આર્ટ’માં જતન કરવામાં આવ્યું છે.



સવાઇ માધવરાવ અને નાના ફડણવીસ



ગંગારામ તાંબટનું તેમના ગુરૂ સાથે રેખાંકિત સ્વ-ચિત્ર

ચિત્રવસ્તુનું આબેહૂબ ચિત્રણ પાશ્ચાત્ય ચિત્રશૈલીની વિશેષ વિશિષ્ટતા માનવામાં આવે છે. મુંબઈમાં ઇસવીસન ૧૮૫૭માં સ્થપાયેલ અને પાશ્ચાત્ય કલાશૈલીનું શિક્ષણ આપનાર કલાશાળા જે.જે. સ્કૂલ ઓફ આર્ટ એન્ડ ઇન્ડસ્ટ્રીમાંથી અનેક ગુણવાન ચિત્રકાર પ્રસિદ્ધિ પામ્યા છે. જેમાંના પેસ્તનજી બોમનજીએ અજંટા ગુફાના ચિત્રોની પ્રતિકૃતિ તૈયાર કરી છે.



અશોકસ્તંભ

**શિલ્પકલા :** શિલ્પકલા ત્રિપરિમાણીય હોય છે. દા.ત. મૂર્તિ, પૂતળા, કલાપૂર્ણ વાસણો અને વસ્તુ. શિલ્પો કોતરવામાં અથવા ઘડવામાં આવે છે. જેના માટે પથ્થર, ધાતુ અને માટીનો ઉપયોગ કરવામાં આવે છે. વેરુળની કૈલાસ ગુફા અખંડ શિલામાંથી કોતરેલું અદ્વિતિય શિલ્પ છે. સારનાથમાં આવેલા અશોક સ્તંભ પરના ચાર સિંહના શિલ્પ પર આધારિત ચિત્ર ભારતનું રાષ્ટ્રીય માનચિહ્ન છે.

**લોકશિલ્પકલા શૈલી :** ચિત્રકલાની જેમ જ શિલ્પકલા પણ અશ્મયુગીન કાળ જેટલી જ પ્રાચીન છે. પથ્થરના હથિયારો બનાવવાની શરૂઆત એક રીતે શિલ્પકલાની શરૂઆત હતી એમ કહી શકાય. ભારતમાં ધાર્મિક પ્રસંગે માટીની મૂર્તિ તૈયાર કરી તેની પૂજા કરવાની અથવા તે અર્પણ કરવાની પ્રથા હડપ્પા સંસ્કૃતિના કાળથી જ હતી. તે આજે પણ બંગાળ, બિહાર, ગુજરાત, રાજસ્થાન જેવા અનેક રાજ્યોમાં અસ્તિત્વમાં છે. મહારાષ્ટ્રમાં તૈયાર કરાતી ગણેશ મૂર્તિ, ગૌરીના મુખવટા, બૈલપોળા માટે તૈયાર કરાતા માટીના બળદો, પૂર્વજોના સ્મરણાર્થે બનાવવામાં આવતી ખાંભીઓ, આદિવાસી ઘરોમાં જાળવણી માટેની માટીની કોઠીઓ વગેરે ઉદાહરણો આ શિલ્પકલાની લોક પરંપરાની સાક્ષી પૂરે છે.

**અભિજાત શિલ્પકલા શૈલી :** હડપ્પા સંસ્કૃતિની મુદ્રા, પથ્થર અને કાંસ્યના (કાંસાના) પૂતળા પાંચ હજાર વર્ષ અથવા તેના કરતાં પણ વધુ પ્રાચીન ભારતીય શિલ્પકલાની સાક્ષી આપે છે. મૌર્ય સમ્રાટ અશોકના કાળના પથ્થરના સ્તંભથી સાચા અર્થમાં ભારતમાં પથ્થર કોતરીને શિલ્પ નિર્માણ કરવાની શરૂઆત થઇ, એવું માનવામાં આવે છે.



ભારહૂત સ્તૂપ : શિલ્પ

મધ્ય પ્રદેશના સાંચીમાં આવેલ સ્તૂપ સૌ પ્રથમ સમ્રાટ અશોકના સમયમાં બનાવવામાં આવ્યો. તેના પરના શિલ્પોની સજાવટ પાછળથી કરવામાં આવી હોવાનું મનાય છે. ભારતમાં શિલ્પકળાનો વિકાસ પછીના સમયમાં થતો રહ્યો તેનો પૂરાવો આપણને ભારહૂતના સ્તૂપો પરના શિલ્પો દ્વારા મળે છે. બૌદ્ધ ધર્મનો પ્રસાર ભારતની બહાર દૂર દૂર સુધી થયો. તેથી તે દેશોમાં સ્તૂપ બાંધવાની પરંપરા શરૂ થઇ. ઇંડોનેશિયામાં બોરોબુદુરમાં આવેલો સ્તૂપ વિશ્વનો સૌથી મોટો સ્તૂપ છે. જે આઠમા-નવમાં શતકમાં બાંધવામાં આવ્યો છે. ઇસવીસન ૧૯૯૧માં યુનેસ્કોએ બોરોબુદુરને જાગતિક વારસાસ્થળ જાહેર કર્યું છે.



બોરોબુદુર સ્તુપ

**ભારતીય મૂર્તિવિજ્ઞાન :** ઇસવીસન પૂર્વે બીજા શતકમાં અફઘાનિસ્તાન અને તેની આસપાસના પ્રદેશોમાં ગ્રીક અને પર્શિયન પ્રભાવ ધરાવતી ગાંધાર શિલ્પકલા શૈલીનો ઉદય થયો. પહેલાથી ત્રીજા શતક દરમ્યાન એટલે કે કુશાણ કાળમાં મથુરા શિલ્પ શૈલીનો ઉદય થયો આ શૈલીએ ભારતીય મૂર્તિવિજ્ઞાનનો પાયો નાંખ્યો.



નટરાજ

દેવપ્રતિમાઓનો ઉપયોગ કરવાની કલ્પના સૌપ્રથમ કુશાણ સિક્કાઓમાં જોવા મળી. ગુપ્ત સામ્રાજ્યના સમયમાં ભારતીય મૂર્તિ–વિજ્ઞાનના નિયમો તૈયાર થઇ શિલ્પ–કલાના માપદંડ તૈયાર થયા. નવમાથી તેરમા શતક દરમ્યાન ચોળ રાજાઓનું આધિપત્ય ધરાવતા દક્ષિણ ભારતમાં કાંસ્યમૂર્તિ ઘડવાની કલા વિકસિત થઇ. જેમાં શિવ–પાર્વતી, નટરાજ, લક્ષ્મી, વિષ્ણુ જેવા દેવી–દેવતાની મૂર્તિ બનાવવામાં આવતી.

**સ્થાપત્ય અને શિલ્પકલા :** ભારતમાં અનેક કોતરેલી ગુફાઓ છે. કોતરેલી ગુફાઓની પરંપરા ભારતમાં ઇસવીસન પૂર્વે ત્રીજા શતકમાં શરૂ થઇ. તાંત્રિક દૃષ્ટિએ સંપૂર્ણ ગુફા સ્થાપત્ય અને કોતરેલા શિલ્પનું એકત્રિત ઉદાહરણ છે. પ્રવેશ દ્વાર, અંદરના થાંભલા અને મૂર્તિ શિલ્પકલાના ઉત્તમ નમૂના હોય છે. ભીંત અને છત પર કરવામાં આવેલું ઉત્તમ ચિત્રકામ આજે પણ કેટલીક ગુફાઓમાં કેટલાક પ્રમાણમાં ટકી રહ્યું છે. મહારાષ્ટ્રના અજંટા અને વેરુળમાં આવેલી ગુફાઓને ઇસવીસન ૧૯૮૩માં જાગતિક વારસાનો દરજ્જો આપવામાં આવ્યો છે.

ભારતમાં મંદિર સ્થાપત્યની શરૂઆત ચોથા શતકમાં ગુપ્ત સામ્રાજ્યના સમયમાં થઇ. ગુપ્તકાળની શરૂઆતમાં મંદિરનું સ્વરૂપ ગભારો અને તેની બહાર ચાર સ્તંભ ધરાવતી ઓસરી જેટલું જ હતું.



નાગર શૈલીનું શિખર

આઠમા શતક સુધીમાં ભારતમાં મંદિર સ્થાપત્ય કલા પૂર્ણપણે વિકસિત થઇ, જે વેરુળના કૈલાસ મંદિરની ભવ્ય રચના પરથી સહજ ધ્યાનમાં આવે છે. મધ્યયુગ સુધીમાં ભારતીય મંદિર સ્થાપત્યની અનેક શૈલી વિકસિત થઇ. શિખરોની રચનાની વિશિષ્ટતા અનુસાર આ શૈલી નક્કી થાય છે. જેમાં ઉત્તર ભારતની 'નાગર' અને દક્ષિણ ભારતની 'દ્રાવિડ' આ બે શૈલી પ્રમુખ મનાય છે. આ બંનેમાંથી વિકસિત થયેલી મિશ્ર શૈલીને 'વેસર' કહેવાય છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં જોવા મળતી 'ભૂમિજ' મંદિર શૈલી અને 'નાગર મંદિર શૈલી'માં રચનાની દૃષ્ટિએ સામ્ય જોવા મળે છે. ભૂમિજ શૈલીમાં ક્રમશઃ નાના થતાં જતાં શિખરની પ્રતિકૃતિ ઉપર સુધી રચવામાં આવે છે.



અજંટા ગુફા ક્રમાંક ૧૯ પ્રવેશદ્વાર



દ્રાવિડ શૈલીનું ગોપૂર

**જાણી લો.**


મહારાષ્ટ્રમાં બારમા–તેરમા શતકમાં બંધાયેલા મંદિરોને હેમાડપંતી મંદિરો કહેવાય છે. હેમાડપંતી મંદિરોની બાહ્ય દિવાલ મોટેભાગે તારાકૃતિ હોય છે. તારાકૃતિ મંદિરોની બાંધણીમાં મંદિરની બાહ્યભીંત અનેક ખૂણાઓમાં વિભાગવામાં આવે છે. જેથી તે ભીંતો અને તેના પરના શિલ્પો પર છાયાપ્રકાશનું સુંદર પરિણામ જોવા મળે છે. ભીંતના પથ્થરો સાંધવા માટે ચૂનાનો ઉપયોગ ન કરવો તે હેમાડપંતી મંદિરોની મહત્વની વિશિષ્ટતા હતી. પથ્થરોના જ એકબીજા પર બંધ બેસે એવા કોતરેલા ચોકઠા (ખાંચો અને કુસૂ)ના આધારે ભીંત બાંધવામાં આવતી. મુંબઇ નજીક અંબરનાથમાંનું અંબ્રેશ્વર, નાસિક નજીક સિન્નરમાંનુ ગોંદેશ્વર, હિંગોલી જિલ્લામાંનું ઔંઢા નાગનાથ એ હેમાડપંતી મંદિરોના ઉત્તમ ઉદાહરણો છે. તેમની બાંધણી તારાકૃતિ છે. તે સિવાય મહારાષ્ટ્રમાં અનેક સ્થળે હેમાડપંતી મંદિરો જોવા મળે છે.



ગોંદેશ્વર મંદિર - સિન્નર

મધ્યયુગીન ભારતમાં મુસ્લિમ સત્તા હેઠળ પર્શિયન, મધ્ય એશિયાઇ, અરબી અને ઇસ્લામપૂર્વ ભારતીય જેવા સ્થાપત્ય શૈલીના અનેક પ્રવાહ એકત્રિત થયા. જેમાંથી ભારતમાં મુસ્લિમ સ્થાપત્ય વિકસિત થયું. અનેક જોવાલાયક વાસ્તુ શિલ્પોનું નિર્માણ થયું. દિલ્લી નજીક મેહરૌલીમાંનું કુતુબમિનાર, આગ્રાનો તાજમહેલ અને વિજાપૂરનો ગોળ ઘુમ્મટ મુસ્લિમ સ્થાપત્યશૈલીના વિશ્વપ્રસિદ્ધ ઉદાહરણો છે. કુતુબુદ્દિન ઐબકના સમયમાં (બારમા શતકમાં) કુતુબમિનાર બાંધવાની શરૂઆત થઇ અને અલ્તમશની કારકિર્દીમાં (તેરમાં શતકમાં) કુતુબમિનારનાં ચાર માળનું બાંધકામ થયું. ફિરોજ તુઘલકનાં સમયગાળામાં કુતુબમિનારનું બાંધકામ પૂર્ણ થયું. કુતુબમિનાર વિશ્વનો સૌથી ઊંચો મિનારો છે. જેની ઊંચાઇ ૭૩ મીટર (૨૪૦ ફૂટ) છે. કુતુબમિનાર જે વાસ્તુસંકુલમાં આવેલો છે, તે કુતુબ વાસ્તુ સંકુલને યુનેસ્કોએ જાગતિક વારસા સ્થળ જાહેર કર્યું છે.

મોગલ સમ્રાટ શાહજહાંએ તેમની બેગમ મુમતાજમહેલની યાદમાં તાજમહેલ બાંધ્યો.



કુતુબમિનાર

તાજમહેલ ભારતનું મુસ્લિમ સ્થાપત્યનું સુંદર અગ્રગણ્ય ઉદાહરણ છે. આ વિશ્વપ્રસિદ્ધ વાસ્તુ–સ્થાપત્યોને યુનેસ્કોએ જાગતિક વારસા સ્થળ જાહેર કર્યા છે.



તાજમહેલ

સત્તરમાં શતકમાં બંધાયેલ અત્યંત ભવ્ય ઇમારત–વિજાપૂરનો ગોળઘુમ્મટમાં મોહમ્મદ આદિલશાહની કબર છે. આ ઇમારતને જે ઘુમ્મટને કારણે ગોળઘુમ્મટ નામ મળ્યું છે તે ઘુમ્મટના અંદરના ઘેરમાં ગોળ ઝરૂખો છે. આ ઝરૂખામાં ઉભા રહીને ગણગણીએ તો પણ તેનો અવાજ બધે સંભળાય છે. જોરથી તાળી વગાડીએ તો તેનો પ્રતિધ્વનિ ઘણી વાર સુધી પડઘાય છે.

ભારતમાં બ્રિટિશ રાજસત્તા પ્રસ્થાપિત થયા પછી એક નવી સ્થાપત્યશૈલીનો ઉદય થયો. તેને



ગોળઘુમ્મટ

ઇંડો–ગોથિક સ્થાપત્યશૈલી કહેવામાં આવે છે. બ્રિટિશ કાળમાં બાંધવામાં આવેલ ચર્ચ, સરકારી કચેરીઓ, મોટા પદાધિકારીઓના નિવાસસ્થાનો, રેલ્વે સ્ટેશન જેવી ઇમારતોમાં આ શૈલી જોવા મળે છે. મુંબઇનું 'છત્રપતિ શિવાજી રેલ્વે ટર્મિનસ' આ શૈલીનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે અને



છત્રપતિ શિવાજી મહારાજ રેલ્વે ટર્મિનસ

યુનેસ્કોની જાગતિક વારસા સ્થળોની યાદીમાં તેનો સમાવેશ થયેલ છે.

## ૪.૩ ભારતની લલિત/આંગિક કલા પરંપરા

**લોકકલાની પરંપરા :** ભારતના પ્રત્યેક પ્રદેશની વૈવિધ્યપૂર્ણ લોકગીત, લોકવાદ્ય, લોકનૃત્ય અને લોકનાટ્યની પરંપરા છે. મહારાષ્ટ્રમાં પણ લોકકલાની અનેક પરંપરા અસ્તિત્વમાં છે. આ લોકકલા ધાર્મિક ઉત્સવ અને સામાજિક જીવનના એક અવિભાજ્ય ભાગ તરીકે વિકસિત થઇ. કોળીનૃત્ય, તારપાનૃત્ય, કોકણનું દશાવતાર, પોવાડા, કીર્તન, જાગર–ગોંધળ તેના મુખ્ય ઉદાહરણ છે.


**અભિજાત કલાની પરંપરા :** ભારતને લોકકલાની જેમ જ અભિજાત કલાનો પણ અત્યંત સમૃદ્ધ વારસો મળેલો છે. ભરતમુનિએ લખેલા ગ્રંથ 'નાટ્યશાસ્ત્ર' ને ગાયન, વાદન, નર્તન, નાટ્ય કલાનો સવિસ્તાર વર્ણન કરનાર સૌથી પ્રાચીન ગ્રંથ માનવામાં આવે છે. ભારતીય લલિતકલાના પ્રસ્તુતીકરણમાં શૃંગાર, હાસ્ય, બીભત્સ, રૌદ્ર, કરૂણ, વીર, ભયાનક, અદ્‌ભુત અને શાંત એમ નવ રસ મૂળભૂત માનવામાં આવે છે.

ભારતીય લોકોનો બીજા દેશોના લોકો સાથે સતત સંપર્ક થતો ગયો અને તેના દ્વારા તે કળાઓના પ્રસ્તુતીકરણમાં અનેક પ્રવાહો મળતાં ગયા. તેને કારણે તે કલાઓ વધુને વધુ સમૃદ્ધ થતી ગઇ. શાસ્ત્રીય ગાયન, વાદન, નૃત્ય જેવી વિવિધ શૈલી અને તે શૈલીનું જતન કરનાર કુટુંબો નિર્માણ થતા ગયા.

ભારતના શાસ્ત્રીય ગાયનની 'હિંદુસ્થાની સંગીત' અને 'કર્ણાટક સંગીત' એવી બે પ્રમુખ શાખાઓ છે. તેમજ શાસ્ત્રીય અને ઉપશાસ્ત્રીય એવા બે ભેદ છે. ઉપશાસ્ત્રીય ગાયનમાં અનેક લોકગીત શૈલીનો સમાવેશ જોવા મળે છે.

ઉત્તર ભારતની કથ્થક, મહારાષ્ટ્રની લાવણી, ઓડિસ્સાની ઓડિસી, તમિલનાડુની ભરતનાટ્યમ્, આંધ્રની

### શું તમે જાણો છો?



વિજાપૂરના સુલતાન ઇબ્રાહિમ આદિલશાહ બીજાએ દાખિણી ઉર્દૂ ભાષામાં 'કિતાબ–એ–નવરસ' ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથ સંગીતશાસ્ત્ર પર સંબંધિત ગેય ગીતો ધરાવતો, ધ્રૃપદ ગાયિકીને ધ્યાનમાં રાખીને ગીતોને સાકાર કરનારો, ઉત્તમ દરજ્જાના કાવ્યગ્રંથની અનુભૂતિ કરાવનાર ગ્રંથ છે.

આ ગ્રંથનો મરાઠી અનુવાદ ડૉ. સચ્ચદ યાહ્યા નશીતે કર્યો છે અને તેનું મરાઠી સંસ્કરણ ડૉ. અરૂણ પ્રભુએ કર્યુ છે. આ ગ્રંથના મુખપૃષ્ઠ પરના દોહરાનો અનુવાદ નીચે પ્રમાણે છે.

"હે માતા સરસ્વતી, તું જગજ્યોતિ અને સર્વગુણી છે. તારી કૃપા ઇબ્રાહિમ પર થશે તો (તારા આશીર્વાદથી) નવ રસોના ગીતો યુગો યુગો સુધી જીવંત રહેશે."

કુચિપુડી, કેરળની કથકલી અને મોહિનીઅટ્ટમ જેવી નૃત્યશૈલીના પ્રસ્તુતીકરણમાં શાસ્ત્રીય ગાયન, વાદન અને નૃત્યનો સુંદર મેળ જોવા મળે છે.

સ્વતંત્ર ભારતમાં શાસ્ત્રીય સંગીત અને નૃત્ય સામાન્ય રસિકો સુધી પહોંચે તે માટે વિવિધ સ્થળે સંગીત–નૃત્ય મહોત્સવો ઉજવવામાં આવે છે. જેનો આસ્વાદ લેવા માટે માત્ર ભારતના જ નહીં પરંતુ વિદેશમાંથી પણ અનેક રસિકો આવે છે. પુણેમાં દર વર્ષે યોજાતો 'સવાઇ ગંધર્વ' સંગીત મહોત્સવ પ્રસિદ્ધ છે.



લાવણી નૃત્ય : મહારાષ્ટ્ર



કથકલી - કેરળ

વર્તમાનકાળમાં ભારતીય સંગીત ક્ષેત્રે વિશિષ્ટ શૈલી અથવા વિશિષ્ટ કુટુંબોની મર્યાદા ઓળંગીને અભિનવ પ્રયોગ કરવાનું વલણ જોવા મળે છે. જેમાં પાશ્ચાત્ય સંગીત, પાશ્ચાત્ય નૃત્યનો ભારતીય સંગીત સાથે સુમેળ સાધવાનો પ્રયત્ન પણ જોવા મળે છે, આ રીતે નવી શૈલી વિકસિત કરનાર કલાકારોમાં ઉદયશંકરનું નામ જરૂરથી લેવું પડે. તેમણે ભારતીય શાસ્ત્રીય નૃત્ય અને યુરોપિયન રંગભૂમિની નૃત્યનાટ્ય પરંપરાનો સુમેળ સાધ્યો. તેની સાથે સાથે તેમણે તેમની શૈલીમાં લોકનૃત્યની વિવિધ શૈલીઓને પણ સ્થાન આપ્યું છે. ભારતીય લલિત કળાના પ્રસ્તુતીકરણનું ક્ષેત્ર આ રીતે વિસ્તરતું જાય છે. આ વાત ભારતીય દશ્યકળાના ક્ષેત્રમાં પણ સતત થઇ રહી છે.

## ૪.૪ કલા, ઉપયુક્ત કલા અને વ્યવસાયોની તક

**કલા :** કલાનો ઈતિહાસ એક જ્ઞાનશાખા છે. આ ક્ષેત્રમાં સંશોધનની અને વ્યવસાયની તકો મળી શકે છે.

(૧) કલાના ઈતિહાસનો અભ્યાસ કરનાર પત્રકારિત્વના ક્ષેત્રે પણ કામ કરી શકે છે.

(૨) કલા વસ્તુઓની ખરીદ–વેંચાણનું એક સ્વતંત્ર વિશ્વ છે. જ્યાં કલાવસ્તુનું મૂલ્ય ઠરાવતી વખતે તે કલાવસ્તુ ખોટી (નકલી) તો નથીને, તે પારખવાની જરૂર હોય છે. તે માટે કલાના ઈતિહાસનો ઊંડો અભ્યાસ કરનારા વિશેષજ્ઞની આવશ્યકતા હોય છે.

(૩) સાંસ્કૃતિક વારસાનું જતન અને સંવર્ધન તેમજ સાંસ્કૃતિક પર્યટન એ હાલમાં નવેસરથી વિકસિત થતું ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં પણ કલાનો અભ્યાસ કરનાર માટે અનેક વ્યવસાયિક તકો ઉપલબ્ધ છે. જેમાં સંગ્રહાલય, અભિલેખાગાર, ગ્રંથાલય અને માહિતી પ્રસારણનું તત્વજ્ઞાન, પુરાતત્વીય સંશોધન અને ભારતીય વિદ્યા કેટલાક મહત્વના ક્ષેત્રો છે.

**ઉપયુક્ત કલા :** દૃશ્ય અને લલિત કલાના ક્ષેત્રે માત્ર રસિકો કલાનો રસાસ્વાદ કરે તે માટે કળાનું નિર્માણ કરવામાં આવે છે. સર્વ કલાક્ષેત્રોના કલાકારોનો તે પ્રાથમિક હેતુ હોય છે. તે સિવાય કલાત્મક રચના અને ઉપયોગિતાને સાંકળીને અનેક પ્રકારનું નિર્માણ કરવામાં આવે છે. આમ, ઉપયોગિતાના હેતુથી કલાનું નિર્માણ એટલે ઉપયુક્ત કલા.

(૧) ઔદ્યોગિક અને જાહેરાત ક્ષેત્રો, તેમજ ઘરની સજાવટ અને સજાવટની વસ્તુઓ, રંગમંચ પરનું નેપથ્ય, ચલચિત્ર અને દૂરદર્શન પરના કાર્યક્રમો માટે આવશ્યક કલા નિર્દેશન, પ્રકાશન અને મુદ્રણ ક્ષેત્રે પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રોની રચના, સજાવટ અને સુલેખન, ભેટકાર્ડ, આમંત્રણ પત્રિકા, વૈયક્તિક લેખન સામગ્રી, ભેટ વસ્તુ વગેરે અનેક બાબતો માટે ઉપયુક્ત કલાક્ષેત્રના જાણકારોની આવશ્યકતા હોય છે.

(૨) સ્થાપત્ય અને છાયાચિત્રણ જેવા ક્ષેત્રોનો પણ ઉપયુક્ત કલામાં સમાવેશ થાય છે. વર્તમાનકાળમાં સંગણક પર કરેલા સ્થિર અને ચલત્‌ચિત્રો, નકશી અને આરેખનો વાપરવામાં આવે છે. તે પણ ઉપયુક્ત કલાનો જ ભાગ છે. દર દાગીના, મૂલ્યવાન ધાતુઓની કલા વસ્તુઓ, રંગીન નક્શીના માટીના વાસણો, વાંસ અને નેતરની વસ્તુઓ, કાંચની કલાપૂર્ણ વસ્તુઓ, સુંદર કાપડ અને વસ્ત્ર વગેરેનું નિર્માણ એ ઉપયુક્ત કલાની અત્યંત વિસ્તૃત યાદી છે.

ઉપરના દરેક ક્ષેત્રમાં બૌદ્ધિક સ્તરે કોઈ સંકલ્પના માંડીને તેને પ્રત્યક્ષ ઉતારવા સુધીના નિર્માણના અનેક તબક્કા હોય છે. દરેક તબક્કે પ્રશિક્ષિત અને કુશળ વ્યક્તિઓની મોટા પ્રમાણમાં આવશ્યકતા હોય છે. કલાવસ્તુનું ઉત્પાદન કરતી વખતે તેના નિર્માણની પ્રક્રિયા વિશિષ્ટ સાંસ્કૃતિક પરંપરા સાથે જોડાયેલી હોય છે. આ ક્ષેત્રોમાં પ્રક્રિયાના પ્રત્યેક તબક્કાના વિકાસનો ઈતિહાસ હોય છે. પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં કલાવસ્તુના ઉત્પાદન પ્રક્રિયાની ઔદ્યોગિક, સાંસ્કૃતિક પરંપરાના ઈતિહાસનો સમાવેશ કરેલો હોય છે.

ઉપર ઉલ્લેખ કરાયેલ ક્ષેત્રોમાં તાંત્રિક અને વ્યવસાયિક શિક્ષણ આપનાર અનેક સંસ્થા ભારતમાં છે. ગુજરાતની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન, અમદાવાદ આવા પ્રકારનું પ્રશિક્ષણ આપનાર વિશ્વની અગ્રગણ્ય સંસ્થાઓ પૈકી એક ગણાય છે. ઈસવીસન ૨૦૧૫માં આ સંસ્થાએ એક ઑનલાઈન અભ્યાસક્રમ શરૂ કર્યો છે.

આગળના પાઠમાં આપણે પ્રસારમાધ્યમો અને ઈતિહાસ વિશે માહિતી મેળવવાના છીએ.

૧. (અ) આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

(૧) ચિત્રકલા અને શિલ્પકલાનો સમાવેશ .........માં થાય છે.
(અ) દૃશ્યકલા (બ) લલિતકલા
(ક) લોકકલા (ડ) અભિજાત કલા

(૨) મથુરા શિલ્પશૈલી............ ના સમયમાં ઉદયમાં આવી.
(અ) કુશાણ (બ) ગુપ્ત
(ક) રાષ્ટ્રકૂટ (ડ) મૌર્ય

(બ) નીચેનામાંથી ખોટી જોડી ઓળખો.
(૧) કુતુબમિનાર – મેહરૌલી
(૨) ગોળઘુમ્મટ – વિજાપૂર
(૩) છત્રપતિ શિવાજી મહારાજ રેલ્વે ટર્મિનસ – દિલ્લી
(૪) તાજમહેલ – આગ્રા

૨. ટૂંકનોંદ લખો.
(૧) કલા (૨) હેમાડપંતી શૈલી
(૩) મરાઠા ચિત્રશૈલી

૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.
(૧) કલાના ઈતિહાસનો ઊંડો અભ્યાસ કરનારા વિશેષજ્ઞોની આવશ્યકતા હોય છે.
(૨) નામશેષ થવાના આરે આવેલી ચિત્રકથી જેવી પરંપરાને પુનર્જીવીત કરવી જરૂરી છે.

૪. નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.

| મંદિર સ્થાપત્ય શૈલી | નાગર | દ્રાવિડ | હેમાડપંતી |
|---|---|---|---|
| વિશિષ્ટતા | | | |
| ઉદાહરણ | | | |

૫. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.
(૧) લોકચિત્રકલા શૈલી વિશે સવિસ્તાર માહિતી લખો.
(૨) ભારતની મુસ્લિમ સ્થાપત્યશૈલીની વિશિષ્ટતા ઉદાહરણ સહિત સ્પષ્ટ કરો.
(૩) કલાક્ષેત્રે વ્યવસાયની કઇ તકો ઉપલબ્ધ છે તે સ્પષ્ટ કરો.
(૪) પાના નંબર ૨૩ પરના ચિત્રનું નિરીક્ષણ કરીને નીચેના મુદ્દાઓના આધારે વારલી ચિત્રકલા વિશે માહિતી આપો.
(અ) નિસર્ગનું ચિત્રણ (બ) માનવાકૃતિનું રેખાટન (ક) વ્યવસાય (ડ) ઘર

ઉપક્રમ

(૧) યુનેસ્કોએ જાહેર કરેલ જાગતિક વારસાસ્થળોની યાદીમાં સમાવિષ્ટ ભારતીય સ્થળો વિશે વધુ માહિતી મેળવો.
(૨) પોતાના પરિસરમાં મૂર્તિ બનાવનાર કારીગરના કાર્યનું નિરીક્ષણ કરો અને તેમની મુલાકાત લો.

42H8JZ

# ૫. પ્રસારમાધ્યમો અને ઈતિહાસ

૫.૧ પ્રસારમાધ્યમોની ઓળખ
૫.૨ પ્રસારમાધ્યમોનો ઇતિહાસ
૫.૩ પ્રસારમાધ્યમોની આવશ્યકતા
૫.૪ પ્રસારમાધ્યમો દ્વારા મળતી માહિતીનું ચિકિત્સક આકલન
૫.૫ સંબંધિત વ્યવસાયિક ક્ષેત્રો

**વિચાર કરો**

મોગલકાળમાં બિહારમાં દુકાળ પડે તો તેની માહિતી દિલ્લી કેવી રીતે પહોચાડવામાં આવતી હશે? તેના વિશે વિચારવિનિમય કરીને દિલ્લીના સમ્રાટે જે ઉપાયયોજના તૈયાર કરી તે બિહાર પહોંચતા કેટલો સમય લાગ્યો હશે?

## ૫.૧ પ્રસારમાધ્યમોની ઓળખ

'પ્રસારમાધ્યમો' શબ્દમાં 'પ્રસાર' અને 'માધ્યમો' જેવા બે શબ્દો છે. પ્રસારનો અર્થ દૂરસુદૂર પહોંચાડવું. એકાદ માહિતી આપણે એકાદ માધ્યમની સહાયતાથી દૂરદૂર પહોંચાડી શકીએ છીએ. પહેલાના સમયમાં રાજાને કોઇ સમાચાર સંપૂર્ણ રાજ્યમાં પહોંચાડવા હોય તો કેટલાક દિવસો લાગતા. પહેલા ગામોગામ દાંડી પીટતા. એક પાસેથી બીજાને, બીજા પાસેથી ત્રીજાને સમાચાર મળતા.

## ૫.૨ પ્રસારમાધ્યમોનો ઇતિહાસ


ભારતમાં અંગ્રેજોનું આગમન થયા પછી મુદ્રણકલા, વર્તમાનપત્રોની શરૂઆત થઇ. વર્તમાનપત્રોને કારણે છાપેલા સમાચાર બધી જગ્યાએ પહોંચાડવામાં મદદ મળતી થઇ. વર્તમાનપત્ર માહિતી અને જ્ઞાનના પ્રસારનું સાધન બન્યું.

**વર્તમાનપત્રો :** મુખ્યત્વે સમાચાર, અગ્રલેખ, લોકોના મત, જાહેરાતો, મનોરંજક અને અન્ય પૂરક માહિતી ધરાવતું, નિશ્ચિત સમયે નિયમિત પણે છાપીને વિતરીત કરાતું પ્રકાશન એટલે 'વર્તમાનપત્ર'.

વર્તમાનપત્રો સ્થાનિક, દેશાંતર્ગત અને જાગતિક સ્વરૂપના વિવિધ સમાચારો પહોંચાડવાનું કાર્ય કરે છે. ઘટી રહેલી ઘટનાઓની નોંધ ધરાવતું વર્તમાનપત્ર એક ઐતિહાસિક દસ્તાવેજ છે.

**વર્તમાનપત્રોની પૂર્વભૂમિકા (પૃષ્ઠભૂમિ) :** ઈજિપ્તમાં ઇસવીસન પૂર્વેના સમયમાં સરકારી આદેશોના કોતરેલા શિલાલેખો સાર્વજનિક સ્થળોએ મૂકવામાં આવતા. પ્રાચીન રોમન સામ્રાજ્યમાં સરકારી આદેશ કાગળ પર લખતા અને તે કાગળ દરેક પ્રાંતમાં વહેંચવામાં આવતા. જેમાં દેશ અને રાજધાનીની ઘટનાઓ વિશે માહિતી રહેતી. રોમમાં જ્યુલિઅસ સીઝરના અધિપત્ય હેઠળ 'ઍક્ટા ડાયર્ના' (ડેલી ઍક્ટ–રોજની ઘટના) નામનું માહિતીપત્ર સાર્વજનિક સ્થળોએ લગાડવામાં આવતું. લોકો સુધી સરકારી નિવેદનો પહોંચાડવાનો આ એક પ્રભાવી માર્ગ હતો. સાતમા શતકમાં ચીનમાં સરકારી નિવેદનો સાર્વજનિક સ્થળોએ વહેંચવામાં આવતા. ઇંગ્લેન્ડમાં લડાઇ અથવા મહત્વની ઘટના વિશે માહિતી આપતી પત્રિકા વચ્ચે વચ્ચે વહેંચવામાં આવતી. ધર્મશાળામાં ઉતરનારા પ્રવાસી, વટેમાર્ગુ ત્યાંના સ્થાનિક લોકોને દૂરદૂરના સમાચારો કહેતા. રાજાના પ્રતિનિધિઓ જુદા જુદા સ્થળોએ રહેતા. તેઓ તાજા સમાચારો રાજદરબારમાં મોકલતા.

**બેંગોલ ગેઝેટ :** ભારતનું પહેલું અંગ્રેજી વર્તમાનપત્ર ૨૯ જાન્યુઆરી ૧૭૮૦ના રોજ શરૂ થયું. જે 'કલકતા જનરલ એડવ્હર્ટાયઝર' અથવા 'બેંગૉલ ગેઝેટ'ના નામે ઓળખાતુ. આયરિશ વ્યક્તિ જેમ્સ ઑગસ્ટસ હિકીએ તેની શરૂઆત કરી હતી.



જેમ્સ ઑગસ્ટસ હિકી

**દર્પણ :** ૧૮૩૨ની સાલમાં મુંબઈમાં 'દર્પણ' પત્ર શરૂ થયું. જેના સંપાદક બાળશાસ્ત્રી જાંભેકર હતા.

**યાદી તૈયાર કરો**

સ્વાતંત્ર્ય પહેલાના સમયના કેટલાક પ્રમુખ નેતાઓ અને તેમણે શરૂ કરેલ વર્તમાનપત્રોની યાદી તૈયાર કરો.



બાળશાસ્ત્રી જાંભેકર

'દર્પણ'ના અંકોમાંની માહિતીમાં આપણને રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ઈતિહાસ મળે છે. ઉદા. (૧) કંપની સરકારના ત્રણ પ્રદેશોના જમાખર્ચની યાદી (૨) આ દેશ પર રશિયનોનો હુમલો થવાનો ભય (૩) શહેર સાફ રાખવા માટે મંડળની નિમણૂંક (૪) હિંદુ વિધવાના પુનર્વિવાહ (૫) કોલકતામાં થિએટરની શરૂઆત (૬) રાજા રામમોહન રાયની ઈંગ્લેન્ડમાં કામગીરી આ પરથી તત્કાલીન પરિસ્થિતિ વિશે માહિતી મળે છે.

**શું તમે જાણો છો?**

પહેલા મરાઠી પત્ર 'દર્પણ'ના સંપાદક હોવાના કારણે બાળશાસ્ત્રી જાંભેકરને આદ્યસંપાદક કહેવામાં આવે છે. તેમના જન્મદિવસ એટલે કે ૬ જાન્યુઆરીને મહારાષ્ટ્રમાં 'પત્રકાર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

**પ્રભાકર :** ભાઉ મહાજને આ વર્તમાનપત્ર શરૂ કર્યુ. જેમાં ફ્રેંચ બળવાનો ઈતિહાસ (રાજ્યક્રાંતિ), લોકહિતવાદી (ગોપાળ હરી દેશમુખ)ના સમાજ જાગૃતિ વિશેના 'શતપત્રો' પ્રસિદ્ધ થયા.

**જ્ઞાનોદય :** 'જ્ઞાનોદય' પત્રમાં ૧૮૪૨માં એશિયાખંડનો અને ૧૮૫૧માં યુરોપનો નકશો છાપવામાં આવ્યા હતાં. મરાઠી વર્તમાનપત્રમાં પહેલું ચિત્ર છાપવાનું માન જ્ઞાનોદયને મળે છે. વીજળીની મદદથી સમાચાર પહોંચાડવાનું યંત્ર એટલે કે ટેલિગ્રાફ ૧૮૫૨થી શરૂ થયું હતું એ માહિતી 'જ્ઞાનોદય'માંથી મળે છે. ભારતમાં પ્રથમ રેલ્વે શરૂ થયાના સમાચાર જ્ઞાનોદયમાં 'ચાક્યા મ્હસોબા' શીર્ષક હેઠળ છપાયા હતાં. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની માહિતી આ વર્તમાનપત્રમાં છાપેલી હતી.

વર્તમાનપત્રો સમાજ જાગૃતિનું કાર્ય કરનાર મહત્વનું માધ્યમ હતા. દા.ત. 'ઇંદૂપ્રકાશ' પત્રએ વિધવા વિવાહને જોરદાર સમર્થન આપ્યું. બહુજન સમાજનું મુખપત્ર 'દીનબંધુ' મહાત્મા જ્યોતિરાવ ફુલેના સહકારી કૃષ્ણરાવ ભાલેકરે શરૂ કર્યું હતું. આ વર્તમાન પત્ર દ્વારા આપણને બહુજન સમાજની સમકાલિન પરિસ્થિતિનો ખ્યાલ મળે છે.

**કરી જુઓ**

વર્ગના દરેક વિદ્યાર્થી એક સમાચારની કાતરણ લાવે અને તેની નોટ તૈયાર કરો.

**કેસરી અને મરાઠા :** સ્વાતંત્ર્યપૂર્વના સમયના ભારતીય વર્તમાનપત્રોના ઈતિહાસનો મહત્વનો તબક્કો 'કેસરી' અને 'મરાઠા' વર્તમાનપત્રોએ પૂર્યો. ૧૮૮૧માં ગોપાળ ગણેશ આગરકર અને બાળ ગંગાધર ટિળકે આ વર્તમાનપત્રોની શરૂઆત કરી. તેના દ્વારા તત્કાલીન સામાજિક અને રાજકીય પ્રશ્નોને વાચા ફૂટી. કેસરીમાં દેશસ્થિતિ, દેશભાષાના ગ્રંથ અને વિદેશનું રાજકારણ વિશે લખવામાં આવ્યુ.

એકવીસમી સદીમાં વર્તમાનપત્રો લોકશાહીના ચોથા સ્તંભ તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**નિયતકાલિકો-સામયિકો :** ચોક્કસ સમયાવધિમાં પ્રકાશિત થનાર મુદ્રિત સાહિત્ય એટલે સામયિક જેમાં સાપ્તાહિક, પાક્ષિક, માસિક, દ્વિમાસિક, ત્રિમાસિક, છમાસિક, વાર્ષિકનો સમાવેશ થાય છે. આ સિવાય અનિયતકાલિક પ્રકાર પણ છે

અનિયતકાલિકોની પ્રસિદ્ધિનો સમય નિશ્ચિત હોતો નથી.

### કરી જુઓ

આધુનિક કાળમાં અનેક વર્તમાનપત્રોએ તંત્રજ્ઞાનનો ઉપયોગ કરીને ઇ-આવૃત્તિ શરૂ કરી છે. જેને વાચકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. શિક્ષકની મદદથી ઇ-વર્તમાનપત્રો કેવી રીતે વંચાય તે સમજી લો.

બાળશાસ્ત્રી જાંભેકરે મરાઠી ભાષાનું પ્રથમ માસિક 'દિગ્દર્શન' શરૂ કર્યું. સામયિકોનો વિચાર કરીએ તો 'પ્રગતિ' (૧૯૨૯) સાપ્તાહિક મહત્વનું છે. જેના સંપાદક ત્ર્યંબક શંકર શેજવલકર હતા. તેમણે 'પ્રગતિ'માં ઈતિહાસશાસ્ત્ર, મહારાષ્ટ્રનો ઈતિહાસ અને સામાજિક ચળવળો વગેરે જેવા વિવિધ વિષયો પર વિપુલ લેખન કાર્ય કર્યું.

આધુનિક કાળમાં ભારતીય ઈતિહાસ સાથે સંબંધિત અનેક સામયિકો નીકળે છે. દા.ત. મરાઠી ભાષાના 'ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિ' 'મરાઠવાડા ઈતિહાસ પરિષદ' પત્રિકા વગેરે

### ચાલો શોધીએ

ઉપરના ઉદાહરણો સિવાય મહારાષ્ટ્ર અને કેન્દ્રસ્તરે ઈતિહાસ સંશોધન સાથે સંબંધિત સંસ્થા/વિદ્યાપીઠો મરાઠી, હિંદી અને અંગ્રેજી ભાષામાં જે સામયિકો પ્રકાશિત કરે છે તેની માહિતી આંતરજાળની મદદથી મેળવો.

**વેબપત્રકારિતા** : અત્યાધુનિક સામયિકોમાં 'વેબ પત્રકારિતા' પ્રકારે પ્રસિદ્ધ થતા સામયિકોનો સમાવેશ થાય છે. તેમાં પણ મુખ્યવિષય ઈતિહાસ હોય છે. વેબ-ન્યૂઝ પોર્ટલ્સ, સોશ્યલ મિડિયા, વેબ ચેનલ્સ, યૂ ટ્યૂબ પર અંગ્રેજી અને ભારતીય ભાષામાં વાંચકો અને પ્રેક્ષકો માટે સામગ્રી ઉપલબ્ધ કરી આપવામાં આવે છે.

**આકાશવાણી** : સ્વાતંત્ર્યપૂર્વ ૧૯૨૪માં 'ઇંડિયન બ્રોડકાસ્ટિંગ કંપની' (આયબીસી)ના નામે દરરોજ કાર્યક્રમ પ્રસારિત કરનાર એક ખાનગી રેડિયો કેન્દ્ર શરૂ થયું. ત્યાર બાદ બ્રિટિશ સરકારે આ જ કંપનીનું નામ 'ઈંડિયન સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ' (આયએસબીએસ) રાખ્યું. ૮ જૂન, ૧૯૩૬ના આ કંપનીનું નામ 'ઑલ ઇંડિયા રેડિઓ' (એઆયઆર) કરવામાં આવ્યું.

ભારત સ્વતંત્ર થયા પછી AIR ભારત સરકારના માહિતી અને પ્રસારણ ખાતાનો એક ભાગ બન્યો. શરૂઆતમાં તે શાસકીય કાર્યક્રમ અને ઉપક્રમોની માહિતી આપનાર અધિકૃત કેન્દ્ર હતું. ખ્યાતનામ કવિ પંડિત નરેન્દ્ર શર્માના સૂચન અનુસાર 'આકાશવાણી' નામ આપવામાં આવ્યું. આકાશવાણી દ્વારા વિવિધ મનોરંજક, જાગૃતિ આણનાર અને સાહિત્યિક મૂલ્ય ધરાવતા કાર્યક્રમો રજૂ કરવામાં આવે છે. તે જ પ્રમાણે ખેડૂતો, કામદારો, ચુવકો અને સ્ત્રીઓ માટે વિશેષ કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. લોકપ્રિય રેડિઓ સેવા 'વિવિધભારતી' દ્વારા ૨૪ ભાષા અને ૧૪૬ બોલીભાષામાં કાર્યક્રમો રજૂ કરવામાં આવે છે. વર્તમાનકાળમાં અનેક ખાનગી રેડિઓ સેવા શરૂ થઇ છે. ઉદા. રેડિઓ મિર્ચી.

### શું તમે જાણો છો?

બ્રિટિશકાલીન ભારતમાં ૨૩ જુલાઇ, ૧૯૨૭ના રોજ મુંબઇ રેડિઓ કેન્દ્ર પરથી પહેલુ 'ન્યૂઝ બુલેટિન' પ્રસ્તુત કરવામાં આવ્યું. અંગ્રેજી પછી કોલકતામાં બંગાળી ભાષામાં સમાચાર શરૂ થયા.

**દૂરદર્શન :** ૧૫ સપ્ટેમ્બર, ૧૯૫૯ના રોજ ભારતના પહેલા રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે 'દિલ્લી દૂરદર્શન કેન્દ્ર'નું ઉદ્ઘાટન કર્યું. મહારાષ્ટ્રમાં ૧ મે, ૧૯૭૨ના રોજ મુંબઈ કેન્દ્રમાં કાર્યક્રમ શરૂ થયા. ૧૫ ઓગસ્ટ, ૧૯૮૨ના રોજ રંગીન દૂરદર્શનનું આગમન થયું. ઈ.સ. ૧૯૯૧માં દેશી અને વિદેશી ખાનગી ચેનલોને કેબલના માધ્યમથી કાર્યક્રમ પ્રસારિત કરવાની પરવાનગી આપવામાં આવી. આજે ભારતીય પ્રેક્ષકો માટે ૧૦૦થી વધુ ચેનલો ઉપલબ્ધ છે.

## ૫.૩ પ્રસારમાધ્યમોની આવશ્યકતા

સમાજમાં માહિતીનો મુક્ત પ્રવાહ પ્રસરાવવા માટે પ્રસારમાધ્યમોની આવશ્યકતા હોય છે. તંત્રીલેખ, વિવિધ કટારો, પૂરવણીઓ વર્તમાનપત્રનો અવિભાજ્ય અંગ હોય છે. વાચકો પણ પત્રવ્યવહારના માધ્યમથી પોતાની વાત રજૂ કરે છે. લોકશાહીને વધુ સુદૃઢ કરવા માટે વર્તમાનપત્રો મદદરૂપ બની શકે છે.

દૂરદર્શન દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ હોવાથી તેણે વર્તમાનપત્ર અને આકાશવાણીની મર્યાદા ઓળંગીને જનતાને 'પ્રત્યક્ષ શું બન્યું' તે દર્શાવવાની શરૂઆત કરી. જનતા પાસે એકાદી ઘટનાનો 'આંખો દેખા હાલ' જોવા માટે દૂરદર્શનનો કોઈ પર્યાય નથી.



**કરી જુઓ**

વર્તમાનકાળની વિવિધ દૂરદર્શન ચેનલોની માહિતી મિત્રો સાથે જૂથમાં જૂથકાર્ય તરીકે લખો.


## ૫.૪ પ્રસારમાધ્યમો દ્વારા મળતી માહિતીનું ચિકિત્સક આકલન

પ્રસારમાધ્યમો દ્વારા મળતી માહિતીનું ચિકિત્સક આકલન કરવું પડે છે. વર્તમાનપત્ર દ્વારા આપણી સામે મૂકાતી માહિતી દરેક વખતે વાસ્તવિકતા જ હશે એવું નથી. આપણે તે તપાસવી પડે છે. જર્મનીના એક સાપ્તાહિકમાં છપાયેલ એડૉલ્ફ હિટલરે સ્વહસ્તે લખેલી રોજનીશી મળી આવ્યાના સમાચાર તેનું એક પ્રસિદ્ધ ઉદાહરણ છે. 'સ્ટર્ન' નામના જર્મન સાપ્તાહિકે એડૉલ્ફ હિટલરના હસ્તાક્ષરવાળી રોજનીશી વેંચાતી લીધી અને અન્ય પ્રકાશક કંપનીઓને તે વેંચી. આગળ જતા આ રોજનીશી બનાવટી હોવાનું સાબિત થયું. આથી પ્રસારમાધ્યમોમાંથી મળતી માહિતીના ઉપયોગમાં સાવચેતી રાખવી પડે છે.

## ૫.૫. સંબંધિત વ્યાવસાયિક ક્ષેત્ર

વર્તમાનપત્રોએ રોજે રોજ તાજા સમાચારો વાચકો સુધી પહોંચાડવાના હોય છે. આવું કરતી વખતે તેમણે 'સમાચાર પાછળના સમાચાર' કહેવા પડે છે. આ સમયે વર્તમાનપત્રોને ઇતિહાસની જરૂર પડે છે. કોઈ સમાચારનું સવિસ્તાર વિવેચન કરતી વખતે ભૂતકાળમાં તે જ સ્વરૂપની બીજી ઘટના બીજે સ્થળે ઘટી હોય તો તેને સમાચારમાં એક ચોરસમાં છાપવામાં આવે છે. તેથી વાચકોને વિશેષ માહિતી મળે છે. અને ઘટનાના મૂળ સુધી પહોંચી શકે છે.

વર્તમાનપત્રોમાં પચાસ વર્ષો પહેલાં, સો વર્ષો પહેલાં જેવી કટારો હોય છે તે ઇતિહાસના સાધનો અને ઇતિહાસ પર આધારિત હોય છે. આ પ્રકારની કટારોમાંથી આપણને ભૂતકાળની આર્થિક, સામાજિક, રાજકીય, ઐતિહાસિક ઘટનાઓ વિશે માહિતી મળે છે. ભૂતકાળની પાર્શ્વભૂમિ પર વર્તમાન સમજવામાં મદદ મળે છે.



વિશેષ પ્રસંગોએ વર્તમાનપત્રોએ પૂર્તિ અથવા વિશેષાંક બહાર પાડવા પડે છે. ઉદા. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું. તેને ૨૦૧૪માં ૧૦૦ વર્ષ પૂર્ણ થયા. આ યુદ્ધનું સમુચ્ચય સમીક્ષણ કરતી પૂર્તિ બહાર પાડતી વખતે તે ઘટનાનો ઈતિહાસની જાણ હોવી જરૂરી છે. ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનને ૨૦૧૭માં ૭૫ વર્ષ પૂર્ણ થયા. આવા પ્રસંગે વર્તમાનપત્રો લેખ, તંત્રીલેખ, દિનવિશેષ, સમીક્ષા દ્વારા તે ઘટનાનું બારીકાઈથી અવલોકન કરે છે. એ સમયે ઈતિહાસનો અભ્યાસ ઉપયોગી નીવડે છે.



**કરી જુઓ**

વર્તમાનપત્રો કોયડા તૈયાર કરવા માટે પણ ઈતિહાસનો આધાર લે છે. તમે પણ જુદાજુદા શબ્દ કોયડા તૈયાર કરવાનો પ્રયત્ન કરી જુઓ. ઉદા. કિલ્લાના નામોનો ઉપયોગ કરીને બનાવેલ શબ્દકોયડો.

આકાશવાણી માટે પણ ઈતિહાસ મહત્વનો છે. દા.ત. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ અથવા તે પછી સ્વાતંત્ર્યદિન નિમિત્તે વડાપ્રધાને આપેલા ભાષણોના આકાશવાણી સંગ્રહ કરે છે. સમકાલિન પરિસ્થિતિ સમજવા માટે તેનો ઉપયોગ થાય છે.

**જાણી લો.**

૧૯૪૨ની ચળવળમાં ભૂમિગત રેડિઓ કેન્દ્રએ કરેલી કામગીરીની માહિતી શિક્ષકની મદદથી મેળવો.

આકાશવાણીને કેટલાક વિશેષ કાર્યક્રમ પ્રસંગે ઈતિહાસના અભ્યાસકર્તાઓની જરૂર પડે છે. રાષ્ટ્રીય નેતાઓની જયંતિ અથવા પુણ્યતિથિ, કોઈ ઐતિહાસિક ઘટનાના ૧ વર્ષ, ૨૫ વર્ષ, ૫૦ વર્ષ, ૧૦૦ વર્ષ અથવા તેના ગુણકમાં વધુ વર્ષો પૂર્ણ થાય ત્યારે તે ઘટનાની ચર્ચા કરવા માટે તે ઘટનાની માહિતીની જરૂર પડે છે. રાષ્ટ્રીય નેતાઓના કાર્ય વિશે ભાષણ આપવા માટે વક્તાઓને ઈતિહાસનો આધાર લેવો પડે છે. આકાશવાણી પર પણ દિનવિશેષ કાર્યક્રમ પ્રસારિત થાય છે.

દૂરદર્શન અને ઈતિહાસનો નજીકનો સંબંધ છે. ઈતિહાસ વિશે રૂચિ અને જાગૃતિ નિર્માણ કરવાનું મહત્વનું કાર્ય દૂરદર્શન અને અન્ય ચેનલો કરે છે. દૂરદર્શન પરની રામાયણ, મહાભારત જેવી પૌરાણિક ધારાવાહિકો તેમજ ભારત એક ખોજ, રાજા શિવછત્રપતિ જેવી ઐતિહાસિક ધારાવાહિકોએ ખૂબ મોટા પ્રેક્ષકવર્ગને આકર્ષિત કર્યા. રામાયણ–મહાભારત જેવી ધારાવાહિકોનું નિર્માણ કરતી વખતે તત્કાલિન વાતાવરણ, વેશભૂષા, શસ્ત્રાશસ્ત્રો, રહેણી કરણી, ભાષા સંબંધી જાણકારોની મદદની જરૂર પડે છે. તે માટે ઈતિહાસનો બારિકાઈથી અભ્યાસ કરવો પડે છે.

આધુનિક કાળમાં ડિસ્કવ્હરી, નૅશનલ જિઓગ્રાફી, હિસ્ટરી જેવી ધારાવાહિકો પર પ્રસારિત થતી ધારાવાહિકો દ્વારા દુનિયાભરના ઈતિહાસનો ખજાનો પ્રેક્ષકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. તેના દ્વારા લોકો વિશ્વનો ઈતિહાસ અને ભૂગોળ ઘેરબેઠા જાણી શકે છે. આ ધારાવાહિકોને વધુ મનોરંજક બનાવવા માટે કેટલીક વાર ઈતિહાસના કેટલાક પસંદ કરેલા ભાગનું વ્યક્તિરેખાચિત્રના માધ્યમે પ્રસ્તુતીકરણ કરવામાં આવે છે. દા.ત. કર્તવ્યશીલ સ્ત્રી–પુરૂષ, રમતવીર સેનાનીઓ વગેરે. તે સિવાય વાસ્તુકલા, કિલ્લા–સામ્રાજ્યોનો ઉદય–અસ્ત જ નહીં પરંતુ પાકકલા પર આધારિત ધારાવાહિકો પણ લોકો ઉત્સુકતાથી જુએ છે.

ઉપરના બધા ક્ષેત્રો માટે ઈતિહાસના ઊંડા અભ્યાસની જરૂર પડે છે.

## જાણી લો

ભારતના પ્રાચીનથી અર્વાચીન ઈતિહાસના સંદર્ભમાં દૂરદર્શન પર પ્રસારિત થયેલી ધારાવાહિક 'ભારત એક ખોજ' ખૂબ મહત્વની છે. આ ધારાવાહિક પંડિત જવાહરલાલ નેહરૂનાં 'ડિસ્કવ્હરી ઑફ ઇંડિયા' ગ્રંથ પર આધારિત હતી. શ્યામ બેનેગલ દિગ્દર્શિત આ ધારાવાહિકે પ્રાચીન કાળથી અર્વાચીન કાળનો સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય ઈતિહાસ રજૂ કર્યો. ઊંડા સંશોધન અને પ્રસ્તુતીકરણ સ્તરે આ ધારાવાહિક રસપ્રદ રહી.

હડપ્પા સંસ્કૃતિ, વૈદિક કાળ, રામાયણ–મહાભારતનું મહત્વ, મૌર્ય કાળખંડ, તુર્ક–અફઘાન અને મોગલોનું આક્રમણ, મોગલ કાળખંડ અને મોગલ બાદશાહોનું યોગદાન, ભક્તિ ચળવળ, છત્રપતિ શિવાજી મહારાજનું કાર્ય, સમાજસુધારણા ચળવળ અને સ્વાતંત્ર્ય સંગ્રામ જેવી અનેક ઘટના આ ધારાવાહિકમાં રજૂ કરવામાં આવી.

આ ધારાવાહિકમાં નાટ્યકલા, લોકકલા, જાગૃતિવિષયક માહિતીનો આધાર લઈને કલાકાર રોશન શેઠ નેહરૂના રૂપમાં સંચાલન કરતા. નહેરૂનો ઈતિહાસ તરફનો દૃષ્ટિકોણ અને તેના પ્રભાવક પ્રસ્તુતીકરણને કારણે આ ધારાવાહિક ભારતમાં વખણાઇ હતી.

## સ્વાધ્યાય

**૧. (અ) આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) ભારતમાં પહેલું અંગ્રેજી વર્તમાનપત્ર ........... એ શરૂ કર્યું.
(અ) જેમ્સ ઑગસ્ટસ હિકી
(બ) સર જૉન માર્શલ
(ક) ઍલન હ્યૂમ (ડ) બાળશાસ્ત્રી જાંભેકર

(૨) દૂરદર્શન .......... માધ્યમ છે.
(અ) દૃશ્ય (બ) શ્રાવ્ય
(ક) દૃશ્ય–શ્રાવ્ય (ડ) સ્પર્શાત્મક

**(બ) નીચેનામાંથી ખોટી જોડી ઓળખો.**

(૧) પ્રભાકર – આચાર્ય પ્ર.કે. અત્રે
(૨) દર્પણ – બાળશાસ્ત્રી જાંભેકર
(૩) દિનબંધુ – કૃષ્ણરાવ ભાલેકર
(૪) કેસરી – બાળ ગંગાધર ટિળક

**૨. ટૂંકનોંધ લખો.**

(૧) વર્તમાન પત્રોનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં કાર્ય
(૨) પ્રસારમાધ્યમોની આવશ્યકતા
(૩) પ્રસારમાધ્યમો સંબંધિત વ્યવસાયિક ક્ષેત્રો.

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) પ્રસારમાધ્યમો દ્વારા મળતી માહિતીનું ચિકિત્સક આકલન કરવું પડે છે.
(૨) વર્તમાનપત્રોને ઈતિહાસની જરૂર પડે છે.
(૩) સર્વ પ્રસાર માધ્યમોમાં દૂરદર્શન અતિશય લોકપ્રિય માધ્યમ છે.

**૪. આપેલ પરિચ્છેદનું વાંચન કરીને નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો.**

**આકાશવાણી** : સ્વાતંત્ર્યપૂર્વ ૧૯૨૪માં 'ઇંડિયન બ્રૉડકાસ્ટિંગ કંપની'(આયબીસી)ના નામે દરરોજ કાર્યક્રમ પ્રસારિત કરનાર એક ખાનગી રેડિઓ કેન્દ્ર શરૂ થયું. ત્યારબાદ બ્રિટિશ સરકારે આજ કંપનીનું નામ 'ઇંડિયન સ્ટેટ બ્રૉડકાસ્ટિંગ સર્વિસિસ' (આયએસબીએસ) રાખ્યું. ૮ જૂન, ૧૯૩૬ના આ કંપનીનું નામ 'ઑલ ઇંડિયા રેડિઓ' (એઆયઆર) કરવામાં આવ્યું.

ભારત સ્વતંત્ર થયા પછી AIR ભારત સરકારના માહિતી અને પ્રસારણ ખાતાનો એક ભાગ બન્યો. શરૂઆતમાં તે શાસકીય કાર્યક્રમ અને ઉપક્રમોની માહિતી આપનાર અધિકૃત કેન્દ્ર હતું. ખ્યાતનામ કવિ

પંડિત નરેન્દ્ર શર્માના સૂચન અનુસાર 'આકાશવાણી' નામ આપવામાં આવ્યું. આકાશવાણી દ્વારા વિવિધ મનોરંજક, જાગૃતિ આણનાર અને સાહિત્યિક મૂલ્ય ધરાવતા કાર્યક્રમો રજૂ કરવામાં આવે છે. તે જ પ્રમાણે ખેડૂતો, કામદારો, યુવકો અને સ્ત્રીઓ માટે વિશેષ કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. લોકપ્રિય રેડિઓ સેવા 'વિવિધભારતી' દ્વારા ૨૪ ભાષા અને ૧૪૬ બોલીભાષામાં કાર્યક્રમો રજૂ કરવામાં આવે છે. વર્તમાનકાળમાં અનેક ખાનગી રેડિઓ સેવા શરૂ થઇ છે. દા.ત. રેડિઓ મિર્ચી.

(૧) આકાશવાણી ક્યા ખાતા અંતર્ગત આવે છે?

(૨) IBCનું શું નામકરણ કરવામાં આવ્યું?

(૩) વિવિધ ભારતી પરથી કેટલી ભાષા અને બોલી–ભાષામાં કાર્યક્રમ રજૂ કરવામાં આવે છે ?

(૪) આકાશવાણી નામ કેવી રીતે પડ્યું?

### ૫. સંકલ્પનાચિત્ર તૈયાર કરો.

| | વર્તમાનપત્રો | આકાશવાણી | દૂરદર્શન |
|---|---|---|---|
| શરૂઆત/ પાર્શ્વભૂમી | | | |
| માહિતીનું/ કાર્યક્રમનું સ્વરૂપ | | | |
| કાર્યો | | | |

**ઉપક્રમ**

તમે જોયેલ એક ઐતિહાસિક ધારાવાહિકનું પરીક્ષણ લખો.

4DRKYH

# ૬. મનોરંજનના માધ્યમો અને ઇતિહાસ


૬.૧ મનોરંજનની આવશ્યકતા
૬.૨ લોકનાટ્ય
૬.૩ મરાઠી રંગભૂમિ
૬.૪ ભારતીય ચલચિત્ર સૃષ્ટિ (ફિલ્મોદ્યોગ)
૬.૫ મનોરંજન ક્ષેત્રે વ્યાવસાયિક તકો


મનને આનંદ આપતી વસ્તુ એટલે મનોરંજનના સાધનો. અવનવા શોખો, રમત, નાટક–ફિલ્મ, ગમ્મતના સાધનો, લેખન–વાચનની આદત વગેરેનો મનોરંજનમાં સમાવેશ થાય છે.

## ૬.૧ મનોરંજનની આવશ્યકતા

ઉત્તમ દરજ્જાનું સાત્વિક મનોરંજન વ્યક્તિની આરોગ્યવૃદ્ધિ માટે મહત્વનું હોય છે. ઘરેડ બંધ જીવવાનો કંટાળો દૂર કરીને મનને તાજગી, શરીરને ઉત્સાહ અને કાર્યશક્તિ મેળવી આપવાનું કામ મનોરંજન કરે છે. શોખ અથવા રમતગમતને ઉત્તેજન આપવાથી વ્યક્તિત્વનો વિકાસ થાય છે. ભારતમાં પ્રાચીન અને મધ્યયુગીન કાળમાં ઉત્સવ, તહેવાર, રમતગમત, નાચ–ગાન વગેરે મનોરંજનના સાધનો હતા.

આધુનિક કાળમાં મનોરંજનના અનેક સાધનો ઉપલબ્ધ છે.

**યાદી કરીએ**

મનોરંજનના વિવિધ પ્રકારો જણાવી તેનું વર્ગીકરણ કરો.

મનોરંજનનું બે પ્રકારમાં વર્ગીકરણ કરી શકાય. કૃતિશીલ અને અકૃતિશીલ. કૃતિશીલ મનોરંજન એટલે એકાદી ક્રિયામાં તે વ્યક્તિનો પ્રત્યક્ષ શારીરિક–માનસિક સહભાગ. હસ્તવ્યવસાય, રમત એ કૃતિશીલ મનોરંજનના ઉદાહરણ છે.

જ્યારે આપણે કોઇ રમતની સ્પર્ધા જોતા હોઇએ, સંગીત સાંભળતા હોઇએ, ચલચિત્ર (ફિલ્મ) જોતા હોઇએ ત્યારે તે મનોરંજન અકૃતિશીલ સ્તરે હોય છે. આપણે તેમાં ફક્ત પ્રેક્ષક હોઇએ છીએ.

**કરી જુઓ**

ઈતિહાસ વિષય સંબંધિત કૃતિશીલ અને અકૃતિશીલ મનોરંજનનું કોષ્ટક તૈયાર કરો.

## ૬.૨ લોકનાટ્ય

**કઠપૂતળીનો પ્રયોગ :** મોહેંજોદડો, હડપ્પા, ગ્રીસ અને ઈજિપ્તમાં ઉત્ખનન (ખોદકામ) દરમ્યાન માટીની ઢીંગલીના અવશેષ મળ્યા છે. જેને



કઠપૂતળીની રમત

કઠપૂતળીના રૂપમાં વાપર્યાની શક્યતા છે તેના પરથી આ રમત પ્રાચીન હોવાનું જણાય છે. પંચતંત્ર અને મહાભારતમાં આ રમતનો ઉલ્લેખ છે.

પ્રાચીન ભારતમાં આ કઠપૂતળી બનાવવા માટે લાકડા, ઊન, ચામડું, શિંગડાં અને હાથી દાંતનો ઉપયોગ કરતા હતા. આ રમતની રાજસ્થાની અને દાક્ષિણાત્ય જેવી બે પદ્ધતિઓ છે.

ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, આસામ,

પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગણા, કર્ણાટક, કેરળ જેવા રાજ્યોમાં કઠપૂતળીના પ્રયોગ કરનારા કલાકારો છે. કઠપૂતળીના પ્રયોગને પ્રભાવક બનાવવા માટે સૂત્રધારકનું કૌશલ્ય અત્યંત મહત્વનું છે. અહીં નાનુ રંગમંચ, પ્રકાશ અને ધ્વનિનો સૂચક ઉપયોગ કરાય છે. એના છાયા ઢીંગલી, હાથ–ઢીંગલી, લાકડીની ઢીંગલી અને સૂત્ર ઢીંગલી જેવા પ્રકારો છે.

**દશાવતારી નાટકો :** દશાવતારી નાટકો એ મહારાષ્ટ્રના લોકનાટ્યનો એક પ્રકાર છે. કાપણી પછી કોકણ અને ગોવામાં દશાવતારી નાટકોના પ્રયોગ થાય છે. દશાવતારી નાટકો મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કી આ દસ અવતારો પર આધારિત હોય છે. સૂત્રધાર સૌપ્રથમ ગણપતિનું આવ્હાન કરે છે.

દશાવતારી નાટકોમાં પાત્રોનો અભિનય, રંગભૂષા, વેશભૂષા પરંપરાગત હોય છે. નાટકનો મોટો ભાગ પદ્યરૂપે હોય છે. કેટલાક સંવાદો પાત્રો સ્વયંસ્કૂરિત બોલે છે. દેવો માટે લાકડાના મુખવટા (મહોર) વાપરવામાં આવે છે. મટકી ફોડીને દહીં વહેંચીને તથા આરતી કરીને નાટકનું સમાપન થાય છે.



દશાવતારી નાટક

૧૮માં શતકમાં શ્યામજી નાઈક કાળેએ દશાવતારી ખેલ દર્શાવનાર રંગભૂમિની સ્થાપના કરી હતી. તે રંગભૂમિ લઈને તેઓ આખા મહારાષ્ટ્રમાં ફરતા હતા.

વિષ્ણુદાસ ભાવેએ દશાવતારી નાટ્યતંત્રનું સંસ્કરણ કરીને પોતાના પૌરાણિક નાટકો રજૂ કર્યા આથી મરાઠી નાટકના મૂળ છેડા દશાવતારી નાટક સુધી જાય છે.

**ભજન :** મંજીરા (ઝાંઝ), મૃદંગ અથવા પખાજ વગેરે વાદ્યો સાથે ઈશ્વરના ગુણોનું વર્ણન કરતી અથવા નામસ્મરણ કરતી કાવ્યરચના ગાવી એટલે ભજન. ભજનના ચક્રી ભજન અને સોંગી ભજન એવા બે પ્રકાર છે.

ચક્રી ભજન : ચક્રાકારે ફરતા ફરતા અટક્યા વિના ભજન ગાવા.

સોંગી ભજન : ભક્તની ભૂમિકા લઈને સંવાદના સ્વરૂપે ભજન ગાવા.

વર્તમાનકાળમાં સંત તુકડોજી મહારાજે 'ખંજરી ભજન' લોકપ્રિય બનાવ્યા છે.

ઉત્તરભારતમાં સંત તુલસીદાસ, મહાકવિ સૂરદાસ, સંત મીરાબાઇ અને સંત કબીરના ભજનો પ્રસિદ્ધ છે.



**કરી જુઓ**

તુલસીદાસ, સૂરદાસ, મીરાબાઇ અને કબીર જેવા સંતોના ભજનો સાંભળો અને તેને સંગીત શિક્ષક અથવા જાણકારોની મદદથી સમજો.

કર્ણાટકમાં પુરંદરદાસ, કનકદાસ, વિજયદાસ બોધેંદ્રગુરૂ સ્વામી, ત્યાગરાજ વગેરેની રચના ભજન તરીકે ગાવામા આવે છે.

ગુજરાતમાં સંત નરસિંહ મહેતાએ ભક્તિસંપ્રદાયની શરૂઆત કરી. મહારાષ્ટ્રમાં સંત નામદેવે વારકરી પંથના માધ્યમે ભજન–કિર્તનને પ્રોત્સાહન આપ્યું. વારકરી સંપ્રદાયે નામસ્મરણના પ્રકાર તરીકે ભજનનું ગૌરવ વધાર્યુ.

**કિર્તન :** પરંપરા અનુસાર નારદમુનિને કિર્તન પરંપરાના આદ્ય પ્રવર્તક માનવામાં આવે છે. સંત નામદેવને મહારાષ્ટ્રના આદ્ય કિર્તનકાર માનવામાં આવે છે. તેમના પછી બીજા સંતોએ આ પરંપરાનો પ્રસાર કર્યો.

કિર્તનકારને હરિદાસ અથવા કથાકાર કહેવામાં આવે છે. કિર્તન કરતી વખતે પોશાક, વિદ્વતા,

વક્તૃત્વ, ગાયન, વાદન, નૃત્ય, વિનોદ પ્રત્યે ધ્યાન આપવું જરૂરી છે. તેમનામાં બહુશ્રુતતા હોવી જરૂરી છે. કિર્તન મંદિરમાં અથવા મંદિરના પરિસરમાં કરવામાં આવે છે.

**માહિતી મેળવો.**

કિર્તનની નારદીય અથવા હરિદાસી અને વારકરી જેવી બે મુખ્ય પરંપરા છે. હરિદાસી કિર્તન એકપાત્રી પ્રયોગ જેવા હોય છે. આ કિર્તનમાં 'પૂર્વરંગ' અને 'ઉત્તરરંગ' હોય છે. નમન, નિરૂપણનો અભંગ અને નિરૂપણને પૂર્વરંગ અને ઉદાહરણ માટે એકાદ આખ્યાન કહેવું તેને ઉત્તરંગ કહેવાય છે. વારકરી કિર્તનમાં સમૂહ પર ભાર મૂકવામાં આવે છે. કિર્તનકારની સાથે ઝાંઝ–મંજીરા વગાડનારનો સહભાગ પણ મહત્વનો હોય છે. સ્વાતંત્ર્ય ચળવળના કાળમાં રાષ્ટ્રીય કિર્તન નામનો નવો પ્રકાર ઉદયમાં આવ્યો. આ કીર્તન પણ નારદીય કિર્તનની જેમજ રજૂ કરવામાં આવે છે. જેમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનાર નેતાઓ, વૈજ્ઞાનિકો, સમાજસુધારકો જેવા મહાન લોકોના જીવનચરિત્રના આધારે સમાજમાં જાગૃતિ આણવા પર ભાર મૂકવામાં આવે છે. તેની શરૂઆત વાઇના દત્તોપંત પટવર્ધને કરી.

આ સિવાય મહાત્મા જ્યોતિરાવ ફુલે દ્વારા સ્થાપિત સત્યશોધક સમાજે પણ કિર્તનના માધ્યમે સમાજ જાગૃતિનું કાર્ય કર્યુ. સંત ગાડગે મહારાજના કિર્તનો સત્યશોધક સમાજના કિર્તનોની જેમજ જાતિભેદ નિર્મૂલન, સ્વચ્છતા, વ્યસનમુક્તિ જેવા વિષયો પર આધારિત હતા અને આવા કિર્તનો દ્વારા તેઓ જાગૃતિ લાવવાનું કાર્ય કરતા.

**લળિત ભવાઇ :** મહારાષ્ટ્રના મનોરંજનનો એક પ્રાચીન પ્રકાર એટલે લળિત ભવાઇ. નારદીય કિર્તન પરંપરામાં આ પ્રકારનો સમાવેશ થાય છે. કોકણ અને ગોવામાં આનું ખૂબ મહત્વ છે.

લળિત ભવાઇના પ્રસ્તુતીકરણમાં ધાર્મિક ઉત્સવો દરમ્યાન તે ઉત્સવના દેવતા સિંહાસનપર બિરાજમાન છે તેમ માનીને તેમની સામે માંગણી કરવામાં આવે છે. ***'ज्याला जे हवे असेल त्याला ते मिळो । सगळा गाव आनंदाने पुढच्या लळितापर्यंत नांदो । आपापसांतले कलह लळितात मिटोत । कोणाच्याही मनात किल्मिष न उरो । निकोप मनाने व्यवहार चालोत । सदाचरणाने समाज वागो ।'*** આવી માંગણી કરવામાં આવે છે.

નાટકની જેમ ભવાઇ રજૂ કરવામાં આવે છે. જેમાં કૃષ્ણ અને રામકથા તથા ભક્તોની કથા કહેવામાં આવે છે. કેટલીક ભવાઇઓ હિંદી ભાષામાં પણ છે. આધુનિક મરાઠી રંગભૂમિની પાર્શ્વભૂમિ ભવાઇ છે.

**ભારુડ :** આધ્યાત્મિક અને નૈતિક શિક્ષા આપનાર મરાઠીનું રૂપક ગીત એટલે ભારુડ. પથનાટ્યની જેમ ભારૂડ પ્રયોગશીલ હોય છે. મહારાષ્ટ્રમાં સંત એકનાથના ભારુડો વિવિધતા, નાટ્યાત્મતા, વિનોદ અને ગેયતાને કારણે લોકપ્રિય થયા છે. સંત એકનાથનો ભારુડ રચવાનો ઉદ્દેશ લોકશિક્ષણ હતો.

**તમાશા :** તમાશા શબ્દ મૂળ પર્શિયન ભાષાનો શબ્દ છે. જેનો અર્થ છે ચિત્તને પ્રસન્નતા દેનાર દૃશ્ય. અઢારમાં શતકમાં વિવિધ લોકકલા અને અભિજાત કલાના પ્રવાહનો સમાવેશ કરીને તમાશા વિકસિત થયો. પારંપારિક તમાશાના બે પ્રકાર છે, સંગીતબારી અને ઢોલકની ફાડ. સંગીત બારીમાં નાટક કરતા નૃત્ય અને સંગીતપર વધુ ભાર આપવામાં આવે છે.. નૃત્ય અને સંગીતની પ્રધાનતા ધરાવતા તમાશામાં કાલાંતરે 'વગ' નામના નાટ્યરૂપનો સમાવેશ કરવામાં આવ્યો. સ્વયંસ્ફૂરિત વિનોદના આધારે વગ આગળ વધે છે. તમાશાની શરૂઆતમાં 'ગણ' એટલે ગણેશવંદના ગાવામાં આવે છે. ત્યાર પછી ગવળણ રજૂ કરવામાં આવે છે. તમાશાના બીજા ભાગમાં મુખ્ય નાટક એટલે કે 'વગ' રજૂ કરવામાં આવે છે.. મરાઠી રંગભૂમિ પર વખણાયેલા 'વિચ્છા માઝી પૂરી કરા' અથવા

'ગાઢવાચ લગ્ન' તમાશાનુ આધુનિક સ્વરૂપ દર્શાવે છે.

**પોવાડા :** પોવાડા એક ગદ્યપદ્ય મિશ્રિત પ્રસ્તુતીકરણનો પ્રકાર છે. પોવાડામાં વીર સ્ત્રી–પુરૂષોના પરાક્રમની આવેશયુક્ત અને સ્ફૂર્તિદાયક ભાષામાં રજૂઆત કરવામાં આવે છે. છત્રપતિ શિવાજી મહારાજના કાળમાં કવિ અજ્ઞાનદાસે અફજલખાન વધ વિશે અને તુલસીદાસે સિંહગઢની લડાઇ વિશે રચેલા પોવાડા પ્રસિદ્ધ છે.

બ્રિટિશ કાળમાં ઉમાજી નાઇક, ચાફેકર બંધુ, મહાત્મા ગાંધી પર પોવાડા રચવામાં આવ્યા. સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળના સમયમાં અમરશેખ, અણ્ણાભાઉ સાઠે અને ગવાણકર જેવા શાહિરોએ રચેલા પોવાડાએ મહારાષ્ટ્ર ગજવ્યું અને પોવાડાના માધ્યમથી જાગૃતિ આણવામાં આવી.

## ૬.૩ રંગભૂમિ :

વ્યક્તિ અથવા સમુદાયને લલિત કલા પ્રસ્તુત કરવાનું સ્થાન એટલે રંગભૂમિ લલિતકળામાં કલાકાર અને પ્રેક્ષક આ બંનેનો સહભાગ આવશ્યક હોય છે. નાટ્યસંહિતા, નાટ્યનિર્દેશક, કલાકાર, રંગભૂષા, વેશભૂષા, રંગમંચ, નેપથ્ય, પ્રકાશયોજના, નાટ્યપ્રયોગના પ્રેક્ષક અને સમીક્ષક જેવા અનેક ઘટકો રંગભૂમિ સાથે સંબંધિત હોય છે. નાટકમાં નૃત્ય અને સંગીતનો પણ સમાવેશ હોઇ શકે. નાટક ઘણીવાર સંવાદ દ્વારા રજૂ કરવામાં આવે છે. તો કેટલાક નાટકોમાં મૂક અભિનય પણ હોય છે. આ પ્રકારને મૂકનાયક કહેવાય છે.

> છત્રપતિ શિવાજી મહારાજ, છત્રપતિ સંભાજી મહારાજ, મહાત્મા જ્યોતિરાવ ફુલે, લોકમાન્ય ટિળક, મહાત્મા ગાંધી, ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન સાથે સંબંધિત નાટકોની માહિતી મેળવો.

તંજાવરના ભોંસલે કુટુંબે મરાઠી અને દાક્ષિણાત્ય ભાષાઓમાં નાટકોને ઉત્તેજન આપ્યું. આ રાજકુટુંબના રાજાએ પોતે નાટકો લખ્યા અને સંસ્કૃત નાટકોનું ભાષાંતર કર્યું.

મહારાષ્ટ્રની રંગભૂમિના વિકાસમાં ઓગણીસમી સદીનું સ્થાન મહત્વનું છે. વિષ્ણુદાસ ભાવેને મરાઠી રંગભૂમિના જનક કહેવામાં આવે છે. તેમણે રંગભૂમિ પર રજૂ કરેલું પહેલું નાટક 'સીતા સ્વયંવર' હતું. વિષ્ણુદાસ ભાવેએ લખેલા નાટકો પછી મહારાષ્ટ્રમાં ઐતિહાસિક, પૌરાણિક નાટકોની સાથે સાથે હળવા રમૂજી ઉપહાસ પ્રકારના નાટકો પણ રંગભૂમિ પર રજૂ કરવામાં આવ્યા. જેમાં રમૂજી રીતે સામાજિક વિષયો રજૂ કરવામાં આવતા.

શરૂઆતમાં નાટકની સંહિતા લેખિત સ્વરૂપમાં ન હતી. ઘણીવાર તેના ગીતો લખવામાં આવ્યા હોય તો પણ તેના ગદ્ય સંવાદો સ્વયં સ્ફૂરિત જ રહેતા. ઈ.સ. ૧૮૬૧માં વિ. જ. કીર્તનેએ લખેલું નાટક 'થોરલે માધવરાવ પેશવે' મુદ્રિત સંહિતા ધરાવતું પ્રથમ નાટક હતું. આ નાટક દ્વારા સંપૂર્ણ લેખિત સંહિતા ધરાવતા નાટકોની નવી પરંપરા શરૂ થઇ.

ઓગણીસમી સદીના આખરમાં બાળકૃષ્ણ બુવા ઇચલકરંજીકરે ઉત્તર હિંદુસ્તાનનું ખ્યાલ સંગીત મહારાષ્ટ્રમાં પ્રસ્તુત કર્યુ. ત્યારબાદ ઉસ્તાદ અલ્લાદિયોં ખાં, ઉસ્તાદ અબ્દુલ કરીમ ખાં અને ઉસ્તાદ રહિમત ખાંએ મહારાષ્ટ્રના રસિકોમાં સંગીતની રૂચિ નિર્માણ કરી જેના પરિણામે સંગીત રંગભૂમિનો ઉદય થયો. નાટક કંપની કિર્લોસ્કર મંડળીના સંગીત નાટકો લોકપ્રિય થયા. જેમાં અણ્ણાસાહેબ કિર્લોસ્કરે લખેલું નાટક 'સંગીત શાકુંતલ' ખૂબ પ્રસિદ્ધ થયું. સંગીત નાટકોમાં ગોવિંદ બલ્લાળ દેવલે લખેલું સંગીત શારદા નાટક અત્યંત મહત્વનું છે. આ નાટકમાં તત્કાલિન અનિષ્ટ પ્રથા વૃદ્ધકુમારી વિવાહ પર રમૂજી રીતે માર્મિક ટીકા કરી છે. આ સિવાય શ્રીપાદ કૃષ્ણ કોલ્હટકરનું 'મૂકનાયક', કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકરનું 'સંગીત માનાપમાન'

રામ ગણેશ ગડકરીનું 'એકચ પ્યાલા' નાટકો રંગભૂમિના ઈતિહાસમાં મહત્વના છે.

**શું તમે જાણો છો?**

ખાડિલકરે મહાકાવ્ય મહાભારતની ઘટના દ્વારા તત્કાલીન બ્રિટિશ સામ્રાજ્યશાહીની સૂચક ટીકા કરતું નાટક 'કીચક વધ' લખ્યું છે. કીચક વધમાં દ્રૌપદી એટલે અસહાય ભારત માતા, યુધિષ્ઠિર એટલે મવાળ પક્ષ, ભીમ એટલે જહાલ પક્ષ, અને કીચક એટલે સત્તાંધ વ્હાઈસરૉય લૉર્ડ કર્ઝન આવા રૂપે પ્રેક્ષકો આ નાટક જોતા અને તેમના મનમાં બ્રિટિશ સામ્રાજ્યશાહી પ્રત્યે રોષ નિર્માણ થતો.

મરાઠી રંગભૂમિના પડતીના સમયે અત્રેના 'સાષ્ટાંગ નમસ્કાર', 'ઉધ્યાચા સંસાર', 'ઘરાબાહેર' જેવા લોકપ્રિય નાટકો રંગભૂમિને મદદરૂપ થયા. વર્તમાન કાળમાં નવા રંગરૂપ ધરાવતા વસંત કાનેટકરનું 'રાયગડાલા જેવ્હા જાગ યેતે', 'ઈથે ઓશાળલા મૃત્યુ', વિજય તેંડુલકરનું 'ઘાશીરામ કોતવાલ', વિશ્રામ બેડેકરનું 'ટિળક આણી આગરકર' જેવા નાટકો પ્રસિદ્ધ છે.

વિવિધ વિષયો ધરાવતા નાટકો અને નાટ્યપ્રકારના આવિષ્કારને કારણે મરાઠી રંગભૂમિ સમૃદ્ધ બની. નાટ્યકલાકારોમાં ગણપતરાવ જોશી, બાલગંધર્વ તથા નારાયણરાવ રાજહંસ, કેશવરાવ ભોસલે, ચિંતામણરાવ કોલ્હટકર, ગણપતરાવ બોડસના નામો અગ્રક્રમે છે. તેમના મરાઠી નાટકો ખુલ્લા મેદાનોમાં રજૂ થતા. બ્રિટિશરોએ સૌપ્રથમ મુંબઈમાં 'પ્લે હાઉસ', 'રિપન', 'વ્હિક્ટોરિયા' જેવા નાટ્યગૃહો બાંધ્યા. ત્યારબાદ ધીમે ધીમે મરાઠી નાટકોના પ્રયોગો પણ બંધ નાટ્યગૃહોમાં ભજવાવા લાગ્યા.

**શું તમે જાણો છો?**

ખ્યાતનામ સાહિત્યકાર વિ. વા. શિરવાડકર તથા કુસુમાગ્રજે શેક્સપિઅર લિખિત નાટક 'કિંગ લિઅર'ના આધારે લખેલું નાટક 'નટસમ્રાટ' ખૂબજ પ્રસિદ્ધ થયુ. આ નાટકમાં શોકાતુર નાયક ગણપતરાવ બેલવલકરનું પાત્ર શિરવાડકરે પહેલાના સમયમાં ખૂબજ વખણાયેલા ગણપતરાવ જોશી અને નાનાસાહેબ ફાટક જેવા શ્રેષ્ઠ નટ (અભિનેતા)ના વ્યક્તિત્વની વિશેષતાનું સંમિશ્રણ કરીને તૈયાર કર્યું હતું.

## ૬.૪ ભારતીય ફિલ્મઉદ્યોગ (ચલચિત્ર સૃષ્ટિ)

**ચલચિત્ર/ફિલ્મ :** કલાત્મકતા અને તંત્રજ્ઞાનનો સંગમ ધરાવતું માધ્યમ એટલે ચલચિત્ર. ચલત્ચિત્રની શોધ થયા બાદ ચલચિત્ર કલાનો જન્મ થયો. જેમાંથી મૂંગી ફિલ્મોના યુગ શરૂ થયો. આગળ જતાં ધ્વનિમુદ્રણ શક્ય બનતા બોલતી ફિલ્મોનો યુગ આવ્યો.

**શું તમે જાણો છો?**

ચલચિત્ર/ફિલ્મના પ્રકાર : વ્યંગ ચલચિત્ર, વાર્તા ચલચિત્ર, અનુબોધ ચિત્ર, પ્રસિદ્ધિ ચલચિત્ર, બાલ ચલચિત્ર, સૈનિકી ચલચિત્ર, શૈક્ષણિક ચલચિત્ર, કથા ચલચિત્ર વગેરે.

ભારતમાં પ્રથમ પૂર્ણ લંબાઈનું ચલચિત્ર તૈયાર કરવાનું અને પ્રદર્શિત કરવાનું માન મહારાષ્ટ્રને મળે છે. 'ભારતીય ચલચિત્રોની જનની' તરીકે મહારાષ્ટ્ર પ્રખ્યાત છે. ભારતીય ચલચિત્રોના વિકાસમાં મદનરાવ માધવરાવ પિતળે, કલ્યાણનું પટવર્ધન કુટુંબ અને હરિશ્ચંદ્ર સખારામ ભાટવડેકર ઉર્ફે સાવેદાદાનું યોગદાન છે.

આગળ જતાં ઈ.સ. ૧૯૧૨માં નિર્દેશક ગોપાળ રામચંદ્ર તથા દાદાસાહેબ તોરણે અને અ.પ. કરંદીકર, એસ.એન. પાટણકર, વ્હી.પી. દિવેકરે વિદેશી તંત્રજ્ઞાનની સહાયતાથી મુંબઈમાં 'પુંડલિક' કથાચિત્ર દર્શાવ્યુ. ઈ.સ. ૧૯૧૩માં દાદાસાહેબ ફાળકેએ પોતે નિર્દેશિત કરેલું અને ભારતમાંજ બધી



દાદાસાહેબ તોરણે

પ્રક્રિયા કરેલું ચલચિત્ર 'રાજા હરિશ્ચંદ્ર' મુંબઈમાં પ્રદર્શિત કર્યું. ત્યારબાદ ફાળકેએ એકપછી એક મોહિની – ભસ્માસૂર, સાવિત્રી – સત્યવાન જેવી મૂંગી ફિલ્મો અને 'વેરૂળચી લેણી' અને નાસિક – ત્ર્યંબકેશ્વર તીર્થ વિશે માહિતી આપતું ચલચિત્ર તૈયાર કર્યું. જેમાંથી ઐતિહાસિક અને પૌરાણિક વિષયો પર ચલચિત્ર તૈયાર કરવાની પરંપરા શરૂ થઇ.



દાદાસાહેબ ફાળકે

ભારતમાં પહેલો સિને–કેમેરા તૈયાર કરનાર આનંદરાવ પેંટરે ચલચિત્ર નિર્માણમાં રસ દર્શાવ્યો. તેમના માસિયાઇ ભાઈ બાબુરાવ પેંટર અને મિસ્ત્રીએ ઇ.સ. ૧૯૧૮માં 'સૈરંધ્રી' નામનું ચલચિત્ર રજૂ કર્યું. પ્રથમ ઐતિહાસિક મૂંગી ફિલ્મ 'સિંહગડ', કલ્યાણચા ખજિના, બાજીપ્રભુ દેશપાંડે, નેતાજી પાલકર જેવા ઐતિહાસિક ચલચિત્રો તૈયાર કર્યા. તે સિવાય તેમણે 'સાવકારી પાશ' નામનું પહેલું વાસ્તવવાદી ચલચિત્ર બનાવ્યું. ઇ.સ. ૧૯૨૫માં 'બાજીરાવ–મસ્તાની' ચલચિત્ર બનાવનાર ભાલજી પેંઢારકરના ચલચિત્રો દ્વારા રાષ્ટ્રીય વિચારસરણીનો પ્રસાર થાય છે તે ધ્યાનમાં આવતા બ્રિટિશરોએ તેના પર પ્રતિબંધ મૂક્યો.

**જાણી લો**

પહેલાના સમયમાં સિનેમાગૃહમાં ચલચિત્ર શરૂ થાય એ પહેલા માહિતી આપનાર અને સમાચારો આપનાર લઘુચિત્રો દર્શાવવામાં આવતા. તેમના નિર્માણ માટે ભારત સરકારે 'ફિલ્મસ્ ડિવ્હિજન'ની સ્થાપના કરી છે. આ માહિતીપ્રદ અને સમાચાર આપતા ચલચિત્રોનો ઉપયોગ લોકજાગૃતિ માટે કરવામાં આવતો હતો

પહેલા મરાઠી ચલચિત્ર નિર્માત્રી કમલાબાઇ મંગરૂળકરે 'સાવળ્યા તાંડેલ' અને પન્નાદાઇ (હિંદી) જેવા બોલતા ચલચિત્રો તૈયાર કર્યા, ઇ.સ. ૧૯૪૪માં પ્રભાત કંપનીએ બનાવેલું ચલચિત્ર 'રામશાસ્ત્રી' ખૂબ પ્રસિદ્ધિ પામ્યું. સ્વાતંત્ર્યોત્તર કાળમાં આચાર્ય અત્રેએ 'મહાત્મા ફુલે'ના જીવનપર, વિશ્રામ બેડેકરે વાસુદેવ બળવંત ફડકેના જીવન પર ચલચિત્ર તૈયાર કર્યુ. દિનકર દ. પાટીલે 'ધન્ય તે સંતાજી ધનાજી' ચલચિત્ર બનાવ્યું. પ્રભાકર પેંઢારકરનું 'બાલ શિવાજી' ચલચિત્ર ખૂબ મહત્વનું છે.

ભારતીય ચલચિત્રોને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાન મેળવી આપનાર પહેલું ચલચિત્ર 'સંત તુકારામ' હતું. આ ચલચિત્ર પેરિસમાં આયોજિત આંતરરાષ્ટ્રીય ચલચિત્ર મહોત્સવમાં પ્રદર્શિત કરવામાં આવ્યું. આ ચલચિત્રમાં વિષ્ણુપંત પાગનીએ સંત તુકારામની ભૂમિકા ભજવી હતી.

**ચાલો શોધીએ :**

આ પાઠમાં ઉલ્લેખ ન થયો હોય તેવા ઈતિહાસ સંબંધિત ચલચિત્રોની યાદી ઇન્ટરનેટની મદદથી તૈયાર કરો.

જે રીતે મરાઠી ભાષામાં ઐતિહાસિક ચલચિત્રો તૈયાર કરવામાં આવ્યા એજ રીતે હિંદી ભાષામાં પણ અનેક ઐતિહાસિક ચલચિત્રો બનાવવામાં આવ્યા. સ્વાતંત્ર્ય પૂર્વેના કાળમાં બનાવાયેલ હિંદી ચલચિત્રોમાંના સિકંદર, તાનસેન, સમ્રાટ ચંદ્રગુપ્ત, પૃથ્વીવલ્લભ, મોગલ–એ–આઝમ વગેરે ચલચિત્રો ઈતિહાસનો આધાર લઇને બનાવવામાં આવી હતી. 'ડૉ. કોટણીસ કી અમર કહાની' ચલચિત્ર સત્ય–ઘટના પર આધારિત હતું. સ્વાતંત્ર્ય ચળવળ પર આધારિત 'આંદોલન', 'ઝાંસી કી રાની' જેવા ચલચિત્રો મહત્વપૂર્ણ છે.

બોમ્બે ટોકિઝ, ફિલ્મીસ્તાન રાજકમલ પ્રોડક્શન્સ, આર.કે. સ્ટુડિઓઝ, નવકેતન જેવી કંપનીઓએ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે નોંધનીય કામગીરી કરી છે.

**ચાલો શોધીએ :**

ઇન્ટરનેટની મદદથી ૧૯૭૦ થી ૨૦૧૫ સુધીમાં તૈયાર થયેલ ઐતિહાસિક વિષય સંબંધિત મરાઠી ચલચિત્રો વિશે માહિતી મેળવો.

## ૬.૫ મનોરંજન ક્ષેત્રે વ્યાવસાયિક તક

રંગભૂમિ અને ચલચિત્ર ક્ષેત્રે ઇતિહાસના વિદ્યાર્થીઓ માટે અનેક તકો ઉપલબ્ધ છે.

**નાટક** : (૧) નેપથ્ય, વેશભૂષા, કેશભૂષા, રંગભૂષા વગેરેના અચૂક વિગત વર્ણન માટે સંબંધિત ઐતિહાસિક કાળની ચિત્રકળા, શિલ્પકળા, સ્થાપત્ય જેવા વિષયોનો ઊંડો અભ્યાસ કરનાર જાણકારો કલાનિર્દેશનું નિયોજન કરી શકે છે અથવા તે માટે સલાહકાર તરીકે કામ કરી શકે છે.

(૨) સંવાદ લેખનની પ્રક્રિયામાં લેખક અને લેખકના સલાહકાર તરીકે ભાષા અને સંસ્કૃતિના ઇતિહાસના જાણકારની આવશ્યકતા હોય છે.

**ચલચિત્ર** : (૧) ચલચિત્રમાં કથા સાથે સંબંધિત કાળના વાતાવરણનું નિર્માણ તેમજ પાત્રોની વેશભૂષા, કેશભૂષા, રંગભૂષા વગેરેનું નિયોજન કલાનિર્દેશક કરે છે. આ ક્ષેત્રમાં પણ ઇતિહાસના જાણકારો કલાનિર્દેશક અથવા કલાનિર્દેશકના સલાહકાર તરીકે કાર્ય કરી શકે છે.

(૨) ચલચિત્રના સંવાદલેખન માટે ભાષા અને સંસ્કૃતિના જાણકારની આવશ્યકતા હોય છે.



## સ્વાધ્યાય

**૧. (અ) આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) મહારાષ્ટ્રના આદ્યકિર્તનકાર ........... છે.
(અ) સંત જ્ઞાનેશ્વર (બ) સંત તુકારામ
(ક) સંત નામદેવ (ડ) સંત એકનાથ

(૨) બાબુરાવ પેંટરે ......... ચલચિત્ર તૈયાર કર્યુ.
(અ) પુંડલિક (બ) રાજા હરિશ્ચંદ્ર
(ક) સૈરંધ્રી (ડ) બાજીરાવ-મસ્તાની

**(બ) નીચેનામાંથી ખોટી જોડી ઓળખો.**

(૧) રાયગડાલા જેવ્હા જાગ યેતે – વસંત કાનેટકર
(૨) ટિળક અને આગરકર – વિશ્રામ બેડેકર
(૩) સાષ્ટાંગ નમસ્કાર – આચાર્ય અત્રે
(૪) એક ચ પ્યાલા – અણ્ણાસાહેબ કિર્લોસ્કર

**૨. નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**

| | ભજન | કીર્તન | લળિત | ભારૂડ |
|---|---|---|---|---|
| ગુણવૈશિષ્ટ્ય | | | | |
| ઉદાહરણો | | | | |

**૩. ટૂંક નોંધ લખો.**

(૧) મનોરંજનની આવશ્યકતા
(૨) મરાઠી રંગભૂમિ
(૩) રંગભૂમિ અને ચલચિત્ર ક્ષેત્રે ઉપલબ્ધ વ્યાવસાયિક તકો.

**૪. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) ચલચિત્રના માધ્યમમાં ઇતિહાસ વિષય મહત્વનો છે.
(૨) સંત એકનાથના ભારૂડો લોકપ્રિય થયા.

**૫. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો..**

(૧) ભારતીય ચલચિત્ર જગતની જનની તરીકે શા માટે વિખ્યાત છે?
(૨) પોવાડા એટલે શું? સ્પષ્ટ કરો.

**ઉપક્રમ**

સંત એકનાથના ભારુડ મેળવીને શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં અભિનય સહિત રજૂ કરો.

4E1H1J

# ૭. રમત અને ઇતિહાસ

- ૭.૧ રમતનું મહત્વ
- ૭.૨ રમતના પ્રકાર
- ૭.૩ રમતનું આંતરરાષ્ટ્રીયકરણ
- ૭.૪ રમતનું સાહિત્ય અને રમકડાં
- ૭.૫ રમકડાં અને ઇતિહાસ
- ૭.૬ રમત અને સંબંધિત સાહિત્ય તથા ચલચિત્ર
- ૭.૭ રમત અને વ્યાવસાયિક તક

મનોરંજન અને શારીરિક વ્યાયામ માટે કરાતી કોઈપણ કૃતિ એટલે રમત.

રમતનો ઈતિહાસ માણસ જેટલો જ જૂનો છે. કારણકે રમવું એ માણસની નૈસર્ગિક પ્રવૃત્તિ છે. માનવના પ્રારંભિક કાળમાં વિવિધ પ્રકારની રમતો રમવામાં આવતી શિકાર એ ઉદરનિર્વાહના માર્ગની સાથે સાથે રમત અને મનોરંજનનો પણ એક માર્ગ હતો. ભારતના પ્રાચીન સાહિત્યમાં અને મહાકાવ્યોમાં દ્યુત, કુસ્તી, રથ અને ઘોડાની સ્પર્ધા તથા બુદ્ધિકસોટીનો ઉલ્લેખ મળે છે.



કુસ્તી

**શું તમે જાણો છો?**

વડોદરાની પ્રસિદ્ધ પહેલવાન જુમ્માદાદા અને માણિકરાવની વ્યાયામશાળા, પતિયાલાની ક્રીડા વિદ્યાપીઠ, ગુજરાત-ગાંધીનગરની 'સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ વિદ્યાપીઠ', કોલ્હાપૂરની ખાસબાગ અને મોતીબાગ તાલીમ, અમરાવતીનું હનુમાન વ્યાયામ પ્રસારક મંડળ, પુણે-બાલેવાડીનું શ્રી શિવ છત્રપતિ ક્રીડા સંકુલ કુસ્તી અને અન્ય રમતોના પ્રશિક્ષણ માટે પ્રસિદ્ધ છે.

**શું તમે જાણો છો?**



રમતગમત અને ગ્રીક લોકોનો સંબંધ પ્રાચીન કાળથી છે. રમતને નિયમિત અને સુસંઘટિત સ્વરૂપ ગ્રીક લોકોએ આપ્યું. દોડવું, થાળી ફેંક, રથ અને ઘોડાની સ્પર્ધા, કુસ્તી, મુષ્ટિયુદ્ધ વગેરેની સ્પર્ધા તેમણે શરૂ કરી. રમતની સ્પર્ધા પ્રાચીન ઓલિંપિક ગ્રીકના ઓલિમ્પિયા શહેરમાં યોજાતી. આ સ્પર્ધામાં ભાગ લેવો અને વિજય મેળવવો એ સન્માનનીય ગણાતું.

## ૭.૧ રમતનું મહત્વ

આપણાં જીવનમાં રમતનું મહત્વનું સ્થાન છે. જીવનની વ્યથા અને ચિંતા ભૂલવાનું સામર્થ્ય રમતમાં છે. મનને આનંદ આપવાનું અને મનને તાજગી આપવાનું કામ રમત કરે છે. જે રમતમાં ખૂબ શ્રમ અથવા શારીરિક હલનચલન કરવું પડે છે તે રમત દ્વારા ખેલાડીઓનો વ્યાયામ થાય છે. શરીરને સુદૃઢ અને મજબૂત બનાવવામાં રમત મદદરૂપ થાય છે. રમત દ્વારા ધીરજ, ખંત, ખેલદિલી જેવા ગુણો વિકસે છે. સંઘમાં રમાતી રમતો દ્વારા એકબીજા સાથે સહકાર્ય, સંઘભાવનાની

વૃદ્ધિ થાય છે અને નેતૃત્વગુણનો વિકાસ થાય છે.

## ૭.૨ રમતના પ્રકાર

રમતના બેઠી રમત અને મેદાની રમત એમ બે પ્રકાર છે.

**બેઠી રમત :** બેઠી રમત એટલે બેસીને રમાતી રમતો. દા.ત. બુદ્ધિકસોટી (ચેસ), પત્તા, સોગઠી, કેરમ, પાંચીકા જેવી રમતો ક્યાંય પણ બેસીને રમી શકાય છે. ઢીંગલીની રમત પણ નાની છોકરીઓની માનવામાં આવે છે. ઢીંગલીથી ભલે નાની છોકરીઓ રમતી હોય પણ તેમાં ઘરના દરેક જણ સહભાગી થઇ શકે છે. ખાસ કરીને ઢીંગલા-ઢીંગલીના લગ્ન એક કૌટુંબિક આનંદ આપતો પ્રસંગ હોય છે.



બુદ્ધિકસોટી (ચેસ)

**મેદાની રમતો :** મેદાની રમતોના દેશી અને વિદેશી રમત એવા બે પ્રકાર છે. દેશી રમતમાં લંગડી, કબડ્ડી, આંધળો પાટો, ખો-ખો જેવી રમતોનો સમાવેશ થાય છે.



કબડ્ડી

છોકરા-છોકરીઓમાં ગોટી, લગોરી, ગિલ્લીદંડા, ભમરડા, કૂદરડી, લંગડી જેવી રમતો લોકપ્રિય છે.



લંગડી

**શું તમે જાણો છો?**

**ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની દિનચર્યા :**

"બાઈસાહેબ શરીરની ખૂબ કાળજી રાખતા. સવારે ઉઠીને, બે પળ મલ્લખાંભ જઇ કસરત કર્યા બાદ ઘોડેસવારી કરી તરત હાથી પર બેસી હાથીને આંટો મરાવી નાસ્તો કરી અને દૂધ પીને સ્નાન કરતા."

(વિષ્ણુ ભટ્ટ ગોડસેના 'માઝા પ્રવાસ' પુસ્તકમાંથી)

વિદેશી મેદાની રમતોમાં બેડમિંગ્ટન, ટેબલ ટૅનિસ, તેમજ હોકી, ક્રિકેટ, ફૂટબોલ, ગોલ્ફ, પોલો જેવી રમતોનો સમાવેશ થાય છે.

મેદાની રમતોમાં દોડસ્પર્ધા વિશ્વપ્રસિદ્ધ છે. જેમાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, મૅરેથૉન અને અવરોધ સહિતની સ્પર્ધાનો સમાવેશ થાય છે.



ટેબલ - ટેનિસ



ફૂટબોલ

શારીરિક કૌશલ્ય પર આધારિત મેદાની રમતોમાં ગોળાફેંક, થાળીફેંક, લાંબો કૂદકો અને ઊંચો કૂદકો, પાણીની રમતોમાં તરણસ્પર્ધા, વૉટર પોલો, નૌકાનયન તેમજ શારીરિક કસરતની રમતોમાં મલ્લખાંભ, દોરીપર મલ્લખાંભ, જિમ્નેસ્ટિક્સ વગેરેનો સમાવેશ થાય છે.



મલ્લખાંભ



### શું તમે જાણો છો?

શ્રીમતી મનિષા બાઠેએ કરેલા સંશોધન અનુસાર કુસ્તીનું પૂરક મલ્લખાંભ અને તેના થાંભલાનું નિર્માણ ઉત્તર પેશવાઇ કાળના મલ્લવિદ્યાગુરૂ બાળંભટ દેવધરે કર્યું હતું. બાળંભટદાદાને વાનરોની ઝાડ પરની ક્રીડા જોઇને વ્યાયામનો આ પ્રકાર સૂઝ્યો એવું પણ તેમણે નોંધ્યું છે.



સ્કેટિંગ

સાહસિક રમતો – સ્કેટિંગ અને સ્કિઇંગ, આઇસ હોકી જેવી રમતો લોકપ્રિય છે.

સાહસિક અને રોમાંચકારી રમતોમાં પર્વતારોહણ, ગ્લાઈડિંગ, મોટરસાયકલ, મોટર કારની સ્પર્ધાનો સમાવેશ થાય છે.

### ચાલો શોધીએ

શિક્ષક, વાલી અને ઇન્ટરનેટની મદદથી કુસ્તીબાજ ખાશાબા જાધવ, મારૂતિ માને, ભારત રત્ન સચિન તેંડુલકરના જીવન વિશે મહિતી મેળવો.

**રમતની સ્પર્ધા :** રમતની સ્પર્ધાને આખા વિશ્વમાં માન્યતા મળી છે. ઓલિંપિક, એશિયાડ, દિવ્યાંગોની ઓલિંપિક, ક્રિકેટ વિશ્વકપ, હોકી, કુસ્તી, બુદ્ધિકસોટી (ચેસ) જેવી રમતોની સ્પર્ધા જાગતિક સ્તરે યોજાય છે. આપણા દેશમાં હોકી, ક્રિકેટ જેવી રમતો લોકપ્રિય છે. હોકીએ ભારતની રાષ્ટ્રીય રમત છે. આ રમતની સ્પર્ધા સ્થાનિક શહેર, તાલુકા, જિલ્લો રાજ્ય, રાષ્ટ્ર અને



ક્રિકેટ

આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાય છે. રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીઓ તે જ ક્ષેત્રમાં ઉત્તમ કારકિર્દી ઘડી શકે છે.

**શું તમે જાણો છો?**

મેજર ધ્યાનચંદ ભારતીય હોકી ખેલાડી અને સંઘનાયક (કેપ્ટન) હતા. તેમના નેતૃત્વમાં ઈ.સ. ૧૯૩૬માં ભારતીય હૉકી ટીમે બર્લિન ઓલિમ્પિકમાં સુવર્ણચંદ્રક જીત્યો હતો. તેની પહેલા ઈ.સ. ૧૯૨૮ અને ઈ.સ. ૧૯૩૨માં પણ ભારતીય હોકી ટીમ સુવર્ણચંદ્રક જીતી હતી. ત્યારે ધ્યાનચંદ ભારતીય ટીમ વતી રમ્યા હતાં. તેમનો જન્મદિવસ ૨૯ ઑગસ્ટ રાષ્ટ્રીય રમતદિન તરીકે ઉજવવામાં આવે છે. તેમને ‘હોકીના જાદુગર’ કહેવાય છે. ઈ.સ. ૧૯૫૬માં હોકીમાં તેમના યોગદાન માટે તેમને ‘પદ્મભૂષણ’ સમ્માનથી વિભૂષિત કરવામાં આવ્યા છે.

## ૭.૩ રમતનું આંતરરાષ્ટ્રીયકરણ

વીસમા–એકવીસમા શતકમાં રમતનું આંતરરાષ્ટ્રીયકરણ થયું છે. ઓલિમ્પિક, એશિયાડ, બ્રિટિશ રાષ્ટ્રકુળ, વિંબલ્ડન જેવી સ્પર્ધાઓમાં રમાતી ક્રિકેટ, ફૂટબોલ, લૉન ટેનિસ જેવી રમતોનું સીધું પ્રસારણ દૂરદર્શન અને અન્ય ચેનલો પર દુનિયામાં એક જ સમયે કરવામાં આવે છે. જે દેશનો તે રમતમાં કોઈ સહભાગ ન હોય તેવા પ્રેક્ષકો પણ આ રમતનો આનંદ લઈ શકે છે. દા.ત. ક્રિકેટ વિશ્વકપ સ્પર્ધામાં ભારત અંતિમ રાઉન્ડમાં (ફાઈનલ) પહોંચ્યું ત્યારે આખી દુનિયાના પ્રેક્ષકોએ તે સ્પર્ધા જોઈ. દુનિયાભરના આ પ્રેક્ષકોએ રમતનું અર્થકારણ જ બદલી નાખ્યું છે. નવા ખેલાડીઓ શીખવા માટે આ રમતો જુએ છે, પ્રેક્ષક મનોરંજન માટે જુએ છે, કંપનીઓ જાહેરાતની તક તરીકે જુએ છે. પ્રેક્ષકોને રમત વિશે માહિતી આપવા નિવૃત્ત ખેલાડીઓ આવે છે.

## ૭.૪ રમતનું સાહિત્ય અને રમકડાં

નાના બાળકોના મનોરંજન અને શિક્ષણ માટે જે રંગબેરંગી વિવિધ સાધનો અને ઉપકરણો હોય છે, તેમને રમકડાં કહેવાય છે. પ્રાચીન સ્થળોના ખોદકામ દરમ્યાન માટીમાંથી બનાવેલા રમકડાં મળી આવ્યા છે. આ રમકડાં હાથેથી અથવા સાંચા વડે બનાવવામાં આવતા.

પ્રાચીન કાળના ભારતીય સાહિત્યમાં કઠપૂતળીનો ઉલ્લેખ છે. શુદ્રકના એક નાટકનું નામ મૃચ્છકટીક છે મૃચ્છકટીક એટલે માટીની ગાડી.

**શું તમે જાણો છો?**

કથાસરિત્સાગર ગ્રંથમાં અનેક મનોરંજક રમતો અને રમકડાનું વર્ણન છે. તેમાં ઉડતી લાકડાની કઠપૂતળીનું વર્ણન છે. આ કઠપૂતળી ચાંપ દાબતા ઊંચે ઉડે છે, કેટલીક નાચે છે તો કેટલીક અવાજ કરે છે એવો ઉલ્લેખ છે.

**ચાલો શોધીએ**

પૂર્વ ભારતના અનેક ભાગોમાં લાકડાની કઠપૂતળી બનાવવામાં આવે છે. મહારાષ્ટ્રમાં ‘ઠકી’ નામે ઓળખાતી રંગીન લાકડાની કઠપૂતળીઓ બનાવવામાં આવતી.

આ રીતે લાકડાની કઠપૂતળીઓ બનાવવાની પરંપરા ભારતના અન્ય ક્યા પ્રદેશોમાં હતી/છે તે શોધીએ.

તે પ્રાંતોમાં તે કઠપૂતળીનું શું નામ છે, તે શોધીએ.

## ૭.૫ રમકડાં અને ઈતિહાસ

રમકડાં દ્વારા ઈતિહાસ અને તંત્રજ્ઞાનની પ્રગતિ પર પ્રકાશ પડે છે, ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાની માહિતી મળે છે. મહારાષ્ટ્રમાં દિવાળીમાં

કિલ્લા બનાવવાની પરપંરા છે. આ માટીના કિલ્લા પર છત્રપતિ શિવાજી મહારાજ અને તેમના સહકારીઓની પ્રતિમા મૂકવામાં આવે છે. મહારાષ્ટ્રના કિલ્લાઓની સહાયતાથી રચાયેલ ઈતિહાસને પ્રકાશિત કરવાની આ એક રીત છે.

ઈટાલિના પૉંપેઇ શહેરમાં ખોદકામ દરમ્યાન એક ભારતીય હાથીદાંતની કઠપૂતળી મળી આવી. તે પહેલા શતકની હોવાનું ઈતિહાસકારોનું અનુમાન છે. તેના પરથી ભારત અને રોમના પરસ્પર સંબંધનું અનુમાન કરી શકાય આ રીતે ખોદકામ દરમ્યાન મળી આવતા રમકડાં પણ પ્રાચીન કાળમાં વિવિધ દેશોના પરસ્પર સંબંધ પર પ્રકાશ પાડી શકે છે.

## ૭.૬ રમત અને સંબંધિત સાહિત્ય તથા ચલચિત્ર

રમત સંબંધિત સાહિત્ય એ એક નવી જ્ઞાનશાખા છે. રમત સંબંધિત પુસ્તકો, કોશ નવેસરથી તૈયાર કરવામાં આવે છે. મરાઠી ભાષામાં હાલમાં મલ્લખાંભનો ઈતિહાસ પ્રકાશિત કરવામાં આવેલો. વ્યાયામ વિષયનો કોશ છે. રમત વિષયક નિયતકાલિક ‘ષટ્કાર’ પહેલા પ્રસિદ્ધ કરવામાં આવતું હતું. રમત વિશે અંગ્રેજીમાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય ઉપલબ્ધ છે. રમત માટેની દૂરદર્શન ચેનલો છે.

વર્તમાન સમયમાં રમત અને ખેલાડીઓના જીવનપર કેટલીક હિંદી અને અંગ્રેજી ફિલ્મોનું નિર્માણ કરાયું છે. દા.ત. મેરી કોમ અને દંગલ, મેરી કૉમ ઓલિમ્પિકમાં ભાગ લેનારી અને કાંસ્ય પદક મેળવનારી પહેલી મહિલા મુષ્ટીયોદ્ધા જ્યારે ફોગટ બહેનો પહેલી મહિલા કુસ્તીબાજોના જીવનપર આ ફિલ્મો આધારિત છે.

ફિલ્મ/ચલચિત્ર બનાવતી વખતે ચલચિત્રનો કાળખંડ તે સમયની ભાષા, પોશાક, સામાન્ય જનજીવન આ બધી બાબતોનો ઊંડો અભ્યાસ કરવો ઈતિહાસના વિદ્યાર્થીઓ માટે શક્ય હોય છે. કોશાંતર્ગત અથવા વર્તમાનપત્ર અથવા અન્ય સ્થળે ‘રમત’ વિશે લખતી વખતે રમતના ઈતિહાસની માહિતી હોવી આવશ્યક છે.

## ૭.૭ રમત અને વ્યાવસાયિક તક

ઉપલક દૃષ્ટિએ જોતાં રમત અને ઈતિહાસ જુદાં જણાતાં હોય તે છતાં તેમનો નજીકનો સંબંધ છે. ઈતિહાસના વિદ્યાર્થીઓ માટે ‘રમત’ ક્ષેત્રે ઘણી તકો ઉપલબ્ધ છે. ઓલિમ્પિક અથવા એશિયાડ સ્પર્ધા અથવા કોઈપણ સ્વરૂપની રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના સંદર્ભમાં લેખન, સમીક્ષા કરવા માટે ઈતિહાસ જાણકારોની મદદ લેવી પડે છે.

રમતની સ્પર્ધા ચાલુ હોય ત્યારે તેના વિશે સમીક્ષાપૂર્ણ નિવેદન કરવા માટે વિશેષજ્ઞોની આવશ્યકતા હોય છે. તે વિશેષજ્ઞોને રમતનો ઈતિહાસ, પહેલાની આંકડાવારી, રમતના વિક્રમ, પ્રસિદ્ધ ખેલાડી, રમતવિષયક ઐતિહાસિક સ્મૃતિ જેવી બાબતોની માહિતી આપવી આવશ્યક હોય છે.

દૂરદર્શન પર હૉકી, ફૂટબોલ, કબડ્ડી, બુદ્ધિકસોટી (ચેસ) જેવી રમતોની સ્પર્ધા ચાલુ હોય તે જ સમયે તેનું પ્રસારણ ચાલુ હોય છે. વિવિધ ચેનલોને કારણે રમત સંબંધિત નોંધ રાખનારને મહત્વ મળ્યું છે. રમતવિષયક ચેનલો ૨૪ કલાક ચાલુ હોય છે. તેથી આ ક્ષેત્રમાં રોજગારની અનેક તકો ઉપલબ્ધ છે.

રમતની સ્પર્ધામાં પંચની (અમ્પાયર/નિર્ણાયક) આવશ્યકતા હોય છે. પંચ તરીકેની પાત્રતા મેળવવા માટે પરીક્ષા આપવી પડે છે. આવી પાત્રતા પ્રાપ્ત કરનાર પંચોને જિલ્લા, રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરવાની તક મળે છે. સરકારી અને ખાનગી સ્તરે રમતને ઉત્તેજન આપવાના પ્રયત્નો ચાલે છે. ખેલાડીઓને શિષ્યવૃતિ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સરકારી અને ખાનગી સંસ્થાઓમાં ખેલાડીઓ માટે અનામત/આરક્ષિત જગ્યા રાખવામાં આવે છે.

## શું તમે જાણો છો?



પહેલા ક્રિકેટમેચનું મરાઠી ભાષામાં સમાલોચના બાળ જ. પંડિત કરતા. આકાશવાણી પરથી તેમની ચાલુ સમાલોચના (આંખે દેખ્યો અહેવાલ) સાંભળવા લોકો ઉત્સુક રહેતા સમાલોચના કરતી વખતે બાળ પંડિત તે મેદાનનો ઈતિહાસ, ખેલાડીનો ઈતિહાસ, રમત સંબંધિત સ્મૃતિઓ અને પહેલાના વિક્રમો વિશે માહિતી આપતા. તેમને રમતનું અને રમતના ઈતિહાસનું ઉત્તમ જ્ઞાન હોવાને કારણે તેમની સમાલોચના રસપ્રદ રહેતી.

## સ્વાધ્યાય

૧. **(અ) આપેલા પર્યાયોમાંથી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) ઓલિમ્પિક સ્પર્ધાની પરંપરા .......... માં શરૂ થઈ.

(અ) ગ્રીસ (બ) રોમ
(ક) ભારત (ડ) ચીન

(૨) મહારાષ્ટ્રમાં તૈયાર થતી લાકડાની કઠપૂતળીને .......... કહેવામાં આવે છે.

(અ) ઠકી (બ) કાલચંડિકા
(ક) ગંગાવતી (ડ) ચંપાવતી

**(બ) નીચેનામાંથી ખોટી જોડી ઓળખો.**

(૧) મલ્લખાંભ – શારીરિક વ્યાયામની રમત
(૨) વૉટર પોલો – પાણીની રમત
(૩) સ્કેટીંગ – સાહસિક રમત
(૪) બુદ્ધિકસોટી (ચેસ) – મેદાની રમત

૨. **ટૂંક નોંધ લખો.**

(૧) રમકડાં અને ઉત્સવ
(૨) રમત અને ચલચિત્ર

૩. **નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) હાલમાં રમતનું અર્થકારણ બદલાઈ ગયું છે.
(૨) રમકડાં દ્વારા ઈતિહાસ પર પ્રકાશ પડે છે.

૪. **નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો..**

(૧) ભારતના રમત સંબંધી સાહિત્યના ઈતિહાસ વિશે માહિતી આપો.
(૨) રમત અને ઈતિહાસનો પરસ્પર સંબંધ સ્પષ્ટ કરો.
(૩) મેદાની રમત અને બેઠી રમત વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

### ઉપક્રમ

(૧) તમને ગમતી રમત અને તે રમત સંબંધિત ખેલાડી વિશે માહિતી મેળવો
(૨) ખેલાડીઓ પરના પુસ્તકો/માહિતીચિત્રો/ચલચિત્રો પરથી ખેલાડીને તે રમત માટે કેટલો પરિશ્રમ કરવો પડે છે, તે વિશે ચર્ચા કરો.

4EAD37

# ૮. પર્યટન અને ઈતિહાસ

૮.૧ પર્યટનની પરંપરા
૮.૨ પર્યટનના પ્રકાર
૮.૩ પર્યટનનો વિકાસ
૮.૪ ઐતિહાસિક સ્થળોનું જતન અને સંવર્ધન
૮.૫ પર્યટન અને આતિથ્ય ક્ષેત્રે વ્યાવસાયિક તકો

## ૮.૧ પર્યટનની પરંપરા

આપણા દેશમાં પર્યટનની પરંપરા પ્રાચીન કાળથી જ ચાલુ છે. તીર્થસ્થળોની યાત્રા કરવી, સ્થાનિક મેળાની મુલાકાત લેવી, વિદ્યાભ્યાસ માટે દૂરના પ્રદેશમાં જવું, વ્યાપાર માટે જવું, આ નિમિત્તે પહેલા પર્યટન થઇ જતું. ટૂંકમાં કહીએ તો માનવને બહુ પહેલાથી ફરવાનો શોખ છે.

**શું તમે જાણો છો?**

બૌદ્ધ સાહિત્યમાં લોકોની જાગૃતિ માટે સ્વયં ગૌતમ બુદ્ધે ભારતના અનેક પ્રાચીન શહેરોની મુલાકાત લીધાનો ઉલ્લેખ છે. બૌદ્ધ ભિક્ષુઓ માટે સતત ભ્રમણ કરવું આવશ્યક છે. તે જ રીતે જૈન મુનિ અને સાધુઓ પણ સતત ભ્રમણ કરે છે.

ઈ.સ. ૬૩૦માં ચિની પ્રવાસી યુઆન શ્વાંગ ચીનથી ભારત આવ્યો હતો. મધ્યયુગમાં સંત નામદેવ, સંત એકનાથ, ગુરૂ નાનકદેવ, રામદાસ સ્વામી ભારતભ્રમણ કરતા હતા.

**પર્યટન** : દૂરના સ્થળોની વિશિષ્ટ હેતુથી મુલાકાત લેવા માટે કરેલો પ્રવાસ એટલે પર્યટન.

ઓગણીસમાં શતકના ઉત્તરાર્ધમાં થૉમસ કુકે ૬૦૦ લોકો માટે લીસ્ટરથી લાફબરોના રેલ્વે

**શું તમે જાણો છો?**

બેંજામિન ટ્યુડેલા વિશ્વના પહેલા યુરોપીયન સંશોધક પ્રવાસી તરીકે પ્રખ્યાત છે. તેમનો જન્મ સ્પેનમાં થયો હતો. ઈ.સ. ૧૧૫૯ થી ૧૧૭૩ દરમિયાન તેમણે ફ્રાન્સ, જર્મની, ઇટાલી, ગ્રીસ, સિરિયા, અરબસ્તાન, ઈજિપ્ત, ઈરાક, પર્શિયા (ઈરાન), ભારત અને ચીન જેવા દેશોની મુલાકાત લીધી. તેમણે પોતાના પ્રવાસના અનુભવો દૈનંદિની (ડાયરી)માં લખ્યા. આ દૈનંદિની ઈતિહાસનો મહત્વનો દસ્તાવેજ છે.

**માર્કો પોલો** : તેરમા શતકમાં ઇટાલિયન પ્રવાસી માર્કો પોલોએ યુરોપને એશિયા ખંડ અને ખાસ કરીને ચીનનો પરિચય કરાવ્યો. તેઓ ૧૭ વર્ષ ચીનમાં રહ્યા. એશિયા ખંડના પ્રકૃતિ, સમાજજીવન, સાંસ્કૃતિક જીવન અને વેપારની જગતને ઓળખ કરાવી. અહીંથી જ યુરોપ અને એશિયા વચ્ચે સંવાદ અને વ્યાપાર શરૂ થયો.

**ઇબ્ન બતૂતા** : ઇસ્લામ જગતનો દીર્ઘ પ્રવાસ કરનાર ચૌદમા શતકના પ્રવાસી હતા. તેમણે ત્રીસ વર્ષો સુધી વિશ્વભ્રમણ કર્યું. એક જ રસ્તે બે વાર પ્રવાસ ન કરવાનું તેમનું ધોરણ હતું. મધ્યયુગનો ઈતિહાસ અને સમાજજીવન સમજવા માટે બતૂતાનું લેખન ઉપયોગી છે.

**ગેરહાર્ટ મર્કેટર** : સોળમાં શતકના ગેરહાર્ટ મર્કેટર જગતનો નકશો અને પૃથ્વીની ગોળો બનાવનાર નકશા આરેખક તરીકે પ્રસિદ્ધ છે. તેથી યુરોપમાંની શોધ ચળવળોને ગતિ મળી.

પ્રવાસનું આયોજન કર્યું. પૂર્ણ યુરોપનો ભવ્ય વર્તુળાકાર પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. કુકે જ પર્યટક ટિકિટો વેચવાની એજન્સીનો વ્યવસાય શરૂ કર્યો. તેમાંથી જ આધુનિક પર્યટન યુગ શરૂ થયો.



**શું તમે જાણો છો?**

તીર્થયાત્રા માટે દેશના એક છેડેથી બીજા છેડા સુધી પદયાત્રા કરવાની પરંપરા ભારતમાં પહેલેથી જ પ્રચલિત હતી. મહારાષ્ટ્રમાં ઉત્તરમાં અયોધ્યા સુધી અને ત્યાંથી ફરી મહારાષ્ટ્ર સુધીના પ્રવાસનું વર્ણન વિષ્ણુભટ્ટ ગોડસે એ લખ્યું છે. તેમના પ્રવાસ વર્ણનના પુસ્તકનું નામ 'માઝા પ્રવાસ' છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે વિષ્ણુભટે આ પ્રવાસ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામના કાળમાં કર્યો હતો. આ સ્વાતંત્ર્ય સંગ્રામ સંબંધિત અનેક વાતોના તેઓ સાક્ષી હતા. જેના દ્વારા સ્વાતંત્ર્યસંગ્રામ અને વિશેષતઃ રાણી લક્ષ્મીબાઈના જીવન વિશે અનેક વિગતો જાણવા મળે છે. એટલુંજ નહીં પણ અઢારમા શતકમાં મરાઠી ભાષાનું સ્વરૂપ પણ આપણને જાણવા મળે છે. આ પુસ્તક તત્કાલિન ઈતિહાસનું એક મહત્વનું સાધન છે.

## ૮.૨ પર્યટનના પ્રકાર

આધુનિક કાળમાં પર્યટન એક સ્વતંત્ર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યવસાય બની ગયો છે. દેશના અને પરદેશના પુરાતન વાસ્તુ, ઈતિહાસ પ્રસિદ્ધ અને રમણીય પ્રાકૃતિક સ્થળો, પ્રાચીન કલા નિર્મિતિના કેન્દ્રો, તીર્થક્ષેત્રો, ઔદ્યોગિક અને અન્ય પ્રકલ્પની મુલાકાત એ પર્યટનની મુખ્ય પ્રેરણા હોય છે. નિસર્ગનિર્મિત અને માનવનિર્મિત વસ્તુઓની રમ્યતા અને ભવ્યતાનો પ્રત્યક્ષ અનુભવ લેવાની ઈચ્છા આખી દુનિયાના પર્યટકોમાં હોય છે. તેથી હિમશિખરો, સમુદ્રકિનારા, ગીચ જંગલો જેવા ઉપેક્ષિત પ્રદેશ પર્યટનમાં આવ્યા. તેમના પર દશ્ય–શ્રાવ્ય પ્રસાર માધ્યમોમાં કાર્યક્રમો તૈયાર થવા લાગ્યા. પર્યટનના સ્થાનિક, આંતરરાજ્ય, આંતરરાષ્ટ્રીય ધાર્મિક, ઐતિહાસિક, આરોગ્યપૂરક, વિજ્ઞાન, કૃષિ, નૈમિતિક, ક્રીડા પર્યટન જેવા વ્યાપક પ્રકારો છે.

**સ્થાનિક અને આંતરરાજ્ય પર્યટન :** આ પ્રવાસ સુલભ હોય છે તે દેશમાંને દેશમાં જ હોવાથી તેમાં ભાષા, ચલણ, દસ્તાવેજો જેવા અનેક અવરોધો હોતા નથી. ખાસ તો આપણને અનુકૂળ હોય તે સમયાનુસાર આપણે તેનું નિયોજન કરી શકીએ છીએ.

**આંતરરાષ્ટ્રીય પર્યટન :** જહાજ, રેલ્વે અને વિમાનને કારણે આંતરરાષ્ટ્રીય પર્યટન પહેલાં કરતાં વધુ સરળ બન્યો છે. જહાજને કારણે સમુદ્રકિનારા પરના દેશો જોડવામાં આવ્યા છે. રેલ્વે માર્ગથી યુરોપ જોડાયું છે. વિમાન વિશ્વને નજીક લાવ્યું છે. આર્થિક ઉદારીકરણ પછી ભારતમાંથી પરદેશ જનારાની અને પરદેશથી ભારત આવનારાની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. અભ્યાસ, મનોરંજન, સ્થળદર્શન, વ્યાવસાયિક કામો (મીટીંગ, કરાર વગેરે) ચલચિત્રોનું ચિત્રીકરણ જેવા કામો માટે દેશ–વિદેશમાં જનારા–આવનારા પર્યટકોનું પ્રમાણ વધ્યું છે.

**ઐતિહાસિક પર્યટન :** સંપૂર્ણ વિશ્વમાં આ એક મહત્વપૂર્ણ પર્યટન પ્રકાર છે. લોકોનું ઈતિહાસના સંદર્ભમાં કુતૂહલને ધ્યાનમાં રાખીને ઐતિહાસિક પર્યટનનું આયોજન કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજ સંબંધિત કિલ્લાઓ પર દુર્ગ અભ્યાસક ગોપાળ નીલકંઠ દાંડેકર દુર્ગભ્રમણ યાત્રા આયોજિત કરતા હતા. ભારતમાં રાજસ્થાનના કિલ્લા, મહાત્મા ગાંધી અને આચાર્ય વિનોબા ભાવે સંબંધિત આશ્રમ, ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ સંબંધિત સ્થળો જેવા ઐતિહાસિક સ્થળે પર્યટનનું આયોજન કરવામાં આવે છે.

**ભૌગોલિક પર્યટન :** આમાં વિવિધ ભૌગોલિક વૈશિષ્ટ્યોનું નિરીક્ષણ કરવા માટે પર્યટન કરવામાં

આવે છે. અભયારણ્યો, વ્હેલી ઑફ ફ્લાવર્સ (ઉત્તરાખંડ), સમુદ્રકિનારા, ભૌગોલિક વૈશિષ્ટ્યપૂર્ણ સ્થળો (દા.ત. લોણાર સરોવર, નિઘોજમાં આવેલી રાંજણ બખોલો વગેરે) વગેરેનો સમાવેશ ભૌગોલિક પર્યટનમાં થાય છે. આમાંના અનેક સ્થળોની પ્રકૃતિનું અવલોકન કરવું એ ઈચ્છાથી અથવા કુતૂહલવશ અનેક પર્યટકો ત્યાં જાય છે.



વ્હેલી ઑફ ફ્લોવર્સ

**જાણી લો**

વિશ્વના વિવિધ સમાજના લોકો અનેક સ્થળોએ ફેલાયેલા છે. તેમનામાં પ્રચલિત પૌરાણિક કથા અને તે પૌરાણિક કથા સંબંધિત ભૌગોલિક ક્ષેત્રોને કારણે તેમનામાં એકાત્મતાની ભાવના ટકી રહે છે. તે સ્થળોની મુલાકાત મહત્વપૂર્ણ બને છે. તેમાંથી જ ધાર્મિક પર્યટનની શરૂઆત થાય છે. દા.ત. ચારધામ, બાર જ્યોતિર્લિંગ, આમાંના ઘણાં સ્થળોએ લોકોની સુવિધા માટે પુણ્યાત્મા અહિલ્યાબાઇ હોળકરે પોતાની વ્યક્તિગત સંપત્તિ વડે લોકોપયોગી કાર્યો કર્યા છે.

**આરોગ્ય પર્યટન :** ભારતમાં વૈદ્યકીય સેવા અને સુવિધા પાશ્ચાત્ય દેશોના મતે સસ્તી અને ગુણવત્તાયુક્ત છે. આ કારણે વિદેશી લોકો ભારતમાં મબલખ સૂર્યપ્રકાશ ઉપલબ્ધ હોય છે. તેનો લાભ લેવા પણ કેટલાયે લોકો ભારતમાં આવે છે. યોગશિક્ષણ અને આયુર્વેદિક ઉપચાર માટે વિદેશી પર્યટકો ભારતમાં આવે છે.

**કૃષિ પર્યટન :** શહેરી સંસ્કૃતિમાં ઉછરેલા અને કૃષિ જીવનથી અપરિચિત લોકો માટે વર્તમાન સમયમાં કૃષિ પર્યટન નામનો પ્રકાર ઝડપથી ઉદયમાં આવ્યો છે. વર્તમાન સમયમાં ભારતના ખેડૂતો કૃષિવિષયક આધુનિક તંત્રજ્ઞાનની માહિતી મેળવવા માટે દૂર આવેલા કૃષિ સંશોધન કેન્દ્રો, કૃષિ વિદ્યાપીઠો, ઈઝરાયેલની જેમ કૃષિ ક્ષેત્રે અભિનવ પ્રયોગો દ્વારા નવું તંત્રજ્ઞાન વિકસિત કરનારા દેશો જેવા સ્થળોની મુલાકાત લેવા લાગ્યા છે.

**ક્રીડા પર્યટન :** ક્રીડા પર્યટન એ વીસમાં શતકમાં ઉદયમાં આવેલો પ્રકાર છે. જાગતિક સ્તરે ઓલિમ્પિક, વિમ્બલ્ડન અને જાગતિક ચેસ સ્પર્ધા, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્પર્ધા તથા ભારતના સ્તરે હિમાલયીન કાર રેલી, મહારાષ્ટ્ર સ્તરે મહારાષ્ટ્રની કેસરી કુસ્તી સ્પર્ધા જેવી સ્પર્ધાઓ જોવા જવું એટલે ક્રીડા પર્યટન.

**નૈમિત્તિક પર્યટન :** માણસ પર્યટન માટે કારણ શોધતો હોય છે. એકવીસમા શતકમાં એવા અનેક કારણો ઉપલબ્ધ છે. દા.ત. વિશ્વના વિવિધ દેશોમાં યોજતા ફિલ્મ ફેસ્ટિવલ્સ, સંમેલનો, આંતરરાષ્ટ્રીય પુસ્તક પ્રદર્શનો વગેરે કારણે લોકો જુદા જુદા સ્થળે જાય છે. મહારાષ્ટ્રના સાહિત્ય રસિકો પણ દર વર્ષે યોજાતા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલન માટે જતા હોય છે.

**ચાલો શોધીએ**

ઉપર આપેલા પ્રકારો સિવાય વિજ્ઞાનવિષયક પર્યટન, મનોરંજન, સાંસ્કૃતિક પર્યટન અને સમૂહ પર્યટન જેવા પ્રકારો વિશે શિક્ષક અને ઈન્ટરનેટની મદદથી માહિતી મેળવો.

## ૮.૩ પર્યટનનો વિકાસ

પર્યટનના વિકાસ માટે દેશી અને વિદેશી

પર્યટકોની જાગૃતિ એ સૌથી મહત્વનો મુદ્દો છે.

પર્યટકો માટે વાહનવ્યવહાર અને સુરક્ષા, પ્રવાસ દરમ્યાન સુવિધા, ઉત્તમ કક્ષાના નિવાસ

**માહિતી મેળવો.**

સ્વચ્છ ભારત અભિયાન વિશે માહિતી મેળવો.

સ્થાનોની ઉપલબ્ધતા, પ્રવાસ દરમ્યાન સ્વચ્છતાગૃહની સુવિધા જેવી બાબતોને પ્રાધાન્ય આપવું આવશ્યક છે. જેમાં દિવ્યાંગ પર્યટકોની જરૂરિયાતો તરફ વિશેષ ધ્યાન આપવું આવશ્યક છે.

ઐતિહાસિક વારસાના જતન માટે આપણે કેટલીક સાવધાની રાખવી આવશ્યક છે. ઐતિહાસિક વારસાના સ્થળોનું વિકૃતિકરણ ટાળવું, ભીંતો પર લખવું અથવા ઝાડ પર કોતરવું, જૂના વાસ્તુશિલ્પોને ઘેરા રંગે રંગવા, પરિસરમાં સુવિધાનો અભાવ હોવા, જેના કારણે અસ્વચ્છતા વધે છે જેવી બાબતો ટાળવી જોઈએ.

**કહો જોઈએ?**

- આપણે પર્યટકોને કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ કરી આપવી જોઈએ?
- સ્થાનિક તરીકે પર્યટકો સાથે તમે કેવી રીતે વર્તશો?

જાગતિક સ્તરે મહત્વની ભાષામાં માહિતી પુસ્તિકા, માર્ગદર્શિકા, નકશા, ઈતિહાસ વિષયક પુસ્તકો ઉપલબ્ધ કરી આપવા આવશ્યક છે. પર્યટકોને ગાડીમાં ફરવા લઈ જનાર વાહનચાલકને દુભાષિયાનું પ્રશિક્ષણ આપવું, તેમણે માર્ગદર્શક તરીકે કામ કરવું જેવા કાર્યો કરી શકાય.

## ૮.૪ ઐતિહાસિક સ્થળોનું જતન અને સંવર્ધન

ઐતિહાસિક સ્થળોનું જતન અને સંવર્ધન કરવું એ એક મોટું આહ્વાન છે. આપણા દેશને પ્રાચીન, મધ્યયુગીન અને અર્વાચીન ઐતિહાસિક સ્થળોનો વારસો મળ્યો છે. તેની સાથે સાથે નૈસર્ગિક સમૃદ્ધિનો વારસો પણ આપણને મળ્યો છે. આ વારસાના નૈસર્ગિક અને માનવનિર્મિત (સાંસ્કૃતિક) એવા બે પ્રકારો છે. સંપૂર્ણ વિશ્વમાં વખણાયેલ કેટલાક મહત્વના સ્થળો ભારતમાં છે. જેમાં તાજમહેલ અને જંતરમંતર વેધશાળાની સાથે મહારાષ્ટ્રની અજંટા, વેરૂળ, ઘારાપુરી (એલિફંટા ગુફા) છત્રપતિ શિવાજી મહારાજ રેલ્વે સ્થાનક, પશ્ચિમ ઘાટનો કાસનો ઉચ્ચપ્રદેશનો સમાવેશ થાય છે.



ઘારાપુરી ગુફા

**કરી જુઓ**

ઈન્ટરનેટની મદદથી ભારતના સાંસ્કૃતિક, નૈસર્ગિક અને મિશ્ર ઐતિહાસિક વારસા સ્થળોના ચિત્રો ભેગા કરો.



કાસ ઉચ્ચ પ્રદેશ

જાગતિક વારસાસ્થળોની મુલાકાત લેવાની ઇચ્છા આખી દુનિયાના પર્યટકોમાં હોય છે. આ વારસા સ્થળો જોવા માટે આપણા દેશમાં હજારો વિદેશી લોકો આવે છે. જાગતિક વારસા સ્થળોમાં ભારતના એકાદ સ્થળની પસંદગી થાય એટલે આપણી છાતી ગર્વથી ફૂલી જાય છે. પરંતુ આપણે જ્યારે તે સ્થળે પ્રવાસ માટે જઇએ છીએ ત્યારે આપણને શું દેખાય છે? સ્થળના પરિસરમાં પર્યટકો ચોકથી, કોલસાથી પોતાના નામો લખે છે, ચિત્રો દોરે છે. તેનું વિપરીત પરિણામ આપણાં દેશની છબી પર પડે છે. પર્યટન સ્થળોના જતન માટે નીચેની પ્રતિજ્ઞા કરવી જરૂરી છે.

(૧) હું પર્યટન સ્થળે સ્વચ્છતા જાળવીશ. કચરો ફેંકીશ નહીં.

(૨) કોઈપણ ઐતિહાસિક વાસ્તુનું વિકૃતિકરણ કરીશ નહીં.

## ૮.૫ પર્યટન અને આતિથ્યક્ષેત્રે વ્યાવસાયિક તકો

પર્યટન સૌથી વધુ રોજગાર નિર્માણ કરનાર ઉદ્યોગ બની શકે છે. જો આપણે તેના પર વ્યાવસાયિક પદ્ધતિથી ધ્યાન આપીએ તો એ એક કાયમી વ્યવસાય છે જેમાં નવીન પ્રયોગો કરવાની ભરપૂર તકો છે.

પર્યટનને કારણે અનેક લોકો માટે રોજગારની તકો નિર્માણ થાય છે. વિદેશી પર્યટકો વિમાનમથકે પગ મૂકે તે પહેલાં તે મુલાકાત લેનાર દેશને આવક મેળવી આપવાની શરૂઆત કરે છે. તેણે ભરેલી વીઝા ફીને કારણે આપણાં દેશને મહેસૂલ (કર) મળે છે. પોતાના દેશમાં પાછો જાય ત્યાં સુધી પર્યટક પ્રવાસખર્ચ, હોટલમાં રહેવું, જમવું, દુભાષિયાની મદદ લેવી, વર્તમાનપત્રો સંદર્ભ સાહિત્ય વેચાતા લેવા, યાદગીરી તરીકે સ્થાનિક વસ્તુઓ વેંચાતી લેવી જેવી અનેક બાબતો કરે છે.

પર્યટન કેન્દ્રના પરિસરમાં બજાર વિકસે છે. ત્યાંના હસ્તઉદ્યોગ અને કુટિરઉદ્યોગનો વિકાસ થાય છે. તે વસ્તુઓની ખરીદ-વેચાણમાં વૃદ્ધિ થાય છે. દા.ત. સ્થાનિક ખાદ્ય પદાર્થ, ત્યાંના હસ્તકૌશલ્યની વસ્તુ વગેરે. પર્યટકો શોખથી ખરીદી કરે છે. તેથી સ્થાનિકોના રોજગારમાં વૃદ્ધિ થાય છે.

**વારસા મુસાફરી (હેરિટેજ વૉક) :**

ઐતિહાસિક વારસા સ્થળોની મુલાકાત લેવા જવાને 'હેરિટેજ વૉક' કહેવાય છે. જ્યાં ઈતિહાસ રચાયો તે સ્થળે પ્રત્યક્ષ જઈને તેના ઈતિહાસને જાણવાની અનુભૂતિ હેરિટેજ વૉકમાં થાય છે

સંપૂર્ણ વિશ્વમાં આવા ઉપક્રમ ચલાવવામાં આવે છે. ભારતનો સેંકડો વર્ષોના ઈતિહાસ છે. ભારતના પ્રત્યેક રાજ્યમાં ઐતિહાસિક સ્થળો છે. જેમાં પ્રાચીન, મધ્યયુગીન અને આધુનિક સ્થળોનો સમાવેશ થાય છે. ગુજરાતના અમદાવાદ શહેરમાં હેરિટેજ વૉક પ્રસિદ્ધ છે. મહારાષ્ટ્રમાં મુંબઈ-પુણે જેવા શહેરોમાં આવા ઉપક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં ઐતિહાસિક વાસ્તુનું જતન કરવું, તેના વિશે માહિતી ભેગી કરવી અને તે વિવિધ માધ્યમો દ્વારા આખા વિશ્વમાં પહોંચાડવી વગેરે જેવા ઉપક્રમો ચલાવવામાં આવે છે. ઐતિહાસિક વ્યક્તિઓના નિવાસસ્થાન પણ ઐતિહાસિક વારસો હોય છે. કેટલીક જગ્યાએ આવા સ્થળે નીલફલક લગાડવામાં આવે છે.



**કરી જુઓ**

શિક્ષકની મદદથી પોતાના પરિસરમાંના ઐતિહાસિક સ્થળોની મુલાકાત માટે વારસા મુસાફરીનું આયોજન કરો.

**મહારાષ્ટ્રમાં પર્યટનનો વિકાસ :** મહારાષ્ટ્ર પર્યટનની દૃષ્ટિએ વૈભવશાળી વારસો ધરાવતું રાજ્ય છે. અજંટા, વેરૂળ, ઘારાપુરી (એલિફંટા) જેવી વિશ્વપ્રસિદ્ધ ગુફા અને શિલ્પો તથા ચિત્રો, પંઢરપૂર, શિર્ડી, શેગાંવ, તુળજાપૂર, કોલ્હાપૂર,

નાસિક, પૈઠણ, ત્ર્યંબકેશ્વર, દેહુ, આણંદી, જેજુરી જેવા અનેક દેવસ્થાનકો, હાજીમલંગ, નાંદેડનું ગુરૂદ્વારા, મુંબઇનું માઉન્ટ મેરી ચર્ચ, મહાબળેશ્વર, પંચગિની, ખંડાલા, લોનાવલા, માથેરાન, ચિખલદરા જેવા હવા ખાવાના સ્થળો કોયનાનગર, જાયકવાડી, ભાટઘર, ચાંદોલીના બંધો, દાજીપૂર, સાગરેશ્વર, તાડોબા અભયારણ્યો, મહારાષ્ટ્રના મહત્વપૂર્ણ પર્યટન સ્થળો છે.

ઈ.સ. ૧૯૭૫માં 'મહારાષ્ટ્ર પર્યટન વિકાસ મહામંડળ'ની સ્થાપના કરવામાં આવી. જેથી પર્યટન વિકાસને વેગ મળ્યો. આ મહામંડળ તરફથી રાજ્યમાં ૪૭ સ્થળે પર્યટક નિવાસની સુવિધા કરવામાં આવી છે. જેમાં આશરે ચાર હજાર કરતાં વધારે પર્યટકોના નિવાસની સુવિધા છે. તેમજ અનેક ખાનગી વ્યાવસાયિકો પણ આ વ્યવસાયમાં આવ્યા છે.

### શું તમે જાણો છો?

**ભારતનું પહેલું એકમાત્ર 'પુસ્તકોનું' ગામ**

મહાબળેશ્વરની નજીક આવેલું ભિલાર કુદરતી સૌંદર્ય અને સ્ટ્રૉબેરીની મીઠાશ ધરાવતું ગામ છે. આ પુસ્તકોના ગામમાં અનેક ઘરોમાં પર્યટકો માટે જ પુસ્તકો છે. વાચન પ્રવૃત્તિ વધારવી, મરાઠી ભાષાના નવા-જૂના લેખક, સંત સાહિત્ય, કથા-નવલકથા, કવિતા, લલિત નિબંધ, ચરિત્ર-આત્મકથા, સ્ત્રી સાહિત્ય, ક્રીડા, બાળસાહિત્યથી સમૃદ્ધ સદાબહાર વિશ્વમાં તમે 'વાંચનનો આનંદ' મેળવો, તે માટે મહારાષ્ટ્ર શાસનને આ પ્રકલ્પ શરૂ કર્યો છે.

જે તમે પર્યટન માટે મહાબળેશ્વર જાઓ તો ભિલાર ગામ એટલે કે પુસ્તકોના ગામની અવશ્ય મુલાકાત લેજો.

### શું તમે જાણો છો?

મહાબળેશ્વર, પાચગણી (પંચગિની) એ હવા ખાવાના સ્થળ છે. આ સ્થળે હજારો પર્યટકો આવે છે. ત્યાં માર્ગદર્શક પર્યટકોને કેટલાક મહત્વના સ્થળો વિશે માહિતી આપે છે, તે સ્થળો દેખાડે છે. કેટલાક ખાસ સ્થળોએ ફોટોગ્રાફર ફોટો પાડી આપે છે. ઘોડાવાળા ઘોડા પર આંટો મરાવે છે, ઘોડાગાડીમાં ફરાવવા લઇ જાય છે. આ બધાં કામો ત્યાંના સ્થાનિક લોકો કરે છે. આ કામથી તેમને રોજગાર મળે છે. એટલે જ પર્યટન તેમની આજીવિકાનું સાધન બને છે.

### જાણી લો.

ઉચ્ચ કક્ષાની શિક્ષણ સંસ્થાની મુલાકાત લેવી, એકાદ સ્થળની સ્થાનિક સંસ્કૃતિ, ઈતિહાસ, પરંપરા અને ઐતિહાસિક સ્મારકોની મુલાકાત લેવી, ત્યાંના લોકોએ વિવિધ ક્ષેત્રોમાં મેળવેલ યશની માહિતી મેળવવી તેમજ ત્યાંના નૃત્ય, સંગીત, મહોત્સવમાં ભાગ લેવો વગેરે ઉદ્દેશોથી કરેલું પર્યટન એટલે સાંસ્કૃતિક કાર્યક્રમ.

### કહો જોઈએ?

- પર્યટનના કારણે તમારા પરિસરમાં ક્યા ક્યા વ્યવસાય નિર્માણ થયા છે?
- પર્યટનને કારણે પરિસરના લોકોની રહેણીકરણીમાં શો ફેરફાર જણાઇ આવેલ છે?

## સ્વાધ્યાય

**૧. (અ) આપેલી પર્માયો પૈકી યોગ્ય જોડી પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) કુકે ........... વેંચવાની એજન્સીનો વ્યવસાય શરૂ કર્યો.
(અ) હસ્તકૌશલ્યની વસ્તુ
(બ) રમકડાં
(ક) ખાદ્ય વસ્તુ
(ડ) પર્યટનટિકિટો

(૨) મહાબળેશ્વર નજીકનું ભિલાર ગામ.........ના ગામ તરીકે પ્રસિદ્ધ છે.
(અ) પુસ્તકો (બ) વનસ્પતિ
(ક) આંબા (ડ) કિલ્લા

**બ. નીચેનામાંથી ખોટી જોડી ઓળખીને લખો.**

(૧) માથેરાન – હવા ખાવાનું સ્થળ
(૨) તાડોબા – ગુફા
(૩) કોલ્હાપૂર – દેવસ્થાનક
(૪) અજંટા – જાગતિક વારસાસ્થળ

**૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) વર્તમાન કાળમાં વિદેશ જવાનું પ્રમાણ વધ્યું છે.
(૨) આપણે આપણાં નૈસર્ગિક અને સાંસ્કૃતિક વારસાનું જતન કરવું જોઇએ.


**૩. ટૂંક નોંધ લખો.**

(૧) પર્યટનની પરંપરા (૨) માર્કો પોલો
(૩) કૃષિ પર્યટન

**૪. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

(૧) પર્યટનના વિકાસ માટે કઇ સાવધાની રાખવી આવશ્યક છે?
(૨) પર્યટન વ્યવસાયને કારણે સ્થાનિક સ્તરે રોજગાર કેવી રીતે નિર્માણ થાય છે?
(૩) તમારા પરિસરનો પર્યટનની દૃષ્ટિએ કેવી રીતે વિકાસ કરશો?

**૫. નીચેનું સંકલ્પનાચિત્ર પૂર્ણ કરો.**




**૬. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

(૧) પર્યટન સંબંધિત વ્યાવસાયિક ક્ષેત્રો સ્પષ્ટ કરો.
(૨) પયર્ટનના કોઇપણ ત્રણ પ્રકાર સ્પષ્ટ કરો.

**ઉપક્રમ**

ઐતિહાસિક સ્થળોના જતન અને સંવર્ધનની જરૂરિયાત સ્પષ્ટ કરો. તેના માટે કઇ ઉપાયયોજના કરી શકાય, તેની ચર્ચા કરો.

4EJ94U

# ૯. ઐતિહાસિક સાધનોનું જતન

૯.૧ ઇતિહાસના સાધનો અને તેનું જતન
૯.૨ કેટલાક પ્રસિદ્ધ સંગ્રહાલયો
૯.૩ ગ્રંથાલય અને અભિલેખાગાર
૯.૪ શબ્દકોશ સાહિત્ય

આજે ઉપલબ્ધ ઈતિહાસના સાધનો અને તે સાધનોના આધારે લખાયેલ ગ્રંથ એ અનેક ઈતિહાસકારોના અથાગ પરિશ્રમનું ફળ છે. આ અમૂલ્ય ઐતિહાસિક વારસાનું જતન-સંવર્ધન કરવાનું અને તેમાંથી કેટલાંક પસંદ કરાયેલ દસ્તાવેજો, ગ્રંથ, પુરાતત્વવસ્તુ પ્રદર્શિત કરવાનું કામ સંગ્રહાલયો, તેની સાથે સંબંધિત અભિલેખાગારો અને ગ્રંથાલયો કરે છે. તેમના કાર્યોની વિસ્તૃત માહિતી લોકો સુધી પહોંચે તે માટે તેમના દ્વારા સંશોધનનિયતકાલિકો અને અન્ય પ્રકાશનો પ્રસિદ્ધ કરવામાં આવે છે.

જે દસ્તાવેજો, પુરાતત્વ વસ્તુ વગેરે પ્રદર્શિત કરવામાં આવતી નથી પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્વની હોય છે. તેનું અભિલેખાગારમાં જતન કરવામાં આવે છે. સંશોધકોને તે દસ્તાવેજ અને પુરાતત્વ વસ્તુઓ જરૂરિયાત મુજબ ઉપલબ્ધ કરી આપવામાં આવે છે. ગ્રંથાલયો ગ્રંથોનું જતન અને વ્યવસ્થાપન કરે છે.

## ૯.૧ ઇતિહાસના સાધનો અને તેમનું જતન

ઈતિહાસના સાધનો મેળવવા, તેમની નોંધ કરી તેની સૂચિ તૈયાર કરવી, હસ્તલિખિત પ્રતો, જૂના ગ્રંથો, પુરાતત્વ વસ્તુઓ જેવા ભૌતિક સાધનોની સાફસફાઇ અને તેનું પ્રદર્શન અત્યંત સાવધાનીપૂર્વક કરવું પડે છે. આ કામો માટે વિવિધ વિષયોમાંની કૃતિ માટે પ્રશિક્ષણની આવશ્યકતા હોય છે. યોગ્ય પ્રશિક્ષણ મેળવ્યા બાદ જ આ કૃતિઓ કરી શકાય છે.

### ૧. મૌખિક સાધનો

- લોકગીતો, વાર્તા વગેરેનું સંકલન કરવું.
- સંકલિત સાહિત્યનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરવું, અર્થઘટન કરવું.
- સંશોધિત મૌખિક સાહિત્ય પ્રકાશિત કરવું.

**ઉપયુક્ત પ્રશિક્ષણ :** (૧) સમાજશાસ્ત્ર (૨) સામાજિક માનવશાસ્ત્ર (૩) મથકો અને ભાષાશાસ્ત્ર (૪) ગ્રંથાલય વ્યવસ્થાપન (૫) ઈતિહાસ અને ઈતિહાસ સંશોધન પદ્ધતિ (૬) સંશોધન વિશેનું લેખન.

### ૨ લિખિત સાધનો

- તામ્રપત્રો, દસ્તાવેજો, ખાનગી પત્રો અને દૈનંદિની (ડાયરી), ઐતિહાસિક ગ્રંથો, હસ્તલિખિત પત્રો, ચિત્રો, છાયાચિત્રો, જૂના ગ્રંથો વગેરે દસ્તાવેજોનું સંકલન-સંપાદન કરવું.
- દસ્તાવેજોના સંવર્ધન માટે આવશ્યક સફાઇ અને અન્ય રાસાયણિક પ્રક્રિયાઓ કરવી.
- દસ્તાવેજોનું ઐતિહાસિક મૂલ્ય નિશ્ચિત કરવું.
- સંપાદિત સાહિત્ય અને સંશોધનનો નિષ્કર્ષ પ્રકાશિત કરવો.

**ઉપયુક્ત પ્રશિક્ષણ :**

૧. બ્રાહ્મી, મોડી, પર્શિયન જેવી લિપી અને તેમના વિકાસનાં ક્રમનું જ્ઞાન

૨. ઈતિહાસ કાલિન સમાજ રચના અને પરંપરા, સાહિત્ય અને સંસ્કૃતિ, રાજસત્તા, શાસન વ્યવસ્થા ઈત્યાદિનું પ્રાથમિક જ્ઞાન

૩. વિવિધ ચિત્રશૈલી, શિલ્પકલાશૈલી અને તેમના વિકાસના ક્રમનું જ્ઞાન

૪. કાગળોના પ્રકાર, સ્યાહી અને રંગનું જ્ઞાન

૫. કોતરણી માટે વપરાયેલા પથ્થર, ધાતુ વિશેની માહિતી
૬. દસ્તાવેજોની સફાઇ અને સંવર્ધન માટે આવશ્યક રાસાયણિક પ્રક્રિયા માટે જોઇતા ઉપકરણો અને રસાયણોની માહિતી
૭. સંગ્રહાલયોની આર્ટ ગેલેરીમાં પ્રદર્શન વ્યવસ્થાપન અને માહિતી તંત્રજ્ઞાન
૮. સંશોધન પર લેખન

### ૩. ભૌતિક સાધનો

- પુરાતત્વીય વસ્તુઓનું સંકલન, કાળખંડ અને પ્રકાર અનુસાર વર્ગીકરણ કરવું, સૂચિ તૈયાર કરવી.
- પુરાતત્વીય વસ્તુઓના સંવર્ધન માટે આવશ્યક સફાઈ અને અન્ય રાસાયણિક પ્રક્રિયા કરવી.
- પસંદ કરાયેલ પુરાતત્વીય વસ્તુઓ અથવા તેની પ્રતિકૃતિ પ્રદર્શિત કરવી.
- પુરાતત્વીય વસ્તુ સંબંધી સંશોધન પરનું લેખન પ્રસિદ્ધ કરવું.
- વનસ્પતિ અને પ્રાણીના જીવાશ્મનું વર્ગીકરણ કરવું. સૂચિ તૈયાર કરવી.
- કેટલાક જીવાશ્મ અથવા તેમની પ્રતિકૃતિનું પ્રદર્શન કરવું.

### ઉપયુક્ત પ્રશિક્ષણ

૧. પુરાતત્વીય અભ્યાસ પદ્ધતિ, સિદ્ધાંત અને પ્રાચીન સંસ્કૃતિનો પરિચય
૨. પુરાતત્વીય વસ્તુઓ બનાવવા માટે વપરાયેલા પથ્થર, ખનિજો, ધાતુ, ચિકણી માટી જેવા માધ્યમોના પ્રાદેશિક સ્ત્રોત, તેમના રસાયણશાસ્ત્રીય વૈશિષ્ટ્યોનું જ્ઞાન
૩. પુરાતત્વીય વસ્તુની સફાઇ અને અન્ય રાસાયણિક પ્રક્રિયા માટે જોઇતા ઉપકરણો અને રસાયણોની માહિતી
૪. વિવિધ કલાશૈલી અને તેમના વિકાસના ક્રમનું જ્ઞાન.
૫. પુરાતત્વીય વસ્તુ અને જીવાશ્મોની પ્રતિકૃતિ બનાવવાનું કૌશલ્ય
૬. સંગ્રહાલયની આર્ટ ગેલેરીમાં પ્રદર્શન વ્યવસ્થાપન અને માહિતી તંત્રજ્ઞાન
૭. સંશોધન પર લેખન

## ૯.૨ કેટલાક પ્રસિદ્ધ સંગ્રહાલયો

મધ્યયુગમાં યુરોપમાં રાજકુટુંબોની વ્યક્તિ અને શ્રીમંત લોકોએ સંગ્રહિત કરેલી કલાવસ્તુઓના વ્યવસ્થાપનની જરૂરિયાતમાંથી સંગ્રહાલયની કલ્પનાનો ઉદય થયો.

**લુવ્ર સંગ્રહાલય, ફ્રાન્સ :** પૅરિસ શહેરમાંના લુવ્ર સંગ્રહાલયની સ્થાપના અઢારમાં શતકમાં કરવામાં આવી. ફ્રેંચ રાજકુટુંબોની વ્યક્તિઓએ સંગ્રહિત કરેલી કલાવસ્તુઓને સૌપ્રથમ લુવ્ર સંગ્રહાલયમાં પ્રદર્શિત કરવામાં આવી. જેમાં વિશ્વપ્રસિદ્ધ ઇટાલિયન ચિત્રકાર લિઓનાર્દો દ વિંચીએ દોરેલ બહુચર્ચિત ચિત્ર 'મોનાલિસા'નો સમાવેશ છે. લિઓનાર્દો દ વિંચી સોળમા શતકમાં થયેલા રાજા ફ્રાન્સિસ પહેલાનો અગત્યનો દરબારી હતો. નેપોલિયન બોનાપાર્ટે પોતાની ચડાઇઓ દરમ્યાન સ્વદેશ લાવેલી કલાવસ્તુઓને કારણે લુવ્ર સંગ્રહાલયનો સંગ્રહ ખૂબ જ વધ્યો. હાલમાં આ સંગ્રહાલયમાં અશ્મયુગથી લઇને આધુનિક કાળની ૩ લાખ ૮૦ હજારથી વધુ કલાત્મક વસ્તુઓ છે.


મોનાલિસા

**બ્રિટિશ સંગ્રહાલય, ઇંગ્લેન્ડ :** લંડન શહેરમાં આવેલા બ્રિટિશ સંગ્રહાલયની સ્થાપના અઢારમાં શતકમાં થઇ. તત્કાલીન નિસર્ગવૈજ્ઞાનિકે પોતે સંગ્રહ કરેલી આશરે એકોતેર હજાર વસ્તુઓ ઇંગ્લેન્ડના રાજા જ્યોર્જ બીજાને સુપ્રત કરી. જેમાં અનેક ગ્રંથો, ચિત્રો, વનસ્પતિના નમૂના વગેરેનો સમાવેશ હતો. આગળ જતાં અંગ્રેજોએ પોતાની વસાહતોમાંથી પોતામાં દેશમાં લાવેલી કલાત્મક વસ્તુઓ, પ્રાચીન અવશેષોને કારણે બ્રિટિશ સંગ્રહલયોમાં વસ્તુઓની સંખ્યા વધતી

ગઈ. આજે આ સંગ્રહાલયમાં આશરે એંસી લાખ જેટલી વસ્તુઓનો સંગ્રહ કરાયો છે. ભારતની અનેક પુરાતત્વીય વસ્તુઓનો સમાવેશ તેમાં થાય છે.



બ્રિટિશ સંગ્રહાલય, ઇંગ્લેંડ

**નેશનલ મ્યુઝિયમ ઑફ નેચરલ હિસ્ટરી, યુનાયટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા** : ઇસવીસન ૧૮૪૬માં અમેરિકામાં સ્મિથ સોનિયન ઇન્સ્ટિટ્યુશન સંસ્થાના વ્યવસ્થાપન હેઠળના આ નૈસર્ગિક ઇતિહાસના સંગ્રહાલયની સ્થાપના કરવામાં આવી. અહીં વનસ્પતિ, પ્રાણીના અવશેષો, જીવાશ્મિ ખનિજો, પથ્થરો, માનવ પ્રજાતિના અશ્મીભૂત અવશેષો અને પુરાતત્વીય વસ્તુઓના બાર કરોડથી વધુ નમૂનાનો સંગ્રહ છે.

**જાણી લો.**

**ભારતના પ્રસિદ્ધ સંગ્રહાલયો**

ઈન્ડિયન મ્યુઝિયમ, કોલકાતા; નૅશનલ મ્યુઝિયમ, દિલ્લી; છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુસંગ્રહાલય, મુંબઈ; સાલારજંગ મ્યુઝિયમ, હૈદરાબાદ; દ કેલિકો મ્યુઝિયમ ઑફ ટેક્સટાઈલ્સ, અમદાવાદ એ ભારતના કેટલાક પ્રસિદ્ધ સંગ્રહાલયો છે.

**ભારતના સંગ્રાહલયો** : ઈ.સ. ૧૮૧૪માં ‘એશિયાટિક સોસાયટી ઑફ બેંગૉલ’ સંસ્થાએ કોલકતામાં ભારતના પ્રથમ સંગ્રહાલય ‘ભારતીય સંગ્રહાલય’ની સ્થાપના કરી. ઈ.સ. ૧૮૫૧માં ચેન્નઈમાં શરૂ થયેલ ‘ગવર્મેન્ટ મ્યુઝિયમ’ ભારતનું બીજું સંગ્રહાલય હતું. ઈ.સ. ૧૯૪૯માં દિલ્લીમાં ‘રાષ્ટ્રીય વસ્તુ સંગ્રહાલય’ (નેશનલ મ્યુઝિયમ)ની સ્થાપના થઈ. આજે ભારતના વિવિધ રાજ્યોમાં અનેક સંગ્રહાલયો છે. મોટે ભાગે મોટા સંગ્રહાલયોના પોતાના અભિલેખાગાર અને ગ્રંથાલય હોય છે. કેટલાક સંગ્રહાલયો વિદ્યાપીઠો સાથે સંલગ્ન હોય છે. આ સંગ્રહાલયો દ્વારા સંગ્રહાલય શાસ્ત્ર વિષયના વિવિધ અભ્યાસક્રમો શીખવવામાં આવે છે.



નેશનલ મ્યુઝિયમ ઑફ નેચરલ હિસ્ટરી

સંગ્રહાલયશાસ્ત્રમાં પદવી અને પદવિકા અભ્યાસક્રમ ધરાવતી ભારતની કેટલીક પ્રમુખ સંસ્થાઓ અને વિદ્યાપીઠો.

૧. રાષ્ટ્રીય વસ્તુ સંગ્રહાલય, દિલ્લી

૨. મહારાજ સયાજીરાવ વિદ્યાપીઠ, વડોદરા.

૩. કોલકત્તા વિદ્યાપીઠ, કોલકત્તા

૪. બનારસ હિંદુ વિદ્યાપીઠ, વારાણસી

૫. અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલિગઢ

૬. જિવાજી વિદ્યાપીઠ, ગ્વાલિયર

**છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુ સંગ્રહાલય, મુંબઇ :** ઈ.સ. ૧૯૦૪માં મુંબઈના કેટલાક પ્રતિષ્ઠિત નાગરિકોએ પ્રિન્સ ઑફ વેલ્સની ભારત મુલાકાતની યાદમાં એક વસ્તુ સંગ્રહાલય બાંધવાનો નિર્ણય કર્યો. ઈ.સ.૧૯૦૫ના નવેમ્બર મહિનામાં આ સંગ્રહાલયની ઈમારતનો પાયો નખાયો અને સંગ્રહાલયનું નામ 'પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ ઑફ વેસ્ટર્ન ઇંડિયા' નક્કી કરવામાં આવ્યું. ઈ.સ. ૧૯૯૮માં આ સંગ્રહાલયનું નામ બદલીને 'છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુ સંગ્રહાલય' રાખવામાં આવ્યું.



છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુસંગ્રહાલય, મુંબઇ

સંગ્રહાલયની ઈમારત ઇંડો–ગોથિક શૈલીથી બાંધવામાં આવી છે. તેને મુંબઇ શહેરની પ્રથમ કક્ષાની સાંસ્કૃતિક વારસા ઇમારતનો દરજ્જો આપવામાં આવ્યો છે. સંગ્રહાલયમાં કળા, પુરાતત્વ અને નિસર્ગનો ઇતિહાસ એમ ત્રણ વર્ગમાં વહેંચાયેલી આશરે પચાસ હજાર પુરાતત્વીય વસ્તુનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

## ૯.૩ ગ્રંથાલયો અને અભિલેખાગાર :

ગ્રંથાલયો જ્ઞાન અને માહિતીનો ભંડાર હોય છે. ગંથાલયશાસ્ત્રનો વ્યવસ્થાપન શાસ્ત્ર, માહિતી તંત્રજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર જેવા વિષયો સાથે નજીકનો સંબંધ છે. ગ્રંથોનું સંકલન, તેમનું પધ્ધતિસર આયોજન, જતન અને સંવર્ધન, માહિતીના સ્ત્રોતનું પ્રસારણ જેવા મહત્વના કાર્યો ગ્રંથાલયો દ્વારા કરવામા આવે છે. વાચકોની આવશ્યકતાનુસાર જોઈએ ત્યારે ચોક્કસ ગ્રંથ ઉપલબ્ધ કરી આપવાનું ગ્રંથાલય વ્યવસ્થાપનમાં ખૂબ મહત્વ છે.

તક્ષશિલા વિદ્યાપીઠમાંના ગ્રંથાલય (ઈ.સ.પૂર્વે આશરે પાચમાં શતકથી ઈ.સ.ના પાચમાં શતક), મેસોપોટેમિયાના અસિરિયન સામ્રાજ્યના સમ્રાટ અસુરબાનીપાલના ગ્રંથાલય (ઈ.સ. પૂર્વે સાતમું શતક) અને ઇજિપ્તના એલેક્ઝાંડ્રિયામાં આવેલું ગ્રંથાલય (ઈ.સ.પૂર્વે ચોથું શતક) એ જગતના સૌથી પ્રાચીન ગ્રંથાલયો માનવામાં આવે છે.

તામિલનાડુના તંજાવરમાં આવેલું 'સરસ્વતી મહાલ ગ્રંથાલય' સોળમા–સત્તરમા શતકમાં નાયક રાજાના કાળમાં બાંધવામાં આવ્યુ. ઈ.સ. ૧૬૭૫માં વ્યંકોજીરાજા ભોસલેએ તંજાવર જીતી લીધું અને પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યુ. વ્યંકોજીરાજે ભોસલે અને તેમના વંશજોએ સરસ્વતી મહાલ ગ્રંથાલયને વધુ સમૃદ્ધ કર્યું. જેમાં સરફોજીરાજે ભોસલેનું મહત્વનું યોગદાન હતું. તેમના સન્માનમાં ઈ.સ. ૧૯૧૮માં આ ગ્રંથાલયને તેમનું નામ આપવામાં આવ્યું. આ ગ્રંથાલયમાં આશરે ઓગણપચાસ હજાર ગ્રંથનો સંગ્રહ છે.

ભારતના અનેક ગ્રંથાલયો પૈકી કેટલાક ગ્રંથાલયોની વિશેષ નોંધ લેવી જોઇએ જેમાં કોલકતાની 'નૅશનલ લાઈબ્રેરી', દિલ્લીની નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ ઍન્ડ લાઈબ્રેરી', હૈદ્રાબાદની 'સ્ટેટ સેંટ્રલ લાઈબ્રેરી' મુંબઈની 'લાઈબ્રેરી ઑફ એશિયાટિક સોસાયટી અને 'ડેવ્હિડ સસૂન લાઈબ્રેરી' વગેરેનો સમાવેશ થાય છે.

અભિલેખાગારનું વ્યવસ્થાપન એ તાંત્રિક દૃષ્ટિએ ગ્રંથાલાય વ્યવસ્થાપનનું જ એક અંગ છે. મહત્વની નોંધ ધરાવતા દસ્તાવેજોમાં કોઈપણ ફેરફાર કર્યા વિના સુરક્ષિત રાખવા તેની સૂચિ તૈયાર કરવી અને જ્યારે જોઈએ ત્યારે તે ઉપલબ્ધ કરી આપવાનું કામ અભિલેખાગારના વ્યવસ્થાપનમાં મહત્વનું હોય છે. તેથી તે

દસ્તાવેજો ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત વિશ્વાસપાત્ર માનવામાં આવે છે. સંગણકીય પ્રણાલિના ઉપયોગ દ્વારા આધુનિક કાળમાં ગ્રંથાલય અને અભિલેખાગારના આધુનિક વ્યવસ્થાપનને માહિતી તંત્રજ્ઞાન સાથે જોડવામાં આવ્યું છે.

ઈ.સ. ૧૮૯૧માં કોલકાતામાં ભારતમાં સૌ પ્રથમ સરકારી અભિલેખાગાર 'ઇંપિરિયલ રેકૉર્ડ ડિપાર્ટમેંટ'ની સ્થાપના કરવામાં આવી. ઈ.સ. ૧૯૧૧માં તેને દિલ્લીમાં લાવવામાં આવ્યું.

ઈ.સ. ૧૯૯૮માં ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ કે. આર. નારાયણે 'રાષ્ટ્રીય અભિલેખાગાર' તરીકે તેને જાહેરજનતા માટે ખુલ્લો મૂક્યાની જાહેરાત કરી. જે ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય અંતર્ગત એક ખાતુ છે. ઈ.સ. ૧૭૪૮થી શરૂ કરીને ત્યારબાદના દસ્તાવેજો અહીં ક્રમવાર ગોઠવવામાં આવ્યા છે. જેમાં અંગ્રેજી, અરબી, હિંદી, ફારસી, સંસ્કૃત, ઉર્દૂ જેવી ભાષા અને મોડી લિપીની નોંધનો સમાવેશ થાય છે. આ નોંધનું સાર્વજનિક, પ્રાચીન વિદ્યા વિષયક, હસ્તલિખિત પ્રતો અને ખાનગી દસ્તાવેજો એમ ચાર પ્રકારમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

તે સિવાય ભારતના પ્રત્યેક રાજ્ય સરકારના સ્વતંત્ર અભિલેખાગાર છે. મહારાષ્ટ્ર રાજ્ય સરકારના અભિલેખાગાર સંચાલનાલયની શાખાઓ મુંબઈ, પુણે, કોલ્હાપૂર, ઔરંગાબાદ અને નાગપૂરમાં આવેલા છે. પુણે અભિલેખાગાર મરાઠાઓના ઈતિહાસ સંબંધિત મોડી લિપીમાં લખાયેલ આશરે પાંચ કરોડ દસ્તાવજો છે. જેનો પેશવાનું દફ્તર કહેવાય છે.

## ૯.૪ કોશસાહિત્ય :

કોશ એટલે શબ્દોનો, વિવિધ માહિતીનો અને જ્ઞાનનો પધ્ધતિસર કરેલ સંગ્રહ. વિવિધ જ્ઞાનનું વિશિષ્ટ પદ્ધતિથી કરેલું સંકલન અને માંડણી એટલે કોશ ઉપલબ્ધ જ્ઞાનનું વ્યવસ્થાપન અને સરતાથી તેની ઉપલબ્ધતાની સુવિધા એ તેનો ઉદ્દેશ છે.

**કોશની આવશ્યકતા :** કોશ દ્વારા વાંચકો સુધી જ્ઞાન પહોંચાડવામાં આવે છે. તેમની જિજ્ઞાસા પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. એકાદ મુદ્દાનો સવિસ્તાર ખુલાસો કરવામાં આવે છે. વાચકોને તેમનો અભ્યાસ વધારવાની પ્રેરણા મળે છે. અભ્યાસકો, સંશોધકો માટે જ્ઞાનના પૂર્વ સંગ્રહને ઉપલબ્ધ કરી તેમાં વધારો કરવાની, સંશોધન કરવાની તક કોશ પૂરી પાડે છે. કોશ–સાહિત્ય રાષ્ટ્રનું સાંસ્કૃતિક પ્રતીક હોવાથી સમાજની બૌદ્ધિક અને સાંસ્કૃતિક જરૂરિયાત જે પ્રકારની હોય, તે પ્રકારના કોશ–સાહિત્યનું નિર્માણ તે સમાજમાં થાય છે.

કોશમાંની માહિતીની માંડણી માટે સચોટતા, ચોકસાઈ વસ્તુનિષ્ઠતા, બનાવટ, અદ્યતનતા જેવી બાબતો આવશ્યક હોય છે. અદ્યતન રાખવા માટે નિયત સમયે કોશોની સુધારિત આવૃત્તિ અથવા પૂરવણી કાઢવામાં આવે છે. કોશરચના કરતી વખતે સ્થૂળ રીતે અક્ષરવાર અને વિષયવાર એવી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આમ કરતી વખતે વાચકોની સુવિધા અને માહિતી શોધવાની સગવડ જેવી બાબતોને ધ્યાનમાં રાખવી પડે છે. કોશના અંતે સૂચિ આપવાથી પણ વાચકોને સુવિધા રહે છે.

ઉપર પ્રમાણેની કોશરચના એકાદ વ્યક્તિ અથવા સંપાદક મંડળ કરી શકે છે. કોશ સાહિત્યનું લેખન કરતી વખતે વિવિધ વિષયના વિશેષજ્ઞોની જરૂર પડે છે.

**કોશના પ્રકાર :** કોશનું સામાન્ય રીતે ચાર વિભાગમાં વર્ગીકરણ કરી શકાય. (૧) શબ્દકોશ (૨) વિશ્વકોશ (૩) કોશસદૃશ સાહિત્ય (૪) સૂચિ સાહિત્ય.

**(૧) શબ્દકોશ :** આમાં શબ્દોનો સંગ્રહ શબ્દોના અર્થ, વિરોધી શબ્દ, પર્યાયી શબ્દ, શબ્દની વ્યુત્પત્તિ (મૂળ) આપેલા હોય છે. શબ્દકોશનો મહત્વના પ્રકાર એટલે સર્વ સંગ્રાહક, વિશિષ્ટ શબ્દકોશ, પરિભાષાકોશ, વ્યુત્પત્તિ કોશ,

સમાનાર્થી અથવા વિરુદ્ધાર્થી શબ્દકોશ, રૂઢિપ્રયોગ, કહેવત સંગ્રહ કોશ વગેરે.

**(૨) વિશ્વકોશ :** વિશ્વકોશના બે ભાગ પડે છે. (અ) સર્વસંગ્રાહક (દા.ત. એન્સાયક્લોપીડિયા બ્રિટાનિકા, મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ, મરાઠી વિશ્વકોશ વગેરે) (આ) વિશિષ્ટ વિષય પરનો કોશ દા.ત. ભારતીય સંસ્કૃતિ કોશ, વ્યાયામ જ્ઞાનકોશ વગેરે.

**(૩) કોશસદશ સાહિત્ય :** અહીં એકાદ વિષયની સમગ્ર માંડણી કરવામાં આવે છે. જેમાં એકાદ વિશિષ્ટ વિષય પર વિશેષજ્ઞો પાસે લેખ લખાવીને ગ્રંથનું નિર્માણ કરવામાં આવે છે. દા.ત. મહારાષ્ટ્ર જીવન ખંડ – ૧,૨, શહેર પુણે ખંડ–૧, ૨ ઇયરબુક (મનોરમા, ટાઇમ્સ ઑફ ઇંડિયા)

**(૪) સૂચિ સાહિત્ય :** ગ્રંથના અંતે આપેલી તે ગ્રંથમાંના વ્યક્તિ, વિષય, સ્થળો અને ગ્રંથની યાદી, શબ્દોની યાદીને સૂચિ કહે છે. સૂચિ અક્ષરવાર આપી હોય છે. જે તે ગ્રંથના વાચનમાં મદદરૂપ થાય છે. દા.ત. દાતેએ પ્રસિદ્ધ કરેલી મરાઠી નિયતકાલિકોની સૂચિ.

**કોશ અને ઇતિહાસ :** ઇતિહાસ વિષયમાં અને કોશમાં વસ્તુનિષ્ઠતાનું મહત્વ હોય છે જે આ બંનેનો સમાન ઘટક છે. પ્રત્યેક રાષ્ટ્રના, પ્રત્યેક ભાષાના વિશ્વકોશ જુદા જુદા હોય છે. કારણ કે તેમની પ્રાધાન્યતા જુદી જુદી હોય છે. પોતાના રાષ્ટ્રોના ધ્યેય–ધોરણો, જીવનમૂલ્યો, આદર્શોનો પ્રભાવ કોશપર પડે છે. તત્વજ્ઞાન અને પરંપરાનો પ્રભાવ પણ કોશ પર પડે છે. કોશદ્વારા રાષ્ટ્રીય અસ્મિતા જગાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. દા.ત. મહાદેવશાસ્ત્રી જોશી સંપાદિત ભારતીય સંસ્કૃતિ કોશ. જીવનના વિકાસ માટે વિવિધ ક્ષેત્રોનું જ્ઞાન ઉપલબ્ધ કરી આપવું એ કોશરચનાનો એક ઉદ્દેશ હોય છે. જ્ઞાનઅર્જન અને જ્ઞાનપ્રસારને જીવનધ્યેય માનીને તે માટે વ્યક્તિગત અને સામૂહિક પ્રયત્નો કરવામાં આવે છે. માટે જ કોશને સમાજના ગૌરવનું પ્રતીક સમજવામાં આવે છે. સમાજની બુદ્ધિ અને પ્રતિભાનો આવિષ્કાર કોશરચનામાં જોવા મળે છે.



**શું તમે જાણો છો?**

પાશ્ચાત્ય દેશોમાં (૧) 'નૅચરલ હિસ્ટ્રી' (પહેલું શતક) એ થોરલ્યા પ્લિનીએ રચેલો પહેલો કોશ હતો. (૨) ૧૮ મા શતકનો ફ્રેંચ વિશ્વકોશ ડિડેરોનો મહત્વનો કોશ છે. (૩) એનસાયક્લોપીડિયા ઓફ બ્રિટાનીકા નામનો વિશ્વકોશ પ્રથમ ઈ.સ. ૧૭૬૭માં પ્રસિદ્ધ થયો. જે કોશ રચનાનો અત્યંત મહત્વનો તબક્કો માનવામાં આવે છે.

સંસ્કૃત ભાષામાં નિઘંટૂ, ધાતુપાઠ જેવા શબ્દકોશોની પરંપરા પ્રાચીન છે. મધ્યયુગમાં મહાનુભાવ પંથિયની કોશરચના, છત્રપતિ શિવાજી મહારાજની કારકિર્દીમાં રચાયેલ રાજવ્યવહારકોશ મહત્વપૂર્ણ છે.

**ઇતિહાસ વિષય સંબંધિત કોશ :** ઇતિહાસ વિષયની કોશપરંપરા સમૃદ્ધ છે. રઘુનાથ ભાસ્કર ગોડબોલે લિખિત ભારતવર્ષીય પ્રાચીન ઐતિહાસિક કોશ (૧૮૭૬) આદિ કોશ છે. ભારતવર્ષીય પ્રાચીન ઐતિહાસિક કોશમાં પ્રાચીન કાળની ભારતીય વ્યક્તિઓ અને સ્થળોનો સમાવેશ છે. આ કોશમાં ભારતવર્ષમાં પહેલા જે જે પ્રખ્યાત લોકો થઇ ગયા તેમનો, તેમની પત્નીઓ, તેમના પુત્રો, તેમના ધર્મો, તેમના દેશ અને રાજધાનીઓ, તેમજ તે દેશની નદીઓ–પર્વતો વગેરે સહિતનો ઇતિહાસ આપવામાં આવ્યો છે.

શ્રીધર વ્યંકટેશ કેતકર રચિત 'મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ'ના ત્રેવીસ ખંડ (ભાગો) છે. મરાઠી લોકોને બહુશ્રુત કરવા. તેમના જ્ઞાનની કક્ષા વિસ્તારી, તેમના વિચારોનું ક્ષેત્ર વધુ વ્યાપક બને અને જગતના પ્રગત લોકોની સરખામણીમાં તેઓ પુખ્ત બને તે કેતકરનો જ્ઞાનકોશરચનાનો ઉદ્દેશ હતો. આ ખંડોમાં તેમણે વ્યાપક ઇતિહાસની માંડણી કરી છે.

આ પછીનો મહત્વપૂર્ણ કોશ એટલે ભારત– વર્ષીય ચરિત્રકોશ. સિદ્ધેશ્વરશાસ્ત્રી ચિત્રાવે 'ભારતીય ચરિત્રકોશ મંડળ'ની સ્થાપના કરી અને મંડળે ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ (૧૯૩૨), ભારત– વર્ષીય મધ્યયુગીન ચરિત્રકોશ (૧૯૩૭), ભારત– વર્ષીય અર્વાચીન ચરિત્રકોશ (૧૯૪૬) એ ત્રણ ચરિત્રકોશનું સંપાદન કરી પ્રસિદ્ધ કર્યા. આ કોશોનો ખ્યાલ મેળવવા માટે પ્રાચીન ચરિત્રકોશની નોંધો જોઇ શકાય. આ કોશમાં શ્રુતી, સ્મૃતિ, સૂત્રો, વેદાંગ, ઉપનિષદો, પુરાણો તેમજ જૈન અને બૌદ્ધ સાહિત્યમાં નિર્દેશિત વ્યક્તિઓની માહિતી આપવામાં આવી છે.

**શું તમે જાણો છો?**

**કેટલાક વિશિષ્ટ કોશ**

(૧) સંગીત શાસ્ત્રકાર અને કલાકારોનો ઈતિહાસ (લક્ષ્મણ દત્તાત્રય જોશી)

(૨) ક્રાંતિકારોનો ચરિત્ર કોશ (શં. રા. દાતે): જેમાં ભારતાના આશરે ૨૫૦ ક્રાંતિકારીઓના ચરિત્રો અને છાયાચિત્રો છે.

(૩) સ્વાતંત્ર્યસૈનિક ચરિત્રકોશ (ન. ર. ફાટક): આ કોશમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં મૃત્યુદંડ, કારાવાસ ભોગવનાર અને સ્વાતંત્ર્યપૂર્વના સમયમાં સમાજના જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરનાર સ્વાતંત્ર્ય સૈનિકોની માહિતી છે.

**સ્થળ કોશ :** ઈતિહાસના અભ્યાસ માટે ભૂગોળ મહત્વનું છે. જે વિવિધ ઐતિહાસિક સ્થળોના સંદર્ભમાં માહિતી આપતો કોશ છે.

(૧) મહાનુભાવ પંથના મુનિ વ્યાસે રચેલ સ્થાનપોથીમાં (૧૪મું શતક) મહાનુભાવ પંથના પ્રવર્તક શ્રીચક્રધર સ્વામી જે–જે ગામે ગયા તે–તે ગામોની વિગતવાર નોંધ છે. આ ગ્રંથ પરથી તત્કાલિન મહારાષ્ટ્રનો ખ્યાલ આવે છે. લીલાચરિત્રમાંની વિવિધ ઘટના ક્યારે, ક્યા સ્થળે અને ક્યા પ્રસંગે ઘટી એ પણ સ્થાનપોથીકાર જણાવે છે. માટે જ શ્રીચક્રધર સ્વામીના ચરિત્ર લેખન માટે આ ઉત્તમ સંદર્ભગ્રંથ છે.

૨) પ્રાચીન ભારતીય સ્થળકોશ (૧૯૬૯) : સિદ્ધેશ્વરશાસ્ત્રી ચિત્રાવે આ કોશની રચના કરી છે. વૈદિક સાહિત્ય, કૌટલીય અર્થશાસ્ત્ર, પાણિનીનું વ્યાકરણ, વાલ્મિકી–રામાયણ, મહાભારત, પુરાણો, મધ્યયુગીન સંસ્કૃત અને શબ્દકોશ સાહિત્ય તેમજ ફારસી, જૈન, બૌદ્ધ, ગ્રીક અને ચિની સાહિત્યમાં આવેલ ભૌગોલિક સ્થળોની માહિતી આ કોશમાં આપી છે.

**વિશ્વકોશ :** મહારાષ્ટ્ર રાજ્યના પહેલા મુખ્યમંત્રી યશવંતરાવ ચવ્હાણે મરાઠી ભાષા અને સાહિત્યની અભિવૃદ્ધિ માટે મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય સંસ્કૃતિ મંડળ વતી મરાઠી વિશ્વકોષ નિર્મિતિને પ્રોત્સાહન આપ્યું. તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોશીના નેતૃત્વ નીચે વિશ્વકોશ નિર્મિતિ શરૂ થઇ. દુનિયાભરના જ્ઞાનનો સાર આ કોશમાં મૂકવામાં આવ્યો છે. ઈતિહાસ વિષય સંબંધિત મહત્વની નોંધો આમાં છે.

**ભારતીય સંસ્કૃતિ કોશ :** મહાદેવશાસ્ત્રી જોશી સંપાદિત ભારતીય સંસ્કૃતિ કોશના દસભાગ તૈયાર કરવામાં આવ્યા છે. આ કોશમાં ભારતના ઈતિહાસ ભૂગોળ, ભિન્ન ભાષા બોલતા લોકો, તેમણે રચેલો ઈતિહાસ, ઉત્સવો, સાંસ્કૃતિક બાબતોની નોંધ લેવામાં આવી છે.

**સંજ્ઞા કોશ :** ઈતિહાસની સંજ્ઞા જુદી કાઢી તેનો અર્થ કહેનાર કોશ ઈતિહાસમાં તૈયાર કરવામાં આવે છે. તેનો ઉપયોગ અભ્યાસકારોને થાય છે.

ઈતિહાસ વિષયનો અભ્યાસ કરનારને કોશરચનાના કાર્યમાં પુષ્કળ તક ઉપલબ્ધ છે. કોઈપણ વિષયનો કોશ હોય તેને ઈતિહાસ સાથે જોડવો આવશ્યક છે. દરેક વિષયનો ઈતિહાસ હોય છે. ઈતિહાસનો અભ્યાસ કરનાર કોશના અભ્યાસ દ્વારા ઘટના કોશ, દિનવિશેષ,

વ્યક્તિકોશ, સંજ્ઞાકોશ, સ્થળકોશ વગેરે કોશ તૈયાર કરવામાં સહાયક બની શકે છે.

આ પાઠ્યપુસ્તકના અભ્યાસ પછી તમને પણ ધ્યાનમાં આવ્યું હશે કે ઇતિહાસ વિષયમાં પ્રવીણતા મેળવીએ તો અનેક ક્ષેત્રોમાં વ્યવસાયની તકો ઉપલબ્ધ થઇ શકે છે. આ પાઠ્યપુસ્તકમાં તમને આપેલ માહિતીનો ઉપયોગ કરીને તમે તમારી રૂચિ મુજબ કાર્યક્ષેત્ર પસંદ કરી શકો છો.

## સ્વાધ્યાય

**૧. યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) વિશ્વપ્રસિદ્ધ ઇટાલિયન ચિત્રકાર લિઓનાર્દો દ વિંચીએ દોરેલ ચિત્ર...........નો સમાવેશ લુવ્ર સંગ્રહાયમાં છે.

(અ) નેપોલિયન (બ) મોનાલિસા

(ક) હૅન્સ સ્લોઅન (ડ) જ્યોર્જ બીજો

(૨) કોલકત્તામાં આવેલું ............... ભારતનું પ્રથમ સંગ્રહાલય છે.

(અ) ગવર્મેન્ટ મ્યુઝિયમ

(બ) રાષ્ટ્રીય વસ્તુ સંગ્રહાલય

(ક) છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુ સંગ્રહાલય

(ડ) ભારતીય સંગ્રહાલય

**બ. નીચેનામાંથી ખોટી જોડી ઓળખો.**

(૧) મહારાજ સયાજીરાવ વિદ્યાપીઠ–દિલ્લી

(૨) બનારસ હિંદુ વિદ્યાપીઠ – વારાણસી

(૩) અલિગઢ મુસ્લીમ યુનિવર્સિટી – અલિગઢ

(૪) જિવાજી વિદ્યાપીઠ – ગ્વાલિયર

**૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) અભિલેખાગારો અને ગ્રંથાલયો નિયતકાલિકો અને અન્ય પ્રકાશનો પ્રસિદ્ધ કરે છે.

(૨) વિવિધ વિષયોની કૃતિ માટે પ્રશિક્ષણની આવશ્યકતા હોય છે.

**૩. ટૂંક નોંધ લખો.**

(૧) સ્થળ કોશ (૨) વિશ્વકોશ


(૩) સંજ્ઞા કોશ (૪) સરસ્વતી મહાલ ગ્રંથાલય

**૪. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તરો લખો.**

(૧) ગ્રંથાલય વ્યવસ્થાપન શા માટે મહત્વનું છે?

(૨) અભિલેખાગારના વ્યવસ્થાપનમાં કયા કાર્યો મહત્વના છે?

**૫. નીચેનું સંકલ્પનાચિત્ર પૂર્ણ કરો.**




**ઉપક્રમ**

ઇન્ટરનેટની મદદથી મહારાષ્ટ્રના પ્રમુખ ગ્રંથાલયની માહિતી મેળવો. તમારા પરિસરમાંના ગ્રંથાલયની મુલાકાત લઇ તેની કાર્યપદ્ધતિની માહિતી મેળવો.

4ET56H

# રાજ્યશાસ્ત્ર

## અનુક્રમણિકા

### સંવિધાનની આગેકૂચ


| ક્ર. | પાઠનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧. | સંવિધાનની આગેકૂચ...................... | ૬૯ |
| ૨. | ચૂંટણી પ્રક્રિયા.............................. | ૭૫ |
| ૩. | રાજકીય પક્ષ .............................. | ૮૨ |
| ૪. | સામાજિક અને રાજકીય ચળવળ ........ | ૯૧ |
| ૫. | ભારતીય લોકશાહી સામેના આવ્હાનો ... | ૯૭ |

## ક્ષમતા વિધાનો

| અ.ક્ર. | ઘટક | ક્ષમતા |
|---|---|---|
| ૧. | સંવિધાનની આગેકૂચ | ▪ સંવિધાનને કારણે ભારતની લોકશાહી મજબૂત બની તે જાણવું.<br>▪ સામાજિક પરિવર્તનની દિશામાં સંવિધાનની આગેકૂચ થાય છે તે કહી શકવું. |
| ૨. | ચૂંટણી પ્રક્રિયા | ▪ ચૂંટણી પંચનું મહત્વ સમજવું.<br>▪ ચૂંટણીમાં દરેક મતદારે મતદાન કરવું તે સંવિધાનાત્મક જવાબદારી છે, તેવી સમજ વિકસિત કરવી.<br>▪ ચૂંટણી પ્રક્રિયામાં જનતાની ભૂમિકા મહત્વની હોય છે તે જાણવું.<br>▪ ચૂંટણી પ્રક્રિયાની માહિતી મેળવવા વિડિઓ ક્લિપની મદદ લેવી.<br>▪ મતદાર ક્ષેત્રના નકશામાં પોતાનું મતદાર ક્ષેત્ર શોધવું/લોકસભા મતદાર શોધવું/દર્શાવવું. |
| ૩. | રાજકીય પક્ષ (રાષ્ટ્રીય) | ▪ રાજકીય પક્ષોની જવાબદારી અને કાર્યો જાણવા.<br>▪ નવા અસ્તિત્વમાં આવતા પક્ષોની કારણમિમાંસા કરવી.<br>▪ ભારતના રાષ્ટ્રીય પક્ષોના ધોરણની તુલના કરી નિષ્કર્ષ કાઢવો.<br>▪ રાજકીય પક્ષોના ચૂંટણી ચિહ્નનું કોષ્ટક તૈયાર કરવું. |
| ૪. | રાજકીય પક્ષ (પ્રાદેશિક) | ▪ મહારાષ્ટ્રના પ્રાદેશિક પક્ષના તત્વો અને કાર્યો કહી શકે.<br>▪ એકાદ પક્ષના નેતા અને તેમની સભા વિશેના સમાચારોનું સંકલન કરવું.<br>▪ પ્રાદેશિક પક્ષ શાથી પ્રબળ હોય છે તેની ચર્ચા કરવી. |
| ૫. | સામાજિક અને રાજકીય ચળવળ | ▪ સામાજિક અને રાજકીય ચળવળનો અર્થ સમજવો.<br>▪ સામાજિક ચળવળ જનજાગૃતિ માટે ક્યા માર્ગનો આધાર લે છે તે જાણવું.<br>▪ મહિલા અને અન્ય દુર્બળ ઘટકોના સશક્તિકરણનો અર્થ કહેવો.<br>▪ ખેડૂત અને કામદારોની માંગણીઓની માહિતી મેળવવી.<br>▪ વિદ્યાર્થી ચળવળ સંબંધી વર્તમાનપત્રમાં છપાયેલી માહિતી ભેગી કરવી. |
| ૬. | ભારત સામેના આહ્વાનો | ▪ 'વિવિધતામાં એકતા'નો અર્થ કહેવો.<br>▪ ભારતની વિવિધતાનો આદર કરવાની વૃત્તિ વિકસિત થવી.<br>▪ વિવિધ આહ્વાનોનું વસ્તુનિષ્ઠ સ્વરૂપ સ્પષ્ટ કરવું.<br>▪ અંતર્ગત આહ્વાનોનો સામનો કેવી રીતે કરવો તેનું વિવેચન કરવું. |

# ૧. સંવિધાનની આગેકૂચ

અત્યારસુધી રાજ્યશાસ્ત્રના પાઠ્યપુસ્તકમાં આપણે સ્થાનિક શાસનસંસ્થા, ભારતીય સંવિધાનના મૂલ્યો અને તેમાંથી વ્યક્ત થતા તત્વજ્ઞાનની સાથે સંવિધાને નિર્માણ કરેલ શાસન યંત્રણા, આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ભારતના સ્થાનનું વિસ્તૃત સમીક્ષણ કર્યું. ભારતના સંવિધાનનો ઉદ્દેશ ભારતને સાર્વભૌમ, સમાજવાદી ધર્મનિરપેક્ષ લોકશાહી ગણરાજ્ય બનાવવાનો છે. નાગરિકોને ન્યાય મળે, તેમનું સ્વાતંત્ર્ય જળવાઇ રહે માટે સંવિધાનમાં અત્યંત મહત્વપૂર્ણ જોગવાઇ કરવામાં આવી છે. સામાજિક ન્યાય અને સમતા પર આધારિત એક પ્રગતિશીલ વિકસિત સમાજનું નિર્માણ કરવાના સાધન તરીકે ભારતના સંવિધાનને જોવામાં આવે છે. ભારતમાં સંવિધાન મુજબ રાજ્યકારભાર કરવાની શરૂઆત ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી થઇ. ત્યારથી આજ સુધી સંવિધાનના આધારે જે રાજ્યકારભાર થયો તેમાંથી ભારતની લોકશાહીનું વ્યાપક થતું જતું સ્વરૂપ, ભારતની રાજકીય પ્રક્રિયામાં થયેલ મહત્વના ફેરફાર, સામાજિક ન્યાય અને સમતા પ્રસ્થાપિત કરવા માટે લીધેલા પગલાનું આપણે પ્રસ્તુત પ્રકરણમાં ટૂંકમાં સમીક્ષણ કરીશું. આ આશય ત્રણ મુદ્દાઓ પૂરતો મર્યાદિત છે. (૧) લોકશાહી (૨) સામાજિક ન્યાય અને સમતા (૩) ન્યાયવ્યવસ્થા.

## લોકશાહી

**રાજકીય ઉદારતા :** ફક્ત લોકશાહી શાસન પદ્ધતિની સંરચના કરવાથી ચાલે નહીં. તે સંરચનાના આધારે પ્રત્યક્ષ વ્યવહાર કરવામાં આવે તો જ લોકશાહી, સમાજના રાજકીય જીવનનો એક અવિભાજ્ય ભાગ બને છે. તે અનુસાર આપણા દેશના લોકોને પ્રત્યક્ષ પ્રતિનિધિત્વ આપવા સંસદ, રાજ્ય વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ છે. જનતાના સહભાગ અને રાજકીય સ્પર્ધાનો વિચાર કરીએ તો ભારતની લોકશાહી યશસ્વી થયેલ જોવા મળે છે. ચોક્કસ મુદત પછી મુક્ત અને ન્યાયયુક્ત વાતાવરણમાં થતી ચૂંટણીઓ ભારતીય લોકશાહીની સફળતા છે. લોકસંખ્યા અને વિસ્તાર આ બંને ક્ષેત્રે વિશાળતા ધરાવતા આપણા દેશમાં વિવિધ સ્તરે ચૂંટણીઓ યોજવી આવ્હાનાત્મક છે. વારંવાર થતી ચૂંટણીઓને કારણે ભારતીય મતદારોની રાજકીય માહિતી પરિપક્વ થવામાં મદદ મળે છે. ચૂંટણી દરમ્યાન સામે આવતા સાર્વજનિક ધોરણ અને પ્રશ્નો વિશે ભારતીય મતદારો ભૂમિકા ભજવે છે. પ્રશ્નોના પર્યાયોનો વિચાર કરીને મતદાન કરવાની વૃત્તિમાં વૃદ્ધિ થઇ.

**મતાધિકાર :** ભારતના સંવિધાનમાં પ્રૌઢ મતદાનની જોગવાઇ કરવામાં આવી છે. તે અનુસાર મતાધિકારની વ્યાપ્તિ મૂળથી વ્યાપક હતી. સ્વાતંત્ર્ય પહેલા પ્રચલિત મતાધિકારની સર્વે સંકુચિત જોગવાઇઓને દૂર કરી ભારતના સંવિધાનમાં દરેક ભારતીય સ્ત્રી-પુરૂષને ૨૧ વર્ષની વયની શરત નિર્ધારિત કરી મતાધિકાર આપવામાં આવ્યો હતો. જેને વધુ વ્યાપક કરીને મતદારની વય ૨૧ થી ૧૮ વર્ષ કરવામાં આવી. આથી સ્વતંત્ર ભારતના નવા યુવા વર્ગને રાજકીય અવકાશ પ્રાપ્ત થયું. લોકશાહીનો વ્યાપ વધારનાર આવા ફેરફારોને કારણે ભારતીય લોકશાહી વિશ્વની સૌથી મોટી લોકશાહી માનવામાં આવે છે. બીજા કોઇપણ લોકશાહી ધરાવતા દેશમાં મતદારોની આટલી સંખ્યા જોવા મળતી નથી. આ ફેરફાર માત્ર સંખ્યાત્મક નહીં પણ ગુણાત્મક પણ છે. અનેક રાજકીય પક્ષો આ યુવા મતદારોના ટેકાને કારણ સત્તાની સ્પર્ધામાં ઉતર્યા છે. તેને કારણે ભારતમાં રાજકીય સ્પર્ધાનું સ્વરૂપ પણ બદલાયું છે. લોકોની ઇચ્છા-આકાંક્ષાને પ્રતિનિધિત્વ દેવાના

હેતુથી આજે અનેક પક્ષો આ સ્પર્ધામાં ઉતર્યા છે

**લોકશાહી વિકેન્દ્રીકરણ :** સત્તાનું વિકેન્દ્રીકરણ એ લોકશાહીનું હૃદય છે. વિકેન્દ્રીકરણને કારણે સત્તાના દુરૂપયોગ પર તો પ્રતિબંધ આવે છે પણ સામાન્ય જનતાને સત્તામાં સહભાગી થવાની તક પણ મળે છે. લોકશાહી વિકેન્દ્રીકરણના સંદર્ભમાં સંવિધાનના માર્ગદર્શક તત્વોમાં જોગવાઇ કરવામાં આવી છે. તે માર્ગદર્શક તત્વોનું સ્વરૂપ સ્થાનિક સ્તરે શાસન સંસ્થાનોઓને પૂરતા અધિકારો આપીને યથાર્થ લોકશાહીને લાવવાનું છે. તેને અનુસરીને ભારતમાં લોકશાહી વિકેન્દ્રીકરણના ઘણાં પ્રયત્નો થયા. જેમાં સંવિધાનમાં ૭૩મી અને ૭૪મી સુધારણા એ સૌથી મોટો પ્રયત્ન હતો. આ સુધારણાઓને કારણે સ્થાનિક શાસન સંસ્થાઓને સંવિધાનની માન્યતા તો મળી પણ સાથે તેમના અધિકારોમાં પણ ખૂબ વૃદ્ધિ થઇ.

**નીચેના ફેરફારો ક્યા કારણે થયા તે કહી શકશો કે?**

- રાજ્યકારભારમાં મહિલાઓનો સહભાગ વધે તે માટે તેમના માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી.
- સમાજના દુર્બળ ઘટકો સત્તામાં સહભાગી થઇ શકે તે માટે તેમના માટે અનામત જગ્યા રાખવામાં આવી.
- રાજ્ય ચૂંટણી પંચનું નિર્માણ કરવામાં આવ્યું.
- સંવિધાનમાં અગિયાર અને બાર એવા બે નવા પરિશિષ્ટો ઉમેરવામાં આવ્યા.

**માહિતીનો અધિકાર : (RTI 2005) :** લોકશાહીમાં નાગરિકોને અનેક રીતે સક્ષમ કરવા જોઇએ. નાગરિકોને સહભાગની તક આપવાની સાથે તેમનો શાસન સાથેનો સંવાદ વધવો જોઇએ. શાસન અને નાગરિકોમાં જેટલો સંવાદ વધારે અને અંતર ઓછું તેટલી લોકશાહી પ્રક્રિયા સુદૃઢ અને મજબૂત બને છે. તેમનામાં પરસ્પર વિશ્વાસ વધારવા માટે સરકાર શું કરે છે તેની નાગરિકોને જાણ થવી જોઇએ. પ્રત્યક્ષ વ્યવહારમાં સુશાસનની બે વિશિષ્ટતા પારદર્શકતા અને ઉત્તરદાયિત્વ લાવવા માટે ભારતીય નાગરિકોને માહિતીનો અધિકાર આપવામાં આવ્યો. માહિતીના અધિકારને કારણે સરકારી કામકાજની ગોપનીયતા ઓછી થઇ અને સરકારનો વ્યવહાર વધુ મુક્ત અને પારદર્શક થવામાં મદદ મળી.

ઈ.સ. ૨૦૦૦ પછીના સમયમાં નાગરિકો માટે સુધારણા કરતી વખતે તેને હક્ક ગણતી સુધારણા કરવામાં આવી. તે અનુસાર માહિતીનો, શિક્ષણનો અને અન્નસુરક્ષાનો હક્ક ભારતીયોને મળ્યો છે. આ હક્કને કારણે ભારતીય લોકશાહી નિશ્ચિતપણે મજબૂત બની છે.



**શું તમે જાણો છો?**

**હક્ક આધારિત દૃષ્ટિકોણ (Rights based approach) :** સ્વાતંત્ર્ય પછીના કેટલાક દસકાઓમાં ભારતનું લોકશાહીકરણ કરવા માટે અનેક સુધારણાઓ થઇ, પરંતુ તેમાં નાગરિકોને 'લાભાર્થી' ગણાવાનો દૃષ્ટિકોણ હતો. છેલ્લા કેટલાક દશકોમાં થયેલી સુધારણા 'તે નાગરિકોનો હક્ક છે' તે ભૂમિકાના આધારે કરવામાં આવી છે.

આ દૃષ્ટિકોણને કારણે શાસન અને નાગરિકોના સંબંધમાં કયા ફેરફાર થશે એવું તમને લાગે છે?

**ચર્ચા કરો**

ભારતીય નાગરિકોને રોજગાર મેળવવાનો હક્ક હોવો જોઇએ એવું તમને લાગે છે કે?

દરેકને આશ્રયનો હક્ક મળે તો આપણા દેશની લોકશાહી પર તેના કયા પરિણામો થશે એવું તમને લાગે છે?

## સામાજિક ન્યાય અને સમતા

સામાજિક ન્યાય અને સમતા આપણા સંવિધાનના ઉદ્દેશ છે. આ બે મૂલ્યો પર આધારિત એક નવા સમાજનું નિર્માણ એ આપણું ધ્યેય

છે. સંવિધાનમાં તે ધ્યેય પ્રાપ્તિનો માર્ગ પણ દર્શાવવામાં આવ્યો છે અને તે દિશામાં આપણે આગેકૂચ પણ કરી રહ્યા છીએ.

સામાજિક ન્યાય પ્રસ્થાપિત કરવો એટલે જે જે સામાજિક કારણોથી વ્યક્તિને અન્યાય થાય છે તેને દૂર કરવા અને દરેક વ્યક્તિને સમાન દરજ્જો આપવાનો આગ્રહ રાખવો. જાતિ, ધર્મ, ભાષા, લિંગ, જન્મસ્થાન, વંશ, સંપત્તિ વગેરેના આધારે શ્રેષ્ઠ અને કનિષ્ઠ જેવા ભેદ ન કરતા દરેકને વિકાસની સમાન તક મેળવી આપવી તે ન્યાય અને સમતાનો ઉદ્દેશ છે.

સામાજિક ન્યાય અને સમતા પ્રસ્થાપિત કરવા માટે સમાજમાં દરેક સ્તરે પ્રયત્ન કરવા પડે છે, પરંતુ સરકારના ધોરણોનું અને પ્રયત્નોનું વિશેષ મહત્વ હોય છે. લોકશાહી વધુ ને વધુ સર્વસમાવેશક બને તે માટે દરેક સામાજિક ઘટકો મુખ્ય પ્રવાહમાં આવવા જોઇએ. લોકશાહી એ સમાજના દરેક ઘટકોનો સમાવેશ કરનારી પ્રક્રિયા છે. તે જ પ્રમાણે સર્વનો સમાવેશ કરનાર લોકશાહીને કારણે સમાજમાં સંઘર્ષ પણ ઓછો થાય છે. આ દિશામાં આપણા દેશમાં ક્યા પ્રયત્નો થયા છે તે જોઇએ.

**અનામત/આરક્ષણનું ધોરણ :** જે લોકસમૂહ અથવા સમાજનો ઘટક દીર્ઘકાળ સુધી શિક્ષણ અને રોજગારની તકથી વંચિત રહ્યા છે તે અનુસાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જમાતી માટે શિક્ષણ અને સરકારી નોકરીમાં કેટલીક જગ્યા આરક્ષિત રાખવામાં આવે છે. તે જ પ્રમાણે અન્ય પછાતવર્ગીય લોકો માટે પણ અનામતની જોગવાઇ છે.

**અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જમાતી પર થતા અત્યાચારોથી સંરક્ષણ આપતો કાયદો :** સામાજિક ન્યાય અને સમતા પ્રસ્થાપિત કરવા માટે આ એક મહત્વનો કાયદો બનાવવામાં આવ્યો છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જમાતીની વ્યક્તિ પર કોઇપણ પ્રકારનો અન્યાય કરવા પર કાયદાકીય પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અને અત્યાચાર કરનારને શિક્ષાની જોગવાઇ કરવામાં આવી છે.



**કરી જુઓ**

ઉપરના કાયદામાં કરેલી જોગવાઇઓ વાંચી તેને શિક્ષકની મદદથી સમજી લો. અત્યાચાર થાય જ નહીં તેના માટે ક્યા પ્રયત્નો કરવા જરૂરી છે?

**અલ્પસંખ્યકો અંગેની જોગવાઇ :** ભારતીય સંવિધાનમાં અલ્પસંખ્યકોના સંરક્ષણ માટે અનેક જોગવાઇઓ કરવામાં આવી છે. અલ્પસંખ્યકોને શિક્ષણ અને રોજગારની તક મળે તે માટે સરકારે અનેક યોજનાઓ ઘડી છે. ભારતીય સંવિધાને જાતિ, ધર્મ, વંશ, ભાષા અને પ્રદેશ જેવા ઘટકોને આધારે ભેદભાવ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. અલ્પસંખ્યકો માટેની આ વ્યાપક જોગવાઇ છે તથા સમતાનો હક્ક, સ્વાતંત્ર્યનો હક્ક, શોષણ વિરૂદ્ધનો હક્ક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક્કને કારણે અલ્પસંખ્યકોને મૂળભૂત સંરક્ષણ મળ્યું છે

**મહિલાસંબંધી કાયદા અને પ્રતિનિધિત્વ વિષયક જોગવાઇ :** સ્વતંત્રતા મળ્યા બાદ મહિલા સશક્તિકરણના પ્રયત્નો શરૂ થયા. મહિલાઓમાં નિરક્ષરતા દૂર કરવી, તેમને વિકાસની પૂરતી તક આપવા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલાઓની સમસ્યાની નોંધ લઇ કેટલાક ધોરણો નિશ્ચિત કરવામાં આવ્યા.

પિતા અને પતિની સંપત્તિમાં સ્ત્રીઓનો સમાન ભાગ, દહેજ પ્રતિબંધક કાયદો, લૈંગિક અત્યાચારો સામે સંરક્ષણ આપતો કાયદો, ઘરેલુ હિંસા પ્રતિબંધક કાયદો જેવી કેટલીક મહત્વપૂર્ણ જોગવાઇને કારણે મહિલાઓની સ્વતંત્રતાનું રક્ષણ અને વિકાસ કરવા માટે અનુકૂળ વાતાવરણ નિર્માણ થયું છે.

આપણા દેશમાં રાજકારણ અને રાજકીય સંસ્થાઓમાં સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ શરૂઆતથી જ ઓછું રહ્યું છે. વિશ્વના અનેક દેશોએ સ્ત્રીઓનું

પ્રતિનિધિત્વ વધારવાના પ્રયત્ન કર્યા છે. ભારતમાં પણ એ બાબતે ફેરફાર થઇ રહ્યા છે. બંધારણમાં કરેલી ૭૩મી અને ૭૪મી સુધારણા દ્વારા સ્થાનિક શાસન સંસ્થાઓમાં 33% જગ્યા સ્ત્રીઓ માટે આરક્ષિત રાખવામાં આવી. ત્યારબાદ મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં આ પ્રમાણ ૫૦% સુધી વધારવામાં આવ્યુ છે. મહિલાઓ માટે રાષ્ટ્રીય મહિલા આયોગની સ્થાપના કરવામાં આવી છે. રાજ્યોમાં પણ રાજ્ય મહિલા આયોગ છે. ઘરગથ્થુ હિંસાથી મહિલાઓને સંરક્ષણ આપનારો કાયદો એ લોકશાહીકરણને પોષક મહત્વનું પગલુ છે. આ કાયદાએ સ્ત્રીની પ્રતિષ્ઠા અને આત્મસન્માન જાળવવાની આવશ્યકતાને અધોરેખિત કરી છે. પારંપારિક વર્ચસ્વ અને અધિકારશાહીને નકારવાના આ નિર્ણયે ભારતીય લોકશાહીની પહોંચ મર્યાદા વધારી, તેના સમાવેશને વધુ અર્થપૂર્ણ બનાવ્યું.



## કરી જુઓ

### લોકસભામાં મહિલાઓનું પ્રતિનિધિત્વ

| અ. ક્ર. | વર્ષ | મહિલા સભ્યોની સંખ્યા | મહિલા સભ્યોની ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ૧૯૫૧-૫૨ | ૨૨ | ૪.૫૦% |
| ૨. | ૧૯૫૭ | ૨૨ | ૪.૪૫% |
| ૩. | ૧૯૬૨ | ૩૧ | ૬.૨૮% |
| ૪. | ૧૯૬૭ | ૨૯ | ૫.૫૮% |
| ૫. | ૧૯૭૧ | ૨૮ | ૫.૪૧% |
| ૬. | ૧૯૭૭ | ૧૯ | ૩.૫૧% |
| ૭. | ૧૯૮૦ | ૨૮ | ૫.૨૯% |
| ૮. | ૧૯૮૪ | ૪૩ | ૭.૯૫% |
| ૯. | ૧૯૮૯ | ૨૯ | ૫.૪૮% |
| ૧૦. | ૧૯૯૧ | ૩૯ | ૭.૩૦% |
| ૧૧. | ૧૯૯૬ | ૪૦ | ૭.૩૭% |
| ૧૨. | ૧૯૯૮ | ૪૩ | ૭.૯૨% |
| ૧૩. | ૧૯૯૯ | ૪૯ | ૯.૦૨% |
| ૧૪. | ૨૦૦૪ | ૪૫ | ૮.૨૯% |
| ૧૫. | ૨૦૦૯ | ૫૯ | ૧૦.૮૭% |
| ૧૬. | ૨૦૧૪ | ૬૬ | ૧૨.૧૫% |

બાજુના કોષ્ટકને ધ્યાનપૂર્વક વાંચી આપેલા પ્રશ્નોના જવાબ લખો.

- સૌથી ઓછી મહિલા સંસદ સભ્યોની સંખ્યા ક્યા વર્ષની ચૂંટણીમાં જોવા મળે છે.
- મહિલા સંસદ સભ્યોની સૌથી વધુ સંખ્યા ક્યા વર્ષની ચૂંટણીમાં જોવા મળે છે.
- કોષ્ટકમાં આપેલી માહિતીને આધારે લોકસભા ચૂંટણીમાં મહિલા સંસદ સભ્યોની સંખ્યા (૧૯૫૧-૨૦૧૪) વૃત્તાલેખ (Pie Chart) / સ્તંભાલેખ (Bar Chart) તૈયાર કરો.

### તમે શું માનો છો?

સાર્વજનિક જીવનમાં મહિલાઓની દશ્યમાનતા (visibility) ઓછી જ રહી છે કુટુંબ રચના, સામાજિક પરિસર, આર્થિક ક્ષેત્ર અને રાજકીય અવકાશ વધુ ને વધુ ખૂલવાથી મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાં સહભાગી બની રાજ્યકારભારને જુદી દિશા આપવાની તક મળશે. એ માટે પ્રતિનિધિક સંસ્થાઓમાં મહિલાઓનો સહભાગ વધવો જોઇએ.

## ન્યાયાલયની ભૂમિકા

લોકશાહીને મજબૂત કરવાની પ્રક્રિયામાં તેમજ સામાજિક ન્યાય અને સમતા ઉદ્દેશો દ્વારા દેશની પ્રગતિ કરવામાં ભારતના ન્યાયાલયની ભૂમિકા પણ ખૂબ જ મહત્વની છે. ન્યાયાલયે સંવિધાનની જોગવાઇઓનું અર્થઘટન કરતી વખતે સંવિધાનના મૂળ ઉદ્દેશો અને સંવિધાનકારોના હેતુને પ્રાધાન્ય આપ્યું છે. ન્યાયાલયનું આ સંદર્ભમાં યોગદાન આપણે નીચેના મુદ્દાઓને આધારે સમજીશું.

**(૧) સંવિધાનની મૂળભૂત રચના :** સંવિધાન અસ્ખલિત હોય છે. કોઈ જીવંત દસ્તાવેજ (living document) જેવું તેનું સ્વરૂપ હોય છે. પરિસ્થિતિ અનુસાર સંવિધાનમાં ફેરફાર કરવા પડે છે અને તે માટેનો અધિકાર સંસદને છે. સંસદને આ અધિકાર આપતી વખતે ન્યાયાલયે સંસદને તેના અધિકારની મર્યાદા પણ જણાવી છે. સંવિધાનમાં ફેરફાર કરતી વખતે સંવિધાનની મૂળભૂત રચનામાં (Basic structure of the Constitution) સંસદ હસ્તક્ષેપ કરી શકે નહીં. એવું ધોરણ ન્યાયાલયે અપનાવ્યું છે.

**જાણી લો !**

સંવિધાનની મૂળભૂત રચનામાં સાધારણપણે નીચેની જોગવાઈઓનો સમાવેશ થાય છે.

- શાસનનું પ્રજાસત્તાક અને લોકશાહી સ્વરૂપ
- સંવિધાનનું સંઘરાજ્યાત્મક સ્વરૂપ
- દેશની એકતા અને એકાત્મતાનું સંવર્ધન
- દેશનું સાર્વભૌમત્વ
- ધર્મનિરપેક્ષતા અને સંવિધાનની સર્વશ્રેષ્ઠતા

**(૨) મહત્વપૂર્ણ ન્યાયાલયીન નિર્ણય :**

સંવિધાનમાં જણાવવામાં આવેલ મૂળભૂત હક્કો દ્વારા નાગરિકોને મળેલ સંરક્ષણને વધુ અર્થપૂર્ણ કરવા માટે ન્યાયાલયે જે મહત્ત્વના વિષયો પર નિર્ણય આપ્યા છે તેમાં બાળકોના હક્ક, માનવીય હક્કોનું જતન, સ્ત્રીઓની પ્રતિષ્ઠા અને તેમનું માન જાળવવાની જરૂરિયાત, વ્યક્તિસ્વાતંત્ર્ય, આદિવાસીઓનું સશક્તિકરણ જેવા વિષયોનો સમાવેશ કરી શકાય. આ વિષયોમાં ન્યાયાલયે આપેલા નિર્ણયો ભારતની રાજકીય પ્રક્રિયા પરિપક્વ થવા માટે મદદરૂપ થયા છે. ભારતીય લોકશાહીના સંદર્ભમાં સંવિધાન અને તેના પર આધારિત સરકારની આગેકૂચની આપણે અહીં સમીક્ષા કરી. ભારતીય લોકશાહી સામે ઘણાં

**જાણી લો, આ મહત્વનું છે.**

લોકશાહીમાં સુશાસન અથવા ઉત્તમ શાસન વ્યવહાર કરવો આવશ્યક હોય છે. તે માટે નીચેના વૈશિષ્ટ્યોનો સમાવેશ આવશ્યક હોય છે. સુશાસનના આ વૈશિષ્ટ્યોને લોકશાહીમાં લાવવા માટે શું કરવું પડશે?

- ઉત્તરદાયિત્વ/જવાબદારી જાણતી સરકાર
- પ્રભાવી અને કાર્યક્ષમ સરકાર
- પ્રતિસાદાત્મક સરકાર
- પારદર્શક કારભાર
- ન્યાયપૂર્ણ અને સર્વસમાવેશી વિકાસ
- શાસકીય યંત્રણા અને નિર્ણય પ્રક્રિયામાં લોકોનો સહભાગ

આવ્હાનો છે. સરકારના કાયદાઓ અને ધોરણોને કારણે આ બધી સમસ્યા ઉકેલાઈ ગઈ એવું નથી. આજે પણ આપણી સામે અનેક નવા પ્રશ્નો ઊભા છે, પરંતુ લોકશાહી માટે આવશ્યક જનમાનસ તૈયાર થયું છે.

આગળના પાઠમાં આપણે ભારતની ચૂંટણી પ્રક્રિયા વિશે માહિતી મેળવીશું.

**માહિતી મેળવો !**

સર્વોચ્ચ ન્યાયાલયે છેલ્લા કેટલાક વર્ષોમાં ઉપરના વિષયોમાં શું નિર્ણય આપ્યો છે તેની માહિતી મેળવો અને તેના વિશે ચર્ચા કરો.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) મહારાષ્ટ્રમાં સ્થાનિક શાસન સંસ્થાઓમાં મહિલાઓ માટે ............ જગ્યા આરક્ષિત રાખવામાં આવી છે.

(અ) ૨૫%  (બ) ૩૦%
(ક) ૪૦%  (ડ) ૫૦%

(૨) નીચે પૈકી ક્યા કાયદા દ્વારા મહિલાઓના સ્વાતંત્ર્યનું જતન અને વિકાસ સાધવા અનુકૂળ વાતાવરણ નિર્માણ થયું છે?

(અ) માહિતીના અધિકારનો કાયદો.
(બ) દહેજ પ્રતિબંધક કાયદો
(ક) અન્ન સુરક્ષા કાયદો
(ડ) ઉપર પૈકી કોઇ પણ નહીં

(૩) લોકશાહીનું હૃદય એટલે..........

(અ) પ્રૌઢ મતાધિકાર
(બ) સત્તાનું વિકેન્દ્રીકરણ
(ક) અનામત ધોરણ
(ડ) ન્યાયાલયીન નિર્ણય

**૨. નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે સકારણ સ્પષ્ટ કરો.**

(૧) ભારતીય લોકશાહી દુનિયાની સૌથી મોટી લોકશાહી માનવામાં આવે છે.
(૨) માહિતીના અધિકારને કારણે શાસનના કારભારમાં ગોપનીયતા વધી છે.
(૩) સંવિધાનનું સ્વરૂપ એકાદ જીવંત દસ્તાવેજ જેવું હોય છે.

**૩. નીચેની સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) હક્ક આધારિત દૃષ્ટિકોણ
(૨) માહિતીનો અધિકાર
(૩) લોકસભામાં મહિલાઓનું પ્રતિનિધિત્વ

**૪. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

(૧) મતદારોની વય ૨૧ વર્ષથી ૧૮ વર્ષ કરવાનું શું પરિણામ આવ્યું?
(૨) સામાજિક ન્યાય પ્રસ્થાપિત કરવો એટલે શું?
(૩) ન્યાયાલયના કયા કયા નિર્ણયોને કારણે મહિલાઓના સન્માન અને પ્રતિષ્ઠાનું જતન થયું છે?

### ઉપક્રમ

(૧) માહિતીના અધિકાર દ્વારા ક્યા પ્રકારની માહિતી મેળવી શકાય છે, તેની માહિતી શિક્ષકની મદદથી મેળવો.

(૨) અલ્પસંખ્યક વિદ્યાર્થીઓ માટે શાસન કઇ સુવિધા આપે છે તેની યાદી તૈયાર કરો.

(૩) રાષ્ટ્રીય ચૂંટણી આયોગના અધિકૃત સંકેતસ્થળની મુલાકાત લઇ તે વિશે વધુ માહિતી મેળવો.

(૪) પોતાના પરિસરની સ્થાનિક શાસન સંસ્થામાં પ્રતિનિધિત્વ ધરાવતી મહિલા પ્રતિનિધિઓની મુલાકાત લો.

4F3185

# ૨. ચૂંટણી પ્રક્રિયા

ભારતીય લોકશાહીની આગેકૂચમાં ચૂંટણીનું ખૂબ મોટું યોગદાન છે. ચૂંટણી અને પ્રતિનિધિત્વ એ લોકશાહી સંબંધિત અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. ચૂંટણી દ્વારા લોકોના પ્રતિનિધિઓ ચૂંટવામાં આવે છે તે આપણે જાણીએ છીએ. ચૂંટણીને કારણે સત્તાનું શાંતિપૂર્વક પરિવર્તન થાય છે. જુદા જુદા પક્ષને રાજ્યકારભારની તક મળે છે. સરકારના ધોરણોમાં ફેરફાર આવે છે. અને સમાજ જીવનમાં પણ ફેરફાર આવે છે. આપણે જે પ્રતિનિધિને ચૂંટીએ તે કાર્યક્ષમ, પ્રામાણિક, વિશ્વાસુ, જનમતની કદર કરનાર હોય તેવી આપણી ભાવના હોય છે. જે ચૂંટણી પ્રક્રિયા દ્વારા આપણે પ્રતિનિધિઓને ચૂંટવાના છીએ, તે પણ મુક્ત, ન્યાયપૂર્ણ અને વિશ્વાસપાત્ર હોવી જોઇએ. માટે ભારતીય સંવિધાનમાં ચૂંટણીઓ કરાવવા માટે એક સ્વતંત્ર ચૂંટણી આયોગની જોગવાઇ કરવામાં આવી છે.

ભારતનું ચૂંટણી આયોગ અને રાજ્યસ્તરીય રાજ્ય ચૂંટણી આયોગ આપણાં દેશની સૌથી મહત્વની ચૂંટણીઓ કરાવે છે. ચૂંટણીની તારીખ જાહેર કરવાથી લઇને તે ચૂંટણીનું પરિણામ જાહેર કરવા સુધીની દરેક પ્રક્રિયા ચૂંટણી આયોગના માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ કરવામાં આવે છે.

### શું તમે જાણો છો?

પ્રતિનિધિત્વ એટલે શું? આધુનિક લોકશાહી એ પ્રાતિનિધિક લોકશાહી છે. લોકશાહીમાં નિર્ણય પ્રક્રિયામાં સંપૂર્ણ જનતાનો સમાવેશ શક્ય નથી માટે જ જનતા દ્વારા કેટલાક લોકોને રાજ્યકારભાર કરવા માટે પ્રતિનિધિ તરીકે ચૂંટી આપવાની શરૂઆત થઇ. પ્રતિનિધિઓએ જનતાને જવાબદાર રહી જનતાના કલ્યાણને પ્રધાનતા આપી રાજ્યકારભાર કરવો અપેક્ષિત છે.

ચૂંટણી પ્રક્રિયા એ મોટી અને વ્યાપક લોકશાહી પ્રક્રિયાનો અવિભાજ્ય ભાગ છે.

આ પાઠમાં આપણે ચૂંટણી આયોગની રચના, કાર્યો અને ભૂમિકા સમજવાના છીએ. ચૂંટણી પ્રક્રિયામાં કઇ સુધારણા આવશ્યક છે, તેની પણ ચર્ચા આપણે કરીશું.

## ચૂંટણી આયોગ

ભારતની ચૂંટણી પ્રક્રિયાના કેન્દ્રસ્થાને ચૂંટણી આયોગ છે. ભારતીય સંવિધાનની કલમ ૩૨૪ વડે આ સ્વાયત્ત યંત્રણાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર અને બીજા બે ચૂંટણી કમિશનર હોય છે.

ચૂંટણી કમિશનરની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. ચૂંટણી આયોગની સ્વતંત્રતા જળવાઇ રહે તે માટે મુખ્ય ચૂંટણી કમિશનરને સાહજિક અથવા રાજકીય કારણોસર પદભ્રષ્ટ કરી શકાતા નથી. ચૂંટણી આયોગના ખર્ચ માટે સ્વતંત્ર આર્થિક જોગવાઇ હોય છે.

### શું તમે જાણો છો?


સુકુમાર સેન

સ્વતંત્ર ભારતના પહેલા મુખ્ય ચૂંટણી કમિશનર સુકુમાર સેન હતા. ઇ.સ. ૧૯૨૧ માં સુકુમાર સેન બ્રિટિશકાલિન ભારતીય પ્રશાસકીય સેવામાં પ્રવેશ્યા. ઇ.સ. ૧૯૫૦માં ચૂંટણી આયોગની સ્થાપના થતા તેમને ચૂંટણી કમિશનરનો કાર્યભાર સોંપવામાં આવ્યો. અતિશય પ્રતિકૂળ અને મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સેને ખૂબ કુશળતા પૂર્વક આયોગનું કામકાજ સંભાળ્યું.

ચૂંટણી આયોગ પાસે પોતાનો સ્વતંત્ર કર્મચારી વર્ગ નથી. અન્ય સરકારી વિભાગના અધિકારીઓ, શિક્ષકો અને કર્મચારીઓની મદદથી ચૂંટણી પ્રક્રિયા પાર પાડવામાં આવે છે.

### ચૂંટણી આયોગના કાર્યો

**(૧) મતદારયાદી તૈયાર કરવી :** ૧૮ વર્ષ પૂર્ણ કરેલ દરેક ભારતીય નાગરિકને મતદાનનો હક્ક હોય છે. તેના માટે તેમનું નામ મતદાર યાદીમાં હોવું જોઈએ. મતદાર યાદીઓ તૈયાર કરવી. તેને અદ્યતન કરવી, નવા મતદારોનો સમાવેશ કરવો વગેરે કામો ચૂંટણી આયોગ કરે છે. મતદારોને ઓળખપત્ર આપવાનો અધિકાર ચૂંટણી આયોગને છે.



**શું તમે જાણો છો?**

મતદાર નોંધણી માટે વિશેષ મતદાર જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવે છે. તે માટે રાષ્ટ્રીય મતદાર દિવસ ઉજવવામાં આવે છે.

**(૨) ચૂંટણીનું સમયપત્રક અને સંપૂર્ણ કાર્યક્રમ નક્કી કરવો :** ચૂંટણીના સંપૂર્ણ સંચાલનની જવાબદારી ચૂંટણી આયોગની છે. કયા રાજ્યમાં ક્યારે અને કેટલા તબક્કામાં ચૂંટણીઓ કરાવવી તે ચૂંટણી આયોગ નક્કી કરે છે.

**(૩) ઉમેદવારોની અરજીની ચકાસણી :** ચૂંટણીની તારીખો જાહેર થયા પછી વિવિધ રાજકીય પક્ષો ચૂંટણીમાં પોતાના ઉમેદવારો ઊભા કરે છે. તેમજ કોઈપણ પક્ષનો ટેકો લીધા સિવાય સ્વતંત્રપણે ચૂંટણી લડનાર કેટલાક ઉમેદવાર હોય છે. આવા



**આવું શા માટે કરવું પડે છે?**

- ઉમેદવારો માટે માત્ર ઉંમરની શરત મર્યાદા હોવા છતાં પણ તેમણે પોતાની અન્ય માહિતી ચૂંટણી આયોગને આપવી જરૂરી છે?
- ઉમેદવારોએ પોતાની માલમત્તાની માહિતી ચૂંટણી આયોગને શા માટે આપવી પડે છે?

અપક્ષ ઉમેદવારો સહિત ચૂંટણી લડવા ઈચ્છતા દરેક ઉમેદવારોએ અરજીપત્રક ભરવું પડે છે. જેમાં પોતાની બધી માહિતી આપવી પડે છે. આ અરજીની સચોટ સમીક્ષા કરીને ચૂંટણી આયોગ પાત્ર ઉમેદવારોને ચૂંટણી લડવાની પરવાનગી આપે છે.

**(૪) રાજકીય પક્ષોને માન્યતા આપવી :** આપણાં દેશમાં બહુપક્ષ પદ્ધતિ છે. તેમજ નવા નવા પક્ષો નિર્માણ થાય છે. પક્ષોમાં ફૂટ પડીને નવા પક્ષ અસ્તિત્વમાં આવે છે. આ બધા પક્ષોને ચૂંટણી આયોગની માન્યતા હોવી જરૂરી છે. એકાદા પક્ષની માન્યતા રદ્ કરવાનો અધિકાર પણ ચૂંટણી આયોગને હોય છે. ચૂંટણી આયોગ રાજકીય પક્ષોને ચૂંટણી ચિન્હ આપે છે.

**(૫) ચૂંટણી સંબંધી વાદ-વિવાદ ઉકેલવા :** ચૂંટણી સંબંધી કોઈ વિવાદ નિર્માણ થતાં તે ઉકેલવાની જવાબદારી ચૂંટણી આયોગની હોય છે. તેની સાથે જ એકાદ મતદારક્ષેત્રમાં ફરીથી ચૂંટણી કરાવવી અથવા ઉમેદવારને અપાત્ર ઘોષિત કરવાનું કામ ચૂંટણી આયોગનું છે.

**તમે કહી શકશો?**

રાજકીય પક્ષને માન્યતા આપતી વખતે ચૂંટણી આયોગ ક્યા માપદંડ અપનાવે છે?



**આવું છે કે?**

- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે કેટલાક મતદારક્ષેત્ર આરક્ષિત રાખવામાં આવે છે.
- દરેક રાજકીય પક્ષોનું ચૂંટણી ચિન્હ હોય છે.
- મતદાન વખતે અને મતગણતરી કરતી વખતે રાજકીય પક્ષોના અધિકૃત પ્રતિનિધિઓ હાજર હોય છે.
- દરેક માન્યતાપ્રાપ્ત પક્ષને દૂરદર્શન, આકાશવાણી જેવા પ્રસાર માધ્યમો દ્વારા પોતાની વાત રજૂ કરવાની સમાન તક હોય છે.

**મતદારક્ષેત્રની પુનર્રચના :** લોકસભાની કુલ સભ્ય સંખ્યા ૫૪૩ છે. આ સભ્યો કઇ રીતે ચૂંટાય છે? દરેક સભ્ય એક મતદારક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે. એટલે કે લોકસભાના ૫૪૩ મતદાર ક્ષેત્રો છે. મતદારક્ષેત્ર નિર્માણ કરવાનું કાર્ય સીમા–નિર્ધારણ સમિતિ (Delimitation Commission) કરે છે. કોઇપણ દબાણ હેઠળ આવ્યા સિવાય આ યંત્રણા તટસ્થપણે મતદારક્ષેત્રની પુનર્રચના કરે છે.

**જાણી લો!**

મતદાન કરવું એ આપણું કર્તવ્ય પણ છે અને જવાબદારી પણ !




**નીચેના પૈકી કઇ બે બાબતો આચારસંહિતાનો ભંગ કરે છે એવું તમને લાગે છે?**

* ઉમેદવારો દ્વારા લોકોને ઘરગથ્થુ વપરાશની વસ્તુઓનું વેંચાણ
* ચૂંટાઇ આવતા પાણીનો પ્રશ્ન ઉકેલવાનું આશ્વાસન
* ઘરે ઘરે જઇને મતદારોને મળવું અને ચૂંટવાની વિનંતી કરવી.
* જાતિ અને ધર્મનું આવ્હાન કરીને ટેકો મેળવવો.

આચાર સંહિતામાં મતદારો માટે તમે કયા નિયમનો સમાવેશ કરશો?



**ધ્યાનમાં રાખો.**

હિમાચલ પ્રદેશના શ્યામ શરણ નેગી ભારતના પહેલા મતદાર હતા. ૨૫ ઓક્ટોબર ૧૯૫૧ના થયેલ લોકસભા ચૂંટણીમાં તેમણે પોતાના મતદાનના હક્કનો ઉપયોગ કર્યો.

### ચૂંટણી પ્રક્રિયા

મતદારક્ષેત્રનું નિર્માણ
↓
મતદાર યાદી નક્કી કરવી
↓
ઉમેદવારો દ્વારા અરજી અને ચકાસણી
↓
ચૂંટણી પ્રચાર
↓
મતદાન
↓
મતગણતરી
↓
ચૂંટણીનું પરિણામ
↓
ચૂંટણી સંબંધી વિવાદનો નિકાલ

### આચારસંહિતા એટલે શું?

ભારતમાં ચૂંટણીઓ વધુમાં વધુ મુક્ત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી આયોગે જે સ્વતંત્ર ઉપાયયોજનાઓ કરી છે, તેને જ આચારસંહિતા (code of conduct) કહી શકાય. છેલ્લા કેટલાક દશકોથી ચૂંટણી આયોગે પોતાના બધા અધિકારોનો ઉપયોગ કરીને ચૂંટણીમાં ગેરવર્તણૂંકને ટાળવાનો પ્રયત્ન કર્યો છે. ચૂંટણી પહેલા કેટલોક સમય અને ચૂંટણી દરમ્યાન સરકાર, રાજકીય પક્ષ તેમજ મતદારોએ ચૂંટણી દરમ્યાન ક્યા નિયમોનું પાલન કરવાનું છે તે આચારસંહિતામાં સ્પષ્ટ કર્યું છે. સરકાર પણ આ નિયમોનો ભંગ કરી શકતી નથી. છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં આચાર સંહિતાના સંદર્ભમાં કરાયેલ કાર્યવાહીને કારણે સામાન્ય મતદારો આશ્વસ્ત થયા છે.

**મુક્ત અને ન્યાયપૂર્ણ ચૂંટણીઓ થવા સામેના આવ્હાનો :** આપણા દેશનો વિસ્તાર અને મતદારોની સંખ્યા ધ્યાનમાં લેતા ચૂંટણીઓ કરવી પડકાર સમાન છે. ચૂંટણી આયોગને કાયદાની મર્યાદામાં રહીને આ પડકારોનો સામનો કરવો પડે છે. કેટલાક આવ્હાનોનો અહીં ઉલ્લેખ કર્યો છે.

દા.ત.

- ચૂંટણી દરમ્યાન મોટા પ્રમાણમાં આર્થિક ગેરવ્યવહાર થાય છે. તે રોકવા માટે ચૂંટણી આયોગને અનેક ઉપાયયોજનાઓ કરવી પડે છે.
- કેટલાક ઉમેદવારો ગુનેગાર/ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા હોવા છતાં પણ રાજકીય પક્ષો તેમને ટિકિટ આપે છે અને તેઓ ચૂંટાઇને પણ આવે છે. તેથી રાજકારણનું ગુનેગારીકરણ થાય છે અને ચૂંટણી આયોગને મુક્ત વાતાવરણ જાળવવામાં મુશ્કેલી આવે છે.
- ચૂંટણીમાં થતી હિંસા પણ એક મોટું આવ્હાન છે. ચૂંટણી દરમ્યાન થતી હિંસાનું પ્રમાણ વધી રહ્યું છે હિંસા રોકવા માટે બધાં રાજકીય પક્ષોએ આગળ આવી ચૂંટણી આયોગની મદદ કરવી જોઇએ.



**શું તમે જાણો છો?**

પહેલી લોકસભાની ચૂંટણી વખતે મતદારયાદી તૈયાર કરવાનું કામ આવ્હાનાત્મક હતું. આપણાં દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ હતું. તેથી મતદાન કરવાની વિશેષ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો. મતદાન માટે સ્ટીલની લગભગ વીસ લાખ મતપેટી તૈયાર કરવામાં આવી અને તે મતપેટીઓ પર પક્ષોના ચૂંટણી ચિહ્નો ચોંટાડવામાં આવ્યા. જે પક્ષને મત આપવો હોય તે પક્ષનું ચૂંટણી ચિહ્ન ધરાવતી પેટીમાં મતદારે એક કોરા કાગળની ઘડી વાળીને નાખવાંની પદ્ધતિ નક્કી કરવામાં આવી. તેથી નિરક્ષર લોકો મતદાન કરી શક્યા.

- રાજકારણમાં પોતાના જ કુટુંબોનો પ્રભાવ રહે તે માટે ચૂંટણીમાં પોતાના સગાવહાલાંને જ ઉમેદવારી આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જેને કારણે પ્રાતિનિધિક સંસ્થાઓમાં કૌટુંબિક એકાધિકાર/ઈજારો નિર્માણ થઈ શકે છે.

**વિચાર કરો.**

- પરિવારવાદને કારણે રાજકીય પક્ષોને કયું નુકસાન થઈ શકે?
- 'એક મત, એક મૂલ્ય' દ્વારા તમને શું સમજાય છે?

**ચૂંટણી સુધારણા :** ચૂંટણી એ સતત થતી પ્રક્રિયા છે. લોકશાહીનું ભવિષ્ય ચૂંટણી પર અવલંબિત હોય છે. યોગ્ય સુધારણાઓ કરવાથી ચૂંટણી પ્રક્રિયાની વિશ્વાસનીયતા વધે છે. અહીં કેટલીક ચૂંટણી સુધારણા સૂચવી છે. તેના શું પરિણામ આવશે એવું તમને લાગે છે?

- રાજકારણમાં સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે રાજકીય પક્ષોએ ૫૦% મહિલા ઉમેદવાર ઉભા કરવા અને તેઓ ચૂંટાઈ આવે એવા પ્રયત્નો કરવા.
- ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતી વ્યક્તિને રાજકીય પક્ષે ઉમેદવારી ન આપવી. આ સંદર્ભે ન્યાયાલયે આપેલ નિર્ણયનું અચૂક પાલન કરવું.
- ચૂંટણીનો ખર્ચ સરકારે કરવો આથી રાજકીય પક્ષો આર્થિક ગેરવ્યવહાર કરશે નહીં અને ચૂંટણીમાં પૈસાનો દુરૂપયોગ અટકાવી શકાશે.
- લોકપ્રતિનિધિત્વના કાયદામાં પણ ફેરફાર કરી ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવનાર ઉમેદવાર ચૂંટણીમાં સહભાગી ન થાય તેની સાવધાની રાખવી.

## મતપેટીથી ઈવીએમ મશીન સુધીનો પ્રવાસ





સ્વતંત્ર ભારતમાં પહેલી ચૂંટણી ૧૯૫૧–૫૨માં યોજાણી. ચૂંટણીના રાજકારણની અને તેના દ્વારા લોકશાહી વ્યવસ્થાને અમલમાં મૂકવાની શરૂઆત આ કાળમાં થઈ. શરૂઆતની અનેક ચૂંટણીઓમાં મતપેટીનો ઉપયોગ કરવામાં આવતો હતો. ૧૯૯૦ના દશકથી ઈલેક્ટ્રૉનિક વોટિંગ મશીન (EVM Machine)નો ઉપયોગ થવા લાગ્યો. મતદાન માટે યંત્રનો ઉપયોગ કરવાથી અનેક બાબતો સાધ્ય થઈ. ઈવીએમ મશીન પર દર્શાવેલા કોઈપણ ઉમેદવારને મત આપવો ન હોય તો ઉપર પૈકી કોઈપણ નહીં (None of the above - NOTA) નો પર્યાય પસંદ કરવો મતદારો માટે શક્ય બન્યું. દિવ્યાંગ વ્યક્તિઓ માટે પણ મતદાન શક્ય બન્યું. પર્યાવરણના રક્ષણને મદદ મળી. વિશેષતઃ વૃક્ષ કાપવા પર પ્રતિબંધ આવ્યો. તેમજ ચૂંટણીના પરિણામ વહેલા આવવા માંડ્યા.

**આ પણ જાણી લો.**

**સાર્વત્રિક ચૂંટણી –** દર પાંચ વર્ષે થતી લોકસભાની ચૂંટણીને સાર્વત્રિક ચૂંટણી કહેવાય છે.

**મધ્યવર્તી ચૂંટણી –** ચૂંટાઇને આવેલી સરકાર મુદત પૂર્ણ થયા પહેલાં જ અલ્પમતમાં આવે અથવા ગઠબંધન સરકારનો કોઇ એક ઘટક પક્ષ ટેકો પાછો ખેંચી લે તો સરકાર બહુમત ગુમાવે છે. પર્યાયી સરકાર રચવાની શક્યતા ન હોય તો આવા સમયે મુદત પૂર્ણ થયા પહેલા જ ચૂંટણી કરવી પડે છે. જેને મધ્યવર્તી ચૂંટણી કહે છે.

**પેટા ચૂંટણી –** વિધાનસભા, લોકસભા અને સ્થાનિક શાસન સંસ્થામાં કોઇ લોકપ્રતિનિધિ રાજીનામું આપે અથવા મૃત્યુ પામે તો તે જગ્યા ખાલી થાય છે. તે જગ્યા માટે ફરી ચૂંટણી કરવામાં આવે છે, જેને પેટા ચૂંટણી કહેવાય છે.

**શું તમે જાણો છો?**

૮ ઑક્ટોબર ૨૦૧૦ના ચૂંટણી આયોગે વિશેષજ્ઞોનો સમાવેશ ધરાવતી એક સમિતિની સ્થાપના કરી. ઇલેક્ટ્રોનિક મતદાન યંત્રમાં મતદાર ચકાસણી પાવતીની VVPAT (Voter Verified Paper Audit Trail) સુવિધા સમાવિષ્ટ કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેને તમામ રાજકીય પક્ષોએ ટેકો આપ્યો. મતદારો માટે પોતે આપેલો મત યોગ્ય રીતે નોંધવામાં આવ્યો છે કે નહીં તે તપાસવાની સુવિધા ઉપલબ્ધ થઇ. ચૂંટણીમાં ગેરવ્યવહાર રોકવા માટે આ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ પાઠમાં આપણે ચૂંટણી પ્રક્રિયાના અનેક પાસાનો વિચાર કર્યો. આગળના પાઠમાં આપણે ભારતના રાજકીય પક્ષોનો અભ્યાસ કરવાના છીએ.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરો.**

(૧) ચૂંટણી કમિશનરની નિમણૂંક.........કરે છે.
(અ) રાષ્ટ્રપતિ (બ) વડા પ્રધાન
(ક) લોકસભા સભાપતિ (ડ) ઉપરાષ્ટ્રપતિ

(૨) સ્વતંત્ર ભારતના પહેલા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે............ની નિમણૂંક થઇ.
(અ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ(બ) ટી. એન. શેષન (ક) સુકુમાર સેન (ડ) નીલા સત્યનારાયણ

(૩) મતદાર ક્ષેત્ર નિર્માણ કરવાનું કામ ચૂંટણી આયોગની .......... સમિતિ કરે છે.
(અ) પસંદગી (બ) સીમાંકન
(ક) મતદાન (ડ) સમયપત્રક

**૨. નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે સકારણ સ્પષ્ટ કરો.**

(૧) ચૂંટણી આયોગ ચૂંટણી દરમ્યાન આચાર સંહિતા લાગુ પાડે છે.


(૨) વિશિષ્ટ પ્રસંગે ચૂંટણી આયોગ કોઇ મતદાર ક્ષેત્રમાં ફરીથી ચૂંટણીઓ કરે છે.

(૩) કોઇ રાજ્યમાં ક્યારે અને કેટલા તબક્કામાં ચૂંટણીઓ કરવી તે રાજ્યસરકાર નક્કી કરે છે.

**૩. સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) મતદારક્ષેત્રની પુનર્રચના
(૨) મધ્યવર્તી ચૂંટણીઓ

૪. નીચેનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.




૫. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.

(૧) ચૂંટણી આયોગના કાર્યો સ્પષ્ટ કરો.

(૨) ચૂંટણી કમિશનર પદ વિશે વધુ માહિતી લખો.

(૩) ચૂંટણી આચારસંહિતા એટલે શું? સ્પષ્ટ કરો.

**ઉપક્રમ**

શાળામાં અભિરૂપ મતદાન પ્રક્રિયા (mock poll) આયોજિત કરી મતદાન પ્રક્રિયા સમજી લો.

4FBH9S

# ૩. રાજકીય પક્ષ

પાછલા પાઠમાં આપણે સંવિધાનની આગેકૂચ અને ચૂંટણી પ્રક્રિયાનું સ્વરૂપ સમજ્યા. સામાન્ય જનતા, લોકશાહી, પ્રતિનિધિત્વ અને ચૂંટણી આ બધાને જોડતી સૌથી મહત્વની કડી રાજકીય પક્ષ હોય છે. આપણે રાજકારણ વિશે જે સાંભળીએ અથવા વાંચીએ છીએ તે મોટે ભાગે પક્ષ સાથે સંબંધિત હોય છે. રાજકીય પક્ષનું અસ્તિત્વ દરેક લોકશાહી વ્યવસ્થામાં હોય છે. લોકશાહીમાં રાજકીય પક્ષો સત્તા માટે સ્પર્ધા કરે છે. આ પાઠમાં આપણે ભારતની રાજકીય પક્ષ પદ્ધતિની ઓળખ કરીશું.

તમારી શાળામાં અને પરિસરમાં તમે અનેક જૂથ, સંસ્થા અથવા સંઘટનાને કોઈ ને કોઈ કાર્યનું અનુસરણ કરતા જોયા હશે. સાર્વજનિક પ્રશ્ન ઉકેલવા માટે એકાદ સંસ્થા પહેલ કરે છે. વિવિધ ચળવળોના આંદોલન વિશે તમે વાંચો છો. આનો અર્થ એ છે કે જે રીતે સમાજમાં જૂથ, સંસ્થા, ચળવળો સક્રિય હોય છે તેજ રીતે રાજકીય પક્ષો પણ ચૂંટણી લડવાની પહેલ કરે છે. સમાજમાં અન્ય સંસ્થા, સંઘટના અને રાજકીય પક્ષમાં તફાવત છે. રાજકીય પક્ષ એક પ્રકારની સામાજિક સંસ્થા જ હોય છે, પરંતુ તેમના ઉદ્દેશો અને કાર્યપદ્ધતિ જુદાં હોય છે. રાજકીય સત્તા પ્રાપ્ત કરવા માટે જ્યારે લોકો ભેગાં થઈ ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થાય છે ત્યારે તે સંઘટનાને 'રાજકીય પક્ષ' કહેવાય છે. રાજકીય પક્ષ એટલે ચૂંટણી લડીને તે જીતવા માટે અને ત્યાર બાદ સત્તા મેળવીને પોતાના પક્ષની સરકારની સ્થાપના કરનાર લોકોનો સમૂહ.

રાજકીય પક્ષોની કેટલીક મુખ્ય વિશિષ્ટતા નીચે મુજબ છે.

**સત્તા મેળવવી** : રાજકીય પક્ષોનો હેતુ ચૂંટણીના માધ્મથી સત્તા મેળવવાનો હોય છે. તેથી સત્તા માટે વિવિધ રાજકીય પક્ષ પરસ્પર સતત સ્પર્ધા કરે છે. આવી સ્પર્ધા કરવામાં કઈ ખોટું નથી, પરંતુ સ્પર્ધાનું સ્વરૂપ તંદુરસ્ત/સ્વસ્થ હોવું જોઈએ.

**વિચારસરણીનો આધાર** : દરેક રાજકીય પક્ષ અમુક ધોરણો, વિચારોનો હિમાયતી-સમર્થક હોય છે. સાર્વજનિક પ્રશ્નો વિશે પક્ષોની વિશિષ્ટ ભૂમિકા હોય છે. આ બધાંના સમાવેશથી પક્ષની વિચારસરણી તૈયાર થાય છે. જે લોકોને આ વિચારસરણી યોગ્ય લાગે છે તે લોકો એ પક્ષને ટેકો આપે છે. પક્ષને લોકો દ્વારા મળતા ટેકાને પક્ષનો 'જનાધાર' કહેવાય છે. હાલના સમયમાં દરેક રાજકીય પક્ષોની વિચારસરણી સમાન જ જણાય છે. તેથી પક્ષોમાં વિચારસરણીના આધારે ભેદ કરવો મુશ્કેલ બન્યું છે.

**પક્ષ કાર્યક્રમ** : વિચારસરણીને પ્રત્યક્ષ અમલમાં લાવવા માટે રાજકીય પક્ષો તેના પર આધારિત કાર્યક્રમો નિશ્ચિત કરે છે. સત્તા મળતા આ કાર્યક્રમોનો અમલ કરવામાં આવે છે. સત્તા ન મળે તો પણ રાજકીય પક્ષો કાર્યક્રમના આધારે લોકોનો ટેકો મેળવવાનો પ્રયત્ન કરે છે.

**સરકારની રચના કરવી** : રાજકીય પક્ષો સરકાર બનાવે છે અને દેશનો રાજ્યકારભાર સંભાળે છે. ચૂંટણીમાં બહુમત મેળવનાર પક્ષ આ કાર્ય કરે છે. જે પક્ષને બહુમત મળે નહીં તે વિરોધી પક્ષ તરીકે કાર્ય કરે છે.

**સરકાર અને જનતા વચ્ચેની કડી** : રાજકીય પક્ષ જનતા અને સરકાર વચ્ચેની કડીનું કાર્ય કરે છે. જનતાની માંગો અને ફરિયાદો સરકાર સુધી પહોંચાડવાનું કાર્ય રાજકીય પક્ષ કરે છે અને સરકાર પક્ષ મારફત પોતાના ધોરણો-કાર્યક્રમો માટે ટેકો મેળવવાનો પ્રયત્ન કરે છે.

**વર્તમાનપત્રમાંના નીચેના સમાચારોથી તમને શું સમજાયું તે ટૂંકમાં કહો.**

- મુંબઇમાં સત્તાધારી પક્ષના વિરોધમાં દરેક વિરોધી પક્ષોની બેઠક મળી. ખેડૂતોના પ્રશ્નો હાથમાં લેશે.
- સત્તાધારી પક્ષે ગ્રામીણ ભાગમાં સંવાદ યાત્રાનું આયોજન કર્યું.

ધારો કે તમે વિરોધપક્ષના નેતા છો અને આરોગ્ય ક્ષેત્રે સરકારે સારું કાર્ય કર્યું નથી, તે તમારા પક્ષના ધ્યાનમાં આવ્યું છે. વિરોધી પક્ષનેતા તરીકે તમે શું કરશો?

**વિચાર કરો અને લખો.**

મહાત્મા ગાંધી, વિનોબા ભાવે અને જયપ્રકાશ નારાયણે ‘પક્ષવિરહિત’ લોકશાહીની કલ્પના રજૂ કરી હતી. વર્તમાન કાળમાં આવી લોકશાહી લાવવી હોય તો શું કરવું જોઇએ?

## ભારતમાં પક્ષ પદ્ધતિનું બદલાતું સ્વરૂપ :

(૧) સ્વાતંત્ર્યોત્તર કાળમાં કોંગ્રેસ એક પ્રબળ પક્ષ હતો. કેટલાક અપવાદ બાદ કરતા કેન્દ્ર અને રાજ્ય સ્તરે આ પક્ષને બહુમત પ્રાપ્ત હતો. ભારતના રાજકારણપર આ પક્ષની પકડ હતી. માટે આ કાળની પક્ષપદ્ધતિનું વર્ણન ‘એક પ્રબળ પક્ષ પદ્ધતિ’ તરીકે કરવામાં આવે છે.

(૨) એક પ્રબળ પક્ષ પદ્ધતિને ૧૯૭૭માં કોંગ્રેસેત્તર પક્ષોએ એકત્રિત થઇ પડકાર ફેંક્યો.

(૩) ૧૯૮૯ની લોકસભા ચૂંટણી પછી રાજકારણમાં એક જ પક્ષના વર્ચસ્વનો અંત આવ્યો. તે પછીના સમયમાં અનેક પક્ષોએ ભેગા થઇ ગઠબંધન સરકારની સ્થાપના કરવાની શરૂઆત થઇ. ગઠબંધન સરકાર સ્થાપવાનો પ્રયોગ ભારતીય જનતા પક્ષ અને કોંગ્રેસ બંને પક્ષોએ કર્યો. ગઠબંધન સરકારથી અસ્થિરતા નિર્માણ થાય એ વાત આપણા દેશની પક્ષ પદ્ધતિએ ખોટી ઠેરવી. ગઠબંધન સરકાર હવે ભારતની રાજકીય વ્યવસ્થામાં સ્થિર થઇ છે.



**શું તમે જાણો છો?**

- દીર્ઘકાળ સુધી એક જ પક્ષના હાથમાં સત્તા હોવી અને બીજો કોઇ પણ પક્ષ રાજકારણમાં પ્રભાવી ન હોય તે પક્ષપદ્ધતિને ‘એક પક્ષ પદ્ધતિ’ કહેવાય છે.
- રાજકારણમાં બે રાજકીય પક્ષો પ્રભાવી હોય અને બંને રાજકીય પક્ષોને વારાફરતી સત્તા મળે એ શાસન પદ્ધતિને ‘દ્વિપક્ષપદ્ધતિ’ કહે છે.
- અનેક રાજકીય પક્ષ સત્તાની સ્પર્ધામાં હોય અને દરેકનો ઓછો-વત્તો રાજકીય પ્રભાવ હોય છે. આવી પદ્ધતિને ‘બહુપક્ષ પદ્ધતિ’ કહેવાય છે.



**કરી જુઓ**

રાજકીય પક્ષોના બે પ્રમુખ ગઠબંધન અહીં આપ્યા છે. તેમના ઘટક પક્ષો શોધી તેમના નામ લખો.

૧) રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન (NDA)

૨) સંયુક્ત પુરોગામી ગઠબંધન (UPA)

### આ પણ જાણી લઇએ

રાષ્ટ્રીય પક્ષ અને પ્રાદેશિક પક્ષ કોને કહેવાય છે?

**રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત કરવા માટે ચૂંટણી આયોગે નક્કી કરેલા નીચેના માપદંડોની પૂર્તિ કરવી પડે છે.**

(અ) ચાર અથવા વધુ રાજ્યોમાં લોકસભા અથવા વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં ઓછામાં ઓછા ૬% માન્ય મતો મેળવવા આવશ્યક છે. તેમજ છેલ્લી ચૂંટણીમાં કોઈપણ રાજ્ય અથવા રાજ્યોમાંથી ઓછામાં ઓછા ચાર લોકસભાના સભ્યો ચૂંટાયા હોવા જોઈએ.

અથવા

(બ) કુલ લોકસભા મતદાર ક્ષેત્રોના ઓછામાં ઓછા ૨% મતદાર ક્ષેત્રોમાં તેમજ ઓછામાં ઓછા ત્રણ રાજ્યોમાં ઉમેદવાર ચૂંટાયા હોવા જોઈએ.

**પ્રાદેશિક અથવા રાજ્યસ્તરીય પક્ષ તરીકે માન્યતા મેળવવા માટે ચૂંટણીપંચે નીચેના માપદંડો નિશ્ચિત કર્યા છે.**

(અ) લોકસભા અથવા વિધાનસભાની પાછલી ચૂંટણીમાં ઓછામાં ઓછા ૬% મતો મેળવવા અને વિધાનસભામાં ઓછામાં ઓછા બે સભ્યો ચૂંટાવા આવશ્યક છે.

અથવા

(બ) વિધાનસભાના કુલ સભ્ય સંખ્યાની ઓછામાં ઓછી 3% બેઠકો અથવા ઓછામાં ઓછી ત્રણ બેઠક મેળવવી આવશ્યક છે.

આપણે ભારતના કેટલાક પ્રમુખ રાજકીય પક્ષોનો પરિચય કરીએ.

## રાષ્ટ્રીય પક્ષ

(સંદર્ભ : Election Commission of India, Notification No. 56/201/PPS-111, dated 13 December 2016)

**(૧) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ :** ઈ.સ. ૧૮૮૫માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઇ હતી. સ્થાપના સમયે કોંગ્રેસ રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનો પ્રયત્ન કરનાર સર્વસમાવેશક સ્વરૂપની ચળવળ હતી. તેથી તેમાં વિવિધ વિચારસરણી ધરાવતા સમૂહો ભેગા થયા હતા. સ્વતંત્રતા મળ્યા બાદ કોંગ્રેસ સૌથી વધુ પ્રભાવી પક્ષ તરીકે ઉદયમાં આવ્યો. ધર્મનિરપેક્ષતા, સર્વાંગી વિકાસ, દુર્બળ ઘટકો, અલ્પસંખ્યક વર્ગ માટે 'સમાન હક્ક, વ્યાપક સમાજ કલ્યાણ' શરૂઆતથી જ આ પક્ષનું ધોરણ રહ્યું છે. તે અનુસાર આ પક્ષે અનેક કાર્યક્રમો પણ યોજ્યા. આ પક્ષ લોકશાહી, સમાજવાદ, આંતરરાષ્ટ્રીય શાંતિ અને સામાજિક સમતા પર વિશ્વાસ ધરાવે છે.

**(૨) ભારતીય કમ્યુનિસ્ટ પક્ષ :** માર્ક્સવાદી વિચારસરણી ધરાવતા આ પક્ષની સ્થાપના ઈ.સ. ૧૯૨૫માં થઇ હતી. આ ભારતનો એક જૂનો પક્ષ છે. મજૂરો, શ્રમિકો અને કામદારોના હિત માટે આ પક્ષ કાર્ય કરે છે. આ પક્ષ મૂડીવાદનો વિરોધી છે.

૧૯૬૦ના દશકમાં ચીન અને સોવિયેટ યુનિયન આ બે સામ્યવાદી દેશોમાંથી કોનું નેતૃત્વ સ્વીકારવું, એ વિશે પક્ષના નેતાઓમાં વૈચારિક મતભેદ થતા ભારતીય કમ્યુનિસ્ટ પક્ષમાં ફૂટ પડી અને ઈ.સ. ૧૯૬૪માં ભારતીય કમ્યુનિસ્ટ પક્ષ (માર્ક્સવાદી)ની સ્થાપના થઈ.

**(૩) ભારતીય જનતા પક્ષ :** ભારતીય જનતા પક્ષ રાષ્ટ્રીય સ્તરે એક મહત્વનો પક્ષ છે. ઈ.સ. ૧૯૫૧માં ભારતીય જનસંઘની સ્થાપના થઇ હતી. ઈ.સ. ૧૯૭૭માં સ્થપાયેલ જનતા પક્ષમાં ભારતીય જનસંઘ વિલિન થયો, પરંતુ જનતા પક્ષ વધુ સમય ટક્યો નહીં. પક્ષમાં ફૂટ પડી અને તેમાંના ભારતીય જનસંઘે ઈ.સ. ૧૯૮૦માં ભારતીય જનતા પક્ષ નામના નવા પક્ષની સ્થાપના કરી. આ પક્ષે પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, પરંપરાનું જતન કરવાની ભૂમિકા અપનાવી છે. આ પક્ષ આર્થિક સુધારણા પર વધુ ભાર આપે છે.

**(૪) ભારતીય કમ્યુનિસ્ટ પક્ષ (માર્ક્સવાદી) :** આ પક્ષ સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીનો હિમાયતી છે. આ પક્ષ સામ્રાજ્ય વાદનો વિરોધી છે. આ પક્ષનું ધોરણ કામદાર, ખેડૂત, ખેતમજૂરોના હિતોનું જતન કરવું છે.


**(૫) બહુજન સમાજ પક્ષ :** બહુજન સમાજ પક્ષ સમાજવાદી વિચારસરણી ધરાવતો પક્ષ છે. બહુજનના હિતનો ઉદ્દેશ ધરાવતા આ પક્ષની સ્થાપના ઈ.સ. ૧૯૮૪માં થઇ હતી. દલિત, આદિવાસી, અન્ય પછાત વર્ગ અને અલ્પસંખ્યકોનો સમાવેશ 'બહુજન' શબ્દમાં થાય છે. બહુજન સમાજને સત્તા મેળવી આપવી એ પક્ષનો ઉદ્દેશ છે.

**(૬) રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ :** કોંગ્રેસમાંથી બહાર પડી ઈ.સ. ૧૯૯૯માં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષની સ્થાપના થઇ. આ પક્ષ લોકશાહી, સમતા, ધર્મનિરપેક્ષતા જેવા મૂલ્યો પર વિશ્વાસ ધરાવે છે. કોંગ્રેસ પક્ષ સાથે યુતિ કરીને આ પક્ષ ૧૯૯૯થી ઈ.સ. ૨૦૧૪ સુધી મહારાષ્ટ્રમાં સત્તા પર હતો. તેમજ ઈ.સ. ૨૦૦૪થી ૨૦૧૪ સુધીના લાંબા સમય ગાળા સુધી કેન્દ્રમાં પણ કોંગ્રેસના નેતૃત્વ હેઠળની ગઠબંધન સરકારનો એક ઘટક પક્ષ હતો.

**(૭) તૃણમૂલ કોંગ્રેસ :** ઈ.સ. ૧૯૯૮માં ઑલ ઇંડિયા તૃણમૂલ કોંગ્રેસ પક્ષની સ્થાપના થઇ. ઈ.સ. ૨૦૧૬માં ચૂંટણી પંચે આ પક્ષને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા આપી. આ પક્ષનું ધોરણ લોકશાહી, ધર્મનિરપેક્ષતા અને દુર્બળ ઘટકોનું સંરક્ષણ છે.

**લોકસભાની ચૂંટણી ૨૦૦૯ અને ૨૦૧૪માં રાષ્ટ્રીય પક્ષોએ મેળવેલી બેઠકો.**

| રાજકીય પક્ષનું નામ | મેળવેલી બેઠકો | |
|---|---|---|
| | ૨૦૦૯ | ૨૦૧૪ |
| ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૨૦૬ | ૪૪ |
| ભારતીય કમ્યુનિસ્ટ પક્ષ | ૪ | ૧ |
| ભારતીય જનતા પક્ષ | ૧૧૬ | ૨૮૨ |
| ભારતીય કમ્યુનિસ્ટ પક્ષ (માર્ક્સવાદી) | ૧૬ | ૯ |
| બહુજન સમાજ પક્ષ | ૨૧ | – |
| રાષ્ટ્રવાદી કોંગ્રેસ | ૯ | ૬ |




તમે વર્તમાનપત્રમાં આવા સમાચારો વાંચ્યા હશે. આમાંથી આપણને ભારતીય સંઘરાજ્યના વિવિધ રાજ્યોમાં રહેલા પક્ષો વિશે માહિતી મળે છે.

- આ પક્ષ માત્ર રાજ્ય પૂરતા જ મર્યાદિત છે કે?
- રાજ્યના કેટલાક નેતાઓ રાષ્ટ્રીય સ્તરે દેખાય છે જ્યારે કેટલાકનો પ્રભાવ રાજ્ય પૂરતો જ હોય છે. આવું શા માટે?

તમને થયેલા આવા પ્રશ્નોના આધારે આપણે ભારતના કેટલાક પ્રાદેશિક પક્ષોની ટૂંકમાં ઓળખ કરીએ. ભારતની ચારેય દિશાના રાજ્યોમાંના કેટલાક પ્રતિનિધિક પક્ષોનો આપણે વિચાર કરીએ.

ભારતના વિવિધ પ્રદેશોમાં વિવિધ ભાષા બોલતા અને પરંપરા, સંસ્કૃતિમાં પણ વિવિધતા ધરાવતા લોકો છે. પ્રદેશ અને તેની એક સ્વતંત્ર ભાષાનું ચિત્ર આપણને દેખાય છે. પ્રદેશના ભૌગોલિક રૂપોમાં પણ વિવિધતા છે. મહારાષ્ટ્રના વિવિધ ભૌગોલિક પ્રદેશોનો તમે અભ્યાસ કર્યો છે. જેવી રીતે મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ કે કર્ણાટક કરતાં ભિન્ન છે. એ જ રીતે મહારાષ્ટ્રમાં પણ ભૌગોલિક, સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે.

પોતાની ભાષા અને પોતાના પ્રદેશ માટે આત્મિયતાની ભાવના નિર્માણ થાય છે. સમય જતા તે માટે અસ્મિતા નિર્માણ થઇ તેમાંથી ‘પ્રાદેશિકતા’ નિર્માણ થાય છે. લોકો મુખ્યત્વે પોતાના પ્રદેશના હિત અને વિકાસના વિચાર કરવા લાગે છે. પોતાની ભાષા, પોતાનું સાહિત્ય, પરંપરા, સામાજિક સુધારણાનો ઈતિહાસ, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ચળવળ વગેરે વિશે ગૌરવ અનુભવે છે અને તેમાંથી ભાષિક અસ્મિતા પ્રબળ બને છે. પોતાના પ્રદેશનો વિકાસ થાય, ત્યાંની સાધન સંપત્તિ અને રોજગારની તકો પર પોતાનો હક્ક હોય તે ભાવનામાંથી પ્રાદેશિક અસ્મિતાનો ઉદય થાય છે.

આમ, ભાષિક, પ્રાદેશિક, સાંસ્કૃતિક અને તેની સાથે સંલગ્ન અસ્મિતા સંગઠિત થતા તેમાંથી પ્રાદેશિકતાની ભાવના પ્રબળ બને છે. તેમાંથી કેટલીક વાર સ્વતંત્ર રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવે છે, તો કેટલીક વાર વિવિધ દબાવ જૂથો, ચળવળો નિર્માણ થાય છે. આ બધાંનો એક જ હેતુ હોય છે – પોતાના પ્રદેશના હિતસંબંધોનું જતન કરવું.

### પ્રાદેશિક પક્ષ

વિશિષ્ટ પ્રદેશની વિવિધતાનું ગૌરવ ધરાવનાર અને તેનો વિકાસ થાય તે માટે સત્તાની સ્પર્ધામાં ઉતરનાર રાજકીય જૂથને ‘પ્રાદેશિક પક્ષ’ કહેવાય છે. તેમનો પ્રભાવ જે તે પ્રદેશ પૂરતો મર્યાદિત હોય છે. તે છતાં પણ પોતાના પ્રદેશમાં પ્રભાવી ભૂમિકા ભજવીને તે રાષ્ટ્રીય રાજકારણ પર પોતાની છાપ છોડે છે. પ્રાદેશિક પક્ષ પ્રાદેશિક સમસ્યાઓને પ્રધાનતા આપે છે. પોતાના પ્રદેશનો વિકાસ કરવા માટે તેમને કેવળ અધિકારની બદલે

સ્વાયત્તાની આવશ્યકતા જણાય છે. પ્રાદેશિક પક્ષ સંઘ સરકારની સાથે સહકાર્ય કરતા કરતાં પોતાની સ્વાયત્તાનું ક્ષેત્ર અબાધિત રાખવાનો પ્રયત્ન કરે છે.

તે જ રીતે પ્રાદેશિક સમસ્યા પ્રાદેશિક સ્તરે જ ઉકેલવી, સત્તા તે જ પ્રદેશની વ્યક્તિના હાથમાં હોવી જોઈએ, પ્રશાસન અને વ્યવસાયમાં તે પ્રદેશના રહેવાસીઓને અગ્રક્રમ આપવો જોઈએ એવો આગ્રહ પ્રાદેશિક પક્ષ ધરાવે છે.

**ભારતમાં પ્રાદેશિક પક્ષોનું બદલાતું સ્વરૂપ :** સ્વતંત્રતા મળી ત્યારથી જ ભારતમાં પ્રાદેશિક પક્ષ અસ્તિત્વમાં છે, પરંતુ તેમના સ્વરૂપમાં અને ભૂમિકામાં મહત્વના ફેરફાર જણાય છે.

(૧) શરૂઆતના સમયમાં પ્રાદેશિક અસ્મિતામાંથી કેટલીક ચળવળો શરૂ થઈ. સ્વતંત્ર ખલિસ્તાન, દ્રવિડસ્થાનની માંગણીનો હેતુ સંઘરાજ્યથી છૂટા થઈ સ્વતંત્ર દેશ નિર્માણ કરવાનો હતો. આ સંદર્ભમાં પંજાબ, તમિલનાડુ, જમ્મુ અને કાશ્મીરના પ્રાદેશિક પક્ષોના ઉદાહરણ આપી શકાય.

(૨) પ્રાદેશિક પક્ષોની ભૂમિકામાં ધીમેધીમે ફેરફાર થતો ગયો. સ્વતંત્ર રાજ્યની માંગણીને બદલે તેમને વધુ સ્વાયત્તા મળે તેવા પ્રયત્નો શરૂ થયા. જે પ્રાદેશિક પક્ષોના વિકાસનો બીજો તબક્કો છે. આ તબક્કાની શરૂઆત ઈ.સ. ૧૯૯૦ પછી થઈ.

(૩) પોતાના પ્રદેશના વિકાસ માટે પોતાના પ્રદેશના રહેવાસીઓને રાજ્ય અને કેન્દ્રમાં સત્તા મળે એવી ભૂમિકા પ્રાદેશિક પક્ષ સ્વીકારે છે. દા.ત. શિવસેના, તેલુગુ દેસમ.

(૪) ઈશાન ભારતના પ્રાદેશિક પક્ષોએ વિકાસ માટે જુદું જ વલણ અપનાવ્યું છે. આ પ્રદેશોમાં રાજકીય પક્ષોએ અલગ રાજ્યની માંગણી છોડી સ્વાયત્તાની માંગણી કરવાની શરૂઆત કરી છે. ઈશાન ભારતના બધા પ્રાદેશિક પક્ષ ક્રમશઃ મુખ્ય રાષ્ટ્રીય પ્રવાહમાં આવી રહ્યા છે.

ટૂંકમા કહીએ તો ભારતમાં પ્રાદેશિક પક્ષોનો પ્રવાસ અલગાવવાદ, સ્વાયત્તા અને મુખ્ય રાષ્ટ્રીય પ્રવાહમાં સમાવેશ જેવા તબક્કામાં થયો છે. રાષ્ટ્રીય રાજકારણમાં પણ તેમનો પ્રભાવ વધ્યો છે. જેનું પરિણામ ગઠબંધન સરકારનાં રૂપમાં જોવા મળે છે. ભારતમાં અનેક પ્રાદેશિક પક્ષો છે. દરેક પક્ષની માહિતી આપવી શક્ય નથી માટે આપણે ભારતના પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર ક્ષેત્રોના કેટલાક પ્રાતિનિધિક પક્ષોનો પરિચય કરીશું.

**કેટલાક પ્રમુખ પ્રાદેશિક પક્ષો નીચે મુજબ**

(૧)



શિવસેના

- મહારાષ્ટ્રનો પ્રમુખ રાજકીય પક્ષ. સ્થાપના ઈ.સ. ૧૯૬૬
- મરાઠી માણસના હક્કોનું જતન, મરાઠી ભાષાનું સંવર્ધન, પરપ્રાંતિઓનો વિરોધ
- ૧૯૯૫માં ભારતીય જનતા પક્ષ સાથે યુતિ કરીને મહારાષ્ટ્રમાં પહેલીવાર શિવસેના પક્ષ સત્તા પર આવ્યો. ૨૦૧૪ની ચૂંટણી પછી મહારાષ્ટ્રમાં ભાજપ સાથે સત્તામાં સહભાગી.
- ૨૦૧૯માં થયેલી ચૂંટણીઓ પછી કોંગ્રેસ પક્ષ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ સાથે મહાવિકાસ ગઠબંધન કરી સત્તામાં છે.

(૨)

**શિરોમણી અકાલી દલ**

- પંજાબનો મહત્વનો પ્રાદેશિક પક્ષ. સ્થાપના ઈ.સ. ૧૯૨૦
- ધાર્મિક અને પ્રાદેશિક અસ્મિતાના જતનને પ્રાધાન્ય
- અનેક વર્ષો સુધી પંજાબમાં સત્તા સંભાળી

(૩)

**જમ્મુ અને કાશ્મીર નેશનલ કૉન્ફરન્સ**

- કાશ્મીરનો પ્રમુખ પ્રાદેશિક પક્ષ સ્થાપના ઈ.સ. ૧૯૩૨
- કાશ્મીરની જનતાના હિત અને સ્વાયત્તાના જતન માટે પ્રયત્નશીલ.

(૪)

**આસામ ગણ પરિષદ**

- સરકાર સાથે વાટાઘાટ કરીને ઈ.સ. ૧૯૮૫માં આસામ કરાર. સ્થાપના ઈ.સ. ૧૯૮૫.
- નિર્વાસિતોના પ્રશ્નો ઉકેલવા, આસામની સાંસ્કૃતિક, ભાષિક અને સામાજિક વિવિધતાનું જતન, આર્થિક વિકાસના પ્રયત્ન
- છેલ્લા કેટલાક વર્ષોથી આસામમાં સત્તાધારી પક્ષ

(૫)

| દ્રવિડ મુન્નેત્ર કળઘમ  | ઈ.સ. ૧૯૨૦માં બ્રાહ્મણેત્તર ચળવળ જસ્ટીસ પાર્ટીનું દ્રવિડ મુન્નત્ર કળઘમ નામના રાજકીય પક્ષમાં રૂપાંતર થયું. ઈ.સ. ૧૯૪૪માં જસ્ટીસ પાર્ટી દ્રવિડ કળઘમ તરીકે ઓળખાવા લાગી. ઈ.સ. ૧૯૪૯માં તેમાંથી એક જૂથ છૂટું પડ્યું અને તેણે દ્રવિડ મુન્નેત્ર કળઘમ પક્ષની સ્થાપના કરી. તેમાંથી પણ છૂટા પડેલા એક જૂથે ઈ.સ. ૧૯૭૨માં ઑલ ઇંડિયા અણ્ણા દ્રવિડ મુન્નેત્ર કળઘમ પક્ષની સ્થાપની કરી.<br>તમિલ અસ્મિતાના જતનનો પ્રયત્ન. કેન્દ્રની ગઠબંધન સરકારમાં કેટલોક સમય સહભાગ.<br>દરેક સ્તરે પક્ષને મતદારોનો ટેકો. દીર્ઘકાળ સુધી સત્તામાં રહીને અનેક ઉપાયયોજનાઓ યોજી. |
|---|---|

ભારતમાં દરેક રાજ્યમાં અનેક પ્રાદેશિક પક્ષો છે. તે રાજ્યના રાજકારણ પર તેમનો પ્રભાવ છે. તેના ઉદાહરણ રૂપે મહારાષ્ટ્રના પ્રાદેશિક પક્ષોનો બે ચૂંટણીમાં દેખાવ નીચેના કોષ્ટકમાં દર્શાવ્યો છે.

**મહારાષ્ટ્રના પ્રાદેશિક પક્ષ (વિધાન સભામાં પ્રતિનિધિત્વ)**

| પક્ષનું નામ | મેળવેલી બેઠકો | |
|---|---|---|
| | ચૂંટણી વર્ષ ૨૦૦૯ | ચૂંટણી વર્ષ ૨૦૧૪ |
| શિવસેના | ૪ | ૬૩ |
| મહારાષ્ટ્ર નવનિર્માણ સેના | ૧૩ | ૧ |
| ખેડૂત કામગાર પક્ષ | ૪ | ૩ |
| ભારિપ બહુજન મહાસંઘ | ૧ | ૧ |
| ભારતીય રિપબ્લિકન પક્ષ | – | – |
| સમાજવાદી પક્ષ | ૪ | ૧ |
| બહુજન વિકાસ ગઠબંધન | ૨ | ૩ |

| પક્ષનું નામ | મેળવેલી બેઠકો | |
|---|---|---|
| | ચૂંટણી વર્ષ ૨૦૦૯ | ચૂંટણી વર્ષ ૨૦૧૪ |
| રાષ્ટ્રીય સમાજ પક્ષ | ૧ | ૧ |
| ઑલ ઇંડિયા મજલીસ–ઇ–ઇતેહદુલ્લા મુસલમીન | * | ૨ |
| જનસુરાજ્ય શક્તિ | ૨ | – |
| લોકસંગ્રામ | ૧ | – |
| સ્વાભિમાની પક્ષ | ૧ | – |

(* આ પક્ષ ૨૦૦૯માં અસ્તિત્વમાં ન હતો)

**કહો જોઈએ?**

ભારતના દરેક રાજ્યોમાં પ્રાદેશિક પક્ષો છે. તે દરેકની અહીં નોંધ લઈ શકાય નહીં. ભારતના નકશાના આધારે હજુ કેટલાક પ્રાદેશિક પક્ષ વિશે માહિતી મેળવો.

આ પાઠમાં આપણે ભારતના રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરના રાજકીય પક્ષોની સમીક્ષા કરી. આગળના પાઠમાં આપણા જીવનમાં રાજકીય ચળવળનું મહત્ત્વ સમજીશું.

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) રાજકીય સત્તા પ્રાપ્ત કરવા માટે જ્યારે લોકો એકત્રિત થઇ ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થાય છે. ત્યારે તે સંઘટનાને..... કહેવાય છે.

(અ) સરકાર (બ) સમાજ

(ક) રાજકીય પક્ષ (ડ) સામાજિક સંસ્થા

(૨) નેશનલ કોન્ફરન્સ પક્ષ........ છે.

(અ) ઓડિસામાં (બ) આસામમાં

(ક) બિહારમાં (ડ) જમ્મૂ અને કાશ્મીરમાં

(૩) બ્રાહ્મણેતર ચળવળ જસ્ટીસ પાર્ટીનું રૂપાંતર ....... રાજકીય પક્ષમાં થયું.

(અ) આસામ ગણ પરિષદ

(બ) શિવસેના

(ક) દ્રવિડ મુન્નેત્ર કળઘમ

(ડ) જમ્મૂ અને કાશ્મીર નેશનલ કૉન્ફરન્સ

**૨. નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે સકારણ સ્પષ્ટ કરો.**

(૧) રાજકીય પક્ષ સરકાર અને જનતા વચ્ચે કડીનું કાર્ય કરે છે.

(૨) રાજકીય પક્ષ સામાજિક સંસ્થા જ છે.

(૩) ગઠબંધન સરકારથી અસ્થિરતા નિર્માણ થાય છે.

(૪) ‘શિરોમણી અકાલી દલ’ રાષ્ટ્રીય પક્ષ છે.

**૩. નીચેની સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) પ્રાદેશિકતા (૨) રાષ્ટ્રીય પક્ષ

**૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.**

(૧) રાજકીય પક્ષોના મુખ્ય વૈશિષ્ટ્યો સ્પષ્ટ કરો.

(૨) ભારતની પક્ષ પદ્ધતિમાં ક્યા ફેરફાર થયા છે?

**ઉપક્રમ**

(૧) તમારા માતા–પિતાના નામો જે લોકસભા મતદાર ક્ષેત્રમાં હોય તે મતદારક્ષેત્રને મહારાષ્ટ્રના નકશામાં દર્શાવો.

(૨) ભારતના નકશામાં પ્રમુખ રાજકીય પ્રાદેશિક પક્ષોનો પ્રભાવ ક્યાં ક્યાં છે તે સ્થળો દર્શાવો.

4FKSBF

# ૪. સામાજિક અને રાજકીય ચળવળો

એક સ્થાનિક વર્તમાનપત્રમાં છપાયેલ નીચેના સમાચાર વાંચો.

> બાળવિવાહ વિરોધી ચળવળને ખૂબ સફળતા મળતા બાળવિવાહના પ્રમાણમાં લગભગ ૫૦%નો ઘટાડો થયો છે. આ ચળવળના કાર્યકર્તાઓએ ખૂબ સજાગ રહી કામ કર્યું.
>
> દહેજ વિરોધી ચળવળના કાર્યકર્તાઓએ પણ તેમને મદદ કરી. આ જ પરિસરમાં હવે કુપોષણ વિરોધી ચળવળ ચલાવવી આવશ્યક છે. કારણ કે ગરીબી અને કુપોષણ નોંધપાત્ર સમસ્યા છે.

- વર્તમાનપત્રના આ સમાચારમાં જે ચળવળનો ઉલ્લેખ થયો છે. તેનો અર્થ તમે કહી શકશો કે?
- આ સમાચારમાં જુદા જુદા વિષય જણાય છે. તો શું આ ચળવળો એક જ વિષય સાથે સંબંધિત છે કે?
- ચળવળો પરસ્પર સહકાર્ય કરે તો વધુ પ્રભાવી બનશે એવું તમને લાગે છે કે?

પાછલા પાઠમાં આપણે રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષ વિશે માહિતી મેળવી. રાજકીય પક્ષો સત્તાની સ્પર્ધામાં હોય છે. અને ચૂંટણી જીતીને તેઓ સામાન્ય જનતાના પ્રશ્નો ઉકેલવાના પ્રયત્નો કરે છે. રાજકીય પક્ષોની ભૂમિકા સર્વસમાવેશક સ્વરૂપની હોય છે. તેઓ માત્ર કોઇ એક પ્રશ્ન પર ધ્યાન કેન્દ્રિત કરે તો ચાલે નહી. સાર્વજનિક સ્વચ્છતાથી અવકાશ સંશોધન સુધીની સર્વ બાબતોનો તેમણે રાષ્ટ્રીય દૃષ્ટિકોણથી વિચાર કરી નિર્ણય લેવો પડે છે. રાજકીય પક્ષ પાસે સમાજના દરેક ઘટકની સમસ્યા માટે કાર્યક્રમ હોવા જોઇએ. ખેડૂત, કામગાર, ઉદ્યોગ, મહિલા, યુવા વર્ગ, વરીષ્ઠ વ્યક્તિ આ દરેકનો વિચાર કરીને રાજકીય પક્ષો ધોરણ નક્કી કરે છે.

## ચળવળો શા માટે?

સમાજની દરેક વ્યક્તિ માટે રાજકીય પક્ષમાં સહભાગી બની સાર્વજનિક હિત માટે કંઇક કરવું શક્ય હોય જ એવું નથી. કેટલાક લોકો એક જ પ્રશ્ન પર ધ્યાન કેન્દ્રિત કરી તે પ્રશ્નને ટેકો આપે છે. તેના નિરાકરણ માટે લોકોને સંગઠિત કરી સરકાર પર કોઇ કાર્ય કરવા માટે દબાણ લાવવાનો પ્રયત્ન કરે છે. સતત પ્રવૃત્ત રહી તે સમસ્યા વિશે જનમત તૈયાર કરી રાજકીય પક્ષ અને સરકાર પર દબાણ લાવવામાં આવે છે. આ સામૂહિક કૃતિને 'ચળવળ' કહેવાય છે. સામૂહિક કૃતિ એ ચળવળનું મુખ્ય કેન્દ્ર છે.

લોકશાહીમાં ચળવળનું ખૂબ મહત્વ હોય છે. ચળવળ દ્વારા અનેક સાર્વજનિક પ્રશ્નો તરફ લોકોનું ધ્યાન ખેંચાય છે. સરકારે આ પ્રશ્નોની નોંધ લેવી પડે છે. ચળવળના નેતા અને કાર્યકર્તા સરકારને પ્રશ્નો વિશે બધી આવશ્યક માહિતી પૂરી પાડે છે. ધોરણ નિશ્ચિત કરતી વખતે આ માહિતી સરકારને ઉપયોગી થાય છે.

સરકારના કેટલાક નિર્ણયો અને ધોરણોનો વિરોધ કરવા માટે પણ ચળવળો ચલાવવામાં આવે છે. નિષેધ અથવા પ્રતિકાર કરવાનો હક્ક (Right to protest) લોકશાહીનો એક મહત્વનો હક્ક છે. પરંતુ અત્યંત સંયમ અને જવાબદારીપૂર્વક તેનો ઉપયોગ કરવો જોઇએ.



**કહો જોઈએ?**

> વિસ્થાપિતોનું પુનર્વસન યોગ્ય પ્રકારે થાય, તેમના આજીવિકાના સાધનો સુરક્ષિત રહે તે માટે ચાલતી આપણાં દેશની સક્રિય ચળવળો કઇ?

## ચળવળ એટલે શું?

• ચળવળ એક સામૂહિક કૃતિ છે. તેમાં અનેક લોકોનો સક્રિય સહભાગ અપેક્ષિત હોય છે.

• ચળવળ એટલે વિશિષ્ટ પ્રશ્ન માટે નિર્માણ થયેલું લોકોનું સંગઠન ઉદા. પ્રદૂષણના પ્રશ્ને ચળવળ શરૂ થઇ શકે છે.

• ચળવળનો કોઇ નિશ્ચિત સાર્વજનિક હેતુ અથવા પ્રશ્ન હોય છે. દા.ત. ભ્રષ્ટાચાર વિરોધી ચળવળનો હેતુ ભ્રષ્ટાચાર નષ્ટ કરવાનો હોય છે.

• ચળવળને કોઇકનું નેતૃત્વ હોય છે. નેતૃત્વને કારણે ચળવળ ક્રિયાશીલ રહે છે. ચળવળનો હેતુ, કાર્યક્રમ, આંદોલનાત્મક વલણ વિશે નિર્ણય લઇ શકાય છે. મજબૂત નેતૃત્વ હોય તો ચળવળ પરિણામકારક નીવડે છે.

• ચળવળના સંગઠનો હોય છે. સંગઠન સિવાય ચળવળ પ્રશ્નને સતત ટેકો આપી શકે નહીં. દા.ત. ખેડૂતોની ચળવળ માટે ખેડૂત સંગઠન કામ કરે છે.

• કોઇપણ ચળવળ માટે જનતાનો ટેકો આવશ્યક હોય છે. જે પ્રશ્ન માટે ચળવળ શરૂ થઇ છે તે પ્રશ્ન જનતાને પોતાનો લાગવો જોઇએ. તે માટે કાર્યક્રમો નક્કી કરી ચળવળ દ્વારા જનમત તૈયાર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**ચર્ચા કરો.**

ચળવળ એક જ પ્રશ્ન માટે શરૂ કરવામાં આવી હોય તે છતાં પણ તેની પાછળ એક વ્યાપક વિચારસરણી હોય છે. દા.ત. બાળવિવાહ અથવા દહેજ પ્રતિબંધ ચળવળ લોકશાહી, મહિલા સશક્તિકરણ, સામાજિક સમતા જેવા મૂલ્યો પર વિશ્વાસ ધરાવે છે. કેટલીક ચળવળોનું સમય જતાં રાજકીય પક્ષમાં રૂપાંતર થાય છે.



**શોધો જોઈએ?**

- ભારતમાં કઇ ચળવળોને કારણે ન્યાયાલયમાં જનહિત યાચિકા દાખલ કરવામાં આવતા ન્યાયાલયે તે માટે નિર્ણય આપવો પડ્યો?
- મહાત્મા ફુલે, મહાત્મા ગાંધી, સંત ગાડગે મહારાજ, ડૉ. બાબાસાહેબ આંબેડકરે કઇ ચળવળો શરૂ કરી?

**નીચેનો સંવાદ વાંચો અને તેને આધારિત એક પરિચ્છેદ તૈયાર કરો.**



**ચર્ચા કરો.**

ભારતના ભૂમિપુત્રોની ચળવળ ક્યા મુદ્દાઓ પર આધારિત છે?

**કરી જુઓ**

અંધશ્રદ્ધા નિર્મૂલન ચળવળ, નદીનું પ્રદૂષણ રોકવા માટેની ચળવળ, સ્ત્રીભ્રૂણ હત્યાવિરોધી ચળવળ, 'નૉટ ઇન માય નેમ' જેવી ચળવળો વિશે વર્તમાનપત્રમાં આવતા સમાચારોનું સંકલન કરો.

**શું તમે જાણો છો?**

- સામાજિક પ્રશ્નો માત્ર સામાજિક ક્ષેત્રમાં હોય છે તેવું નથી, તે સમાજના કોઈપણ ક્ષેત્રમાં નિર્માણ થઇ શકે છે. સમાજ સુધારણા માટે આપણાં દેશમાં અને ખાસ કરીને મહારાષ્ટ્રમાં અનેક ચળવળો શરૂ કરવામાં આવી અને તેના પરિણામે સમાજ આધુનિક બનવાની શરૂઆત થઈ.
- આપણો સ્વાતંત્ર્ય સંગ્રામ પણ એક સામાજિક ચળવળ હતી.
- રાજકીય અને આર્થિક ચળવળો દ્વારા નાગરિકોના હક્કોનું જતન, મતાધિકાર, લઘુત્તમ વેતન, આર્થિક સુરક્ષિતતા જેવા પ્રશ્નો ઉકેલવામાં આવે છે. સ્વદેશી પણ એક મહત્વની આર્થિક ચળવળ છે.

## ભારતની પ્રમુખ ચળવળ

**આદિવાસી ચળવળ :** સ્વતંત્રતા પૂર્વે અંગ્રેજોએ આદિવાસીઓ પર વનસંપત્તિનો ઉદરનિર્વાહ માટે ઉપયોગ કરવાના હક્ક પર પ્રતિબંધ મૂક્યો. છોટા નાગપૂર પરિસરના કોલામ, ઓડિસાના ગોંડ, મહારાષ્ટ્રના કોળી, ભિલ્લ, રામોશી, બિહારના સંથાળ, મુંડા આદિવાસીઓએ પ્રચંડ બળવો કર્યો. ત્યારથી આજ સુધી આદિવાસીઓનો સંઘર્ષ ચાલુ છે. ભારતના આદિવાસીઓના અનેક પ્રશ્નો છે. જેમાં જંગલ પરનો તેમનો અધિકાર નકારવો એ તેમનો મુખ્ય પ્રશ્ન છે. આદિવાસી ચળવળની મુખ્ય માંગણી આદિવાસીઓનો વન પરનો અધિકાર માન્ય કરવો, વન ઉત્પાદન જમા કરવા અને વન જમીન પર વાવણી કરવાનો અધિકાર તેમને મેળવી આપવો તે છે.


બિરસા મુંડા

**ભારતની ખેતી ચળવળ :** ભારતની ખેતી ચળવળ એક અત્યંત મહત્વની ચળવળ છે. બ્રિટિશ રાજમાં સરકારના ખેતી વિરોધી ધોરણને કારણે ખેડૂતો સંગઠિત થવા લાગ્યા. બારડોલી, ચંપારણ્ય જેવી ખેડૂતોની ચળવળ વિશે તમે જાણો છો. મહાત્મા ફુલે, ન્યાયમૂર્તિ રાનડે અને મહાત્મા ગાંધીના વિચારોમાંથી ખેડૂતોની ચળવળને પ્રેરણા મળતી.

ખેતીવિષયક કેટલીક સુધારણાઓને કારણે (દા.ત. કૂળકાયદો, ખેડે તેની જમીન વગેરે) ખેડૂત ચળવળો મંદ પડી. હરિતક્રાંતિ પછી ખેડૂત ચળવળ વધુ ક્રિયાશીલ અને પરિણામકારક બનવા લાગી. ખેતીનું ઉત્પાદન વધારવા માટે અન્નધાન્ય ક્ષેત્રે સ્વાવલંબી બનવા માટે હરિતક્રાંતિ કરવામાં આવી, પરંતુ ગરીબ ખેડૂતોને તેનો ફાયદો થયો નહી. ખેડૂતોમાં ગરીબ અને શ્રીમંત જેવા વર્ગો નિર્માણ થયા. તેમનામાં અસંતોષ વધ્યો અને ખેડૂતોના આંદોલનની શરૂઆત થઇ.

કૃષિ ઉત્પાદનનો યોગ્ય ભાવ મળવો, ખેતીને ઉદ્યોગનો દરજ્જો મળવો, સ્વામીનાથન આયોગોની

ભલામણો સ્વીકારવી, કર્જમાફી, કર્જમુક્તિ અને રાષ્ટ્રીય કૃષિવિષયક ધોરણ એ ખેડૂત સંગઠનની પ્રમુખ માંગણીઓ છે. ખેડૂત સંગઠનો, ભારતીય ખેડૂત યુનિયન, ઑલ ઈંડિયા ખેડૂત સભા એ ભારતના કેટલાક મહત્વના ખેડૂત સંગઠનો છે.



**કરી જુઓ**

ખેડૂતો અને ખેતમજૂરોના કલ્યાણમાટે સરકારે કઇ યોજનાઓ શરૂ કરી છે?

**કામગાર ચળવળ :** ભારતની કામગાર ચળવળની પાર્શ્વભૂમિ ઔદ્યોગિકીકરણ છે. ઓગણીસમાં શતકના ઉત્તરાર્ધમાં ભારતમાં કાપડની મિલો, રેલ્વે કંપની જેવા ઉદ્યોગોની શરૂઆત થઇ હતી. ઈ.સ. ૧૮૯૯માં રેલ્વેના કામગારોએ પોતાની માંગણીઓ માટે હડતાલ કરી. ઈ.સ. ૧૯૨૦માં કામગારોના પ્રશ્ન ઉકેલવા માટે 'ઑલ ઈંડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ' નામના વ્યાપક સંગઠનની સ્થાપના થઈ.

સ્વાતંત્ર્યોત્તર કાળમાં કામગાર ચળવળ વધુ પ્રભાવી બની. ૧૯૬૦ અને ૭૦ના દશકમાં કામગાર ચળવળના અનેક આંદોલનો થયા. પરંતુ ઈ.સ. ૧૯૮૦થી કામગાર ચળવળ વિખેરાઇ ગઇ. ભારતમાં કામગારોના નવા પ્રશ્નો ઉભા થયા છે. કારણકે જાગતિકીકરણનું પરિણામ કામગાર ચળવળ પર થયું. અસ્થિર રોજગાર, કરારબદ્ધ કામગારો, આર્થિક અસુરક્ષિતતા, કામગારોને કાયદાઓનું સંરક્ષણ ન હોવું, કામના અમર્યાદિત કલાકો કામના સ્થળે રહેલી અસુરક્ષિતતા, સ્વાસ્થ્ય અંગેના પ્રશ્નો વગેરે આજની કામગાર ચળવળો સામેની સમસ્યા છે.



**કરી જુઓ**

ઇન્ટરનેટની મદદથી સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ભારતમાં લાગુ થયેલા કામદાર વિષયક કાયદાઓ વિશે માહિતી મેળવો.

**સ્ત્રી ચળવળ :** સ્વાતંત્ર્ય પૂર્વેના કાળમાં ભારતમાં સ્ત્રી ચળવળની શરૂઆત પ્રગતિશીલ પુરૂષોએ કરી. સ્ત્રીઓ પર થતા અન્યાય, તેમનું શોષણ રોકીને તેઓ સન્માનપૂર્વક જીવી શકે અને સાર્વજનિક જીવનમાં સહભાગી થઇ શકે તે માટે અનેક સુધારણા ચળવળો શરૂ થઈ. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રાજા રામમોહન રૉય, મહાત્મા જ્યોતીરાવ ફુલે, સાવિત્રીબાઇ ફુલે, મહર્ષિ ધોંડો કેશવ કર્વે, પંડિતા રમાબાઈ, રમાબાઇ રાનડેએ કરેલી પહેલને કારણે સતીપ્રથાનો વિરોધ, વિધવા પુનર્વિવાહ, સ્ત્રીશિક્ષણ, બાલવિવાહનો વિરોધ, સ્ત્રીઓને મતદાનનો અધિકાર જેવી સુધારણાઓ શક્ય બની. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતના સંવિધાનમાં સ્ત્રીઓને દરેક બાબતમાં સમાન હક્ક આપવામાં આવ્યા છે. પરંતુ અનેક ક્ષેત્રોમાં સ્ત્રીઓ સાથે સમાન વ્યવહાર કરવામાં આવતો ન હતો. આ કાળની સ્ત્રી ચળવળનો ઉદ્દેશ સ્ત્રી સ્વાતંત્ર્ય હતો. આ કાળની સ્ત્રીચળવળો મુખ્યત્વે માણસ તરીકેનો દરજ્જો મેળવવા માટે થઈ. સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય પણ તેનો એક ઉદ્દેશ હતો.



સાવિત્રીબાઇ ફુલે



રમાબાઇ રાનડે

ભારતમાં ભ્રષ્ટાચાર, જાતિવ્યવસ્થાનો વિરોધ, કટ્ટર ધાર્મિકતાનો વિરોધ જેવી સમસ્યાઓના વિરોધમાં આંદોલનો શરૂ થયા. આ આંદોલનમાં સ્ત્રીઓ મોટા પ્રમાણમાં સહભાગી બની હતી. તેથી જ સ્ત્રીઓને પોતાના પર થતા અન્યાયની જાણ થઈ. ભારતમાં સ્ત્રીચળવળોનું સ્વરૂપ સળંગ–અખંડ નથી, પરંતુ સ્ત્રીઓનું આરોગ્ય, તેમની સામાજિક સુરક્ષિતતા, તેમનું આર્થિક સ્વાવલંબન અને સશક્તિકરણ જેવા મુદ્દાઓને ધ્યાનમાં લઈને

વિવિધ સ્તરે આ સ્ત્રી સંગઠનો કાર્ય કરે છે. સ્ત્રીઓને શિક્ષણ અને તેમને માણસ તરીકેનો દરજ્જો અને પ્રતિષ્ઠા મેળવી આપવી એ સ્ત્રીચળવળ સામે એક આવ્હાન છે.

**પર્યાવરણ ચળવળ :** પર્યાવરણનો હ્રાસ એ આજના કાળની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીર સમસ્યા છે. તે આપણે જાણીએ છીએ. પર્યાવરણનો હ્રાસ રોકવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક ચળવળો સક્રિય છે અને આ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સહકાર્ય ખૂબ મોટા પ્રમાણમાં છે.

ભારતમાં પણ પર્યાવરણની વિવિધ સમસ્યાઓ માટે અનેક ચળવળો સક્રિય છે. જૈવવિવિધતાનું સંરક્ષણ, પાણીના વિવિધ સ્ત્રોતનું જતન, જંગલ


પર્યાવરણ રક્ષણ

આવરણ, નદીનું પ્રદૂષણ, હરિતપટ્ટાનું સંરક્ષણ, રાસાયણિક દ્રવ્યોનો ઉપયોગ અને તેના દુષ્પરિણામ જેવા પ્રશ્નો માટે ચળવળો ચાલી રહી છે.


ડૉ. રાજેન્દ્ર સિંહ

ભારતના જલપુરૂષ તરીકે ઓળખાતા ડૉ. રાજેન્દ્ર સિંહે રાજસ્થાનમાં મોટી જલક્રાંતિ કરી છે. રાજસ્થાનમાં હજારો ‘જોહડ’ (નદીપરના માટીના બંધ) નિર્માણ કરીને રાજેન્દ્ર સિંહ પ્રસિદ્ધ થયા. રાજેન્દ્ર સિંહે રાજસ્થાનના રણમાં નદીઓને પુનર્જીવિત કરી. તેમણે ‘તરૂણ ભારત સંઘ’ નામના સંગઠનની સ્થાપના કરીને સેંકડો ગામોમાં આશરે અગિયાર હજાર જોહડ નિર્માણ કર્યા. આખા દેશમાં પદયાત્રા કરીને જલસંવર્ધન, નદીઓ પુનર્જીવિત કરવી, વનસંવર્ધન, વન્યજીવન સંવર્ધન ચળવળો શરૂ કરી. છેલ્લા ૩૧ વર્ષોથી તેમની આ સામાજિક ચળવળ શરૂ છે. ડૉ. રાજેન્દ્ર સિંહને પાણીનું નોબેલ મનાતા ‘સ્ટૉકહોમ વૉટર પ્રાઇઝ’ મળ્યું છે.

**ગ્રાહક ચળવળ :** ઈ.સ. ૧૯૮૬માં ગ્રાહક સંરક્ષણ કાયદો અસ્તિત્વમાં આવ્યો. ત્યારબાદ ગ્રાહક ચળવળોનો ઉદય થયો. આ ચળવળના ઉદ્દેશો વ્યાપક છે. સમાજનો દરેક ઘટક ગ્રાહક હોય છે. અર્થવ્યવસ્થામાં તેમજ સમાજવ્યવસ્થામાં ફેરફારનું પરિણામ ગ્રાહક પર થાય છે. તેમને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેમકે ભેળસેળ, ભાવવધારો, ખોટા તોલમાપ વગેરે. આ પ્રકારની ફસામણીઓથી ગ્રાહકનું સંરક્ષણ કરવા માટે ગ્રાહક ચળવળ અસ્તિત્વમાં આવી.




ચળવળો દ્વારા સાર્વજનિક જીવનમાં નાગરિકોનો સહભાગ વધે છે. ઈ.સ. ૧૯૮૦ પછીની ચળવળોને ‘નવસામાજિક ચળવળ’ કહેવામાં આવે છે. કારણકે તેમનું સ્વરૂપ પહેલાની ચળવળો કરતાં જુદું છે. તે વધુ વિષયનિષ્ઠ બની છે એટલે કે એક વિષય માટે જનઆંદોલન ઉભું કરવાના પ્રયત્નો થવા લાગ્યા છે.

આગળના પાઠમાં આપણે લોકશાહી સામેના આવ્હાનો વિશે જાણીશું.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) ખેડૂત ચળવળોની પ્રમુખ માંગણી...... છે.
(અ) વનજમીન પર ખેતી કરવાનો અધિકાર મેળવવો
(બ) કૃષિ ઉત્પાદનનો યોગ્ય ભાવ મળવો.
(ક) ગ્રાહકોનું સંરક્ષણ કરવું.
(ડ) બંધ બાંધવા

(૨) ખેતીનું ઉત્પાદન વધારવા માટે અને અન્નધાન્ય ક્ષેત્રે સ્વાવલંબી બનવા માટે ......... કરવામાં આવી.
(અ) જલક્રાંતિ (બ) હરિતક્રાંતિ
(ક) ઔદ્યોગિક ક્રાંતિ (ડ) ધવલક્રાંતિ

**૨. સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) આદિવાસી ચળવળ (૨) કામગાર ચળવળ

**૩. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.**

(૧) પર્યાવરણ ચળવળનું કાર્ય સ્પષ્ટ કરો.
(૨) ભારતમાં ખેડૂત ચળવળનું સ્વરૂપ સ્પષ્ટ કરો.
(૩) સ્વાતંત્ર્યપૂર્વેના કાળમાં કઇ સુધારણા માટે સ્ત્રી ચળવળો કરવામાં આવી?

**૪. નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે સકારણ સ્પષ્ટ કરો.**

(૧) લોકશાહીમાં ચળવળનું ખૂબ મહત્વ હોય છે.
(૨) ચળવળને મજબૂત નેતૃત્વની જરૂર હોતી નથી.
(૩) ગ્રાહક ચળવળ અસ્તિત્વમાં આવી.

### ઉપક્રમ

(૧) વર્તમાનપત્રમાં આવેલા વિવિધ સામાજિક ચળવળના આંદોલનો વિશેના સમાચારોનું સંકલન કરો.

(૨) પોતાના પરિસરમાંની સાર્વજનિક સમસ્યા ઉકેલવાનો પ્રયત્ન કરતી ચળવળના કાર્યોનો અહેવાલ લખો.

(૩) શાકભાજી અથવા ધાન્ય વેંચાતા લેતી વખતે વજનમાં તમારી ફસામણી થાય તો ગ્રાહક સંરક્ષણ કાયદા અંતર્ગત તમે કેવી રીતે ફરિયાદ કરશો, તેનો નમૂનો તૈયાર કરો.

4FUND3

# ૫. ભારતીય લોકશાહી સામેના આવ્હાનો

લોકશાહી એ સતત ચાલતી જીવંત પ્રક્રિયા છે. લોકશાહીનો સ્વીકાર કર્યો એટલે લોકશાહી અસ્તિત્વમાં આવી એવું નથી. માટે લોકશાહી ટકાવવા માટે સાવધ રહેવું પડે છે, જાગૃતિપૂર્વક પ્રયત્નો કરવા પડે છે. લોકશાહી સામેના જોખમોને સમયસર ઓળખી તેમનું લોકશાહી માર્ગે જ નિરાકરણ કરવું આવશ્યક છે. આ પાઠમાં આપણે ભારતીય લોકશાહી સામેના આવ્હાનો વિશે જાણીશું. પરંતુ પહેલા આપણે જાગતિક સ્તરે લોકશાહી સામેના આવ્હાનોનો વિચાર કરીએ.

- આજે વિશ્વના દરેક દેશ પોતાને લોકશાહીવાદી માને છે. પરંતુ વાસ્તવમાં લોકોના હક્ક અને સ્વાતંત્ર્યને અબાધિત રાખનાર અને જનકલ્યાણને પ્રાધાન્ય આપનાર લોકશાહી બહુ ઓછા દેશોમાં છે. લોકશાહી સામે લશ્કરી શાસનનું બહુ મોટું જોખમ છે. તેથી જાગતિક સ્તરે સાચી લોકશાહીનો પ્રસાર થવો અને દરેક દેશમાં તેનું અવલંબન લોકશાહી સામેનું મોટું આવ્હાન છે. લોકશાહી પ્રસારનું આ જાગતિક સ્તરનું આવ્હાન છે.

લોકશાહી સિવાયની વ્યવસ્થાથી લોકશાહી વ્યવસ્થા તરફના પ્રવાસમાં કઇ લોકશાહી સંસ્થાનું નિર્માણ કરવું પડે છે?

- જે દેશોમાં લોકશાહી છે એવું આપણે કહીએ છીએ ત્યાં પણ લોકશાહીનું ક્ષેત્ર મર્યાદિત જ છે. ભારત જેવા અન્ય દેશોમાં પણ લોકશાહી એટલે માત્ર મતદાન, ચૂંટણી, શાસન વ્યવહાર, ન્યાયાલય વગેરેનો બોધ થાય છે. પરંતુ આ લોકશાહીનું કેવળ રાજકીય સ્વરૂપ છે. લોકશાહીને જો એક જીવનમાર્ગ બનાવવો હોય તો લોકશાહી સમાજના વિભિન્ન ક્ષેત્રોમાં પહોંચવી જોઇએ. તે માટે સમાજના દરેક ઘટકોનો સમાવેશ, સામાજિક સંસ્થાઓની સ્વાયત્તા. નાગરિકોનું સશક્તિકરણ, માનવી મૂલ્યોનું જતન વગેરે માર્ગોનું અવલંબન લેવું પડે છે. ખરી લોકશાહી સ્થાપવા માટે આ કાર્ય પૂર્ણ કરવા જરૂરી છે.



**કહો જોઈએ?**

લોકશાહીમાં રાજકીય પક્ષ ચૂંટણીમાં સહભાગી થઇ સત્તા પ્રાપ્ત કરે છે, પરંતુ રાજકીય પક્ષોની અંતર્ગત ચૂંટણીઓ થાય છે કે? રાજકીય પક્ષોના સંગઠનમાં ચૂંટણી કરવી આવશ્યક છે, પરંતુ આવી ચૂંટણીઓ થાય છે કે?

**મારો પ્રશ્ન......**

ચીને આર્થિક સુધારણા સ્વીકારી જાગતિક વ્યાપાર સંગઠનનું સભ્યપદ પણ સ્વીકાર્યુ. પરંતુ ત્યાં એક જ પક્ષનું વર્ચસ્વ કેવી રીતે હોઇ શકે? ચીન લોકશાહી રાષ્ટ્ર છે કે?

- લોકશાહીના મૂળ વધુ ઊંડા કરવા એ જગતના દરેક લોકશાહી રાષ્ટ્રો સામેનું મોટું આવ્હાન છે. સ્વાતંત્ર્ય, સમતા, બંધુતા અને ન્યાય, શાંતિ, વિકાસ અને માનવતાવાદના મૂલ્યો સમાજના દરેક સ્તર સુધી પહોંચાડવા આવશ્યક છે. તે માટે આવશ્યક સહમતી પણ લોકશાહીના માર્ગે જ નિર્માણ કરવી શક્ય છે. લોકશાહીને મજબૂત કરવા માટે આ સુધારણાની આવશ્યકતા છે.

## ભારતીય લોકશાહી સામેના આવ્હાનો

લોકશાહીને વધુ અર્થપૂર્ણ કરવા માટે સરકારે સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું, મહિલા અને દુર્બળ ઘટકો માટે આરક્ષણ જેવી ઉપાય યોજનાઓ

યોજી. પરંતુ આમ કરવાથી નાગરિકોના હાથમાં ખરી સત્તા આવે છે કે આ પ્રશ્નનો વિચાર કરવો આવશ્યક છે.

**જમાતવાદ અને દહેશતવાદ :** ધાર્મિક સંઘર્ષ અને તેમાંથી નિર્માણ થનાર દહેશતવાદ ભારતીય લોકશાહી સામેનું સૌથી મોટું આવ્હાન છે. સમાજમાં ધાર્મિક કુટિલતા વધતા સામાજિક સ્થિરતા નહીંવત્ થાય છે. દહેશતવાદ જેવી ઘટનાઓને કારણે લોકોનો લોકશાહીમાં સહભાગ ઓછો થાય છે.

**ડાબેરી ઉગ્રવાદી (નક્ષલવાદી) :** નક્ષલવાદ એ ભારતની ખૂબ મોટી સમસ્યા છે. ભૂમિહીન ખેડૂતો, આદિવાસીઓ પર થતા અન્યાયને દૂર કરવા માટે નક્ષલવાદ શરૂ થયો. નક્ષલવાદે હવે ઉગ્ર રૂપ ધારણ કર્યું છે. પણ તેમાં ખેડૂત-આદિવાસીઓની સમસ્યાનું મહત્વ ઓછું થઇ સરકારનો હિંસક પદ્ધતિથી વિરોધ કરવો, પોલીસ દળ પર હુમલો કરવો, જેવા માર્ગોનો ઉપયોગ નક્ષલવાદી સમૂહ દ્વારા કરવામાં આવે છે.

**ભ્રષ્ટાચાર :** ભારતમાં સાર્વજનિક ક્ષેત્રોમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચારની સમસ્યા જણાઇ આવે છે. રાજકીય અને પ્રશાસકીય સ્તરના ભ્રષ્ટાચારને કારણે સરકારની કાર્યક્ષમતા ઓછી થાય છે. સરકારી કામોમાં લાગતો સમય, સાર્વજનિક સુખ સુવિધાની ઉતરતી ગુણવત્તા, જુદા જુદા આર્થિક ઘોટાળાઓને કારણ લોકોમાં વ્યવસ્થા તરફ અવિશ્વાસ અને અસમાધાનની ભાવના નિર્માણ થાય છે. ચૂંટણી પ્રક્રિયામાં થતો ભ્રષ્ટાચાર, બનાવટી મતદાન, મતદારોને લાંચ આપવી, જબરદસ્તી કરવી જેવી ઘટનાઓને કારણે લોકોનો લોકશાહી પ્રક્રિયા પરથી વિશ્વાસ ઉઠી શકે છે.

**તમે શું માનો છો?**

રાજકારણમાં પરિવારવાદ એ આપણી લોકશાહીસામેની મોટી સમસ્યા છે. રાજકારણમાં એક જ કુટુંબનો એકાધિકાર નિર્માણ થતા લોકશાહીનો અવકાશ (democratic space) સંકોચાય છે. સામાન્ય લોકોને સાર્વજનિક ક્ષેત્રમાં સહભાગની તક મળતી નથી.

**રાજકારણનું ગુનેગારીકરણ :** રાજકીય પ્રક્રિયામાં ગુનેગારોનો વધતો સહભાગ લોકશાહી સામેની એક ગંભીર સમસ્યા છે. કેટલીક વાર ગુનાહિત પૃષ્ઠભૂમિ, ગુનાહિત આરોપો, ભ્રષ્ટાચારના આરોપો ધરાવતી વ્યક્તિઓને રાજકીય પક્ષો ઉમેદવારી આપે છે. તેથી રાજકારણમાં પૈસા અને ગુંડાગીરીનું મહત્વ વધે છે. તેથી ચૂંટણી વખતે હિંસાનો ઉપયોગ થઇ શકે છે.

**સામાજિક આવ્હાનો :** ઉપર વર્ણવેલા આવ્હાનો સિવાય લોકશાહી સામે કેટલાક સામાજિક આવ્હાનો પણ છે. બેરોજગારી, વ્યસન, દુકાળ, સાધન સંપત્તિનું અસમાન વિતરણ, ગરીબ-શ્રીમંત વચ્ચે વધતું અંતર, જાતીયતા જેવા સામાજિક પ્રશ્નો ઉકેલવા આવશ્યક છે.

## ભારતીય લોકશાહીને સફળ બનાવવા શું કરી શકાય?

(૧) લોકશાહીમાં બહુમતનું ખૂબ જ મહત્વ છે. લોકશાહીમાં બહુમત મેળવનાર પક્ષ સત્તા સંભાળે છે. સંસદમાં દરેક નિર્ણય બહુમતીથી લેવામાં આવે છે. લોકશાહીનો ઉદ્દેશ બહુસંખ્ય સમાજનું કલ્યાણ હોય છે. બહુમતને મહત્વ આપતી વખતે અલ્પમતમાં આવેલા અને અલ્પસંખ્યા ધરાવનાર લોકો પર અન્યાય થવાની શક્યતા હોય છે. લોકશાહીમાં બહુમતીથી ચાલતી સરકાર હોય તો પણ અલ્પમતમાં આવેલા લોકોનો નિર્ણય પ્રક્રિયામાં સમાવેશ કરવો, તેમના હિતસંબંધોનો વિચાર કરવો એ પણ સરકારનું કર્તવ્ય છે. ટૂંકમાં લોકશાહી સરકારમાં દરેકના મતનું મહત્વ હોવું જોઇએ. બહુમતીની સરકાર બહુસંખ્યા ધરાવતા સમાજની સરકાર ન હોવી જોઇએ. દરેક ધાર્મિક, ભાષિક, વાંશિક, જાતીય સમૂહોને લોકશાહીમાં નિર્ણય પ્રક્રિયામાં સહભાગી થવાની સમાન તક મળવી જોઇએ.

(૨) ભારતીય ન્યાયાલયો રાજકીય પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માટે સભાનતા પૂર્વક પ્રયત્ન કરી રહ્યા છે. ખાસ કરીને રાજકારણનું ગુનેગારીકરણ થતું રોકવા ગુનેગારોને કડક શિક્ષા અને રાજકીય પ્રક્રિયામાં સહભાગી થવા પર ન્યાયાલયે પ્રતિબંધ મૂક્યો છે.

(૩) ભારતની લોકશાહીને સફળ બનાવવા માટે માત્ર સરકાર, પ્રશાસન, ન્યાય વ્યવસ્થાના સ્તરે થતા પ્રયત્નો પૂરતા નથી. એ માટે સામાજિક અને વૈયક્તિક સ્તરે પણ દરેકે સભાનતાપૂર્વક પ્રયત્નો કરવા જોઈએ. શાસકીય અને પ્રશાસકીય સ્તરે સર્વ શિક્ષા અભિયાન, સ્વચ્છ ભારત અભિયાન, ગ્રામ સમૃદ્ધિ યોજના, સ્વ-મદદ જૂથોની સ્થાપના, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના જેવા અનેક ઉપક્રમો ચલાવવામાં આવે છે. સ્ત્રીઓનું રાજકીય પ્રતિનિધિત્વ વધારવા માટે સ્થાનિક શાસન સંસ્થાઓમાં ૫૦% આરક્ષણ કરવામાં આવ્યું છે.

(૪) ભારતની લોકશાહીને સફળ બનાવવી હોય તો દરેક સ્તરે નાગરિકોનો સહભાગ વધવો જોઈએ. ખાસ કરીને શાસન વ્યવહાર સ્તરે સહભાગ વધશે તો સાર્વજનિક ધોરણોનું સ્વરૂપ બદલાશે. સંવાદ દ્વારા તેનું નિર્માણ થશે. સત્તા પર ન આવી શકનારાઓ સાથે પણ આદાન-પ્રદાન લોકશાહીની સફળતા માટે આવશ્યક છે. પોતાના વ્યક્તિગત જીવનમાં પણ સમતા, સ્વાતંત્ર્ય, સામાજિક ન્યાય, ધર્મનિરપેક્ષતા જેવા મૂલ્યોનો આદર અને જતન કરવું જોઈએ. આપણે દેશના એક જવાબદાર નાગરિક છીએ, એ જાગૃતિ દરેકે રાખવી જોઈએ. તો જ લોકશાહી સફળ થશે.

स्वच्छ भारत

एक कदम स्वच्छता की ओर

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરીને વિધાન પૂર્ણ કરો.**

(૧) લોકશાહીમાં............. ચૂંટણીમાં સહભાગી થઈ સત્તા પ્રાપ્ત કરે છે.
- (અ) રાજકીય પક્ષ
- (બ) ન્યાયાલય
- (ક) સામાજિક સંસ્થા
- (ડ) ઉપરપૈકી એક પણ નહીં.

(૨) જગતના દરેક લોકશાહી રાષ્ટ્રો સામેનું મોટું આવ્હાન એટલે ...........................
- (અ) ધાર્મિક સંઘર્ષ
- (બ) નક્ષલવાદી કાર્યો
- (ક) લોકશાહીના મૂળ વધુ ઊંડા કરવા
- (ડ) ગુંડાગીરીનું મહત્વ

**૨. નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે સકારણ સ્પષ્ટ કરો.**

(૧) લોકશાહી ટકાવવા માટે સાવધ રહેવું પડે છે.

(૨) ડાબેરી ઉગ્રવાદી ચળવળમાં આજે ખેડૂત અને આદિવાસીઓની સમસ્યાનું મહત્વ વધ્યું છે.

(૩) ચૂંટણીમાં ભ્રષ્ટાચારને કારણે લોકોનો લોકશાહી પ્રક્રિયા પરથી વિશ્વાસ ઊઠી શકે છે.

**૩. સંકલ્પના સ્પષ્ટ કરો.**

(અ) ડાબેરી ઉગ્રવાદી

(બ) ભ્રષ્ટાચાર

**૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

(૧) ભારતમાં લોકશાહીની સફળતા માટે કઈ બાબતો આવશ્યક છે?

(૨) રાજકારણનું ગુનેગારીકરણ થવાનું શું પરિણામ થાય છે?

(૩) રાજકીય પ્રકિયાને પારદર્શક બનાવવા માટે ક્યા પ્રયત્નો કરવામાં આવે છે?

### ઉપક્રમ

(૧) ભ્રષ્ટાચારને રોકવા માટે તમે કઈ ઉપાય યોજના સૂચવશો તેની યાદી તૈયાર કરો.

(૨) 'ભારતમાં દહેશતવાદ' સમસ્યા પર સમૂહચર્ચાનું આયોજન કરો.

(૩) 'વ્યસન મુક્તિ' વિષય પર પથનાટ્ય રજૂ કરો.


## રાજ્યશાસ્ત્રના અભ્યાસથી........

ભારતનો દરેક નાગરિક, પછી ભલે તે ગામ, તાલુકા અથવા શહેરમાં રહેતો હોય, દરરોજ અનેક નાગરી અને રાજકીય પ્રશ્નોથી સતત જોડાયેલો હોય છે. રહેઠાણનો દાખલો, જાતિનો દાખલો, આધાર કાર્ડ માટે કોને મળવું? પાણી, સાર્વજનિક સ્વચ્છતા અંગે કોને ફરિયાદ કરવી? ઘરના દસ્તાવેજો ક્યાંથી મેળવવા? જેવી અનેક બાબતો વિશેની માહિતી નાગરિકશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસ દ્વારા મળે છે. દેશના નાગરિક તરીકેના પોતાના હક્ક–ફરજોની જાણ થાય છે. ભારતમાં અને ભારતની બહાર પ્રવાસ કરવા માટે નાગરિક તરીકે આવશ્યક માહિતી આ વિષયના અભ્યાસથી પ્રાપ્ત થાય છે.


શાળાજીવન પૂર્ણ થયા બાદ જ્યારે તમે ભવિષ્યનું આયોજન કરશો ત્યારે તમને રાજ્યશાસ્ત્ર વિષય ઉપયોગી થશે. કેન્દ્રિય લોકસેવા આયોગ, મહારાષ્ટ્ર લોકસેવા આયોગ અને બેંકોમાં ભરતી માટે લેવાતી પરીક્ષાના અભ્યાસક્રમમાં ભારતીય શાસન અને રાજકારણ વિષયનો સમાવેશ થાય છે. તમે વ્યવસાય તરીકે કોઈપણ ક્ષેત્ર પસંદ કરો, રાજ્યશાસ્ત્ર તેનો પાયો છે. તે જ પ્રમાણે આંતરરાષ્ટ્રીય રાજકારણ, લોક પ્રશાસન, શાંતિ અને સંઘર્ષનો અભ્યાસ રાજ્યશાસ્ત્ર સિવાય થઇ શકે નહીં. આ વિષયના અભ્યાસ દ્વારા રોજગારની અનેક તકો ઉપલબ્ધ થાય છે. ફક્ત અધ્યાપન અને સંશોધનના ક્ષેત્રમાં જ નહીં પણ માહિતી તંત્રજ્ઞાન, ધોરણ વિશ્લેષણ, રાજકીય નેતાઓના સલાહકાર મંડળમાં પણ રોજગારની તક ઉપલબ્ધ છે.


જાગતિકીકરણને કારણે રાજ્યશાસ્ત્રનો વ્યવહારિક ઉપયોગ થાય તેવી અનેક તકોનું નિર્માણ થયું છે. આજે રાજકીય પક્ષો, દબાવજૂથ, બિનસરકારી સંસ્થા, સ્વયંસેવી સંગઠનોને શાસન અને રાજકારણના જાણકાર સંશોધક અને મધ્યસ્થ વ્યક્તિઓની જરૂર છે. રાજકીય પ્રક્રિયા અને નોકરશાહીની જટિલતા અને વિશ્લેષણાત્મક કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓની સર્વત્ર જરૂરિયાત હોય છે.

# छत्रपती शिवाजी महाराज स्मृतिग्रंथ




- सामान्य रयतेच्या कल्याणासाठी स्थापन केलेल्या स्वराज्य स्थापनेची कथा उलगडणारे पुस्तक.
- छत्रपती शिवाजी महाराजांच्या उत्तुंग कार्य व त्यामागची तेवढीच उत्तुंग व उदात्त भूमिका वाचकांसमोर आणणारे प्रेरणादायी वाचन साहित्य.
- इतिहास वाचनासाठी पूरक असे संदर्भ पुस्तक.







- इतिहास वाचनासाठी पूरक अशी संदर्भ पुस्तके.
- निवडक लेखक, इतिहासकारांचे प्रेरणादायी लेख.

**पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेतस्थळावर भेट द्या.**

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

इतिहास व राज्यशास्त्र इ. १० वी (गुजराती माध्यम) ₹ 56.00







स्वच्छ भारत

एक कदम स्वच्छता की ओर